વિદ્યાકળાનિધિ-સપ્તમી કળા.

કામન્દકીય નીતિસાર

(ભાવાર્થ ભાષાંતર.)

તૈયાર કરનાર

ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ.

મુંબઈ:

"ગૂજરાતી" પ્રિંટિંગ પ્રેસ.

સને ૧૮૯૦. સંવત ૧૯૪૬.

મૂલ્ય બાર આના.

પરમ સ્નેહી

રા. રા. ગોવર્ધનદાસ ગોકુળદાસ તેજપાળ

જે. પી.

તમો મારા સ્નેહી છો, મજપ્રત્યે સારી રીતે સ્નેહમમતા ધરાવો છો, વિદ્યાવૃદ્ધિ કરવાને સદાકાળ ઉમંગી રહો છો, ને નીતિના ગ્રંથો મનન કરવાનો શોખ ધરાવો છો તે સર્વના સ્મરણાર્થે આ કામંદકીય નીતિસારનો પ્રાચિન ગ્રંથ, જે રાજા અને ગૃહસ્થો સર્વને એકસરખો ઉપયોગી છે તે તમોને સ્નેહપૂર્વક અર્પણ કરૂં છું તે સ્વીકારશો.

વિજયાદશમી,
સંવત ૧૯૪૬.

ઈચ્છારામ સૂ. દેશાઈ.

પ્રસ્તાવના.

આર્ય નીતિશાસ્ત્ર જાણનારા મહાત્મા શુક્ર, અંગિરા, વિશાલાક્ષ, બાહુદંતિ, પરાશર, વિદુરજી વગેરે પ્રતાપી પુરૂષોએ, ભૂમંડળમાં ધર્મની ધ્વજા બાંધવાને નવીન નવીન નીતિશાસ્ત્રો રચ્યાં છે. ધર્મ, નીતિ ને કામશાસ્ત્રના જ્ઞાનથી મનુષ્ય સદા ધર્મ, અર્થ ને કામ એવા ત્રણે પુરૂષાર્થ યથેચ્છ સાધી શકે છે; ને એ ત્રણ યથાર્થ રીતે સધાયા એટલે મોક્ષનું સાધન આપોઆપ સધાય છે. નીતિ જાણનાર પુરૂષ સદા એવો તો પ્રતાપી થાય છે કે તે કોઈપણ અનિવાર્ય કાર્યમાં અનાયાસે પણ વિજય મેળવે છે, ને તેથી આર્ય મહાત્માઓએ, નીતિને સર્વથી શ્રેષ્ઠપદે સ્થાપી છે: તેથી જે મનુષ્ય નીતિને જાણી તેપર પ્રીતિ રાખે છે તેને કોઇપણ પ્રકારની ભીતિ રહેતી નથી, ને તે આલોક અને પરલોક–સર્વ સ્થળે પ્રેમથી પ્રથમ પૂજાય છે. નીતિમાન્ મનુષ્ય અધર્મના માર્ગમાં પ્રવર્તવાથી સદા ડરે છે, અને તે જે કાર્ય કરે છે તે નિડરતાથી કરે છે, તે ધર્મ, અર્થ ને કામ, ને સાથે સાથે મોક્ષ પણ સાધી લેછે, ને તેથી નીતિ રાખવી ને નીતિશાસ્ત્ર જાણવું એ મનુષ્યનું અવસ્યનું કર્તવ્ય છે.

ગૂજરાતી ભાષામાં નીતિના નહીં જેવા ગ્રંથો છે, તેમાં પણ સર્વ માન્ય બહુજ થોડા. એક પ્રસંગે કચ્છના હાલના દિવાન રા. બા. મોતીલાલ લાલભાઇએ મારા મિત્ર શાસ્ત્રી શ્યામજીને મોઢે નીતિના ગ્રંથો પ્રકટ થાય તેને માટેની ઇચ્છા બતાવી. શાસ્ત્રીએ જણાવ્યું કે આ કાર્ય 'ગૂજરાતી' પ્રેસે ઉઠાવી લીધું છે, ને તેઓ એકેક પછી એકેક ગ્રંથ પ્રકટ કરનાર છે. મારી પાસે કામંદકીય નીતિસારનું ભાષાંતર તૈયાર હતું, ને છપાવવા માંડયું હતું, તે શાસ્ત્રીજીને એકવાર તપાસી જવા કહ્યું, પણ તેઓને સાવકાશ નહીં

હોવાથી, સંસ્કૃત જાણનારા એક શાસ્ત્રીની મદદથી મેં મારી ભાષામાં જે ભાવાર્થભાષાંતર તૈયાર કીધું હતું તે, તેવુંને તેવુંજ હાલ છપાવ્યું ને આજે તે રાજાઓ ને ગૃહસ્થો, કે જેઓને આ ગ્રંથ ઘણો ઉપયોગી છે, તેઓ માટે, ને સાધારણ જનમંડળ માટે પ્રકટ કરૂં છું.

કામંદકીય નીતિશાસ્ત્રનો ગ્રંથ ઘણો પ્રાચીન છે, ને તે સર્વ વિદ્વજ્જનોએ માન્ય રાખેલો છે. એ ગ્રંથમાં સર્વથી વધારે નીતિશાસ્ત્રનો ઉપદેશ રાજાઓને માટે આપેલો છે; ને તેજ ગ્રંથ પ્રથમ પ્રકટ કરવાનું મુખ્ય કારણ આ પણ છે કે—"ધર્મ વૃદ્ધિનું મુખ્ય કારણ રાજા છે. રાજા પોતે ધર્મમાં ધુરંધરતા ધરી ધીરજ ધરાવી ધરતીમાં ધર્મ વધારવા ધારે તો તે કાર્ય સહેજમાં સિદ્ધ થઈ શકે છે." રાજાની નીતિએ પ્રજાની નીતિ ને રાજાના ન્યાયે પ્રજાનો ન્યાય! 'યથા રાજા તથા પ્રજા' એ કેહેવત પ્રસિદ્ધ છે. આર્ય સનાતન ધર્મ પરાપૂર્વથી એમજ બોધતો આવ્યો છે કે રાજાએ પ્રજાનું નીતિથી, ધર્મનીતિથી ને અર્થનીતિથી યથા-સ્થિત સંરક્ષણ કરવું, ને તેથી તેઓએ નીતિના, સચ્છાસ્ત્રના જાણકાર થવું. કામંદકીય નીતિસારમાં રાજાના સર્વ ધર્મો એટલી તો બારીકીથી આપ્યા છે કે જો તે આર્યકુળના અહુણાંના રાજાઓ તો શું, પણ અન્યદેશના રાજાઓ પણ સારી રીતે જાણે તો, તેઓની પ્રજા ને તેમનું રાજ્ય, સામ્રાજ્ય હોઈ આબાદ ને યશસ્વી નિવડે. દુર્દૈવયોગે, આપણા આર્યદેશના સામ્પ્રત કાળના રાજાઓ તો પ્રમાદપૂર, અધર્મના સંરક્ષક, મૂર્ખના શિરોમણી, કાયર ને અનીતિમાન્ પૂરેપૂરા છે. તેઓ નીતિ કે ધર્મ સંબંધી તલ માત્ર પણ જાણતા નથી. તેઓ તો લાડી, વાડી ને ગાડીમાં મસ્તાન રેહેનારા છે. તેઓ નથી જાણતા કે પ્રજા મરે છે કે જીવે છેઃ સુખ છે કે દુઃખ છે. તેઓ કાયર છે ને વિદ્વતામાં તો એવા છે કે તેમના આગળ નીતિની વાત કરવી એજ કંટાળો ઉપજાવવા યોગ્ય છે.

પ્રાચીનકાળના રાજાઓની ને સામ્પ્રતકાળના રાજાઓની નીતિની તુલના કરવી એ તો કેવળ સાહસ ગણાય. કેમકે સામ્પ્રત કાળના રાજાઓ નીતિની બીતિ, ને ધર્મનું સંરક્ષણ કરવું એ સંબંધી યત્કિંચિત પણ જાણતા નથી. પ્રજાની નીતિ શુદ્ધ સબળ સતેજ ને ધર્મપરાયણતાવાળી રાખવાનો વિચાર તો તેઓના નિષ્ઠુર હૃદયમાં હોયજ કયાંથી ? અન્યાય અને લમ્પટપણું છડેચોક આજ કાલ રાજવર્ગમાં જણાય છે, પ્રજા ભક્ષણ રોજનું છે, ને ધર્મનું તો માત્ર નામજ આર્યરાજગોના સંબંધમાં રહ્યું છે. યુદ્ધમાં જવાની વાર્તા, ને વિજય મેળવી ને યશપાત્ર થવું તેને માટે દુર્દૈવયોગે આર્યાવર્તના કોઈપણ રાજા માટે પ્રસંગજ નથી! આવી સ્થિતિમાં આર્ય રાજગો પડેલાં છે. ભ્રાન્તિ, અજ્ઞાન, પ્રમાદ, આળસ, નિદ્રા, અસાવધાનતા, અવિવેક, કુચ્છંદીપણું,–વિષયાસકતતા, એજ આજ કાલના રાજાઓની સામાન્ય નીતિ છે! અફસોસ!

શુક્રાચાર્યાદિ નીતિશાસ્ત્રવેત્તાઓએ જનમંડળ શુદ્ધ ને સબળ તેજસ્વી રહે ને પોતપોતાના વર્ગના પરસ્પરના વ્યવહારકાર્ય ચલાવતાં અમુક વિષય સંબંધે અમુક પ્રકારે નિયમ–નીતિ, જે સુન્દર ને સુખકર ને હિતકર હોય. તેને અનુસરીને વર્તે, તેને શિક્ષણીય-હિતકર નીતિ ગણી છે. ઘણેક પ્રસંગે નીતિ ભિન્ન ભિન્ન હોય છે. એક, જેને નીતિ કહે તેને બીજો નહીં પણ કહે, ને ત્રીજો અનીતિજ કહે. નીતિ, ગુણપરત્વે, દેશપ્રકૃતિપરત્વે, સ્થિતિપરત્વે, ધર્મપરત્વે નિરનિરાળી છે. પ્રાપ્ત કરવાની ને વ્યવસ્થા રાખવાની નીતિ જૂદી છે; લડાઇ ને શાંતિની નીતિ જૂદી છે; સ્ત્રી ને પુરૂષની નીતિ જૂદી છે; ઘરધંરની ને જનસમાજની નીતિ જૂદી છે; રાજાની ને પ્રજાની નીતિ જૂદી છે; પરસત્તા ને સ્વતંત્રતાની નીતિ જૂદી છે; વ્યવહાર ને પરમાર્થની નીતિ જૂદી છે; સમય સમયની ને પ્રસંગ પ્રસંગની નીતિ જૂદી છે; વળી દેશ દેશની નીતિ ને સર્વ જગતે જેને શ્રેષ્ટ માનેલી છે તેવી નીતિ પણ જૂદી છે; અને એવી સર્વ નીતિ જાણવાની આવશ્યકતા છે. પ્રાચીનકાળમાં જ્યારે

આર્યાવર્તમાં ધર્મ મૂર્તિમંત હતો તે વેળાએ ધર્મ અને નીતિ એ એકાકાર હતાં; પણ જેમ અહુણાં ધર્મનીતિ, વ્યવહારનીતિ ને નીતિ એના અનેક ભેદ પડ્યા છે તેમ નહોતું. કાળાંતરે આર્યાવર્તની ધર્મ મર્યાદાની આણ તુટી ને એકાકારમાંથી ભિન્નાકારપણું પ્રાપ્ત થયું. નીતિનું સ્વરૂપ મોહવશ થયેલા આર્યોએ નિરાળું બાંધ્યું ને બ્રાહ્મણોએ નીતિ સંબંધે નિરનિરાળો ઉપદેશ આપ્યો. પણ સૌથી વિશેષ સબળ ને સતેજ નીતિ પળાવનાર મહાત્મા બુદ્ધ હતોઃ તેણે જે નીતિનું સ્વરૂપ બાંધ્યું–વ્યવહારિક, સાંસારિક, ને ધાર્મિક–તે નીતિનું સ્વરૂપ સર્વોપરી ને અખંડ સતેજ સબળ પ્રતાપી હતું. તે પછી બ્રાહ્મણોએ નીતિ સ્વરૂપ નિરાળું બાંધ્યું. પણ સર્વ નીતિશાસ્ત્ર, મનુષ્યને સ્પષ્ટ બોધે છે કે કીયાં કર્મમાં પ્રવૃત્ત થવું ને કીયાંમાં નહીં, રૂડું શું ને ભુંડું શું, ધર્મ શું ને અધર્મ શું–અને તેને અનુસરીને જો વર્તવામાં આવે તો નીતિજ્ઞ મહાત્માઓ સ્પષ્ટતાથી બોધે છે કે મનબળ સબળ સતેજ થાય ને તેથી ધર્માર્થકામમોક્ષ એ ચારે પદાર્થ સદા સમીપ રહે છે.

રાજાઓ માટે પણ આજ પ્રમાણે નીતિ–વ્યવહાર જ્ઞાનની યોજના છે. પ્રજાની નીતિ કરતાં રાજાની નીતિ નિરાળી છે; કેટલેક પ્રસંગે અતિ કરડી ને કેટલેક પ્રસંગે અતિ કોમળ છે. તેમજ હોવું જોઇયે. પણ જનમંડળના સંરક્ષણાર્થે રાજાએ કેવા પ્રકારે વર્તવું તે આવશ્યક કર્મ રાજાઓ માટે સૌથી વધારે સુદૃઢ, વધારે કઠિણ ને વધારે કરડું છે. અને સમૃદ્ધિમાન્, પ્રતાપી રાજાઓ મદોન્મત્તપણાથી વર્તે નહીં, પણ નીતિજ્ઞ થઈને વર્તે, પોતાનું કર્તવ્ય યથાસ્થિત જાણે તેવા કારણસર રાજનીતિશાસ્ત્ર રચાયાં છે. પ્રાચીનકાળથીજ સર્વ પ્રજાનું અર્થશાસ્ત્ર તરફ સ્વાભાવિક વળણ જણાયું છે; અને વાસ્તવિક રીતે જોઇશું તો રાજા એ અર્થનું ઉપાર્જન કરવાવાળો હોવાથી; તેના સુખથી લાખો મનુષ્યોનું સુખ, ને તેના દુઃખથી લાખો મનુષ્યોને દુઃખ

હોવાથી, તેને નીતિ જાણવાની ઘણી જરૂર ધારીને શુક્રાચાર્ય, ચાણાક્ય વગેરેએ રાજનીતિના સમર્થ ગ્રંથો લખ્યા છે.

રાજાઓમાં નીતિ ઘણી થોડી હોવાનો વિશેષ સંભવ હોય છે, અર્થાત્ તેઓને માટે નીતિશાસ્ત્રની ઘણી જરૂર છે. રાજાઓ મદમત્ત, નિરંકુશ છે; ને જ્યાં તેઓ વિષયવિલાસમાં તલ્લીન થાય છે ત્યાં તો નીતિ મર્યાદાની સર્વે સાંકળો તડાતુડ તોડી નાંખે છે. તેઓનાપર રાજ્યાભિષેકનું જળ રેડવામાં આવે છે તેની સાથેજ વિવેકબુદ્ધિ તણાઇ જાય છે; જ્યાં ચમરીનો પવન વાવા માંડે છે ત્યાં સચ્છાસ્ત્રનાં વચન ને સત્પુરૂષોના ઉપદેશ હવામાં ઉડી જાય છે; રાજ્યછત્ર ધરવામાં આવ્યું કે સત્યાસત્ય, પાપ પુણ્ય, ધર્મ અધર્મ એ શું છે તેનો પ્રકાશજ તેઓપર પડતો નથી. સર્વ અનીતિથી દૂર રેહેવા માટે રાજાને નીતિશાસ્ત્રની ઘણી જરૂર છે. તેના પગલાંપર સર્વ દોરાય છે. રાજા દાનવીર હોય તો પ્રજા પણ તેવી થાય છે.ને રાજા મદ્યપાન કરનાર હોય છે તો પ્રજા પણ તેવીજ થાય. રાજા નીતિએ વર્તનારો હોય તો પ્રજા સુખી હોય. આમ રાજાના આચરણ પ્રજા ગ્રહણ કરે છે. આટલાજ માટે—પ્રજાનીતિ શુદ્ધ સબળ સતેજ યશસ્વી રખાવા મહાપ્રતાપી રઘુકુળદીપક રામચંદ્રે, માત્ર એક ધોબીના વેણપરથી, શુદ્ધ સાધ્વી સતી સીતાનો ત્યાગ કીધો હતો. એ સર્વ રાજનીતિની રૂઢી છે. પ્રજા પાલન કેમ કરવું, સેવક અધિકારી સાથે કેમ વર્તવું, કેવા અધિકારી નિમવા, પ્રજામત કેમ શુદ્ધ રાખવું, યુદ્ધ કેમ કરવું, શત્રુને વશ કેમ કરવો ને મારવો કેમ, સામ દામ ભેદ ને દંડ એ નીતિનો ક્યારે ને કેમ ઉપયોગ કરવો તે સર્વ રાજાઓએ જાણવા યોગ છે, ને તે નીતિશાસ્ત્રથી જણાય છે.

કામન્દકીયની રચના પણ આવીજ રીતે થઇ છે, ને તે કોઇ રાજાના ઉપદેશને માટે લખાઇ જણાય છે. પણ આ કામન્દકીનો નીતિગ્રંથ મૂળ કોણે લખ્યો છે તેનો અદ્યાપિપર્યંત નિર્ણય થયો નથી. ડા. રાજેન્દ્રલાલ મિત્ર, પોતાના એક નિબંધમાં

જણાવે છે કે ઈ. સ. પૂ.ના ત્રીજા ચોથા સૈકડામાં જ્યારે આર્યાવર્ત-વાસીઓ જાવા આદિ બેટોમાં વ્યાપારાર્થે વિદેશ ગમન કરતા હતા ત્યારે, કામન્દકી ગ્રંથ પ્રસિદ્ધ હતો; ને જાવાની પ્રજાને આ ગ્રંથ એટલો બધો, તો પસંદ પડ્યો હતો કે તેઓએ તેનું ભાષાંતર પોતાના રાજાને માટે કરાવ્યું હતું. તાત્પર્ય આ ગ્રંથ બે હજાર વર્ષ પૂર્વે લોક પ્રસિદ્ધ હતો. પણ તે કીયા રાજાના ઉપદેશાર્થે રચવામાં આવ્યો છે તે કોઈપણ રીતે જણાવામાં આવતું નથી. આ ગ્રંથના પ્રારંભમાંજ, કામન્દક કે કામન્દકી (?) લખે છે કે વિષ્ણુગુપ્ત-ચાણાકયને હું પ્રણામ કરૂં છું, ને તેના (રચેલા) અર્થશાસ્ત્રના રહસ્યવાળા નીતિશાસ્ત્રમાંથી જાણે હું તાત્પર્ય ખેંચી લઉં છું. તેથી એવી કલ્પના થાય છે કે ચાણાકયે દંડનીતિ રચેલી કહેવાય છે, તેમાંથી આ નીતિસાર કાઢેલો હશે. ચાણાકયની રાજનીતિ રાજાઓને અર્થ પ્રાપ્ત કરાવે તેવીજ છે, ને આ ગ્રંથમાં પણ બહુ અંશે તેમજ છે, તેથી કદાચ મૂળ ગ્રંથ ચાણાકયનો હોય ને તેમાંથી કામન્દકે સારગ્રહણ કીધો હોય-તેવી કલ્પના, સાધારણ છે. પણ આજે દંડનીતિનો ગ્રંથ મળતો "નથી," તેથી આ વિષયમાં નિશ્ચય કરી શકાય તેમ પણ નથી.

કામન્દક કોણ હતો ને કયારે થયો તે વાર્તા હજી અંધારામાં છે. મને માનવાને કારણ મળ્યું છે કે-ને તેને કંઇક આધાર પણ છે કે કામન્દક એ બૌદ્ધધર્મિ હશે, ને તે બૌદ્ધના જન્મ પછી થયેલો હોવો જોઈએ કે તે લગોલગ હોવો જોઈયે. એમ માનવાનું કારણ એક આ પણ છે:-

આ અનુપમ ગ્રંથની ખૂબીથી લલચાઇને મહાકવિ ભવભૂતિએ તેનો પોતાના "માલતી માધવ" પ્રકરણમાં સાભિપ્રાય ઉપયોગ કીધો છે. સાંસારિક કાર્ય સિદ્ધ કરવાને નીતિ એ મુખ્ય સાધન છે-તો માલતિ અને માધવનું પરસ્પર મેલન અને પ્રેમની દૃઢતા અને પ્રેમના સંબંધથી વિવાહનો દૃઢસંબંધ તે પ્રકરણમાં, કામન્દકી કરાવે છે: જે કામન્દકીને કવિ બૌદ્ધમતની

આર્યાનું રૂપક આપે છે. કામન્દકીની બે શિષ્યા છે: એક બુદ્ધરક્ષિતા અને બીજી અવલોકિતા છે, જે અનેક કાર્યમાં કામન્દકીને સહાયભૂત થયેલી છે. કામન્દકી એ રૂઢ નામ દેખાય છે, પણ અવલોકિતા અને બુદ્ધરક્ષિતા એ યોગરૂઢ નામો છે: જેનો નીતિ સંબંધે એવો અર્થ થઇ શકે છે કે 'અવલોકિતા' એટલે 'દીઠેલી'–'તપાસેલી' 'વિચારેલી'; તથા 'બુદ્ધરક્ષિતા" એટલે "બૌદ્ધ લોકોએ રક્ષણ કરી રાખેલી." આ બે પાત્ર નીતિને અનુસરતાં જોવામાં આવે છે; અને કવિ પેહેલા અને ત્રીજા પાત્રથી એમ વ્યંજના કરે છે કે આ નીતિ બૌદ્ધલોકોમાં તે કાળે યથાસ્થિત રહેલી હતી; ને તેથીજ કામન્દકીને પણ બૌદ્ધમતની આર્યા કલ્પેલી છે. જો કે કામ શાસ્ત્રના નિયમથી દૂતિનું કાર્ય કરવાને ધર્મ વેશધારી સ્ત્રી કલ્પવાની આવશ્યક્તા હતી, પરંતુ કામન્દકી એ નામ આપવાની આવશ્યકતા નહોતી; પણ કોઇ શૃંગારપ્રધાન નામ યોજવાની વિશેષ આવશ્યકતા દેખાતી હતી. વળી પ્રકરણ કલ્પિતજ હોય છે; ને "માલતિ માધવ"ના પ્રકરણનો પણ સઘળો સંદર્ભ (Plot) કલ્પિતજ છે, તેમાં આ સત્ય નામ કવિએ કેમ દાખલ કીધું છે તે સમજવું મુસ્કેલ છે. પણ કલ્પનાના પક્ષમાં પણ બીજો અર્થ ઘણા નામોમાંથી નિકળે છે, તેમ આ નામમાંથી પણ નીતિ એ અર્થ કાઢયો હોય તો તે યોગ્ય કલ્પના કહેવાય.

આ ઉપરથી આપણે એમ કહી શકીશું કે ભવભૂતિના સમયમાં કામન્દકી નીતિનો પ્રસારો ઘણો હતો, જેથી કવિએ પણ તેને અનુસરતી નીતિ સંબંધી કલ્પના કરી છે. કામન્દકી ભવભૂતિના પેહેલા થઇ ગયો છે, ને તે ઇ. સ.ના પાંચમા સેકા પેહેલા ભરતખંડમાં પ્રસિદ્ધ હતો એમ ધારી શકાય છે, ને ભવભૂતિના સમયમાં એમ પણ મનાતું હોવું જોઇયે કે કામન્દકી એ બૌદ્ધ મતની છે: જો તેમ નહીં ધારવામાં આવતું હોત તો કવિ કામન્દકીને બૌદ્ધમતની આર્યાનું રૂપ આપતાં સંકોચાત.

પણ વળી એક બીજો સંશય થાય છે. કામન્દકી ને શુક્ર

નીતિના શ્લોકો કેટલેક સ્થળે ઘણા મળતા આવે છે, તેથી કામન્દકીએ શુક્રનીતિપરથી કંઇ ગ્રહણ કીધું છે કે કેમ તે સમજવું સેહેલું નથી. ચાણાકયની દંડનીતિ ૬૦૦૦ શ્લોકની કહેવાય છે, ને તે મૌર્યવંશના પ્રતાપિ ચક્રવર્તિ ચંદ્રગુપ્તને માટે લખેલી હતી. હાલની શુક્રનીતિના ૨૫૦૦ શ્લોક છે, કામન્દકીના ૧૪૦૦ શ્લોક છે, અને કામન્દકીએ આધાર તો ચાણાકય નીતિશાસ્ત્રનો લીધો છે, તો શુક્રનીતિના શ્લોકો તેમાં એકાકાર કયાંથી થયા તે ઘણું ગુંચવાડા ભર્યું છે.

ગમે તેમ હોય, તોપણ આ ગ્રંથ ઘણો પ્રાચીન છે એમાં સંશય નથી. એમાં જે તત્વ છે તે અતિ પ્રમાણ છે. તેનો ઉપયોગ સારી રીતે આપણા આર્યરાજાઓ ને પ્રતિષ્ઠિત ગૃહસ્થો કરશે તો રાજાઓ પરમ ધાર્મિક હોઇને આલોક તથા પરલોકના સુખસાધન સાધી શકશે ને ગૃહસ્થો ધનધાન્ય ને પુત્રપરિવારમાં સુખપાત્ર થશે. નીતિ, નિયમ ને નિશ્ચય એ ત્રણોમાં આપણું રાજ્ય ને ગૃહરાજ્ય પૂર્ણતાને પમાડવા પ્રભુ સર્વને પ્રેરણા કરો. જય જય!!

દુર્ગાષ્ટમી,
સંવત ૧૯૪૬

ઈ. સૂ. દેસાઇ.

૪૫૭

કામન્દકીય નીતિસારનું સાંકળિયું.

સર્ગ ૧ લો.

સર્ગ ૨ જો.

સર્ગ ૩ જો.

સર્ગ ૪ થો.

સર્ગ ૫ મો.

સર્ગ ૬ ઠ્ઠો.

સર્ગ ૭ મો.

સર્ગ ૮ મો.

સર્ગ ૯ મો.

સર્ગ ૧૦ મો.

સર્ગ ૧૧ મો.

સર્ગ ૧૨ મો.

સર્ગ ૧૩ મો.

સર્ગ ૧૪ મો.

સર્ગ ૧૫ મો.

સર્ગ ૧૬ મો.

સર્ગ ૧૭ મો.

સર્ગ ૧૮ મો.

સર્ગ ૧૯ મો.

કામન્દકીય નીતિસાર.

પ્રથમ સર્ગ.

ઇંદ્રિયવિજય વિદ્યા.

જેના પ્રભાવથી સર્વ જગત્ નિત્ય માર્ગમાં પ્રવર્તે છે એવો, શાસ્ત્ર તથા બુદ્ધિએ કરીને યુક્ત, અપરાધીને યોગ્ય શિક્ષા કરનારો રાજા બાહેરના અને અંદરના (કામ ક્રોધાદિક) શત્રુઓને જીતે છે.

ગ્રંથકાર પોતાના ગુરુને નમસ્કાર કરે છે કે—જે મારો ગુરુ ચાણુક્ય, વિશાળ વંશના ઉત્તમ ગૃહસ્થમાં ગણાતા ઋષિ સરખા વંશમાં પ્રખ્યાતિ પામેલો છે; સર્વ વેદને જાણનાર જેના અભિચાર (મારણ પ્રયોગ) રૂપી વજ્રે *નવનંદરૂપી પર્વતોને સમૂળ ઉખેડી નાંખ્યા હતા; એવા કાર્તિકેય સરખા પરાક્રમી ચાણક્યે, મૌર્ય વંશના ચંદ્રગુપ્ત રાજાને રાજ્ય અપાવ્યું છે; અને જેણે ગ્રંથ-

---

* કથાસરિત્સાગરમાં આખ્યાયિકા છે કે, નંદ રાજાએ શ્રાદ્ધમાં ભોજન કરવા સારૂ બ્રાહ્મણો નોતરેલા હતા, તેમાં ચાણક્ય નામનો બ્રાહ્મણ પણ જમવા ગયો હતો. એ જમણી આંખે કાણો હતો, વળી અંગે ભંગ હતો તેને જોઈ મદોન્મત્ત નંદ રાજા બોલ્યો કે, 'અરે આ કોણ છે? આ એકચક્ષુ બ્રાહ્મણને શ્રાદ્ધમાં જમાડવાનું સ્મૃતિ વચન નથી,' એમ કહી તેના મસ્તકના કેશ પકડી પંક્તિમાંથી ઉઠાડી મેલ્યો. આ અપમાનથી ક્રોધે ભરાઈ ચાણક્યે પ્રતિજ્ઞા કરી કે, 'જો એ નંદને મરાવી તેના શત્રુને રાજ્ય અપાવું તોજ હું બ્રહ્મ બીજથી ઉત્પન્ન થયેલો ખરો, ને ત્યારેજ મારે કેશ બાંધવા.' એ પ્રતિજ્ઞા પાર ઉતારવા સારૂ તેણે અપૂર્વ યુક્તિ કરી નંદવંશ નિકંદન કરી ચંદ્રગુપ્તને રાજ્ય અપાવ્યું હતું. આ વિષય સંબંધે મુદ્રારાક્ષસ નાટક પ્રસિદ્ધ થયું છે.

શાસ્ત્ર રૂપ મહાસાગરમાંથી નીતિશાસ્ત્ર રૂપ અમૃત, મથન કરી બહાર કાઢયું છે-એવા બ્રહ્મા સરખા મારા ગુરુ ચાણાકયને નમસ્કાર કરૂં છું. સર્વ વિદ્યાના પારને પામનાર, નિર્મળ જ્ઞાનવાળા પરમ ગુરુ ચાણાકયને રાજવિદ્યા પ્રિય હોવાને લીધે રાજાઓનો ઉદ્દેશ કરી જે નીતિશાસ્ત્ર સંક્ષેપમાં કહ્યું છે, તેજ થોડું ઘણું કહેવાની હું ઇચ્છા રાખું છું.

સંયમની આવશ્યકતા.

ચંદ્ર જેમ સમુદ્રની વૃદ્ધિનું કારણ છે, તેમ વૃદ્ધને માન્ય, જગતની વૃદ્ધિનું કારણ, નેત્રને આનંદ ઉપજાવનાર રાજા, જો પ્રજાને નીતિ માર્ગે ચલાવનાર ન હોય, તો ખલાસી વગરના વહાણની પેઠે પ્રજા ડૂબી જાય છે; માટે ધર્મિષ્ટ, શત્રુને જીતનાર, અને પોતાનું પાલન કરનાર રાજાને, પ્રજાએ, પ્રજાપતિની પેઠે માન આપવું જોઇએ. રાજા પ્રજાનું રક્ષણ કરે છે, અને પ્રજા રાજાને ધન્યધાન્યથી આબાદ કરે છે. આબાદ કરવા કરતાં શત્રુઓથી પોતાનું (પ્રજાનું) પાલન થવું એ વધારે સારૂં છે. પ્રજાનું રક્ષણ જો ન થતું હોય, અને માત્ર તેની પાસેથી કર જ ઉઘરાવાતો હોય તો તે સારૂં નહીં. કારણ કે એમ કરવાથી રાજાને નરકે પડવું પડે છે. ન્યાયમાર્ગે ચાલનાર રાજાને ધર્મ અર્થ ને કામ એ ત્રણે પુરુષાર્થની પ્રાપ્તિ થાય છે. એવા રાજાથી પ્રજા પણ સુખમાં રહે છે. રાજા અનીતિમાન્ હોય તો તેથી તેની પોતાની ખરાબી છે, તેમ તે મોટા મગરમત્સ્યની પેઠે પ્રજાને પણ પીડાકારી થઇ પડે છે. ધર્મ માર્ગે ચાલવાથી વૈજન નામના રાજાએ લાંબા સમય પર્યંત રાજ્ય ભોગવ્યું હતું. અધર્મ માર્ગે પ્રવર્તવાથી નહુષ રાજા સર્પની યોનિને પામ્યો હતો.

(૧) પુરાણોમાં એવી કથા છે કે-સૂર્યવંશી સગર રાજાના વંશમાં ઇંદ્રસેન નામનો રાજા રજસ્વલા થયેલી પોતાની રાણી સાથે વિષય સુખ ભોગવવા પ્રવૃત્ત થયો, ત્યારે રાક્ષસે આવી

તેને ખાવા માંડયો. તેનાથી બચવા ઇંદ્રસેને પ્રાર્થના કરી ત્યારે રાક્ષસે કહ્યું કે 'જો તું તારી પ્રજાને અધર્મ માર્ગે ચલાવે તો હું તને મુક્ત કરૂં' રાક્ષસનાં એવાં વચન સાંભળી, મરણ મુખમાંથી ઉગરવા તેણે તેનું કહેવું કબૂલ રાખ્યું. પછી ઇંદ્રસેને પ્રજાને અધર્મ માર્ગે ચલાવવા માંડી; ને તેથી થોડા કાળમાં તે નાશ પામ્યો. તે પછી તેના વંશજો પણ રાક્ષસના વચનપરથી પોતાના પૂર્વજ ઇંદ્રસેનની પેઠેજ પ્રજાને અધર્મ માર્ગે ચલાવવા લાગ્યા, ને તેથી તેઓ પણ થોડા વખતમાં નાશ પામ્યા. એ વંશમાં વૈજન નામનો એક અતિ ધર્મિ રાજા થયો; તેણે રાક્ષસના વચનનો અનાદર કરી, ભય છોડી દઇ, સર્વ પ્રજાને નીતિ ધર્મથી ચલાવી પોતે પણ ધર્મ પરાયણ થઇ વર્તવા માંડયો, એથી તેણે રાજ્ય સુખ ઘણા વખત સુધી ભોગવ્યું હતું.

(૨) ચંદ્ર વંશમાં પહેલો રાજા પુરૂરવા, તેનો આયુ, અને તેનો નહુષ થયો. નહુષે પોતાના પુણ્યયોગથી ઇંદ્ર પદવી મેળવી હતી. જ્યારે તે ઇંદ્રાણી ઉપર કુદૃષ્ટિ રાખી તેની સમીપ ગયો ને કહ્યું કે 'તું મારી રાણી થા;' ત્યારે તેણે જવાબ આપ્યો કે, "હું અમુક વખત સુધી વ્રત ધર્મમાં છું તે જ્યારે પૂરૂં થશે ત્યારે તમારી ઈચ્છાનુકૂલ વર્ત્તીશ." આ પ્રમાણે વ્રતનું મિષ કાઢી, પોતાનો પતિ ઇંદ્ર જ્યાં બ્રહ્મહત્યાના ભયથી છુપાઇ બેઠેલો હતો, ત્યાં જઇ તેની આગળ સર્વ સંકટ નિવેદન કર્યું. ઇંદ્રે ઇંદ્રાણીને એક ઉપાય બતાવ્યો. ઇંદ્રે કહ્યું કે 'તારે તેની પાસે જઈને કહેવું કે "તું જો કોઇ નવાજ વાહનપર બેસીને એટલે મુનિઓની પાસે પાલખી ઉપડાવી મારી પાસે આવે તો હું તને વરૂં." ઇંદ્રાણીએ ત્યાં જઇ તેમ કહ્યું. વિષયાંધ થયેલા નહુષ રાજાએ હર્ષઘેલો થઈ સપ્ત ઋષિઓને આજ્ઞા કરી તેમની પાસે પોતાની પાલખી ઉંચકાવી. મુનિઓને પાલખી ઉંચકવાનો પરિચય થોડોજ હતો, તેથી તેઓ ધીમે ધીમે જતા હતા, તેથી વિષયાંધ રાજાએ ઋષિઓને કહ્યું કે સર્વ સર્પણ—જલદી કરો

જલદી કરો; એથી રોષે ભરાઇ અગસ્ત્યે તેને શાપ દીધો કે "તું સર્પ થઇ જા." એ શાપના કારણથી નહુપ રાજા સર્પ થઇ રસાતળ પાતાળમાં ગયો હતો.

ઉપલાં કારણોપરથી સિદ્ધ થાય છે કે, રાજાએ ન્યાયને રસ્તે ધન મેળવવા તત્પર થવું. ધર્મથી રાજ્ય આબાદ થાય છે, અને તેમાંથી મિષ્ટ ફળ (લક્ષ્મી) પ્રાપ્ત થાય છે. સત્વ (સુખદુ:ખ સહન કરવાની શક્તિ) અને આઠ પ્રકારની બુદ્ધિથી જેની સ્થિતિ છે, એવાં રાજ્યનાં ૭ અંગ છે. જેવાંકે-રાજા, કાર્યભારી, દેશ, કિલ્લો, ખજાનો, મિત્ર; અને હાથી, ઘોડા, રથ અને પાયદલ એવી ચતુરંગી સેના એ સાત અંગ, રાજ્યનો સ્થંભ કહેવાય છે. ધર્મ મર્યાદાથી ઘણા સત્વ (આરંભેલા કાર્યને પૂરૂં પાડવાની શક્તિ)નો આશ્રય કરી બુદ્ધિથી કાર્યમાં વિઘ્ન બંધ પાડવાનો ઉપાય જોઇ, એ સપ્તાંગ ગોઠવી રાજ્યના લાભ માટે રાજાએ હમેશ તત્પર રહેવું. ન્યાયથી ધન મેળવવું, પૃથ્વીની રક્ષા કરવી, મેળવેલી દોલત વધારવી, અને સત્પાત્રને દાન આપવું એ ચાર પ્રકારની રાજાઓને વર્તવાની રીતિ છે. પરાક્રમ છતાં નીતિ વગરના રાજાનો શત્રુઓથી પરાભવ થાય છે; માટે નીતિ અને પરાક્રમથી વર્તી સારો ઉદ્યોગ કરવો, એટલે તપાસવું કે પોતાની આગળ ફોજ તથા દ્રવ્ય કેટલું છે, તથા આવી પડેલી આપત્તિનો ઉપાય બની શકશે કે નહીં, દેશકાળ અનુકૂળ છે કે નહીં, ઇત્યાદિ સર્વ વાતનો નિર્ણય રાજાએ કરવાનો છે.

ઇંદ્રિયોનો જય તે નીતિશાસ્ત્રના જ્ઞાનનું મૂળ છે, કારણ કે ઇંદ્રિયોને નહીં જીતનારા પુરૂષથી શાસ્ત્રનું પુરતું જ્ઞાન મેળવી શકાતું નથી. કારણ કે જેણે ઇંદ્રિયોને સ્વાધિનમાં લીધી નથી તેનું ચિત્ત સદા વિષયોના ચિંતનમાં રહેછે તેથી શાસ્ત્રનું ખરૂં તત્વ સમજી ઇંદ્રિયો વશ્ય રાખવી, શાસ્ત્રનો ખરો નિશ્ચય તે વિનય કહેવાય છે, અને ઇંદ્રિયોનો જય પણ વિનય કહેવાય છે. જીતેંદ્રિય પુરૂષ શાસ્ત્ર ભણી શકે છે, અને શાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી

શાસ્ત્રના ખરા તત્વને પણ તેજ જાણે છે. નીચે લખેલા ૧૯ ગુણો રાજામાં અવશ્ય જોઈએ.

રાજાના ગુણ.

(૧) નીતિએ ચલાવનારૂં શાસ્ત્ર, (૨) બુદ્ધિ, (૩) ધૈર્ય, (૪) કુશલતા, (૫) નિર્ભયપણું, (૬) ધારણા શક્તિ, (૭) ઉત્સાહ. (૮) સારી વાણી બોલવામાં ચાતુરી, (૯) દ્દઢતા, (૧૦-૧૧) આપત્તિ, અને ક્લેશનું સહનશીલપણું, (૧૨)પ્રતાપ, (૧૩)પવિત્રપણું, (૧૪) મૈત્રી,(૧૫)ઉદારતા, (૧૬)સત્ય, (૧૭)કૃતજ્ઞતા,(૧૮)શીલ અને (૧૯)જીતેંદ્રિયપણું એ સંપત્તિનાં કારણ છે. રાજાએ પ્રથમ જીતેંદ્રિય થવું જોઇએ. તે પછી કાર્યભારી મંડળને, નોકર ચાકરને, કુમારોને અને પ્રજાને ક્રમ પ્રમાણે જીતેંદ્રિય કરવાં જોઇએ. જેની ઉપર પ્રજા સદા તુષ્ટમાન છે, તથા જે પ્રજાનું લાલનપાલન કરવામાં સદોદિત ઉમંગી રહે છે એવો રાજા અપાર લક્ષ્મીનું પાત્ર થાય છે. રાજાએ ઘણા વિસ્તારને પામેલા વિષય રૂપ જંગલમાં દોરનારા અને મનને મથન કરનારા ઇંદ્રિય રૂપ ઉન્મત્ત હાથીને, જ્ઞાન રૂપ અંકુશથી વશ કરવો. વિષયરૂપી માંસના લોભે કરી મન ઇંદ્રિયોને પ્રેરે છે, માટે તે મનને મહા પ્રયત્ને કરી પેહેલાંથીજ સ્વાધિનમાં લેવું-જીતવું; કારણ કે મન જીતવાથી સઘળી ઇંદ્રિયો જીતાય છે. ધર્મ, અધર્મ, સુખ દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, સંસ્કાર અને જ્ઞાન એ ગુણો ઉપરથી નૈય્યાયિકોની રીત પ્રમાણે આત્માના અસ્તિત્વનું ભાન થાય છે, અને જ્ઞાનનું જૂદાપણું એ મનના ભાવની નિશાની છે. નાના પ્રકારના પદાર્થોનો સંકલ્પ કરવો એ મનનું કામ છે. કર્ણ ત્વચા, નેત્ર, જીવ્હા અને નાસિકા એ પાંચ જ્ઞાનેંદ્રિય કહેવાય છે. ગુદા, લિંગ, હાથ, પગ અને વાણી એ પાંચ કર્મેદ્રિય મળીને દશ ઇંદ્રિયો ગણાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જ્ઞાનેંદ્રિયના અનુક્રમથી પાંચ વિષય સમજાય છે. મળ ત્યાગ કરવો, આનંદ અનુભવવો, લેવું દેવું, ગતિ, અને ભાષણ એ પાંચ કર્મેંદ્રિયના વ્યાપાર છે. નીતિ

અને અનીતિને જાણનાર રાજાએ બુદ્ધિરૂપી લગામથી ઇંદ્રિયરૂપી અશ્વને નિયમમાં રાખી પોતાનું હિત સદાય કરવું. જે રાજા પોતાના મનને અંકુશમાં રાખવાને સમર્થ થતો નથી, તે સાગર પર્યંત પૃથ્વિને ત્રિકાળે પણ લઇ શકતો નથી. પરિણામમાં દુઃખ દાયક અને મનને ભ્રષ્ટ કરનારા વિષયોથી, જેનું હૃદય વિક્ષેપ થયેલું છે, એવો રાજા અરણ્યના હાથીની માફક પકડાઈ જાય છે.* વિષયથી જેની, આંખો અંધ થયેલી છે, એવો રાજા અકાર્યમાં આસક્ત થઈ પોતાને હાથેજ ઉગ્ર ભયને આપનારી આપત્તિ ખેંચી લે છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયોમાંથી એક પણ વિષયનું જો જોર થાય છે, તો તેટલુંજ મનુષ્યની હાનિ માટે પૂરતું છે.

કોમળ ઘાસનાં અંકુર ખાનારો અને મોટી ફાળો ભરવામાં શક્તિમાન્ એવો મૃગ, ગાયનના લોભથી શિકારીના હાથથી મૃત્યુ પામે છે. મોટા પર્વતના શિખર સરખા શરીરવાળો અને માત્ર રમત કરતાંજ ઝાડને થડમૂળથી ઉખેડી નાંખનારો હાથી હાથણીના સ્પર્શની લાલચથી બંધન પામે છે. તેજસ્વી દીવાની શિખાના પ્રકાશથી જેના નેત્રને લોભ ઉપજ્યો છે એવો પતંગ તેમાં પડવાથી નિઃસંશય નાશ પામે છે. અગાધ જળમાં ફરનાર અને દૃષ્ટિથી દૂર રહેનાર મત્સ્ય માંસના સ્વાદની લાલચથી પોતાનું મૃત્યુ આણનાર લોઢાનો આંકડો મ્હોંમાં લે છે. ગંધથી લોભાયલો ભ્રમર હાથીના મદરૂપી મધનું પાન કરવાની ઇચ્છાથી તેના ગંડસ્થળ પર જઈ બેસે

---

* જે સ્થળે હાથીઓને પકડવામાં આવે છે, ત્યાં એક ઘણો ઉંડો ખાડો ખોદવામાં આવે છે. તે ખાડાપર ઘાસનું બીછાનું કરીને તેપર કૃત્રિમકાગળની હાથણી ઉભી રાખે છે. મત્ત થયેલો હાથી ડોલતો ડોલતો ત્યાં આવે છે, ને વિષયાંધ થઈ તેને મળવા ધસે છે તુરત ખોદી મુકેલા ખાડામાં પડે છે. એજ ગમ વિષયી જનની પણ જાણવી. તે વિષય પછાડી ખેચાય છે કે તુરત પરવશ થઈ પીડાને પામે છે.

છે, અને ત્યાં હાથીના કાનના અફળાવાથી મરણ પામે છે. વિષ સરખા વિષયોમાંનો એક પણ વિષય પોતાના સેવન કરનારને મૃત્યુની જાળમાં ફસાવે છે. તેવા પાંચે વિષયોનું જે સાથેજ સેવન કરે છે તેનું કુશળ ક્યાંથીજ થાય ? જીતેંદ્રિય પુરૂષે વિષયને પરાયણ ન થતાં વિષયોને સમયાનુસાર ભોગવવા, કે જેથી બીજા બે પુરૂષાર્થ (ધર્મ અને અર્થ) નો વિરોધ ન આવે. ધનનું ફળ સુખ છે, ને સુખ ન હોય તો લક્ષ્મી નિરર્થક છે. કાંતાઓનાં મુખ જોવામાં અત્યંત આસક્ત મનવાળા પુરૂષોની લક્ષ્મી તેમના યૌવનની સાથેજ છે, તેથી અંતે માથે હાથ દઇ રોવાનું રહે છે. ધર્મથી ધન મળે છે, ધનથી કામ થાય છે, અને કામથી સુખ ફળનો ઉદય થાય છે. એ ત્રણ પુરૂષાર્થને જે પુરૂષ યુક્તિથી સેવતો નથી, તે પોતાના આત્માનું બહુ અહિત કરે છે. રાજી કરનાર સ્ત્રી એવું નામ પણ મનમાં વિકાર ઉપજાવે છે, ત્યારે વિલાસથી વાંકી ભ્રકુટી ચડાવી જોતી સ્ત્રીનું દર્શન મનને ભેદી નાંખે તેમાં શું કહેવાનું ? રાતાં નેત્રવાળી, મૃદુ અને ગદગદ વાણીથી ભાષણ કરનારી, અને મદ પમાડનારી સ્ત્રીઓ, જળના પ્રવાહની પેઠે નિર્મળ મનના મોટા પુરુષોને પણ ભેદી નાંખે છે. મૃગયા, દ્યૂત, કે મદ્યપાન એ ત્રણ વસ્તુને પડખે પણ રાજાએ ચડવું નહીં. કારણ કે:–

એક સમયે પાંડુ રાજા મૃગયા રમવાની હોંશથી મોટા જંગલમાં નિકળી ગયો હતો: ત્યાં વિષય સુખની ઇચ્છાથી હરિણી વિષે હરિણના વેષથી પ્રવૃત્ત થયેલો એક કિંદમ નામનો ઋષિ નજરે ચડ્યો. તે ઋષિ છે એવું નહિ જાણવાને લીધે પાંડુ રાજાએ તે જોડાને એક તીક્ષ્ણ બાણ માર્યું. જેથી પેલા મુનિયે મરતી વખત શાપ દીધો કે, "જ્યારે તું તારી પ્રિયાને વિષે કામ સુખ માટે પ્રવૃત્ત થઇશ ત્યારે આ ગતિ (મરણ) પામીશ. ત્યાર પછી કેટલાક દિવસ જતાં વસંતઋતુ આવ્યો,

તેમાં રાજા ઘણો કામાતુર થયો. ત્યારે પોતાની સ્ત્રીની મના છતાં પણ તે કામની પ્રબળ વેદના ન સહી શકવાને લીધે તેમાં પ્રવૃત્ત થયો, અને તે કાર્યથી પરલોકનો પરોણો થયો.

તેમજ નિષધ દેશનો નળ રાજા પણ, પોતાના ભાગ્યની વિપરીત દશા પ્રાપ્ત હોવાને લીધે રાણી દમયંતી, કારભારી મંડળ, તથા પ્રજાએ ઘણી ઘણી તરેહથી સમજાવ્યા છતાં પણ ન સમજી પિત્રાઇ ભાઇ પુષ્કર સાથે જુગાર રમ્યો, જેથી તે જગપ્રસિદ્ધ દુઃખદાયક પાયમાલ સ્થિતિમાં આવી પડ્યો.

તેમજ યાદવો પણ પ્રભાસ ક્ષેત્રમાં હદથી વધારે મદ્ય-પાનના લક્ષમાં પડી ઉન્મત્ત અંધની માફક થઈ માંહો માંહે અપશબ્દોના ઉચ્ચાર કરી લડાઇ મચાવી કપાઈ મુઆ.

કામ, ક્રોધ, લોભ, હર્ષ, માન અને મદ, આ માણસના છ કટ્ટા દુશ્મનો છે, માટે એમને છોડી દે ત્યારેજ પૃથ્વીનો પાળનાર રાજા સુખી થાય છે.

"કામ," દંડક દેશનો બ્રહ્મદંડ રાજા એક દહાડો શિકારે ગયો હતો. ત્યાં ભૃગુ ઋષિની, ઇચ્છા વગરની કન્યા ઉપર કુદૃષ્ટિ કરવાથી ભૃગુઋષિનો શાપ થતાં ધૂળની વૃષ્ટિથી સકુટુંબ નાશ પામ્યો.

છ દૈહિક શત્રુઓ.

"ક્રોધ" જન્મેજય રાજા અશ્વમેધ યજ્ઞમાં પોતાની પત્નીને બ્રાહ્મણોએ વ્યવહાર રીતિથી નિર્લજ્જપણે જોવાથી ગુસ્સે થયો તેથી બ્રાહ્મણોએ તેને શાપ દીધો.

"લોભ" ઇલાના ગર્ભમાં બુધથી જન્મ પામેલો ઐલ (પુરૂરવા) રાજા પ્રજા પાસેથી ઘણો કર લેતો હતો, તેથી પ્ર-જાએ એકત્ર થઇને તેને અકેકું ઢેફું મારી તેનો પ્રાણ લીધો.

"હર્ષ" વાતાપિ અને ઇલ્વલ નામના ઇચ્છામાં આવે તેવું રૂપ ધરનારા બે મોટા અસુર હતા. તેઓએ પોતાના વેષ

બદલી ઋષિઓને નોંતરી જમાડવાનું શરૂ કર્યું. તેમાં ઉપાય એવો રચ્યો કે ઈલ્વલને બોકડાનું રૂપ આપી તેનો વધ કરી તેનું માસ રાંધી ઋષિઓને જમાડે; અને જમાડી રહ્યા બાદ તેઓને જવાની તૈયારી થાય ત્યારે વાતાપિ બોલે કે, "હે ઇલ્વલ! અહીં આવ." આવો બોલ સાંભળી મૃતસંજીવની વિદ્યાએ કરીને જીવતો થઇ તે મહર્ષિઓનાં પેટ ફાડી નિકળતો. એ રીતે એ બંને એવી વર્તણુક ચલાવતા. એક દિવસે તેમણે અગસ્ત્ય ઋષિને નોંતરી જમાડ્યા. અગસ્ત્ય ઋષિએ ભોજન કરી તરત પોતાના પેટપર હાથ ફેરવ્યો, ને કહ્યું કે "પાચન થઇ જાઓ," ઋષિના આ વચનથી તરત તે ઈલ્વલ પેટમાં હજમ થઇ ગયો. પાછળથી તેના ભાઇ વાતાપિએ આગળની માફક જ બોલાવ્યો, પણ તે પચી ગયો હતો, તેથી જવાબ કોણ વાળે? આવો બનાવ બનેલો જોઈ વાતાપિ ઘણો ચિડાઈ ગયો, અને ઋષિપર હુમલો કર્યો ત્યારે ઋષિએ તેને પણ તેના મોટા ભાઈની ગતિયે પહોંચાડયો (આ આખ્યાન ઉપરથી હાલ પણ માવીતર પોતાનાં બાલક જમી રહ્યા પછી "અગસ્ત્ય મહારાજ પચાડી દેજો" એવું વાક્ય બોલી પેટપર હાથ ફેરવે છે.

"માન" પુલસ્ત્યનો પુત્ર રાવણ રામચંદ્રજીની સ્ત્રી સીતાને બલાત્કારથી હરી પોતાની નગરી લંકામાં લઇ ગયો. પાછળ રામચંદ્રજીને તપાસ કરતાં માલમ પડયું કે રાવણ હરી ગયો છે. આવી ખબર ઉપરથી રામે એક દૂત (એલચી) મોકલી ઘણી એક વિષ્ટિ કરાવી. તે છતાં "विनाशकाले विपरीत बुद्धिः" એ નિયમ પ્રમાણે તે વિષ્ટિ માન્ય રાખી નહીં અને મોટું યુદ્ધ મચાવી રાવણ મરણને વશ્ય થયો.

"મદ" નામ પ્રમાણે ગુણવાળો દંભોદ્ભવ નામે મહાદૈત્ય અનેક દેવોને જીતી મનમાં સમજતો કે હું સરખો યોધ્ધો અને વીર પુરૂષ બીજો કોઇ નથી. એવું માની નારદ પાસે માગણી કરવા ગયો કે "મારી બરોબરિયો કોઇ યોધ્ધો દેખાડો." આવાં

તેનાં મદભરેલાં વચન સાંભળી નારદે તેને દર્ભની શળીરૂપ અસ્ત્રથી નાશ પમાડયો. બૃહદશ્વ વગેરે રાજાઓ પણ એ પ્રમાણે છ શત્રુઓનો આશ્રય કરવાથી મરણ પામ્યા. માટે એ સઘળાનો ત્યાગ કરવાથીજ ઉત્તમ ફળ મળેછે.

જમદગ્નિના પુત્ર પર્શુરામે એકવીશ વાર નિઃક્ષત્રિય પૃથ્વી કરી ઘણો કાળ ચક્રવર્તિપણું ભોગવ્યું. તેમજ અંબરિષ રાજાએ પણ લાંબી મુદત સુધી રાજ્ય ભોગવ્યું. તે પણ ઇંદ્રિયોના જયથીજ.

ઉપર કહેલો ઇંદ્રિયોનો જય શાસ્ત્રાભ્યાસથીજ થાય છે, અને તે શાસ્ત્રોનો અભ્યાસ સદ્ગુરુના સમાગમથીજ થાય છે. માટે સારા આચાર્ય પાસે વિદ્યા શીખી નમ્ર થયેલો રાજા ઘણી ઘણી આફતોમાંથી પણ પીડા પામતો નથી. અનુભવી વૃદ્ધ માણસોને પોતાની હજુરમાં રાખનારો રાજા સત્પુરૂષોને માન્ય થઇ પડે છે. તથા દુષ્ટ આચરણવાળા કપટી લોકોએ શિખવણી કર્યા છતાં પરદારા ગમન વગેરે અકાર્યમાં પ્રવૃત્તિ કરતો નથી. શાસ્ત્ર વિદ્યા મેળવ્યા પછી પણ દરરોજ કળા કૌશલ્યનું સંપાદન કરનારો રાજા શુક્લપક્ષના ચંદ્રની પેઠે પ્રતિદિન વૃદ્ધિ પામે છે. નીતિ માર્ગે ચાલનારા જિતેંદ્રિય રાજાની લક્ષ્મી વૃદ્ધિ પામે છે, અને કીર્ત્તિ દિશાઓના છેડા સુધી વ્યાપે છે.

એ પ્રમાણે વૃદ્ધોના સમાગમથી જિતેંદ્રિય અને નીતિમાન્ રાજા મેરૂપર્વતનાં શિખરની માફક મોટા ચક્રવર્તીના સિંહાસન પર બેસે છે. સ્વાભાવિક રીતે લોકને અને રાજાઓને વર્તવાની રીતિ જુદી જુદી હોય છે, માટે ઘણો આગ્રહ રાખી સારા ગુરુના સમાગમથી રાજકુમારોએ પણ વિદ્યા સંપાદન કરી નીતિથી ચાલી ઇંદ્રિયો જીતવી. જિતેંદ્રિય રાજા, પ્રજાને અત્યંત પ્યારો થઇ પડે છે. નીતિ અને ઇંદ્રિયોનો જય એ રાજાઓનું ભૂષણ છે. વિદ્યા મેળવવા સારૂ ગુરુનું સેવન થાય છે. સાંભળેલી તથા અભ્યાસ કરેલી વિદ્યા મહાત્માઓને બુદ્ધિ દેનારી થાય છે. અને તેથી લક્ષ્મીની પ્રાપ્તિ પણ જરૂર

થાય છે. અંતઃકરણમાં તથા બાહેર પવિત્ર, ગુરુ ભક્ત, વિનયવાન્ રાજા લક્ષ્મીનું પાત્ર અને રાજ્યપદને લાયક થાય છે. વ્યસની રાજા ઘણો બળવાન હોય તોપણ તેને શત્રુઓ વશ કરી લે છે. અને જીતેંદ્રિય અવ્યસની રાજા દુર્બળ છતાં પણ શત્રુઓ તેનો પરાભવ કરી શકતા નથી.

પેહેલો સર્ગ સમાપ્ત.

સર્ગ ૨ જો.

વિદ્યા પ્રકરણ.

મનુષ્યોના યોગ* અને ક્ષેમ† સારૂ આન્વીક્ષિકી‡, ત્રયી§, વાર્ત્તા‖, અને દંડનીતિ¶ એ ચાર વિદ્યા છે; માટે રાજાએ તે વિદ્યાને ભણનાર અને તેમાં કેહ્યા પ્રમાણે વર્ત્તનારા માણસોથીજ દરેક કામ લેવું જોઇએ. મનુના શિષ્યો ત્રયી, વાર્ત્તા, અને દંડનીતિ, એ ત્રણ વિદ્યા કહે છે; અને આન્વીક્ષિકીને ત્રયીના પેટામાં ગણે છે. દેવતાઓના ગુરુ બૃહસ્પતિના શિષ્ય વાર્ત્તા અને દંડનીતિ એ બેજ વિદ્યાને માન્ય રાખે છે. કારણ કે સર્વ લોક પૃથ્વીપરથી નીપજતા ધાન્યથીજ જીવે છે. બધુ અર્થ, વાર્ત્તા અને દંડનીતિથીજ પ્રાપ્ત થાય છે, એવો તેઓનો મત છે. દૈત્યોના ગુરુ શુક્રાચાર્યના શિષ્યો દંડનીતિ એ એકજ શાસ્ત્રનો અંગિકાર કરે છે. કારણ કે તેમાં સર્વ વિદ્યાઓના આરંભ રહ્યા છે, અર્થશાસ્ત્રનો અભાવ હોય તો સર્વ વિદ્યાનો આરંભજ સંભવે નહીં.

---

* નહીં મળેલા પદાર્થો મેળવવા. † મળેલા પદાર્થોનું રક્ષણ. ‡ ન્યાયશાસ્ત્ર. § ત્રણવેદ. ‖ કૃષિશાસ્ત્ર. ¶ અર્થશાસ્ત્ર,

એવા પૂર્વપક્ષો દેખાડી કામંદક પોતાના સિદ્ધાંતને બતાવે છે કે અમારા ગુરુ ચાણાક્યનો એવો મત છે કે વિદ્યા ચાર પ્રકારનીજ છે, તેમાં ઓછી વધતી નથી, જે માટે સર્વ લોક એ ચાર વિદ્યાને વિષે જુદી જુદી વ્યવસ્થા કરી રહેલ છે. ગૌતમ અને કણાદ મુનિનાં બનાવેલાં આન્વીક્ષિકી એટલે ન્યાય-શાસ્ત્રમાં પદાર્થજ્ઞાન વિશેષે કરીને થાય છે; બંને લોકમાં સાધન રૂપ ધર્મ તથા અધર્મનું નિરૂપણ ઋગ્વેદ, યજુર્વેદ અને સામ-વેદમાં કરેલ છે; અર્થ અને અનર્થ વાર્ત્તાને વિષે કહેલ છે; નીતિ અને અનીતિ એ દંડનીતિમાં બતાવી આપેલું છે. આ-ન્વીક્ષિકી, ત્રયી અને વાર્ત્તા એ ત્રણે જો કે સદ્વિદ્યા છે તથા ધર્મ અને અર્થને આપનારી છે તોપણ શાસ્ત્રના અભાવથી અસદ્ વિદ્યા થઇ પડે છે. દંડનીતિ વિદ્યા જ્યારે શૂરાપુરૂષને પ્રાપ્ત થાય છે, ત્યારે બાકીની આન્વીક્ષિકી વગેરે ત્રણ વિદ્યા તેવા (નીતિશાસ્ત્ર જાણનાર) પુરૂષો પોતાની મેળેજ પ્રાપ્ત થાય છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર જાતિના વર્ણો, તથા બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ, અને સંન્યાસી એ ચાર આશ્રમો, આન્વીક્ષિકી, ત્રયી, વાર્ત્તા અને દંડનીતિ એ ચાર વિદ્યાઓને વિષે યથાયોગ્ય સ્થિતિ કરી રહેલ છે. તે એવી રીતે કે ત્રયીમાં બ્રાહ્મણો, દંડનીતિમાં ક્ષત્રિઓ, વાર્ત્તામાં વૈશ્ય તથા શૂદ્રો, અને આન્વીક્ષિકીમાં બ્રહ્મચારી વગેરે ચાર આશ્રમો સ્થિતિ કરી રહેલ છે.

ઉપર પ્રમાણેની તે વિદ્યાઓના તપાસથી તથા રક્ષણ કરવાથી રાજા પ્રજાના વર્ણઆશ્રમથી મેળવેલા ધર્મનો ભાગી-દાર થાય છે. પ્રજાએ કરેલાં પુણ્ય તથા પાપના છઠ્ઠા ભાગનો ભોગવનાર રાજા થાય છે, એવું સ્મૃતિકારનું વચન છે.

આન્વીક્ષિકી એ આત્મવિદ્યા છે, કારણ કે તેમાંથી સુખ દુઃખના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે. આન્વીક્ષિકી વિદ્યાએ કરીને તત્વજ્ઞાન થાય છે, અને તેથી હર્ષ શોક કરવો રહેતો

નથી. તત્વજ્ઞાની એવી રીતે વિચારે છે કે, સુખ છે એ કાર્ય છે અને ધર્મ તેનું કારણ છે; દુઃખ એ કાર્ય છે અને અધર્મ તેનું કારણ છે. સુખ તથા દુઃખ ભોગવ્યા શિવાય ક્ષય થતો નથી, એવા વિચારોથી તેને હર્ષ શોક રહેતા નથી.

એ પ્રમાણે આન્વીક્ષિકી વિદ્યાથી થતા લાભો દેખાડી ત્રયીનું સ્વરૂપ તથા તેથી થતા ઉપકારો કવિ કહે છેઃ-ઋગ્વેદ, યજુર્વેદ, અને સામવેદ એ ત્રયી કહેવાય છે. એ ત્રયી વિદ્યાને વિષે વિધિ પ્રમાણે સ્થિતિ કરવાથી આલોક તથા પરલોકનું સુખ પ્રાપ્ત થાય છે. ત્રયી વિદ્યામાં એ ત્રણ વેદજ લેવા એવો નિયમ નથી; પરંતુ શિક્ષા,* કલ્પ,† વ્યાકરણ,‡ નિરૂક્ત,§ છંદ‖ અને જ્યોતિષ¶ એ છ અંગ તથા ચાર વેદ, મીમાંસા,** ન્યાયશાસ્ત્ર,†† મન્વાદિ ધર્મશાસ્ત્ર,‡‡ અઢાર પુરાણ§§ અને મહાભારત (એમાં રામાયણનો પણ અંતર્ભાવ થઇ જાય છે.) એ પ્રમાણે ચૌદ વિદ્યારૂપ ત્રયી કહેવાય છે.

હાથી, ઘોડા વગેરે પશુઓને પાળનારાઓની વર્તણુક તથા ગજ-શાસ્ત્ર શાલિહોત્ર વગેરે શાસ્ત્રો, વેચવું સાટવું વગેરે વ્યાપાર, ખેડને પ્રતિપાદન કરનારૂં પરાશર વગેરે શાસ્ત્ર અને એ પ્રમાણે કૃત્ય. એ સઘળું વાર્ત્તા શાસ્ત્રમાં આવી જાય છે. અને એ શાસ્ત્ર જાણનારાઓને ભય આવી પડતો નથી.

---

* સ્વર અને વર્ણોની ઉચ્ચારણ રીતિને ઉપદેશ કરનારૂં શાસ્ત્ર. † વેદ વિહિત કર્મની ક્રમ પ્રમાણે સવિસ્તર કલ્પના કરનારૂં શાસ્ત્ર. ‡ શબ્દાર્થની વ્યુત્પત્તિ કરનારૂં શાસ્ત્ર. § વૈદિક પદ અને તેના અર્થનું નિરૂપણ કરનારૂં શાસ્ત્ર. ‖ ગાયત્રી વગેરે છંદોને બતાવનારૂં શાસ્ત્ર. ¶ યજ્ઞકર્મમાં ઉપયોગી કાળને જણાવનારૂં શાસ્ત્ર. ** પૂર્વ મીમાંસા બાર અધ્યાયનું કર્મકાંડને પ્રતિપાદન કરનારૂં જૈમિની મુનિકૃત શાસ્ત્ર. તથા ઉત્તર મીમાંસા ચાર અધ્યાયનું વ્યાસમુનિકૃત વેદાંત શાસ્ત્ર. ††ગૌતમમુનિકૃત તથા કણાદ મુનિકૃત શાસ્ત્ર. ‡‡મનુ, અત્રિ, અને વિષ્ણુ આદિ ઋષિઓએ કરેલી સ્મૃતિયો. §§ વેદ પ્રસિદ્ધ સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલયનું તથા મનુ, હરિશ્ચંદ્ર વગેરે પુરૂષોનું વર્ણન કરનારા ગ્રંથો જેવાકે બ્રાહ્મ, પાદ્મ, વૈષ્ણવ વગેરે.

વધ, કેદ, મિલકત જપ્ત કરવી વગેરે *શિક્ષા કહેવાય છે. માટે તે દંડને દેનારો રાજા પણ ઉપચારથી દંડ કહેવાય છે, ને તેની નીતિ તે દંડનીતિશાસ્ત્ર. એ દંડનીતિ (રાજનીતિ)થી પોતાનું તથા સર્વ વિદ્યાનું રાજાએ રક્ષણ કરવું. કારણ કે એ લોકોપકારી વિદ્યાનું પાલન કરનારો રાજાજ હોય છે. આન્વીક્ષિકી, ત્રયી, અને વાર્ત્તા એ ત્રણ વિદ્યાઓથી ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થને રાજા વિચારે એજ આન્વીક્ષિકી વિદ્યાનું વિદ્યાપણું છે. કારણ કે વિદ્યા શબ્દમાં વિદ્-વિચારવું (વિદ્ એટલે વિચારવું) એવો ધાતુ રહેલો છે. તેમ ત્રયીથી ચાર પુરૂષાર્થને જાણે એ ત્રયી વિદ્યાનું વિદ્યાપણું છે. કારણ કે વિદ્યા શબ્દમાં વિદ્જ્ઞાને (વિદ્ એટલે જાણવું) એવો પણ ધાતુ રહ્યો છે. તેમજ ઉદાર બુદ્ધિવાળો રાજા વાર્ત્તા વિદ્યાથી ચતુર્વર્ગને મેળવે, એ વાર્ત્તાવિદ્યાનું વિદ્યાપણું છે. કારણ કે વિદ્યા શબ્દમાં વિદ્લાભે (વિદ્ એટલે લાભ) એવો પણ ધાતુ રહેલો છે.

વર્ણાશ્રમના ધર્મો.

યજ્ઞ કરવો, વિદ્યા મેળવવી અને દાન દેવું એ દ્વિજાતિ† (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય)નો સામાન્ય પ્રાચીન ધર્મ કહેવાય છે. શસ્ત્રે કરીને જીવવું, અને પ્રાણીઓનું રક્ષણ કરવું એ ક્ષત્રિયોનું કર્મ છે. પશુપાલન, ખેડ અને વેપાર એ વૈશ્યની આજીવિકા છે. દ્વિજાતિની સેવા તથા શિલ્પી (કારીગરી) અને ભાટ ચારણનું કર્મ એ શૂદ્રનો શુદ્ધ ધર્મ છે.

"મનુ કહે છે કે બ્રાહ્મણોનાં છ કર્મ છે તેમાં ત્રણ કર્મ,

* કાળા પાણીની સજા તથા ફટકા મારવા વગેરે શિક્ષાના ભેદો પણ થઈ શકે છે.

† પહેલો માતાના ઉદરથી જન્મ અને બીજો યજ્ઞોપવીત સંસ્કાર થાય છે. તે બે જન્મ જેને હોય તે દ્વિજાતિ અથવા દ્વિજ કહેવાય. આગળ ક્ષત્રિયો તથા વૈશ્યોને પણ જનોઈ આપવાનો ચાલ હતો.

જેવાં કે યજ્ઞ કરાવવો, વિદ્યા ભણાવવી, અને શુદ્ધ દાન લેવું એ જીવિકા છે. અને યજ્ઞ કરવો, વિદ્યા ભણવી, તથા દાન દેવું એ પોતાના પરલોકના સ્વાર્થને માટે છે."

"શ્રીમદ્ વિષ્ણુ પુરાણમાં લખે છે કે ક્ષત્રિયને આપત્કાળમાં દાન ન લેવું, પણ યજ્ઞ કરાવવો તથા ઉપદેશ કરવો, એવાં બે કર્મ કરવાં. એ પ્રમાણે આપત્કાળમાં સર્વ વર્ણોને બીજાં કર્મ કરવાથી બાધ નથી. અશ્વપતિ અને કૈકય વગેરે રાજાઓએ વિપત્તિની વેળાએ ઉપદેશ કરીને પોતાની આજીવિકા સંપાદન કરી છે."

"શ્રીમદ્ ભગવદ્ગીતાના અઢારમા અધ્યાયમાં ચારે વર્ણોનું કર્મ લખ્યું છે. તે એવી રીતે કે, *શમ, †દમ, ‡તપ, §શૌચ, ‖શાંતિ, ¶આર્જવ, **જ્ઞાન, ††વિજ્ઞાન, અને ‡‡આસ્તિક્ય એ બ્રાહ્મણોનું સ્વભાવ સિદ્ધ કર્મ છે."

"§§શૌર્ય, ‖‖તેજ, ¶¶ધૃતિ, ***દાક્ષ્ય, †††યુદ્ધમાં નહીં ભાગવું, ‡‡‡દાન અને ઇશ્વર ભાવ એ ક્ષત્રિયોનું સ્વાભાવિક કર્મ છે."

"ખેડ, પશુપાલન; અને વ્યાપાર એ વૈશ્યોનું સ્વાભાવિક કર્મ છે. અને ત્રણ વર્ણની સેવા એ શૂદ્રનું સ્વાભાવિક કર્મ છે, ઇત્યાદિ. વિશેષ વિચાર સ્મૃતિગ્રંથોમાં જોઇ લેવા."

---

* ચિત્તની શાંતિ. † ઇંદ્રિયોની નિષિદ્ધ વિષયોમાં અપ્રવૃત્તિ. ‡ કાયિક, વાચિક, માનસિક એ ત્રણ પ્રકારનું. § બાહેરની તથા અંદરની શુદ્ધિ; અસત્ય તથા પરાન્નના ત્યાગથી મુખ તથા જિહ્વાની શુદ્ધિ; દાન ન લેવાથી હાથની શુદ્ધિ; શાસ્ત્રમાં કહેલા બ્રહ્મચર્યથી કચ્છની શુદ્ધિ; રાગ દ્વેષાદિક દોષોના ત્યાગથી મનની શુદ્ધિ; અને સદાચારથી ક્રિયાની શુદ્ધિ. એ પ્રમાણે છ પ્રકારનું શૌચ છે. ‖ નિંદા, ગાળભેળ, પ્રહાર વગેરે પ્રાપ્ત થયા છતાં ચિત્તમાં વિકારનું નહિ પેદા થવું. ¶ સરલતા **સારી રીતે અભ્યાસ કરેલા વેદ અને શાસ્ત્રના પદ, વાક્ય અને અર્થનું જ્ઞાન. †† નિરંકુશ શાસ્ત્ર તત્વનો નિશ્ચય. ‡‡કર્મ અને તેના ફળમાં શ્રદ્ધા.

§§ યુદ્ધમાં વીરપણું. ‖‖ બળવાળાઓથી પણ પાછું નહિ હઠવું. ¶¶ આપત્કાળમાં ન ગભરાવું. ***સેંકડો હરકતો આવ્યા છતાં પોતાનું કામ ચલાવવામાં સામર્થ્ય. ††† પ્રાણાંત સુધી પણ પીઠ નહીં બતાવવી. ‡‡‡ પોતાના રૂવાબથી ધર્મપૂર્વક મનુષ્યોપર હુકમદારી.

ચાર આશ્રમના ધર્મો.

૧ બ્રહ્મચારીના ધર્મ.

ગુરુને ઘેર વાસ, અગ્નિની સેવા, વેદનો અભ્યાસ, વ્રતોનું આચરણ, ભિક્ષા માગવી, ત્રણ કાળનું સ્નાન, ગુરુની પાસે અંતકાળ સુધી રહેવું, ગુરુ ન હોય તો ગુરુના પુત્ર પાસે રહેવું, તેનો પણ અભાવ હોય તો કાકાગુરુ પાસે રહેવું. એ નૈષ્ટિક બ્રહ્મચારીનો ધર્મ છે. ઉપકુર્વાણ બ્રહ્મચારીએ પણ વિદ્યાભ્યાસની સમાપ્તિ પર્યંત ઉપર કહ્યા પ્રમાણે વ્રત પાળવું. મુંજની મેખળા ધારણ કરવી, ખાખરાનો દંડ રાખવો, અને માથે જટા રાખવી અથવા મુંડન કરાવી નાંખવું. પછી ગૃહસ્થાશ્રમ સેવવો એ ઉપકુર્વાણ બ્રહ્મચારીનો ધર્મ છે."

"નારી એ અગ્નિ સરખી છે અને ઘીના ઘડા સરખો પુરુષ છે, તેથી નજીક રહેવાથી પીગળતાં વાર લાગતી નથી, માટે દીકરીની પણ પાસે એકાંતમાં બેસવું નહીં. તેમ ગુરુ સ્ત્રી પાસે અથવા બીજી સ્ત્રીઓ પાસે નહાવા ધોવા વગેરે શરીર સંસ્કારની ક્રિયા નહિ કરાવવી. સારૂં શીળ રાખવું, સ્ત્રીઓની વાર્તા પણ નહિ કરવી, મિતાહાર રહેવું, પોતે માગી આણેલી ભિક્ષા ગુરુને નિવેદન કરવી, ને તે જો આજ્ઞા આપે તો પોતે જમવું નહિતર ઉપવાસ કરવો. ઇત્યાદિ."

૨ ગૃહસ્થના ધર્મ.

બ્રાહ્મણાદિક ત્રણ વર્ણના ગૃહસ્થે અગ્નિ હોત્ર લેવું; અને પોતાના કર્મથી આજીવિકા ચલાવવી. એટલે બ્રાહ્મણોએ દાન લઇને. વૈશ્યોએ ખેડ તથા વેપાર વગેરે કર્મથી, અને શૂદ્રોએ કારીગિરી તથા સેવા વગેરે કૃત્યથી પોતાનું જીવન ચલાવવું. સમય પ્રમાણે ધર્મપૂર્વક પરણેલી સ્ત્રીઓમાં પૂનેમ વગેરે પર્વણી

તિથિયોનો ત્યાગ કરી ગમન* કરવું. દેવતા, પિતૃ અને અતિથિયોની પૂજા; બાળક, વૃદ્ધ અને રોગી વગેરે ગરીબ પ્રાણીપર પોતાની શક્તિ પ્રમાણે દયા, તથા શ્રુતિ અને સ્મૃતિમાં કહેલા ધર્મપૂર્વક સ્થિતિ. એ ગૃહસ્થનો ધર્મ છે.

વાસીદુ વાળવું, ઘંટી ફેરવવી, અને ચૂલો સળગાવવો વગેરે ઘરનાં કામકાજ કરવાથી ગૃહસ્થને પાંચ દોષ લાગે છે, તે પંચ સૂના કહેવાય છે. તેની નિવૃત્તિ સારૂ પાંચ મહાયજ્ઞ કરવા. એટલે નિત્ય વૈશ્વદેવ કરવો, અતિથિ જમાડવા, પછી પોતાનાં સગાંવહાલાંને લઇને જમવું. હરેક સાંસારિક કામને માટે સમય પત્રક નીમવું. બે ઘડી વાર શાસ્ત્ર ચર્ચા કરવી, પોતાને વખત મળતો ન હોય તોપણ થોડા ઘણી વાર સત્સંગ કરવાને ચૂકવું નહીં, સમૃદ્ધિનો સન્માર્ગે ઉપયોગ કરવો, ધર્મ અર્થ અને કામ એ ત્રિવર્ગને સરખી રીતે સેવવો, કેવળ એકમાંજ આસક્ત થઇ જવું નહીં. એવા બીજા પણ કેટલાએક ગૃહસ્થના ધર્મો કહ્યા છે. જો આ ઠેકાણે લખવા બેસીએ તો આખો ગ્રંથ ભરાય.

૩ વાનપ્રસ્થના ધર્મ.

જટા રાખવી, અગ્નિમાં હોમ કરવો, પૃથ્વીપર શય્યા કરવી, કાળિયાર મૃગનું ચર્મ ઓઢવું, વનમાં વાસ કરવો;

---

* આ બાબતમાં ધર્મશાસ્ત્ર તથા જ્યોતિષના ગ્રંથોમાં કહ્યું છે કે, રજસ્વલા સ્ત્રીની પેહેલી ૪ રાત્રી ત્યાગ કરી બાકીની બાર રાત્રિમાં પણ બેકીની રાત્રિ એટલે છઠ્ઠી, આઠમી, દશમી, બારમી અને ચૌદમી રાત્રિ વિષે સ્ત્રી પાસે જવું. વળી મૂળ તથા મઘા વગેરે નક્ષત્રોનો પણ ત્યાગ કરી નૈમિત્તિક શ્રાદ્ધની આગલી તથા પાછલી રાત્રિ છોડી દઈ, તેમજ અમાસ, આઠમ, ચૌદશ વગેરે તિથિયોને પણ વર્જિ ચંદ્રનું બળ પહોંચતું હોય અને બીજા પણ સારા ગ્રહો આવ્યા હોય ત્યારે સ્ત્રી પાસે જવાનો વિધિ શાસ્ત્રકારોએ સ્વીકારેલો છે. વેદની પણ આજ્ઞા છે કે ऋतौ भार्यामुपेयात् ઋતુને વિષે સ્ત્રી પાસે જવું. આ નિયમ પશુપક્ષીની જાતિમાં પણ સ્પષ્ટ દેખાય છે. આ મર્યાદાને તોડી પશુ જાતિથી પણ હલકાપણે વર્તવું એ મનુષ્ય જેવા ઉત્તમ પ્રાણીને ઘટતું નથી.

દૂધ, મૂળ, ફળ, ફૂલ, તથા નાનવી વગેરે ઋષિ ધાન્યનો આહાર, દાન લેવાની નિવૃત્તિ, ત્રણ વખત સ્નાન કરવું, સ્ત્રી નજીક છતાં તેના સંગનો ત્યાગ કરવો, દેવતા અને અતિથિઓની પૂજા કરવી, એ વાનપ્રસ્થનો ધર્મ છે.

૪ સંન્યાસીના ધર્મ.

સર્વ પ્રકારના આરંભનો ત્યાગ કરવો, મધુકરીભિક્ષાથી વૃત્તિ ચલાવવી, વૃક્ષ નીચે નિવાસ કરવો, પુસ્તક કપડાં વગેરેનો પણ સંગ્રહ નહિ કરવો, કોઇનું બુરૂં નહિ ચાહાવું, સર્વ પ્રાણીઓપર સમદૃષ્ટિ રાખવી, પ્રિય તથા અપ્રિય પદાર્થોના સંબંધથી થતા સુખ દુઃખમાં નિર્વિકાર સ્થિતિ, બહાર તથા અંદરનું પવિત્રપણું, વાણીથી અસત્યનો ત્યાગ, તથા મૌનવ્રત, બ્રહ્મચર્ય પાળવું, સર્વ ઇંદ્રિયોનો વિષય વાસનાથી સંકોચ, મોક્ષના ફળને માટે નિત્ય ધ્યાન અને શુદ્ધ ભાવ, એ સંન્યાસીના ધર્મ છે.

વળી પોતાના વિહારમાં જે ગામ આવે તેમાં એક રાત્રિથી વધારે રહેવું નહીં. જો લૂગડું રાખવું તો કેવળ કૌપીન અને ઓઢવાની પિછોડી રાખવી. એકલું વિચરવું, કોઈની અપેક્ષા રાખવી નહિ. સર્વ પ્રાણિને વિષે સુહૃદ્ ભાવથી રહેવું, સર્વત્ર બ્રહ્માકાર દૃષ્ટિ રાખવી, નાસ્તિકોના શાસ્ત્રોમાં આસક્તિ રાખવી નહીં, કોઇ જીવિકા ચાલે એવો જ્યોતિષ વગેરે ધંધો શીખવો નહિ, વાદવિવાદ કરવો નહિં, કોઇ પક્ષને આગ્રહથી પકડવો નહિ, કાંઇ લાલચ આપી શિષ્યો એકઠા કરવા નહિ, મઠ બાંધવો નહિ, પોતે વિદ્વાન્ છતાં બાળકની પેઠે રહેવું. એવા સંન્યાસીના અનેક ધર્મો છે. તેમાં બહૂદક, કુટીચક, હંસઅન, પરમહંસ, એવા ચાર પ્રકારના સંન્યાસી લખેલા છે. જેમનું વર્ણન વિસ્તાર થઇ જવાને લીધે આ જગાએ આપેલું નથી.

વર્ણાશ્રમના સાધારણ ધર્મો.

અહીંસા, તથ્યભાષણુ, સત્ય, પવિત્રતા, દયા, અને ક્ષમા એ ચાર વર્ણોનો તથા ચાર આશ્રમનો સામાન્ય ધર્મ છે, એ ધર્મ પાળવાથી સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે અને તે ધર્મમર્યાદા પ્રમાણે નહિ વર્તવાથી મોટી હાનિ અને વર્ણ-સંકરપણું પ્રાપ્ત થાય છે.

ઉપર દેખાડેલા વર્ણાશ્રમના ધર્મને રીતિ પ્રમાણે ચલાવનાર રાજા છે, તે જો ન હોય તો ધર્મનો નાશ થાય છે. ધર્મનો અભાવ હોવાથી જગત્ નાશ પામે છે, વર્ણાશ્રમના આચારવાળો, વર્ણ અને આશ્રમના વિભાગને જાણનારો, અને વર્ણ-તથા આશ્રમને પાળનારો રાજા રાજ્ય અને સ્વર્ગ લોકને યોગ્ય થાય છે.

દંડ માહાત્મ્ય.

પ્રજાને ધર્મશાસ્ત્ર પ્રમાણે ચલાવવાથી પ્રજાના તથા રાજાના બંને લોક સુધરે છે. જિતેંદ્રિય રાજાએ યમરાજા પ્રમાણે રાગદ્વેષનો ત્યાગ કરી અપરાધીઓને દંડવા. આ સ્થળે મનુ કહે છે કે-"જે રાજા નિરપરાધિયોને દંડે છે અને અપરાધીઓને દંડતો નથી તે મોટી અપકીર્ત્તિ પામે છે, અને મૂવા પછી નરકમાં પડે છે." જુલમ વર્ત્તાવી અધિક દંડ દે તો પ્રજા ત્રાસ પામે છે. અને અતિ કોમળ દંડ રાખવાથી પ્રજા તેને કળી જાય છે, એટલે એવું સમજે છે કે રાજા જો આપણુને દંડશે તો આપણુને કાંઈ વધારે નુકસાન પહોંચવાનું નથી. એવું ધારી પ્રજા તેને ગણકારતી, પણ નથી. માટે રાજાએ નિરંતર અપરાધીઓને તેમના અપરાધ પ્રમાણે યોગ્ય દંડ કરવો જોઇએ. પ્રમાણુસર દંડ જો રાજા કરે તો તેથી ધર્મ અર્થ અને કામ એ ત્રિવર્ગની વૃદ્ધિ થાય છે, અને જો રાગદ્વેષ રાખી ગેરવાજબી દંડ કરે તો તેથી લોકવ્યવહાર નહિ કરનારા વનવાસીઓ પણ કોપ પામે છે. વર્ણ અને આશ્રમને જોઇ શ્રુતિ તથા સ્મૃતિ પ્રમાણે અપરા-

ધીને દંડ દેવો અપરાધ્ં વિના વ્યર્થ પ્રજાને પીડવાથી અધર્મ થાય છે; અને તેથી રાજાનો વિનાશ થાય છે.

જગત્માં સર્વ પ્રાણીઓનો ભક્ષ્ય ભક્ષક ભાવ રહ્યો છે. એટલે કેટલાંક પ્રાણી ખાનારાં હોય છે, અને કેટલાંકએક ખાવા યોગ્ય હોય છે. સ્વભાવિક જુદા જુદા પ્રકારના વલણવાળું આ જગત્ છે. તેમાં જો દંડ ન હોય તો એક બીજાને નાશ કરનારો માત્સ્યન્યાય (મોટાં માછલાં નાનાંને ખાય છે) પ્રાપ્ત થાય. નિરાશ્રય આ જગત્ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ પ્રકારના વિષયો એ વશ્ય કરેલું છે. કારણ કે આહાર, નિદ્રા, ભય અને મૈથુન એટલા વ્યવહાર શરીરની સાથેજ પેદા થાય છે. એટલા કારણથીજ સ્ત્રી અને ધનાદિક પદાર્થોમાં લંપટ થયેલું આ જગત કેવળ દંડના ભયથીજ સત્પુરૂષોએ સેવેલા માર્ગમાં ચાલે છે. જો રાજદંડ ન હોય તો આ જગત્ કુમાર્ગમાં પ્રવૃત્તિ કરી નરકમાં ડુબે: આ જગત્માં નિશ્ચય કરેલા નિયમ પ્રમાણે ચાલનારા સદાચરણી પુરૂષો દુર્લભ છે દંડના ભયથીજ સર્વે ઘણું કરી નિયમમાં વર્તે છે. જેમ કુલીન નારી કાણા કુબડા વગેરે અભાવ ઉપજાવનારા દોષયુક્ત ભર્ત્તાને શાસ્ત્રમાં કહેલા દંડના ભયથીજ સ્વામી તરીકે સ્વીકાર કરે છે.

એ પ્રમાણે વધાદિક દંડના ગુણદોષને નિર્ણય કરનારો જે જિતેંદ્રિય રાજા, પોતે શાસ્ત્રમાર્ગે વર્તી નીતિથી પ્રજાને નિયમમાં ચલાવે છે, તે રાજાને નદીઓ જેમ સમુદ્રને પ્રાપ્ત થાય છે તેવી રીતે લક્ષ્મી મળે છે. એટલે સમુદ્રમાં મળેલો નદીનો પ્રવાહ પાછો કંઇ નદીમાં આવતો નથી, તેમ ન્યાયી રાજાને પ્રાપ્ત થયેલી લક્ષ્મી સ્થિર રહે છે.

દ્વિતીય: સર્ગ સમાપ્ત.

સર્ગ ૩ જો.

આચાર વ્યવસ્થા.

વર્ણાશ્રમમાં વર્તતા મનુષ્યોને રાજાએ ધર્મરાજની પેઠે યોગ્ય દંડ આપવો, તથા પ્રજાપતિ પ્રમાણે કરૂણાદૃષ્ટિ રાખવી. સત્ય અને પ્રિયવાણી, દાન, શત્રૂઓથી પીડાતાઁ કોઇ મનુષ્યો પોતાને શરણે આવે તો તેમનું રક્ષણ, દયા અને સત્ પુરૂષોનો સંગ; એટલું સાધુ પુરૂષનું વ્રત છે. દુઃખરૂપી કાદવના સમુદ્રમાં ડૂબેલા ગરીબોને જે સત્પુરૂષો બાહેર કાઢે છે તેથી અધિક ગુણવાળા બીજા કોઈ ન સમજવા. ઘણી દયા રાખી ક્ષત્રિય ધર્મને પાળનાર રાજાએ ચોર લોકોથી પીડાતી અને પોતાનો બચાવ કરવામાં અસમર્થ પ્રજાનાં આંસુ લોહોવાં જોઇએ. દયાળુપણું એ સર્વ દેહધારીઓનો મુખ્ય ધર્મ છે, માટે રાજાએ દુર્બળપર દયા રાખવી; પોતાનુંજ સુખ ચાહી ગરીબને પીડવા એ રાજાનો ધર્મ નથી. કારણ કે ગરીબને દુઃખ દેવાથી તેની આંતરડી કકળે છે, તેથી રાજાનું સારૂં થતું નથી. સુખના લેશથી લોભાઇ સારા કુળમાં જન્મેલો કયો પુરૂષ દુર્બળ પ્રાણીઓને પીડે? આધિ*વ્યાધિ†થી ભરપૂર, આજકાલમાં નાશ પામનારા, ક્ષણભંગુર દેહને માટે ધર્મ મર્યાદાનું ઉલ્લંઘન કોણ કરે? ભક્ષ્ય,‡ ભોજ્ય§ આદિ ચાર પ્રકારના અન્નને પણ પોતાના સંબંધથી મલિન કરનાર, સ્વભાવથી અપવિત્ર, અને સુગંધી ચંદન તથા વસ્ત્ર આભરણોથી માંડ માંડ સારો રાખેલ, પાણીના પરપોટા સરખા તમાસાને ધારણ કરનાર આ દેહ છાયા સરખો અનિત્ય છે એમ જાણવું.

---

* મનની પીડા. † તનની પીડા. ‡ ભક્ષ્ય–ફાકવાનો પદાર્થ; જેવા કે દાળિયા; ધાણી વગેરે. § ભોજ્ય–જમવાના પદાર્થો; જેવા કે દાળ ભાત વગેરે; લેહ્ય–ચાટવાના પદાર્થો વગેરે. ચોષ્ય–ચૂસવાના પદાર્થો; જેવા કે શેરડી વગેરે. કેટલાક પેય–પીવાના પદાર્થો શર્બત વગેરે પણ ગણે છે.

સ્વપ્ન પ્રપંચની પેઠે ક્ષણમાત્ર રહેનારા તુચ્છ અને અસાર વિષયોમાં મહાત્મા (વિવેકી) કેમ વશ્ય થઇ રહે? જળની અંદર રહેલા ચંદ્રના પ્રતિબિંબની પેઠે આ જીવતરને અનિત્ય જાણી નિરંતર ધર્માચરણ કરવું એ મનુષ્ય પ્રાણીનો મુખ્ય ધર્મ છે. મૃગતૃષ્ણાના જળ પ્રમાણે આ જગત્‌ને મિથ્યા જાણવું અને વિદ્યાવૃદ્ધનો સમાગમ કરવો જેથી ધર્મ તથા સુખની પ્રાપ્તી થાય છે. સત્પુરૂષોનાં સદાચરણ જેવી રીતે મનને રાજીપો કરે છે તથા આનંદ પમાડે છે, તે પ્રમાણે પૂર્ણિમાનો ચંદ્ર તથા વિકાશ પામેલાં કમલોવાળું સરોવર પણ મનને રાજી કરતું નથી.

ગ્રીષ્મકાલના સૂર્યના કિરણોથી તપેલા ને છાયા વગરના રેતીના મેદાનની પેઠે દુર્જનનો સમાગમ દુઃખદાયક છે; માટે તેનો ત્યાગ કરવો; કારણ કે દુર્જનની રીત એવી હોય છે કે સદાચરણી સત્પુરૂષોના મંડલમાં અકસ્માત્ પેસી જઇ સુકાયલા ઝાડમાં રહેલા અગ્નિની પેઠે તેને બાળે છે. જેના શ્વાસોચ્છવાસમાં ઝેરરૂપી અગ્નિની જ્વાળા પ્રગટ થાય છે, એવા સર્પનો સંગ સારો, પણ દુર્જનનો સારો નહીં. દુર્જનરૂપી સર્પ બે જીભવાળો છે, એટલે એકને કંઇ કહે છે અને બીજાને બીજું સમજાવે છે. તે વાણીરૂપી ઝેર ધારણ કરે છે કે જે ઝેર સારા મંત્રથી પણ ઉતરતું નથી. માટે તેવા પુરૂષથી પોતાને બચવાની ઇચ્છા હોય તો જેવી રીતે પૂજ્ય સત્પુરૂષની પાસે હાથ જોડીએ છીએ તેથી પણ વધારે નમ્રતાથી તેને હાથ જોડવા. દુષ્ટ બિલાડો પોતાને રોટલીનો ટૂકડો નાંખનારનાજ હાથ ઉપર જેમ તડાપ મારે છે, તેમ આ દુષ્ટ પુરૂષ પણ પોતાની જીવિકા આપનારનેજ લૂટે છે. તે સર્વ મનુષ્યોને પોતાની તરફેણમાં લેવાને સઘળા સાથે મૈત્રીપૂર્વક વાતચિત કરે છે.

જે માણસ ધનને આપતો હોય પણ તે જો ક્રૂર વાણી બોલે તો તેથી માણસો નારાજ થાય છે. માટે વિંધાયલા હૃદયવાળો જેમ દુઃખ પામે તેમ જે વાણીથી માણસો તાપ પામે

તેવી વાણી બુદ્ધિમાન્ પુરૂષે પીડાતાં છતાં પણ નહિ બોલવી જોઇએ. સર્વ જાત ભાઇઓ સાથે પરમ મૈત્રી રાખી માન ભરેલી મનોહર વાણી બોલવી, કે જેથી જગત્ રાજી થાય. અનીતિમાન પુરૂષોએ કહેલાં તીવ્ર અને ઉદ્વેગકારી વચનો મનુષ્યોના મર્મને શસ્ત્રની પેઠે કાપે છે. સારા કિંવા નરતા પુરૂષો સાથે જ્યારે આપણે વાત કરતા હોઇએ ત્યારે પ્રિયજ બોલવું. મધુર વાણી બોલનારો મીઠો માણસ કોને પ્યારનું પાત્ર નથી થતો વારૂ? વિદ્વાન્ સતપુરૂષની વાણીની પેઠે હંસ, કોયલ, કે મોરની વાણી પણ મનને હરતી નથી. માટે પોતે ગુણી થઇ, ગુણવાન્માં પ્રેમ રાખી પ્રિય વાણી બોલવી, અને ધર્મને માટે શ્રદ્ધા રાખી દયા· પૂર્વક ધનનો ખર્ચ કરવો. જે પ્રિય બોલે છે, તથા બીજાને સત્કાર આપે છે, તેવા સ્તુતિપાત્ર મનુષ્યો, નર સરખા દેહને ધારણ કરનાર દેવજ સમજવા.

પવિત્ર થઇ આસ્તિક બુદ્ધિથી નિરંતર દેવ પૂજા કરવી, ગુરુ જનને પણ દેવતા સરખા જાણવા, અને મિત્રવર્ગ પોતાની બરોબર રાખવો. ગુરુવર્ગને નમીને પોતાની તરફ લેવો. સત્પુરૂષને નમ્ર ભાવથી પોતાની કોર લેવા. સંપત્તિ અથવા સારૂ પુણ્ય કર્મથી દેવતાઓને પ્રસન્ન કરવા. મિત્રને સુસ્વભાવથી, બાંધવોને સદ્-ભાવથી, અને સ્ત્રીને પ્રેમથી, નોકરોને દાનથી, ને ઇતર મનુષ્યોને સ્નેહભાવથી વશ્ય કરવાં.

બીજાએ કરેલા કામને વખોડવું નહીં, સ્વધર્મનું સંરક્ષણ કરવું, દીન જનપર દયા રાખવી, સર્વ સાથે મધુર વાણી બોલવી, નિષ્કપટી મિત્રપર પ્રાણ જતાં સુધી પણ ઉપકાર કરવો, શત્રુ પણ જો ઘેર આવ્યો હોય તો તેની સાથે બોલવું, શક્તિ પ્રમાણે દાન દેવું, સહનશીલપણે અને સંબંધી જનના ચિત્તને અનુસારે વર્તવું એ મહાત્મા જનનાં આચરણ છે.

"ભર્તૃહરિ પણ કહે છે કે-વિપત્કાળમાં ધીરજ, ઉદયમાં ક્ષમા, સભાને વિષે વાણીની ચાતુરી, યુદ્ધમાં પરાક્રમ, યશમાં

પ્રીતિ અને શાસ્ત્ર શ્રવણુમાં વ્યસન, એ મહાત્માઓનાં સ્વભાવથીજ લક્ષણો છે."

આદિ કાળથી ચાલતા આવતા માર્ગમાં વર્ત્તનારા મહાત્મા ગૃહસ્થોને પણ આજ માર્ગ કલ્યાણનો દાતા છે. આ માર્ગે ચાલવાથી આલોકનું તથા પરલોકનું સુખ મળે છે. આ પ્રમાણે ઉપર કહેલા માર્ગમાં મત્સરનો ત્યાગ કરી એક નિષ્ઠાથી વર્ત્તનારા રાજાને શત્રુ પણ મિત્રની પેઠે આચરણ કરે છે. વિનય ગુણ એવો છે કે જેથી કરી સર્વ જગત્ વશ થાય છે. રાજવર્ગ તે ક્યાં અને પ્રજાનો સંગ્રહ તે પણ ક્યાં? પણ મધુર વચનના પાશથી સર્વ લોકને બાંધવા અને રક્ષણ કરવું. એમ કર્યાથી પ્રજા ન્યાયમાર્ગની સ્થિતિથી એક પગલું પણ વધારે ભરતી નથી.

તૃતીય સર્ગ સમાપ્ત.

સર્ગ ૪ થો.

રાજ્યનાં સાત અંગનું વર્ણન.

રાજા, કારભારી, દેશ, કિલ્લો, ખજાનો, ચાર પ્રકાર (હાથી, ઘોડા, રથ અને પ્યાદા) ની સેના અને મિત્ર એ પરસ્પરનો ઉપકાર કરનારૂં સાત અંગવાળું રાજ્ય કહેવાય છે. તે પરસ્પરનો ઉપકાર એવી રીતે કે, રાજા કારભારીને નોકર રાખે છે, તેથી રાજા તેનો ઉપકારી થયો. અને કારભારી રાજાને પ્રત્યેક રાજ્ય સંબંધી વ્યવહારમાં સલાહ આપે છે, તેથી તે પણ રાજાનો ઉપકારી છે. રાજા અને કારભારી એ બેઉ મળી દેશની રક્ષા કરે છે, તેથી તે બંને, દેશના ઉપકારી છે; અને એ ત્રણ કિલ્લાની ભાંગ ટૂટ સંભાળી સુધારવાથી કિલ્લાના ઉપકારી છે.

અને એ સઘળા (રાજા, કારભારી, કિલ્લો અને દેશ.) વૃદ્ધિ અને રક્ષણ કરવાથી તથા સત્પાત્રને દાન આપવા રૂપ સાધનથી ભંડારના ઉપકારી છે. ચાર પ્રકારનું સૈન્ય તે સર્વેનું ઉપકારી છે. અને તે સર્વે ભરણપોષણ કરવાથી સૈન્યના ઉપકારી છે. મિત્ર, સહાયતા કરવાથી તે સર્વે (રાજા, દિવાન, કિલ્લો, દેશ, ખજાનો અને સૈન્ય)નો ઉપકારી છે. અને તે સઘળા મિત્રના ઉપકારી છે. એ પ્રમાણે રાજ્યનાં સાતે અંગમાં પરસ્પર ઉપકાર કરનારપણું રહ્યું છે. આમાંના એક અંગથી પણ રાજ્ય ઓછું હોય તો એક અવયવ વિનાના શરીરની પેઠે સરખી રીતે ચાલતું નથી. માટે તે અંગોની સંપૂર્ણતા ઇચ્છનારા રાજાએ નિરંતર તેમનો તપાસ કરતા રહેવું.

લોકના આધાર રૂપ લક્ષ્મી, મેળવવી એ ઘણું કઠણ કામ છે, અને મેળવેલી લક્ષ્મીની સ્થિતિ, એ તેના કરતાં પણ કઠણ છે. ચામડાના કોશ વતી કુવામાંથી ઘણે પરિશ્રમે કહાડેલું પાણી સ્વચ્છ અને દૃઢ કિયારામાં ટકી શકે છે, તેમ લક્ષ્મી પણ સ્વચ્છ અને ન્યાયી રાજા પાસેજ રહે છે. માટે રાજાએ પોતાનો, પેહેલાંથીજ વિચાર કરવો કે મારામાં કયા કયા ગુણોની અપૂર્ણતા છે; એવું વિચારી પોતે ગુણ મેળવી ગુણવાન્ થયા પછી બાકીનાં અંગોની પરીક્ષા કરવી. સુંદર પૃથ્વીની રાજ્યગાદી દુર્ભાગ્યવાન્ પુરૂષોને મળતી નથી. માટે કેટલાએક સંસ્કારથી શુદ્ધ થયેલો પુરૂષ રાજા થવાને યોગ્ય છે.

રાજ્યકર્તાના ગુણો.

કુળ*, સત્વ†, વય‡, શીળ‖, દાક્ષિણ્ય§, અદીર્ઘસૂત્રપણું¶, અવિસંવાદપણું,** સત્ય, વૃદ્ધસેવા‡‡, કૃતજ્ઞતા††, દૈવ સંપન્ન-

---

* માતા તથા પિતાની કુળની શુદ્ધિ. † ચડતી તથા પડતીમાં નિર્વિકારપણું. ‡ યૌવન. ‖ સારો સ્વભાવ § સર્વ જન ઉપર કૃપાદૃષ્ટિ. ¶ હરેક કામ ઝડપથી કરવું. ** વાણીના છળથી વિરૂદ્ધ તકરારો નહિ ઉઠાવવી. †† જ્ઞાનવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ, તપો વૃદ્ધ, ધર્મ વૃદ્ધ, અને પાંચમો વયો વૃદ્ધ એઓનું સેવન. ‡‡ કરેલા ઉપકારને

તા* બુદ્ધિ†, અક્ષુદ્ર પરિવાર‡, શક્ય સામંતપણું||, દૃઢભક્તિપણું§, દીર્ઘદર્શીપણું,¶ ઉત્સાહ**, શુચિતા,†† સ્થુળલક્ષ્યપણું‡‡, વિનય અને ધર્મનિષ્ટા એ ગુણોથી રાજા, આશ્રય કરવા યોગ્ય થાય છે.

"બીજા પણ રાજ્ય કર્ત્તામાં જોઇએ તેવા ગુણો, વાલ્મિકી રામાયણના બાલકાંડના પ્રથમ સર્ગમાં નારદ મુનિયે ઇક્ષ્વાકુ વંશના મહાન્ રાજા રામચંદ્રનું વર્ણન કરતી વેળા દર્શાવેલા છે, તે એવી રીતે કે—જિતેંદ્રિય, પરાક્રમી, બુદ્ધિમાન્, કાંતિમાન્, શ્રીમાન્ ધૈર્યવાન્, સારી વાણી બોલવામાં ચતુર, પ્રતાપી, ધર્મ મર્યાદાને જાણનાર, સત્ય પ્રતિજ્ઞાવાળો, પ્રજાના હિતને ઇચ્છનારો, કીર્ત્તિમાન્, જ્ઞાનવાન્, પવિત્ર, પિતા આચાર્ય અને દેવની આગળ નમ્રતા રાખનારો, વેદ અને વેદાંગના તત્વને જાણનારો, ધનુર્વેદમાં નિપુણ, સ્મૃતિવાન્, સર્વ લોકને પ્રિય, સત્પુરૂષોનો સમાગમ રાખનારો અને કષ્ટના વખતમાં પણ જેના અંતઃકરણમાં ક્ષોભ નથી થતો એવા ગુણો રાજામાં હોવા જોઇએ."

"શુક્રનીતિમાં પણ રાજાને માટે કેટલુંએક લખ્યું છે; તે એકે, દુષ્ટોને દંડ આપવો, પ્રજાનું પાલન કરવું, રાજસૂય વગેરે મોટા યજ્ઞ કરવા, ન્યાયથી ધન મેળવવું, અને નટ, ગવૈયા, ગણિકા, મલ્લ વગેરે નીચ જાતિમાં ઘણી આસક્તિ રાખવી નહીં. જે રાજા બુદ્ધિમાનોનો સદા દ્વેષ કરે છે, ને ઠગારાનો સંગ કરે છે, તેમ પોતાના દુર્ગુણો જાણતો નથી તેનો વિનાશ થવામાં વાર લાગતી નથી. મારે વિષે પ્રજાનો કેવો પ્યાર છે,

---

જાણનારપણું. * ઉદ્યોગમાં સફળપણું. † બુદ્ધિના આઠ ગુણો આગળ કહેવામાં આવશે. ‡ પોતાની હજુરમાં સારાં સારાં પીઢ માણસો રાખવાં. || પ્રાંતના સૂબા પોતાના તાબામાં લેવાનું સમર્થપણું. § અંગીકાર કરેલાઓનો ત્યાગ નહીં કરવો, તથા તેમને જીવન પર્યંત પાળવા. ¶ બીજા દેશમાં થનારી અથવા ઘણે કાળે બનનારી વાતને જાણનારપણું. ** શૌર્યાદિક ગુણોએ કરી યુક્તપણું. †† પરસ્ત્રી કે પરધનમાં આસકત નહીં થવું. ‡‡ દાનશૂરપણું.

કોની અપ્રીતિ છે, એવું ચારો (બાતમીદારો–હલકારાઓથી) જાણીને સુકીર્ત્તિ મેળવવાનો યત્ન કરવો. લોકાપવાદના ભયથી રામચંદ્રે પોતાની સાધ્વી સ્ત્રી સીતાનો ત્યાગ કર્યો. રાજાનું મોટું દૂષણ હોય પણ કોઇ સામે આવી નથી કહેતું; માટે તે વાતનો તપાસ રાખી પોતાના અવગુણો તજવા. અદાનવથી, અપમાનથી, કડવાં વચનો કહેવાથી અને ઉગ્ર દંડથી રાજાને પ્રજા તજી દેછે."

પોતાનું હિત ઇચ્છનારા રાજાએ પ્રખ્યાત વંશના, દયાળુ સ્વભાવના, અને પવિત્ર મનના હજુરીઓ રાખવા. હજુરીઓના સારા ગુણો હોવાને લીધે રાજા પોતે દુષ્ટ હોય તોપણ કેટલાએકનો આશ્રય થઇ પડે છે. નરતા પાશવાનવાળો સારો રાજા પણ સર્પથી વીટાએલા ચંદનના વૃક્ષની પેઠે કાંઇ ઉપયોગનો થઇ શકતો નથી. સત્પુરૂષની આડે આવનારા દુષ્ટ કારભારીઓ રાજાને ખાય છે. એટલે પોતાની મરજી પ્રમાણે તીજોરીને ઉડાવી દે છે. માટે એવા દુષ્ટ કારભારીઓનો પોતાનું શુભ ઇચ્છનારા રાજાએ સર્વથા ત્યાગ કરવો રાજાએ ઉત્તમ લક્ષ્મીનો ઉપયોગ સત્પુરૂષને માટે કરવો. જે લક્ષ્મી સજ્જનના કામમાં નથી આવતી તે નિષ્ફળ જાણવી. દુષ્ટ પુરૂષોની સંપત્તિ દુર્જનના કામમાં આવે છે, એમાં પણ કંઇ આશ્ચર્ય નથી; કારણકે કિંપાકવૃક્ષનું* ફળ કાગડા વિના બીજા પક્ષિયો ખાતા નથી.

રાજાના ગુણોની સંપત્તિ.

સારી વાણી વાળો, દેવ સરખાને પણ ન્યાયની વાત કહેનારો, ઘણો કાળ થઇ ગયા પછી પણ નજરે જોએલી તથા કાને સાંભળેલી વાતની સ્મૃતિવાળો ઉંચા કદનો બળવાન્, જિતેંદ્રિય, દુષ્ટને દંડ દેનારો, કળા કૌશલ્યવાળો દૈવયોગથી અનીતિમાં પ્રવર્ત્યો હોય તોપણ તેમાંથી સુખેથી પાછો વાળી શકાય તેવો, શત્રુઓના ઉપાડને સહન કરનારો, હરેક પ્રકા-

* ઝેરકોચલાનું ઝાડ.

રની આપત્ત આવી પડ્યા છતાં પણ તેમાં નહીં ગભરાઇ ઉપાય શોધનારો, શત્રુઓનાં છિદ્ર શોધવામાં તત્પર, સંધિ† અને વિગ્રહના તત્વને જાણનારો, મંત્રને અતિ ગુપ્ત રાખનારો, દેશ અને કાળના વિભાગને જાણનારો, શાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે પ્રજા પાસેથી કર લેનારો, ધનનો સન્માર્ગે ઉપયોગ કરનારો પાત્ર‡ને જાણનારો, ક્રોધ, લોભ, ભય, દ્રોહ, સ્તબ્ધપણું અને ચપળતા એ છ દુર્ગુણોથી રહિત, વૃદ્ધોનો ઉપદેશ પાળવાથી સંપત્તિવાળો, ઉત્સાહ શક્તિમાન્, પ્રસન્ન મુખવાળો, ગુણવાનમાં પ્રીતિ રાખનારો જરા હસીને બોલનારો, લોકવ્યવહારને જાણનાર એવો સ્થિર રાજા હોવાથી પિતાની પાસે પુત્ર પ્રમાણે સર્વ સંતાપના અભાવને લીધે લોક સુખી રહે છે. એટલા ગુણોવાળો જે રાજા હોય તેનેજ રાજા કહેવો, નહિતર તો તે કુરાજા કહેવાય. ઉપર કહેલી સંપત્તિથી યુક્ત યોગ્ય કાર્યને કરનારો ઇંદ્ર સરખો રાજા મળવાથી પ્રજા સુખમાં રહે છે.

આશ્રય કરવા યોગ્ય એકવીશ ગુણોમાં બુદ્ધિ કહેવાઇ ગઇ છે, તેના આઠ ગુણો નીચે પ્રમાણે:-શુશ્રુષા,|| શ્રવણ, ગ્રહણ,§ ધારણ,¶ ઉહ,§ અપોહ,** અર્થવિજ્ઞાન†† અને તત્વજ્ઞાન.‡‡

ઉત્સાહના ગુણો.

હુશિયારી, કામ ઝડપથી કરવું, ઉપકારીને કદી પણ નહિ ભૂલવા, અને વીરપણું એ લક્ષણવાળા ઉત્સાહથી તથા ઉપર

† સંધિ વિગ્રહ, યાન, એ વગેરે છ ગુણોનું વર્ણન આગળ કરવામાં આવશે. ‡ બ્રાહ્મણ, તપસ્વી ઇત્યાદી ધર્મનાં પાત્ર, કારભારી વગેરે અર્થનાં પાત્ર, અને મનોહર સ્ત્રીઓ કામનાં પાત્ર. એવી રીતે ત્રણ પ્રકારનાં પાત્ર કહેવાય છે.

|| જન્માંતરની વાસનાથી વિદ્યા શ્રવણની ઈચ્છા. § કુચપૂર્વક સાંભળેલું ગૃહણ કરવું. ¶ યાદ રાખવું. ** તર્ક કરવો કે, સાંભળેલું એજ પ્રમાણ છે કે તેથી ઉલટું. †† સાંભળેલામાંથી વિચારી અસતનો ત્યાગ કરવો. ‡‡ અર્થમાં વિવિધ પ્રકારનું સાચાખોટાનું જ્ઞાન. || પરમાર્થજ્ઞાન અને તેમાં આગ્રહ.

કહેલા ગુણોથી યુક્ત જે હોય તે રાજા થવાને લાયક છે. ઉદારતા, સત્યતા અને શૂરતા એ ત્રણ મહા ગુણો છે. એ ત્રણ ગુણોવાળો રાજા ઉપર કહેલા સર્વ સદ્‌ગુણોને પામે છે.

કુલીન, પવિત્ર, શૂર, આન્વીક્ષિકી વગેરે વિદ્યાને જાણનાર, સ્વામિભક્ત, અને અર્થશાસ્ત્રના પ્રયોગમાં કુશળ એવા કારભારીઓ રાજાએ રાખવા જોઈએ.

"યાજ્ઞવલ્ક્ય પણ કહે છે કે—શાસ્ત્ર શ્રવણ તથા વેદાભ્યાસથી યુક્ત, ધર્મશાસ્ત્રને જાણનારા, સત્ય વચન બોલનારા અને શત્રુ તથા મિત્રમાં રાગ અને દ્વેષનો ત્યાગ કરી સમાન દૃષ્ટિ રાખનારા સભાસદો (કારભારીઓ) કરવા."

ધર્મોપધા,* અર્થોપધા,† કામોપધા,‡ અને ભયોપધા§થી પરીક્ષા કરેલા, તથા અમુક કામ કરેલું છે ને અમુક કામ નથી કર્યું એવી ખબર રાખનારા કારભારીઓ કરવા.

મંત્રીના ગુણો.

સત્ય માર્ગમાં આગ્રહી, સ્વદેશાભિમાની, કુળ, શીળ, અને બળવાળો, સાર બોલનારો, પીઢ, શાસ્ત્રરૂપી ચક્ષુવાળો, ઉત્સાહી, સમય સૂચકતાની બુદ્ધિવાળો, અક્કડપણું તથા ચપળપણું વગેરે દુર્ગુણથી રહિત, સર્વથી હળી મળી ચાલનાર, ભૂખતરસ વગેરેના દુઃખને સહન કરનાર, પવિત્ર, આપત્કાળમાં પણ સત્યને નહિ છોડનાર, સુખદુઃખમાં નિર્વિકારી, ધીરજવાળો, પોતાની સ્થિતિને નહિ છોડનાર, આરોગ્યવાન્, પ્રતાપી, કળા કૌશલ્ય શીખેલો,

* ફોડવાના ઉપાય તે ઉપધા. બીકણ રાજા કામને લાયક નથી, માટે બીજાને રાજ્યગાદી સોંપી ધર્મ કરીએ એમ ફોડવાથી જે ફૂટતો નથી તે. † રાજા ઘણો ખરાબ છે માટે એને મારી પોતાના વર્ગને જોઇતો અધિકાર આપીએ એવી વાતનો નિષેધ કરનાર. ‡ રાજાની પટ્ટરાણી આપણી સાથે મળવાની ઈચ્છા રાખે છે માટે તેનો સમાગમ કરવો જોઈએ; એમ કહેવાથી જે ફુટતો નથી તે. § ખોટો દમ ભરાવીને રાજાને મારી નાખવાનું કહેવા છતાં પણ જે સ્થિર રહી તેનો નિષેધ કરે છે તે.

ડાહ્યો, કામને ઝડપથી પારપાડનાર, બુદ્ધિમાન્, ધારણાવાન્, રાજાનો દૃઢ ભક્ત અને વ્યર્થ વાંધો નહિ ઉઠાવનાર એવો કારભારી, મંત્રી એવા નામને તથા પદને લાયક છે.

ગોર તથા જોશી.

ત્રણ વેદ અને દંડનીતિ વિદ્યાને સારી રીતે જાણનાર પુરોહિત (ગોર) પાસે સ્વસ્તિવાચન વગેરે કર્મ કરાવવું. અને જ્યોતિષ શાસ્ત્રને જાણનાર, પ્રશ્ન વિદ્યામાં કુશળ હોય તથા ગણિતના તત્વને જાણનાર, એવો જ્યોતિષી બ્રાહ્મણ રાખવો જોઇએ.

બુદ્ધિમાન્ રાજાએ કારભારી વગેરે રાજકીય વર્ગની સુજાણતાની પરીક્ષા તેને મળતા કોઇ માણસોથી કરાવવી. તેની સત્યતા તથા વાણીની કુશાગ્રતા તે સાથે વાતોના પ્રસંગથી જોઇ લેવી; ઉત્સાહ, પ્રભાવ, સહનતા, ધીરજ, સ્નેહ, સ્થિરતા, પવિત્રતા, ભકિત અને મૈત્રી વગેરે ગુણોની પરીક્ષા તેની સાથે વ્યવહાર કરવાથી કરી લેવી. પોતાના માણસોની હલકાઈ કે પીઢપણું, ગંભીરતા કે અક્કડપણું, એ સર્વ પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે જોઇ લેવું.

અકાર્ય એટલે શાસ્ત્ર વિરૂદ્ધ જુગાર અને મદ્યપાન વગેરે કર્મમાં આસક્તિ પામેલા રાજાને તેના કારભારીઓએ દુર્વ્યસનોથી રોકી સાચી સલાહ આપવી જોઇએ. અને રાજાએ પણ ગુરુ તથા પિતાના વચન પ્રમાણે કારભારીઓનું હિતવચન સાંભળવું તથા તે પ્રમાણે કરવું. હિતકારી પાસેથી સદુપદેશ સાંભળવો, એ રાજાનું મુખ્ય કામ છે. તેમ ન કરે તો રાજા શાનો? તેમજ પોતાના ધણીને ખોટી સલાહ આપે તે કારભારી શાનો?

"આ વિષયમાં ભારવિ પણ કહે છે કે–પોતાના ધણીને જે સાચી સલાહ આપતો નથી તે શું મિત્ર છે? (નહિં તે કુમિત્ર જાણવો.) તેમ હિતોપદેશ કરનારા પોતાના મિત્રનું કહેવું

જે (રાજા) સાંભળતો નથી, તે શું રાજા છે? (નહિં, તે રાજાનું નામ ધરાવનાર કુરાજા છે.) માટે જ્યાં રાજા તથા તેના મંત્રી પરસ્પર અનુકૂલ હોય ત્યાંજ સર્વ પ્રકારની સંપત્તિ ઉત્સાહ કરી આવે છે."

નીતિમાન્ રાજાના આથમવાથી સર્વ જગત્ માત્સ્યન્યાયની રીતે નાશ પામે છે, અને ઉદય હોવાથી સૂર્યોદય વેળાએ જેમ કમળો ખીલી નીકળે છે, તેમ પ્રજા ઉલ્હાસ પામે છે. માટે મંત્રીનો ધર્મ છે કે, જેમ બને તેમ પંચતંત્ર વગેરેની રસીલી કથા સંભળાવી પૃથ્વીપતિને સદ્‌ગુણી કરવો. બુદ્ધિમાન્ ઉત્સાહી અને ઉદ્યોગી મિત્રો રાજાના ગુરુ છે, કારણકે આકાર્યમાં પ્રવર્તનારા રાજાને તે રોકે છે. માટે તેજ ખરા ગુરુ કિંવા આચાર્ય છે. વિદ્યા ભણેલો હુંશિયાર રાજા પણ અતિ બળવાન વિષયોમાં સ્નેહથી તેમાં આસકત થાય છે. અને જયારે વિષયોમાં લંપટ થયો, ત્યારે તેને યોગ્ય અયોગ્યનું કશું ભાન રહેતું નથી. ત્યારે દેખતો હોય પણ આંધળા જેવો બની જાય છે. એવા વિષયાંધ રાજાની આંખોને તેના મિત્રરૂપ વૈદ્યો નિર્મળ વિનયરૂપી નેત્રાંજનથી આંજે છે, એટલે તે શુદ્ધ થઈ સારાં નરતાં કામને જોવાને સમર્થ થાય છે. વિષયોમાં પ્રીતિમાન્, અભિમાની, મદથી આંધળા, અને તેથીજ શત્રુઓના સંકટમાં પડતા રાજાને મિત્રની સલાહ એ એક હાથનો મોટો ટેકો થઇ પડે છે. ઉચ્છૃંખલ હાથીની પેઠે ઉન્મત્તપણાથી કુમાર્ગે ચાલનાર, શાસ્ત્રમાં કહેલા સદાચારથી રહિત રાજાના કારભારીઓ નિંદાનાં પાત્ર થાય છે.

પૃથ્વીના ગુણો.

પૃથ્વીમાં ગુણ હોવાથી દેશની વૃદ્ધિ થાય છે. અને દેશની વૃદ્ધિ થવાથી રાજાની વૃદ્ધિ થાય છે. માટે રાજાએ પ્રથમ તો પૃથ્વી ગુણવાળી કરવી જોઇએ. ધાન્ય તથા સોનુ વગેરે ધાતુની

ઉત્પત્તિની ખાણો; મણિ અને મોતી વગેરેની ઉત્પત્તિનાં સ્થાન, કેસર, જીરૂં અને અગર વગેરે પદાર્થો; અને કિલ્લો ઉભો કરવામાં ઉપયોગી વૃક્ષોનાં વન એટલી સંપત્તિથી યુક્ત; ઢોરને હિતકારી, ઘણા જળવાળી રમણીય હાથીના વને કરી યુક્ત; અને નદી, નાળાં, ઝરણાં, વાવ, કુવા અને તળાવ વગેરે જળાશયોથી ભરપૂર હોવાથી જેમાં વરસાદની પણ જરૂર રહેતી નથી, એવી પૃથ્વીથી દેશ ઘણો ફલદ્રૂપ રહે છે. અને ઘણા પથરાવાળી, રેતાળ, ખારી, ચોર લોકોના ઉપદ્રવવાળી, સર્પ, સિંહઆદિ ક્રૂર જાતિના પશુઓથી ભરપૂર, કાંટાના ઝાડવાળી, અને ભિલ વગેરે જંગલી જાતો જેમાં રહેતી હોય એવી પૃથ્વી કશા કામની નથી.

દેશના ગુણો.

સુખેથી આજીવિકા ચલાવી શકાય એવો, ઉપર કહેલા પૃથ્વીના ગુણોથી યુક્ત, ઉપજવાળો, પર્વતના આશ્રયવાળો, શૂદ્ર, કારીગર અને વૈશ્ય જેમાં વસતા હોય એવો, ઉદ્યોગી ખેડૂતવાળો, રાજાને ચાહનાર, રાજ્યના શત્રુઓનો દ્વેષ કરનાર, ઘણા વેરા વગેરે પીડાને ખમનાર, વિસ્તીર્ણ, જુદા જુદા દેશોના વ્યાપારીઓથી વસેલો, પુણ્ય કરનાર, પશુઓથી સંપૂર્ણ અને દ્રવ્યથી ભરપૂર એવો દેશ વખાણવા લાયક છે, કારણ કે એવો દેશ વેરીથી પણ જીતાતો નથી; માટે તેવા દેશને રાજાએ વધારવો. કેમકે તેથીજ સાત અંગવાળું રાજ્ય વૃદ્ધિ પામે છે.

કિલ્લાના ગુણો.

મોટા ઘેરાવવાળો, ફરતી ખાઇઓવાળો, ઉંચી ઝાડીવાળો; પર્વત, નદી અને ઉજડ જંગલના આશ્રયવાળો એવો દઢ કિલ્લો જેનો હોય તેવી નગરીમાં રહેવું. ઘણા ધનધાન્યથી ભરપૂર, પૂર્ણ જળવાળો વિશાળ કિલ્લો ન હોય તો વાયુના જોરથી વાદળાંનો સમૂહ જેમ વિખરાઇ જાય છે, તેમ રાજાની કોઇ

જગાએ સ્થિતિ થતી નથી. જળ, અન્ન, આયુધ, અને યંત્રોથી યુક્ત; ધીરજવાન્ વીરોની ચોકીવાળો, અને સર્વ પ્રકારના બંદોબસ્તવાળો, તથા શત્રુના સંકટથી બચી જવાનાં ભોંયરાં વગેરે માર્ગવાળો કિલ્લો શુક્ર બૃહસ્પતિ વગેરે આચાર્યોએ કહેલો છે.

કોશ (ખજાનો)ના ગુણો.

ઘણા સંગ્રહવાળો, થોડા ખર્ચવાળો, કુબેર ઈત્યાદિ દેવની જેમાં પૂજા થાય છે એવો, સોનામોહોર વગેરે ધનથી સંપૂર્ણ, અમૂલ્ય અલંકારથી મનને હરણ કરનાર, વિશ્વાસુ માણસોએ રક્ષા કરેલો, મોતી તથા રત્ન વગેરે જવાહીરથી ભરપૂર, બાપદાદાની પરંપરાથી ચાલતો આવેલો, ખર્ચને સહન કરનાર, અને ધર્મથી મેળવેલો ખજાનો ધર્મ સારૂ, તથા નોકરોને પગાર દેવા સારૂ તેમજ વિકટ કાળનું સંકટ દૂર કરવા સારૂ ઘણી સંભાળથી જાળવી રાખવો.

સૈન્યના ગુણો.

પરંપરાથી ચાલતું આવેલું, ઝટ હુકમ ઉપાડનાર, સંપ કરીને રહેનાર, ઘણી લડાઇઓમાં જેણે પોતાનું પુરૂષાતન દેખાડેલું છે એવું, સર્વ પ્રકારના આયુધથી લડવામાં કુશળ, યુદ્ધના કામમાં સમજનાર, સેનાધિપતિથી યુક્ત, વિવિધ પ્રકારના આયુધોથી સહિત, જુદા જુદા પ્રકારની લડાઇમાં હુંશિયાર, નાના પ્રકારના યોદ્ધાઓથી ભરપૂર, મુસાફરીના દુઃખને વેઠનાર, લડાઇની કસરતને જાણનાર, અને સ્વામિભક્ત; એવું વીર ક્ષત્રિયોનું સૈન્ય બીજાં ત્રણ અંગો (હાથી, ઘોડા અને રથ)થી સહિત જોઇએ.

મિત્રના ગુણો.

બળ, જ્ઞાન અને ઉદારતા વગેરે ગુણોથી યુક્ત, મોટા પક્ષનો, પ્રિય અને હિત બોલનારો, આવનારા વખતમાં (ભવિષ્યમાં) પણ બદલી નહિ જનારો, ધણીની આજ્ઞામાં રહેનાર

અને માતાપિતાના કુળથી શુદ્ધ મિત્ર કરવો. સ્વચ્છ હૃદયનો કુલીન મિત્ર ભયંકર આપતના વખતમાં પણ એક નિષ્ઠા છોડતો નથી; પેઢી ઉતાર ચાલતો આવેલો હૃદયના મર્મને જાણનાર, મોટા ગુણોવાળો, અને મોટા આડંબર વગરનો સન્મિત્ર, રાજા તથા પ્રજા એ બેઉને ઉપયોગી થઇ પડે છે. દૂરથી મિત્રને આવતો જોઇ તેની સામા જવું, સ્પષ્ટ અર્થવાળી હૃદયને અનુસરતી વાણી બોલવી, કાંઇ ચીજ આપવી હોય તે સત્કારની સાથે દેવી, એ ત્રણ રીતિથી મિત્રનો સંગ્રહ થાય છે. સદાચરણી મિત્રથી ધર્મ અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થની પ્રાપ્તિ થાય છે. જે મિત્રથી હરેક કામમાં હાનિ પહોંચે તેવા કુમિત્રને દૂરથી તજવો એ સ્પષ્ટ છે. પહેલાં થોડી, વચમાં વધારે, પગલે પગલે વિસ્તાર પામનારી, અને પાછી નહિ હઠનારી સત્પુરૂષની મૈત્રી નદીની તુલ્ય છે. સહોદર (એક માબાપને પેટે અવતરેલા ભાઇઓ), કોઇ પ્રકારના સંબંધથી થયેલો, વંશપરાથી ચાલતો આવેલો, અને ઘણા સંકટમાંથી ઉગારેલો; એ પ્રમાણે જુદાં જુદાં કારણોથી મિત્રના ચાર ભેદ થાય છે. પવિત્રતા, ઉદારતા, સૂરતા, ચતુરતા સત્યતા, મિત્રને સુખે સુખ અને મિત્રને દુઃખે દુઃખ, અને મિત્રના હિતનો પ્રયત્ન એ મિત્રના મુખ્ય ગુણો છે. જે મિત્રમાં ઉપર કહેલા ગુણોએ નિવાસ કરેલો ન હોય તેવા મિત્રનો ત્યાગ કરવો.

ઉપર પ્રમાણે રાજ્યના સાતે અંગોનું વિવેચન કર્યું. એ રાજ્યની સ્થિતિના કારણરૂપ સેના સહિત ખજાનો હોય અને તે રાજ્યનું કામ સારા કારભારીએ માથે લીધેલું હોય તો તેમાંથી ત્રણે પ્રકારના પુરૂષાર્થો થાય છે. જેમ અંતર્યામી પ્રભુ, પ્રકૃતિ (માયા)ના યોગથી ચરાચર (સ્થાવર અને જંગમ) આ જગતને ભોગવે છે, તેમ રાજા પણ મંત્રી વગેરે પ્રકૃતિથી સહિત રહી આ વિશ્વનો સર્વ ઉપભોગ લેછે. પ્રજાથી સારી રીતે માન પામેલા રાજાએ ઘણો આદર રાખી સ્વદેશનું સંરક્ષણ કરવું. લોકના પાલન તથા રક્ષણથી રાજા પરમ લક્ષ્મીનું પાત્ર થાય છે.

આગળના વર્ણનમાં જેવા સ્વામીના ગુણો આવી ગયેલા છે, તેવા કુળ તથા શીળ વગેરે ગુણોથી યુક્ત બુદ્ધિમાન્ રાજા પ્રજાને ઘણો ચાહવા લાયક તથા આશ્રય કરવા યોગ્ય થાય છે. એ પ્રમાણે રાજા તથા પ્રજાના એકપણાથી પ્રચંડ વાયુમાં વાદળાંની પેઠે શત્રુઓ વિખરાઇ જઈ નાશ પામે છે.

ચતુર્થ સર્ગ સંપૂર્ણ.

સર્ગ ૫ મો.

રાજા અને નોકરોને વર્ત્તવાની રીતિ.

પૃથ્વીનું પાલન કરનાર, ભરપૂર ખજાનાવાળો, પૂર્વે કહેલા ગુણોથી યુક્ત, કલ્પવૃક્ષ સરખો રાજા ચાકરી કરવા યોગ્ય છે. કદાચિત્ તેનો ખજાનો ખાલી હોય તોપણ તે સેવવા લાયક છે. કારણ કે જો સેવન કર્યું હોય તો તેમાંથી કાલાંતરે અતિઉત્તમ ફળ થાય છે.

૧ નોકરી કરવાને નાલાયક રાજા.

વિવેકી પુરૂષ ભૂખથી પીડા પામતો હોય ત્યારે ઝાડના ઠુંઠાની પેઠે બેસી રહે એ સારૂં, પણ આગળ કહેલા ગુણોથી રહિત ગંડુ રાજા પાસેથી આજીવિકા ઇચ્છે એ સારૂં નહીં મનના વિકારોને વશ્ય, નીતિના દ્વેષી રાજાને કાકતાલીય ન્યાયથી ઐશ્વર્ય પ્રાપ્ત થયું હોય તોપણ તે ઝાઝો કાળ નભતું નથી. એટલા કારણોથીજ તેવો રાજા નોકરોના કામનો નથી.

૨ નોકરના ધર્મો.

નોકરે સ્વામી આગળ સર્વ પ્રકારના વિકારોથી રહિત રહેવું. આવતા કાળમાં તથા ચાલતા કાળમાં જે લાભ ભરેલું હોય તેજ કરવું. નાગચંપકના પુષ્પના સંબંધથી તલનું તેલ જેમ

સુગંધવાળું થાય છે, તેમ સજ્જનના સંગથી પુરૂષમાં સદ્ગુણો આવે છે. પોતે શુદ્ધ હોય તોપણ દુર્જનનો સંગ કરવાથી તે (નોકર) નોકરીને નાલાયક થાય છે: જેમકે ગંગાજીના જળનો સુંદર પ્રવાહ સમુદ્ર મળવાથી પીવાના કામનો રહેતો નથી, એટલા સારૂજ સમજુ માણસે દુષ્ટોનો સંગ તજવો. દરિદ્રતાને લીધે વ્યવહારમાં કેટલાંએક સંકટો આવી પડે તો પણ શુદ્ધ નીતિની રીતિથી નોકરી કરવી; અને તેમ કરવાથીજ તે મનુષ્ય લોકમાં કીર્ત્તિનું પાત્ર થાય છે.

"બીજા પણ નીતિના ગ્રંથોમાં નોકરોનાં લક્ષણ કહ્યાં છે, તેનો ટૂંક સાર અત્રે આપીએ છીએ:—રાજાઓ કુલીન સેવકનો સંગ્રહ એટલા માટેજ કરે છે કે, આદિ અંત્ય અને મધ્યમાં તેને તે છોડતા નથી. બોલાવ્યા વિના જે પાસે આવતો નથી, દ્વાર ઉપર સદા ઉભો રહે છે, હરેક વાત પૂછવાથી સાચી અને પ્રમાણ બોલે છે, રાજાને હાનિ કરનાર જે વિઘ્ન હોય તેને રાજાના કહ્યા પેહેલાં નાશ કરવાનો પ્રયત્ન કરે છે, તે નોકર રાજાને ઉપયોગી છે. તાડન કરેલો, દંડેલો અને દુર્વચન કહેલો પણ જે (નોકર) રાજાનું અશુભ ઇચ્છતો નથી, તથા ટાઢ તડકો અને વરસાદ વગેરે ઋતુ ભેદનાં દુઃખોને સહન કરનારો, ભૂખ અને તરસને મારનારો, નિદ્રાને જીતનારો, લડાઇ સંબંધી કંઇ ભવિષ્ય વાતચિત સાંભળે તો જેનું મોઢું કરમાતું નથી પણ પ્રસન્ન રહે છે, અને સીમાડાના કામ ઉપર રહ્યાથી શુક્લ પક્ષના ચંદ્રની પેઠે હદને વધારનારો નોકર રાજાના કામનો છે. પણ અગ્નિમાં નાંખેલા ચામડા પ્રમાણે જેના હાથ નીચે રાજ્યની હદ સંકોચ પામે છે, તે રાજાને કશા કામનો નથી. રાજાની કૃપાથી મળેલું ધન જે સુપાત્રને આપે છે, અને રાજાએ આપેલો સિરપાવ અંગ ઉપર ધારણ કરે છે, તે રાજાને પ્રિય થાય છે. રાજદરબારમાં ફરનારા ખોજાઓ (નપુંસક જે નાઝર વગેરે રાખવામાં આવે છે તે) તથા રાણીઓથી જે છાની મસલત ચલાવતો નથી, તથા હું

રાજાનું માનીતું માણસ છું, માટે કોઇ વાતે અન્યાય કરૂં તો ચિંતા નાહિ, એવું માની કષ્ટમાં પણ જે મર્યાદાને લોપતો નથી, તે રાજવલ્લભ થાય છે. રાજાના દ્વેષીનો દ્વેષ કરનાર, રાજાનું ભલું ચાહનાર, તથા દ્યૂત (જુગાર)ને યમદૂત સરખું જે ગણે છે, મદિરાને હલાહલ ઝેર સમાન જે લેખે છે, અને પરસ્ત્રીઓને કાષ્ટની પુતળીઓ પ્રમાણે જાણે છે તે નોકર રાજાને સર્વદા પ્રિય હોય છે."

આ લોકમાં જે જે વસ્તુ દૂર દેશાવરની ઘણી દુર્લભ હોય, તે તે વસ્તુ પણ રાજાની કૃપાથી નોકરને પ્રાપ્ત થાય છે. સારી રીતે નોકરી કરવાની ઇચ્છા ધરાવનારે પ્રથમ પોતામાં વિદ્યા, વિનય અને હુંનર સંપાદન કરવાં જોઇએ. કુળ, વિદ્યા, શાસ્ત્ર શ્રવણ, ઉદારતા, શીળ, પરાક્રમ, ધૈર્ય, બળવાન્‌પણું, નિરોગીપણું, સ્થિરતા, પવિત્રતા અને દયાળુતા એટલા ગુણોથી યુક્ત, અને ચાડીખોરપણું, વિશ્વાસઘાતપણું, સંપ તોડનારપણું, શઠપણું, ભૂંડાબોલાપણું, દ્રોહીપણું, આકડપણું, અતિ ચપલપણું અને અસત્ય બોલનારપણું એટલા દુર્ગુણોથી રહિત નોકર નરપતિએ નોકરીમાં રાખવા યોગ્ય છે, કામકાજમાં હુંશિયારી; કહેલું કામ ઉતાવળથી કરવું, દઢપણું, પ્રીતિમાન્‌પણું, ભૂખતરસના દુઃખને સહન કરવાપણું, ક્ષમા, સંતોષ, સુશીળ, ઉત્સાહ, અને નિર્લોભ એટલા ગુણો નોકરને શોભાવનારા છે. એ ગુણોથીજ રાજાનો વિશ્વાસપાત્ર થવાય છે. માટે રસ્તેથી રાજ સભામાં જઇ પોતાના અધિકાર પ્રમાણે સારો અને સાદો પહેરવેશ પેહેરી સમય સર નોકરીપર જવું; પોતાના અધિકાર પ્રમાણે પોતાને ઠેકાણે બેસવું પારકા આસનપર બેસવું નહીં, કૂરપણું, છાકટાપણું, અદેખાઇ, મોટા સાથે વિરોધીપણું, ઠગાઇ, કપટ અને ચોરી એ દુર્ગુણો હિતને ઇચ્છનારા નોકરે સદા તજવા.

રાજાની કૃપાનાં માણસો સાથે નિરંતર નમ્રતા ભરેલી ચાલ ચલાવવી; રાજાના મશ્કરાઓને અપ્રિય લાગે તેવું વચન બોલવું

નાહિ. કારણ કે તેવા લોકો મશ્કરીના મિષથી થડના ઘા મારેછે. સ્વામીની આસપાસ રહેવું; આડી અવળી નજર ફેરવવી નહીં; રાજાને શું શું કહેવાની ઈચ્છા છે, અને શું કરવાને ધારે છે, એ જાણવા સારૂ તેના મુખ સામું જોયા કરવું. રાજા કહે કે કોણ હાજર છે? ત્યારે આ રહ્યો મહારાજાધિરાજ, અજ્ઞાકરો, એમ કહેવું. શક્તિ પ્રમાણે રાજાની આજ્ઞા જલદીથી પાર પાડવી. રાજ કચેરીમાં ઉંચેથી ખડખડ હસવું, થુથુ કરવું, નિંદા કરવી, બગાસાં ખાવાં, આળસ મરોડવી, તથા આંગળીના ટચકા ફોડવા વગેરે અપલક્ષણોનો ત્યાગ કરવો. સ્નેહવાળા સ્વામીના ચિત્તને જાણી તેના પક્ષને પુષ્ટિ આપનારાં વચન બોલવાં. નિશ્ચય કરેલી વાત સ્વામીની આજ્ઞાથી સભામાં જાહેર કરવી. સ્વામીના વચનને બંધ પાડનારૂં વચન બોલવું નહીં. પોતે હુંશિયાર અને બુદ્ધિમાન્ છતાં પોતાની ચતુરાઇનો ફાંકો રાખી સ્વામીના વચનને તોડવાની તજવીજ નહીં કરવી. વિદ્યા તથા કળા કૌશલ્યમાં પોતાને સારી રીતનું જ્ઞાન હોય તો પણ તેમાંનું કાંઈક જાણું છું, એવું ધીમાશ અને નરમાશથી બોલવું; કળાની ચાતુરી દેખાડી તેથી ઉન્નતિ મેળવવી; પણ મ્હોંથી જ્ઞાનનો ગર્વ પ્રગટ કરવો નહીં. જો કે नत्वाऽपृष्टःक्वचिद्ब्रूयात् (પૂછ્યા વિના બોલવું નહીં) એ મનુના નિયમ પ્રમાણે નોકરે વર્તવું. તથાપિ આપત્ વેળામાં સમય સર અવશ્ય કરવા યોગ્ય કામનો અવસર વીતતો હોય, અથવા શાસ્ત્રવિરૂદ્ધ આચરણ થતું હોય, ત્યારે પૂછ્યા વિના પણ પ્રિય, સાચું, પથ્ય અને ધર્મ સહિત વચન બોલવું, પોતાનો કે પારકો અર્થ સાધવાનો હોય ત્યારે દેશકાળ જોઇનેજ. રાજા પાસે અરજ કરવી. શત્રુઓના મારણપ્રયોગનું કર્મ, તથા રાજા સંબંધી ખાનગી વિચારો બાહેર પાડવા નહીં. તેમ રાજ્ય જવું કે તેનો વિનાશ થવો એ મનથી પણ ચિંતવું નહીં. પાપી પુરૂષો, સ્ત્રીજન, તથા રાજાએ કાઢી મૂકેલા શત્રુઓના દૂતો સાથે સહવાસ કે કોઇ પ્રકારનો સંબંધ રાખવો નહીં રાજાનો વેષ અને તેની

ભાષાનું અનુકરણ (ચાળા પાડવા) કરવું નહીં. રાજાના જેવા પોતામાં ગુણો હોય તો પણ રાજાની બરોબરી કરવી નહીં. રાજાનું કામકાજ કરનારા નોકરે તેની ચેષ્ટા, આકાર કે કોઇ પ્રકારની નિશાની ઉપરથી તેના હૃદયનો સારો નરતો અભિપ્રાય જાણી લેવો.

રાજાની કૃપાનાં ચિન્હો.

પ્રસન્ન દૃષ્ટિથી જોય છે, આદરપૂર્વક વાકય સાંભળે છે, પાસે બેસવાનું માન આપે છે, ખુશીની ખબર પૂછે છે, એકાંત સ્થાનમાં કે ખાનગી સલાહમાં પણ વિશ્વાસ આવી રહ્યાથી શંકા પામતો નથી, કોઇનાં વખાણ થતાં હોય ત્યારે વાતના પ્રસંગમાં પોતાના નોકરને પણ વખાણે છે કે, આ મારો નોકર પણ એવો-જ છે. રાજી રહી તેના ગુણોને સમયે સમયે યાદ કરે છે, તેનું કહેલું કઠોર વચન પણ સહે છે, તેણે કરેલી પોતાની નિંદા પણ સાંભળે છે ત્યારે પણ સાચી માનતો નથી અને તેના વચન ઉપર ઘણો વિશ્વાસ રાખે છે; એ રાજાની કૃપનાં ચિન્હો જાણવાં.

રાજાની અકૃપાનાં ચિન્હો.

નોકરે કરેલા અદ્‌ભુત ઉપકારમાં પણ ઉદાસીનપણું દેખાડે છે, અને તેણે કરેલું કામ બીજાએ કર્યું એમ કહે છે; તેની ઉપર વેરીએ કરેલી આપત્તિની ઉપેક્ષા કરે છે. પોતાનું કાંઇ આવશ્યક કામ સાધવાનું હોય ત્યારે મોટી આશા આપે છે, કે તારૂં દારિદ્ર પુર્ણ કરી નાંખીશ અને કામ થયા પછી એ કામ તારૂં કરેલું નથી, માટે ઇનામ આપવામાં નહિ આવે, એમ ફળના સમયમાં બદલાઇ જાય છે. જો કંઇ મીઠું વચન બોલે છે તો તેમાં અર્થ કઠોર હોય છે. ક્રોધથી ભરેલું મોંઢું દેખાડે છે. પ્રસન્ન થાય છે તો પ્રસન્નતાનું ફળ આપતો નથી. આ મારી નજરે શા માટે આવે છે એમ કહી અકસ્માત્ ઊઠી જાય છે. વારંવાર લૂખી નજર રાખે છે. મર્મસ્થળને પીડા કરનારાં

વચન બોલે છે, તેના ગુણો સામી દૃષ્ટી પણ કરતો નથી. તેણે કરેલી હસવા યોગ્ય વાતમાં પણ હસતો નથી. દોષ નહીં છતાં પણ તેની ઉપર આરોપ મૂકી દે છે. પગાર ઓછો કરે છે. અધિકારની કોટિ પણ ઉતારી નાંખે છે, અથવા નોકરીથી ભ્રષ્ટ કરે છે. તેણે કહેલાં સારાં વાકયનો અર્થ પણ મરડી વિરૂદ્ધ રીતે ઉતારે છે. વળી નારાજ થઇ વાતનો પ્રસંગ પૂરો થયા પહેલાં તેની વાત તોડી નાંખે છે, અથવા મુંગો બેસી રહી જવાબ વાળતો નથી, તેમ હોંકારો પણ આપતો નથી.

"એક વિદ્વાન્ કહે છે કે,–मौनं कालविलंबश्च भ्रकुटिर्भुमि दर्शनम्। यानमन्यमुखेवार्ता नकारः षड्विधः स्मृतः॥ १ ॥ અર્થ–જેમ વ્યાકરણમાં तात्सादृश्यमभावश्च એ શ્લોકે કરી નકારના છ અર્થ બતાવ્યા છે, તેમ નીતિશાસ્ત્રમાં પણ છ પ્રકારનો નકાર (અનાદર) કહેલો છે તે એકે–મૌન, સમયનો વિલંબ, ભમર ચડાવવી, પૃથ્વી સામું જોવું, ઠેકાણેથી ઉઠી જવું, અને બીજા સામે જોઇ વાત કરવી."

પથારીમાં પગચંપી થતી હોય તો ઊંઘી ગયેલાના જેવો ડોળ દેખાડે છે, તેની સેવા નિષ્ફળ કરવા સારૂ ઉત્તર પણ ઊંઘતાની પેઠે આપે છે. એ વગેરે બીજાં પણ લોક વ્યવહાર ઉપરથી સ્વામીની અકૃપાનાં ચિન્હો જાણી લઇ તેવાની સેવા કરવી મૂકી દેવી અને કૃપાળુની સેવા કરવી.

આપત્કાળમાં ઉપકારના ગુણો.

આપત્કાલમાં ગુણ વગરના સ્વામીનો પણ ત્યાગ કરવો નહીં. કારણ તેમ કરવાથી રાજા તેણે કરેલા ઉપકારની કદર જાણી રીઝે છે, રાજાની સર્વ પ્રકારની સ્વસ્થતામાં નોકરના ગમે તેવા સારા ગુણો હોય તોપણ તેનો ભાસ પડતો નથી પણ સંકટના વખતમાં તેવા માણસની નોકરીની ટેક ઉત્તમ ગણાય છે. આપત્કાળમાં થોડી કરેલી નોકરી પણ વ્યર્થ જતી નથી, કોઇ વખત મોટું ફળ આપે છે. શાસ્ત્રે

નિષેધ કરેલા માર્ગમાંથી નિવૃત્તિ, અને ધર્મ તથા અર્થના કાર્યમાં પ્રવૃત્તિ કરાવવી; એ બંધુ, મિત્ર અને નોકરનાં સાધારણ લક્ષણો છે, મદ્યપાન, સ્ત્રીઓમાં આસકિત અને જુગારમાં પ્રીતિવાળા રાજાને તે સંગિયોએ નાના પ્રકારની કથાઓના દૃષ્ટાંતોથી અને સામાદિક ઉપાયોથી બોધ કરી સારે રસ્તે લાવવો. આડે રસ્તે ચાલનાર રાજાને જો તેના સંગિયો ઉપેક્ષા કરે છે તો તેઓ રાજા સહિત પરાભવ પામે છે. जयं. आज्ञापय, (આજ્ઞા કરો) जीव, નાથ અને દેવ એવા શબ્દોથી આદરપૂર્વક બોલાવવાના સમય ઉપર સ્વામી પાસે આવી આજ્ઞાની વાટ જોઇ સ્વચ્છ અંતઃકરણ રાખી નોકરી કરવી, સ્વામીના ચિત્તને અનુસરવું, એ નોકરોનું સદાચરણ છે; તેથીજ રાજા વશ્ય થાય છે. નિરંતર મરજી પ્રમાણે ચાલનારા માણસો ક્રૂર કર્મ કરનારા રાક્ષસોને પણ વશ્ય કરે છે. આઠ ગુણોવાળી બુદ્ધિ, ચડતી તથા પડતીમાં સ્થિરપણું, અને ઉદ્યોગ એ ત્રણ ગુણોથી યુકત નોકરોને કશું અશકય નથી. कः परः' प्रियवादिनां"એ નિયમ પ્રમાણે પ્રિય બોલનારાને કોણ પારકો છે? આળસુ, અસંતોષી અને નિરક્ષર માણસને કાંઈ આપવા વખત તેની મા પણ હાથ સંકોચે છે; માટે જે શૂર, વિદ્વાન અને સેવા ધર્મને જાણનાર હોય તેવા નોકરો રાજાની સંપત્તિ ભોગવે છે.

રાજાનાં આચરણ.

દાન, માન, આશ્રય અને રક્ષણ કરવાથી વરસાદની પેઠે રાજા સર્વ પ્રાણીનો આશ્રય થાય છે, ઉદારતાના ગુણથી સર્વ પ્રજા તેને રાજા કહે છે જેમ હંસપક્ષી સુકાયેલા તળાવને છોડી દેછે, તેમ મનુષ્યો અદાતા રાજાને છોડી દેછે, કુળ, આચરણ અને શૂરપણું, એ સર્વ ગુણો સામું જોઇ મનુષ્યો રાજાનો આશ્રય કરતા નથી, પરંતુ તેનું જો દાતાપણું હોય તો તેનો આશ્રય લેછે. પછી દુરાચરણી કે અકુલીન હોય. માટે આલોકમાં લક્ષ્મીએજ

સત્કુળ છે. લક્ષ્મી વિનાનું કેવળ કુળ કામ આવતું નથી. જે રાજા પાસે સારો ભંડાર અને સેના હશે તેનેજ સર્વ લોક અનુસરી રહેશે. ધન સંપત્તિ હોવાને લીધે સ્વાર્થી મનુષ્યો તેવા રાજાનો આશ્રય લેછે. લક્ષ્મી વગરના આપત્માં ડૂબેલા રાજાને કોણ અનુસરી રહે? ધનની ઈચ્છા રાખનાર આ સર્વ જીવલોક ઉદાર શકિતવાળો રાજા પાસે આશ્રય લેવા જશે. દૂધ વગરની ગાયને તેનો વાછડો પણ છોડી દેછે, જેનું જેવું કામ તે પ્રમાણે તેની કદર જાણી આજીવિકા બાંધી આપવી. પ્રત્યેક માસે પગાર ચડે ચડયો આપવો. કાંઈ કારણ વિના નોકરોનો પગાર ઓછો કરવો નહીં. વગર કારણે પગાર ઓછો કરવાથી રાજા ઉપર બેદીલી વધે છે, અને રાજા નિંદાનું પાત્ર થાય છે. સત્પુરૂષો જેને નિંદે છે એવા કુપાત્રોને દાન કોઇ દિવસ આપવું નહીં. કુપાત્રને દાન દેવાથી ખજાનો ખાલી થવા વિના બીજું કશું ફળ થતું નથી. માટે કુળ, શાસ્ત્રશ્રવણ, વીરપણું, સુશીલતા, અને અવસ્થા એ સર્વ પાત્રનો ગુણો જોઇ તેને આદરપૂર્વક આપવું સદાચરણી, ધીર, બુદ્ધિમાન્ અને કુલીન માણસોનું અપમાન કરવું નહીં. તેમ કરવાંથી તેવા સદ્ગુણી લોક અપ્રસન્ન થઇ રાજાનો ત્યાગ કરે છે, અથવા તેને પદભ્રષ્ટ કરે છે. માટે ઉત્તમ ગુણવાળા નોકરોની ઉન્નતિ કરવી, તેમ થવાથી તેઓ રાજાને વૃદ્ધિ પમાડે છે. મહાકુલીન નોકરોને નીચની સાથે કામે લગાડવા નહીં રાજા પોતે દુર્બળ હોય પણ જો વિવેકી હોય તો સુધરેલા લોકનો આશ્રય થઇ પડે છે. જ્યાં જાત્ય, એવી જાતિનો મણિ કાચના મૂલ્યમાં ખપે છે, તેવા સારાસારના વિવેક વગરના ગંડુ રાજાના દેશમાં પંડિતો રહેતા નથી. કલ્પવૃક્ષની છાયા નીચે બેસી માણસો જેમ વિશ્રામ તથા સુખ લેછે, તેમ તેમ જેના આશ્રમ તળે વિવેકી મહાત્મા પુરૂષો પોતાનો નભાવ કરે છે, તેનું જીવતરજ કૃતાર્થ અને ધન્ય છે. લક્ષ્મીનું ફળ એજ છે કે, તે સત્પુરૂષોના ઉપભોગમાં આવે. માટે જે રાજાની લક્ષ્મી સુજનના

ઉપયોગમાં આવતી નથી, તે સર્વ વ્યર્થ જાણવી. જે લક્ષ્મી બંધુવર્ગ તથા મિત્રવર્ગના કામમાં આવતી નથી, એવી લક્ષ્મીવાળાઓની પોહોળી લક્ષ્મીનું શું ફળ છે ?

ઉપતના ઠેકાણામાં સત્યવક્તા અને ઘણી વખત પરીક્ષા લીધેલા નોકરોને કામ સોંપવું. તેવા નોકરદ્વારા દેશમાંથી ધન, સૂર્ય જેમ પૃથ્વીના જળને ખેંચે છે, તેમ ખેંચવું. કામના અભ્યાસી, તે તે કામને જાણનારા, તે તે કામમાં પરીક્ષા લીધેલા પવિત્રમનના અને ઉદ્યોગી હોય તેવાઓનેજ ભિન્ન ભિન્ન અધિકારો ઉપર નીમવા. જેવી રીતે મન, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયોની પ્રાપ્તિમાં તે તે કામમાં યોગ્ય ઇંદ્રિયોને તેમનો વ્યાપાર કરવામાં કામે લગાડે છે, તેમ જે વસ્તુમાં તથા જે કામમાં જે માણસ પૂરી રીતે જાણતો હોય તેઓને તે તે કામ ઉપર યોગ્ય આજીવિકા કરી આપી યોજવો. કોઠારનો તપાસ રાખવામાં કોઇ દિવસ પ્રમાદ કરવો નહીં, કારણ કે સર્વનું જીવન કોઠારને સ્વાધીન છે. માટે તેમાંથી જોઇતુંજ વીવરવું.

ખેતી, જળ તથા સ્થળનો વ્યાપાર, સેનાને રાખવાનું સ્થાન, પુલ, હાથીઓને રહેવાની જગા, ખાણ, સોનું નીપજે એવી પૃથ્વી, અને ઉજડ પૃથ્વી વસાવવી. એ આઠ પ્રકારની ઉપજના વર્ગને સ્વચ્છ વૃત્તિના અધિકારીઓથી વધારવો. જે જે મનુષ્યોને જેવી જેવી રીતનો ધંધો કરવાની પ્રસન્નતા હોય તેમાં અડચણ કરવી નહીં, વિશેષે કરી વ્યાપારીઓને ક્લેશમાં નહીં નાંખવા. જેમ કોઇ ખેડુત, ક્ષેત્ર કિંવા વાડીનાં ધાન્ય તથા વનસ્પતિને ચોમેર કાંટાની વાડ કરી સારી રીતે, પશુ વગેરે ઉપદ્રવથી પાલન કરે છે; રાત્રિનાં વૈયાં (અન્ન ફોલી ખાનારાં પક્ષી) ઉડાડવાસારૂ ગોફણના ઘા તથા પોકારો મારે છે, ખડનું પૂતળું બનાવી ઉભું કરી મૂકે છે, અને હાથમાં ડાંગ લઇ ચોર લોકોના ભયથી રક્ષા કરે છે; તેમ રાજાએ પણ પ્રજારૂપી આ ભોગ્ય

જગતનું દંડનીતિ પ્રમાણે પશુ તુલ્ય લુટારાઓથી, જંગલી ભીલથી, ચોર લોકોથી, અને અધિકારી લોકોથી પણ રક્ષણ કરવું. અધિકારીઓથી, ચોરથી, શત્રુઓથી, રાજાનાં માનીતાં માણુસોથી, અને રાજાના લોભથી, પ્રજાને ભારી ભય થાય છે. માટે એ પાંચ પ્રકારના મહા ભયથી પીડાતી પ્રજાની પીડા પેખી પૃથ્વીપતિએ પ્રીતિથી તેમનું પાલન કરવું. અને ત્રિવર્ગની વૃદ્ધિ થવા સારૂ સમયસર યોગ્ય રીતે ધન લેવું.

"આ ચાલતા પ્રકરણ સંબંધી શાર્ઙ્ગધર ગ્રંથકાર રાજાને વર્ત્તવાની રીત વિષે માલીનું રૂપક આપી લખે છે,-

उत्खातान् प्रतिरोपयन् कुसुमितां श्छिन्वन् लघून् वर्द्धयन्
न त्युच्चान्नमयन् नतान् समुद्‌यन् विश्लेषयन् संहतान् ॥
क्रूरान् कंटकिनो बहिर्निरसयन् म्लानान् पुनः सेचयन्
माल्लाकार इवप्रपंच चतुरो राजा चिरं नंदति ॥ १ ॥

અર્થ–માળી ઉખેડેલાં ઝાડને રોપે છે, વિકસેલાં વૃક્ષોમાંથી ફૂલનો ફાલ ઉતારી લેછે, નાના રોપાઓને વધારે છે, અતિ ઉંચાં ઝાડોને નમાવે છે, ઝોલ ખાઇ ગયેલાં વૃક્ષોને સીધાં કરે છે. સાંકડમાં આવી ગયેલાંને જુદાં પાડે છે, ક્રૂર કાંટાનાં ઝાડોને બાહેર કાઢે છે, અને કરમાઇ ગયેલાંને પાણી પાઇ ઉછેરે છે; તેમજ પ્રપંચમાં ચતુર રાજા પણ અધિકારમાંથી ઉખડેલા અધિકારીઓને તેમનાપર દયા લાવી પાછા અધિકાર ઉપર સ્થાપન કરે છે, ધનના મદથી ફૂલફટાકિયા થયેલા ફાંકડા નરોનો ધનદંડ રૂપી ફાલ ઉતારી લેછે, ગરીબને વધારે છે, અતિ ઉંચા એટલે અભિમાની પુરૂષોને શિક્ષા કરી શમાવે છે, દુષ્ટે દમેલા દીન જનનું દારિદ્ર દૂર કરી તેનો ઉદય કરે છે, એક ટોળીના માણુસોને જુદાં જુદાં પાડે છે, કાંટા કરતાં પણ ક્રૂર કષ્ટદાયી દુષ્કર્મી કામી પુરૂષોને દેશવટો આપી દૂર કરે છે, અને ગરીબીથી પીડાતી પ્રજાને ધન આપી જળથી તૃપ્ત કરે છે; તેવો રાજા ઘણા કાળ સુધી સુખ પામે છે."

જેમ ગોવાળ ગાયને ઘાસ ચારો તથા ખોળ ખાણ વગેરે પદાર્થો દઇ પાળે છે, અને વખતે દોહે છે, તેમ રાજાએ પણ આ પૃથ્વીરૂપી ગાયને પાલન પોષણ કરીને દોહવી.

"આ દૃષ્ટાંતનું વર્ણન સભાતરંગ નામના ગ્રંથમાં લખે છે કે-

राजान्दुधुक्षासि यदि क्षितिधेनुमेतां तेनाद्यवत्समिवलोकममुंपुषाण
तस्मिंश्चसम्यगनिशंपरिपुष्यमाणे नानाफलैःफलतिकल्पलतेवभुमिः

અર્થ–કવિ કહે છે કે હે રાજા, જેનતું આ પૃથ્વીરૂપી ધેનુને દોહવાને ઇચ્છતો હોય તો ગાયના વાછડા સરખા આ લોકોને સારી રીતે પોષણ કર. એવી રીતે લોકનું પોષણ કરવાથી આ ભૂમિ કલ્પલતા પ્રમાણે નાના પ્રકારનાં ફળ આપશે."

જળો મુકાવવી, શસ્ત્ર ભરાવવું, વગેરે ઉપાયોથી ફોડી ગુમડામાંથી પરૂ કાઢીએ છીએ ને જેમ સુખ થાય છે, તેમ પ્રજાને પીડાને વૃદ્ધિ પામેલા અધિકારીઓ પાસેથી ધનનો દંડ લઇ તેમને નિર્ધન કરવાથી તો રૈયત રાજીપામાં રહે છે. અગ્નિનો યુક્તિ સહિત ઉપયોગ લેવાથી રસોઇની સામગ્રી થાય છે, તેમ રાજા પણ નીતિની રીતિથી સેવીએ તો ફળ આપે છે. એમ છતાં જે પાપીઓ પૃથ્વીપતિનો અલ્પબુદ્ધિથી અલ્પ પણ અપકાર કરે છે, તે પાપિષ્ટ પ્રદીપમાં પતંગ પ્રમાણે પડી પોતાના પાપ કર્મનું પરિણામ પુરી રીતે પામી તેની પીડાનો પૂર્ણ પરિતાપ પામે છે. વિશ્વાસુ અને સત્યવક્તા માણસના હાથમાં સોંપેલા ખજાનાને નિરંતર વધારવાનો પ્રયત્ન કરવો, અને સમય આવે ત્યારે ત્રિવર્ગની વૃદ્ધિ સારૂ જોઇતું ખર્ચ કરવું. જે રાજાનો ખજાનો ધર્મ કરવામાં ખાલી થયો છે, તેવા રાજાનું દુર્બળપણું પણ દેવોએ અમૃતપાન કર્યાથી ખાલી થઈ ગયેલા શરદ્ ઋતુના ચંદ્રની પેઠે સદા શોભે છે.

"આ પ્રસંગને લગતો સિંદૂરપ્રકમ નામના જૈનના ગ્રંથમાં એક શ્લોક છે, તે અમે નીચે ટાંકીએ છીએ.

वरं विभववंध्यता सुजनभावभाजां नृणा
मसाधुचरितात्मनां नपुनरूर्जिताः संपदः ॥
कृशात्वमति शोभते सहज मायतौ सुन्दरं
विपाक विरसा नतु श्वयथु संभवा स्थूलता ॥ ३ ॥

અર્થ-સુજનતા રાખનારા મનુષ્યોનું વૈભવ રહિતપણું એ સારૂં, પણ દુષ્ટ ચરિત્રવાળાઓની ઘણી સંપત્તિ સારી નહીં. આવતાકાળમાં સુદર એવું દુર્બળપણું પણ શોભે છે, પણ પરિણામમાં વિરસ એવી સોજાથી થયેલી સ્થુલતા શોભતી નથી.

બૃહસ્પતિના નીતિશાસ્ત્રનો નિશ્ચય એ છે કે, કોઇ પણ નોકરનો વિશ્વાસ કરવો નહીં. ગમે તેવો સ્વામિભક્ત નોકર હોય તોપણ તેનું ચિત્ત એક સ્થિતિનું રહેતું નથી. આ ઠેકાણે પ્રશ્ન ઉઠવાનો સંભવ છે કે, એવી રીતે વિશ્વાસ ન રાખવાથી નોકરોનો વ્યવહાર સારો ચાલતો નથી;. માટે કામંદક કહે છે કે, તેઓનો વિશ્વાસ નહિ છતાં, હું.તમારા ઉપર વિશ્વાસ રાખું છું એવો ડોળ દેખાડવો. એટલે પોતાને વિષે સર્વ માણસોનો વિશ્વાસ બેસે એવાં આચરણ રાખવાં. પણ તેમનો વિશ્વાસ રાખી નિશ્ચિત રહેવું નહીં. જેવો જેવો કામનો પ્રસંગ હોય તે પ્રમાણે ક્ષણે ક્ષણે ચિત્તની વૃત્તિ બદલાતી જાય છે, માટે રાજાએ યોગીની પેઠે. સાવધાન રહેવું. ઉદ્યોગથી પાછા નહિ હઠનારા સારી સહાયતાવાળા બુદ્ધિમાન્ રાજાને છાયાની પેઠે લક્ષ્મી સદા સાથેજ રહે છે. દાન, માન અને સત્કારથી નોકરોને રાજી રાખનારા, મધુર વચન અને સદાચરણથી લોકની ચાહના ઉપજાવનારા અને સાચા મનના નોકરોને રાજ્ય કારભાર સોંપનારા પૃથ્વીપતિનો પ્રતાપ, ચળકતા કિરણોવાળા ઉદય પામતા સૂર્યની પેઠે ઘણો વૃદ્ધિ પામે છે.

પંચમ સર્ગ સમાપ્ત.

સર્ગ ૬ ઠ્ઠો.

રાજ્ય પાલન.

જુદા જુદા દેશ અને જુદા જુદા કાળના ફેરફારથી તે તે દેશમાં તથા કાળમાં ભિન્ન ભિન્ન આચાર તથા ધર્મ હોય છે. જેમકે હિંદુસ્તાનનો એક ધર્મ, ઈરાનનો બીજો અને ચાનનો ત્રીજો. તેવી રીતેજ સત્યયુગમાં એક ધર્મ, ત્રેતામાં બીજો, અને દ્વાપરામાં ત્રીજો. એ પ્રમાણે કાળના ફેરફારથી લૌકિક ધર્મો જે હોય તેને તથા વેદ ધર્મને જાણનારા નોકરોથી, જોઇ વિચારી એઉથી પ્રતિકૂલ આચાર વિચારનો ત્યાગ કરી બાહેરનું તથા અંદરનું રાજ્ય તે શરીર અને બાહેરનું રાજ્ય તે દેશ કહેવાય છે. કારણ કે તે બેને એક બીજાનો આધાર છે. રાજા વિના દેશની સ્થિતિ નથી, અને દેશ વિના રાજા એવું કહેવું ઘટતું નથી. અમાત્ય વગેરે સર્વે રાજ્યનાં અંગો દેશ થકી સંભવે છે. જો દેશ હાથમાં હોય તોજ રાજાની તીજોરી તર થાય છે. અને ખજાનાની વૃદ્ધિથી ચાર પ્રકારની સેનાનો સંગ્રહ થાય છે. અને તેથી બીજાં અંગો પણ સંપૂર્ણ રીતે રહે છે. એટલા માટે સર્વ પ્રકારના પ્રયત્નથી રાજાએ દેશનું પાલન કરવું; તથા લોક ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી શરીરનું રક્ષણ કરવું, એ પેહેલો ધર્મ છે. કારણ કે પ્રજાનું રક્ષણ અને ધર્મનું સાધન એ શરીર હોય તોજ થાય છે. પ્રજાનું રક્ષણ કરવા ખુની માણસનું ખુન લેવું એ કાંઇ હિંસા નથી, યજ્ઞમાં મહર્ષિઓને પશુ મારણ રૂપ ધર્મ સંબંધી ક્રિયા કરવાથી હિંસા લાગતી નથી, એવું જોઈ ધર્મ સહિત ઋષિ સરખા રાજાઓ કરતા આવ્યા છે. ધર્મનું રક્ષણ કરી પૈસો મેળવી ચોકી પોરાનો સારો બંદોબસ્ત કરી પ્રજાને હરકત કરનારા લુટારાઓને દંડ દેવો; અને શાસ્ત્રને જાણનારા આર્ય પુરૂષો જે આચરણને વખાણે તે ધર્મ, અને

જે આચરને વખાડે તે અધર્મ. એવાં ધર્મ અને અધર્મનાં લક્ષણ જાણી, સત્પુરૂષનું વચન માની પ્રજાનું પાલન કરવું અને વેરીઓનો વિનાશ કરવો.

ટોળી મળી અથવા એકલા રહી રાજ્યના હકમાં હાનિ પહોંચાડનારા જે કોઈ દુષ્ટ હોય તેઓને જલદી મોટા દંડથી દંડવા. છુપા રહી કિંવા પ્રત્યક્ષ રીતે દેશનો દ્વેષ કરનારા દુષ્ટોને વિષદાન વગેરેના પ્રયોગથી દમન કરી મારી નાંખવા. રૈયતમાં રહી રાજા રાજ્યને રંજાડનારા, ગૂઢ શસ્ત્રને ધારણ કરનારા બારવટિયાઓ રાજાના જીવનું જોખમ કરવા અધિકારી સરીખો વેશ પેહેરી કચેરીમાં પેસી જાય છે. એવે સમયે તેઓનાં કપડાં લત્તાં વગેરેનો ઝાડો લઈ પોતાની પાસે આવવા દેવા. પ્રજાની વૃદ્ધિને સારૂ દુષ્ટોને દંડી રાજ્યને સારા પાયાપર લાવવું. જેમ યવ (જવ)નો અંકુર સૂક્ષ્મ હોય તેને પાણી પાઈ ઉછેરવામાં આવે છે તો વૃધ્ધિ પામી સમયપર સારૂં ફળ આપે છે. તેમજ આ પ્રજાને પણ પિતાની પેઠે પાલન પોષણ પ્રાપ્ત થવાથી રાજ્યની ઋધ્ધિરૂપ રૂડું ફળ પ્રાપ્ત થાય છે. સાહસિક રાજાના દંડથી પ્રજા ઉદ્વેગ પામે છે, અને કૃપાળુ રાજાના કોમળ દંડથી પ્રજા તેને ફળી જાય છે. માટે નિષ્પક્ષપાતથી જે અપરાધીને જેવી શિક્ષા દેવી ઘટે તેને તે પ્રમાણેજ દેવી. તો રાજ્યની મર્યાદા ઘણી સમાધાન ભરેલી રીતે ચાલે છે.

પષ્ઠ સર્ગ સમાપ્ત.

સર્ગ ૭ મો.

રાજકુમાર તથા અનુજીવિઓનું રક્ષણ.

પ્રજાનું તથા પોતાનું ભલું થવા સારૂ કુમારોનું રક્ષણ કરવું એટલે તેમને કાદંબરીમાં શુકનાસ મંત્રીએ કહેલા ઉપદેશોથી

નમ્ર કરી અંકુશમાં રાખવા, કે જેથી તેઓ ઉદ્ધત અને લોભી થઇ પ્રજાને પીડે નહીં. મદોન્મત્ત હાથીની પેઠે નિરંકુશ અને અભિમાની રાજકુમારો હુંજ રાજ્યને લાયક છું, એવા અહંકારમાં આવી માંહો માંહે કાપાકાપી ચલાવે છે. તે સમયે સગો ભાઈ હોય તેની સામું પણ જોતા નથી. વાઘે સુંઘેલા માંસની પેઠે રાજ્યના લોભને માટે ઘણી ખેંચતાણ કરનારા રાજકુમારોથી રાજ્યનું રક્ષણ કરવું વિષમ થઇ પડે છે. સારી રીતે રક્ષણ કરવા છતાં પણ જો કોઇ સમયે લાગ ફાવ્યો તો સિંહનું બાલક જેમ પોતાના પાલન કરનારને ફાડી ખાય છે, તેમ રક્ષણ કરનારને પણ તેઓ મારી નાંખે છે. માટે રાજાઓએ સારા સોબતીદ્વારા કુમારોને નમ્ર કરવા. જે રાજ્યકુળમાં કુમારો નમ્ર હોય નહીં તે કુળ વેહેલું નાશ પામે છે; માટે તેવા ઉન્મત્ત રાજકુમારોને સદ્ગુરુ દ્વારા સદુપદેશ દેવરાવી સ્વચ્છ દિલના કરવા. હાથીનો માવત જેમ ઉન્મત્ત હાથીને પઢાવીને વશ્ય કરે છે, તેમ દુરાચારી કુમારને સ્વાધીન કરવો કે, જેથી તે, વિષય સુખનો પ્રતિબંધ થયા છતાં રાજાને હણે નહીં. નમ્ર થયેલા પોતાના પેટના પુત્રને રાજ્યપાટનો વારસ કરવો. કુમાર અતિ દુરાચરણી હોય તોપણ તેનો ત્યાગ કરવો નહીં, કારણ કે કચવાવી કાઢી મૂકેલો કુમાર દુષ્ટ દુશ્મનોનો આશ્રય કરી રાજાનો નાશ કરે છે. વ્યસનમાં આસક્ત થયેલા કુમારને વ્યસનોમાં દુઃખનો અનુભવ કરાવવો, કે જેથી દુર્ગુણોને છોડી દઇ પોતાના ઉપર સારા વલણનો થાય.

રાજાના શરીરની રક્ષા.

પાલખી, મ્યાના વગેરે વાહનોમાં, શય્યામાં, આસનમાં, પીવાના પાણીમાં, ખાવાના ખોરાકમાં, પેહેરવાનાં વસ્ત્રમાં અને અલંકારોમાં પણ એવે કોઈ સ્થળે વિષનો સંબંધ હોય તો તેથી સાવધાન રહી ઝેરવાળા પદાર્થોનો ત્યાગ કરવો; તથા જેણે કરી ઝેરની અસર જતી રહે, તેવા જળથી સ્નાન કરવું. તેમ વિષને ઉતારનારો ગરૂડોદ્ગારનામનો મણિ રાજાએ નિત્ય પેહેરવાના અલંકારમાં જડાવવો. રત્ન વિષયના શાસ્ત્રમાં કહ્યું છે કે,—

रचितो गरुडोद्गारमाणिर्यस्य विभूषणम् ॥
स्थावरं जंगमं तस्य विषं निर्विषतां व्रजेत् ॥ १ ॥

અર્થ—ગરૂડોદ્‌ગાર નામનો મણિ જેણે ઘરેણામાં જડાવ્યો હોય તેને સ્થાવર તથા જંગમ એ બે જાતનું વિષ કશી હરકત કરતું નથી.

ખાવાને આપેલો ખોરાક વિષવિદ્યાને જાણનાર વિષવૈદ્યોથી પરીક્ષા કરાવી ખાવો. ઝેરના સંબંધવાળા અન્નની ભૃંગરાજ (એક જાતનું પક્ષી) પોપટ અને મેનાં એ ત્રણ પક્ષીઓથી પરીક્ષા થાય છે. કારણ કે એ પક્ષીઓના જોવામાં ઝેર કે સર્પ આવે તો તુરત તેઓ ચીચીઆરી કરવા માંડે છે. ચકોર, ક્રૌંચ, અને કોયલ, એ પક્ષીઓ પણ રાજાએ પાળવાં; કારણકે ઝેર જોવાથી ચકોર પક્ષીની લાલ આંખો ફીકા રંગની થઇ જાય છે. ક્રૌંચ પક્ષી ઝેરને જોઇ મદિરાના મદવાળાની પેઠે ઉન્મત્ત થાય છે, અને કોયલ ઝેર દેખે તો ઉન્મત્ત થઈ મરણ પામે છે. ઉપર કહેલાં પક્ષીઓ સિવાય બીજાં મોર વગેરે પક્ષીઓ પણ રાજાએ સમીપમાં રાખવાં. કારણ કે મોર વગેરે પક્ષીઓને સર્પ સાથે સ્વાભાવિક વૈરભાવ હોવાને લીધે તે તેઓને રહેવા દેતાં નથી. પૃષત જાતિનું હરિણ, નોળિયો તથા બિલાડાં વગેરે બીજાં પ્રાણીઓ પણ સર્પનો નાશ કરે છે, માટે તેઓ પણ અતિ ઉપયોગનાં છે. તેવા જંતુઓને ઘરમાં છૂટથી ફરતા રાખવા. ભોજન કરવા સારૂ રસોડે પીરસાયેલી થાળીમાંથી કેટલાએક કોળીયા લઇ પરીક્ષા કરવા સારૂ પ્રથમ અગ્નિમાં નાંખવા, ત્યારપછી પક્ષીઓને ખવરાવવું, અને તેમના અંગોની નિશાનીઓ તથા વિકારો જોવા. વિષ મેળવેલું અન્ન અગ્નિમાં નાંખવાથી તેનો ધુમાડો તથા જ્વાળા ગળીના રંગ જેવી શ્યામ દેખાય છે. તથા તેમાંથી ફટાકિયો ફૂટવા પ્રમાણે શબ્દ થાય છે. ઝેરવાળું

ભોજન જમવાથી પક્ષીઓ પણ નાશ પામે છે, ઝેર મેળવેલું અન્ન ઘણા અગ્નિથી પણ મળીને એકરસ થતું નથી; જમવા સમયે તેમાં સ્વાદ આવતો નથી, અને તરતજ કેફ આવે છે; ઝેરવાળું અન્ન ઘણીવાર ઉનું રહેતું નથી; તથા કાળા રંગનું થઇ નભરમું દેખાય છે, ઝેર મેળવેલી કઢી વગેરે રસોઇની સામગ્રીમાં લૂખાપણું રહે છે; તેમ ઉકળી રહ્યા પછી તેમાં કાળાં ફીણ આવી રહ્યાં હોય છે. તેમાં સુગંધ, સ્પર્શ કે રસ કિંચિત્ માત્ર રહેતો નથી. ઝેર યુકત દૂધ કે જળ હોય તો તેની કાંતિ ઘટી ગયેલી હોય છે. વખતપર વધી પણ જાય છે તેની ઉપર ફીણ પણ આવી રહે છે. શેરડી વગેરેનો રસ ઝેરના સંયોગથી કાળો દેખાય છે, દૂધ રતાશ મારતું માલુમ પડે છે, મદ્ય અને જળની કાંતિ કોયલાના રંગ સરખી દેખાય છે, અને તે સઘળા રસના મધ્ય ભાગમાં કાળો શેડ નજરે પડે છે. વિષ મળવાથી રસવાળી ચીજ રસવિનાની થઇ જાય છે, કઠોર હોય તે કોમળ થાય છે, અને કોમળ હોય તે કઠોર બની જાય છે. પક્ષીના પીછાના બિછાનાનાં રૂવાં ખરી પડે છે, તેમજ ઊનવસ્ત્રના તથા મૃગચર્મના વાળ ખરી જાય છે. સોનું તથા મણી વગેરે પદાર્થોને પણ સંસ્કાર કરેલા ઝેરનો સંબંધ થવાથી તેનું તેજ અને વજન ઘટી જાય છે.

વિષ આપનારાનાં ચિન્હો.

મુખનું શ્યામપણું, સ્વચ્છ બોલી ન શકવું, સુઇ ઉઠેલા પ્રમાણે વારંવાર બગાસાં ખાવાં, સીધા માર્ગમાં પણ પડતું આખડતું આવવું, શરીરનો કંપ, પવનવાળી જગામાં પણ પસીનો આવવો, ઉદ્વેગીપણું, કારણ વિના પણ ચોમેર જોયા કરવું, ખાવાપીવા વગેરે પોતાના કામમાં અસાવધપણું, અને પોતાના ઘરમાં પણ સ્થિર થઈ નહિ બેસવું. એ ચતુર નરે ઝેર દેનારાનાં ચિન્હો જાણવાં.

રાજાએ હરેક પ્રકારના રોગ ઉપર ઔષધ લેવું હોય તો તે ઔષધ લાવનાર વૈદ્યને પ્રથમ ખવરાવી પછીથી પોતાને ખાવું. તેમ ખાવાનું કે પીવાનું જે કંઇ હોય તે બીજાને ખવરાવીનેજ ખાવું કે પીવું. અલંકાર, ચંદન, પુષ્પ કે બીજી હરકોઇ વસ્તુઓ મંત્રીઓએ સારી રીતે પરીક્ષા કરીનેજ રાજા પાસે લાવવી. કોઇ અજાણ્યા માણસ પાસેથી કાંઇ ખાવાની, પીવાની, પેહેરવાની કે ઓઢવાની વસ્તુ ભેટ થવા સારૂ આવી હોય તો તે વસ્તુ પરીક્ષા કર્યા વિના અંગરક્ષક પુરુષોએ રાજાના ઉપયોગમાં આવવા દેવી નહીં. જાણીતા માણસોએ લાવેલા જાણીતા વાહન ઉપર સ્વારી કરી જાણીતે માટે માર્ગે ચાલવું. વંશપરંપરાથી ચાલતાં આવેલાં, કોઇ દિવસ પણ જેનો વિરાગ જોવામાં આવ્યો નથી, એવાં વિશ્વાસ કરવા યોગ્ય માણસોને અંગની રક્ષા કરવા સારૂ પોતાની પાસે રાખવાં. અને ખરાબ, ઘાતકી, કેટલીએક વખત જેના દોષો જોવામાં આવ્યાથી દૂર કાઢી મૂકેલાં, તથા શત્રુઓની પાસેથી આવેલાં મનુષ્યોને દૂરથીજ તજવાં.

મોટા પવનના સપાટાથી તથા સમુદ્રના તોફાનથી થોડા વારમાં હાલક ડોળક થઇ જનારા ન્હાના વાહાણમાં રાજાએ કદી ચઢવું નહીં. ગ્રીષ્મ ઋતુમાં પડતા અત્યંત તડકામાં જળક્રીડા કરવા જવું હોય તો તે જળાશયનો પેહેલેથી શોધ કરાવવો. જેની અંદર ઝૂડ કે મગર વગેરે ક્રૂર જળજંતુઓ હોય નહીં તેવા સ્થળમાં પોતાના પ્યારા મિત્ર સહિત ક્રીડા કરવા જવું. વનની ઝાડી કપાવી, શસ્ત્ર ધારી પુરૂષોથી તે વનનું સારી રીતે શોધન કરાવી ધીમે ધીમે અવસ્થાને અનુસારે તેમાં મૃગયા કરવા જવું. સારી રીતે શીખવેલા, ને સારા વેગવાળા હાથી અથવા ઘોડાની પીઠપર બેસી હરત લાઘવ રાખી નિશાન પાડવાને લાયક તથા જેની હદ જાણવામાં આવેલી હોય તેવા વનમા શિકાર કરવા જવું. બીજાને ઘેર જવું હોય ત્યારે પેહેલાંથી તેના ઘરનો તપાસ કરાવવો, પોતાની માને ઘેર જવું હોય તોપણ થોડાએક સારા

શસ્ત્રધારી નોકરોને સાથે લઈ જવા. વિકટ અને અજાણ્યા પ્રદેશામાં જવું નહીં. જે સમયમાં તોફાની પવન ચાલતો હોય, ધૂળ ઉડી રહી હોય, કે વરસાદના ઝપાટા આવતા હોય અથવા અતિ તડકો પડતો હોય તેવા સમયમાં કોઈ ઠેકાણે જવું નહીં; તથા અતિ અંધારૂં હોય તેવી જગામાં પેસવું નહીં, સ્વસ્થ થઈ મેહેલમાં બેસી રહેવું. જતાં આવતાં રાજમાર્ગમાં હરતાં ફરતાં માણસોને દૂર કરી આનંદિત મનથી ચાલવું. જે સ્થળે ઉત્સવો કે યાત્રાનો મેળાવડો થયો હોય તેવા સ્થાને વિચાર કર્યા વિના તરત હડી કાઢી જવું નહીં. ઝાઝા પાણીના જળાશયમાં ઘણી-વાર રોકાવું નહીં. રાત્રિની વખતે અંતઃપુર (જનાનો)માં જવું હોય ત્યારે પણ બખતર પેહેરેલા ખોજા (નાઝર) વગેરેને સાથે લઈ જવા. અંતઃપુરની ચોકીવાળા, પવિત્ર મનના, ચિત્તને જાણનારા માણસોએ રાજાની ઠઠ્ઠા મશ્કરી મર્યાદામાં રહી કરવી. સર્વ ગુણોથી સંપન્ન, સ્ત્રી પુત્રાદિકને રક્ષણ કરનાર માણસોએ અંતઃપુરમાં આવેલા રાજાની રક્ષા કરવી. કારણ કે ત્યાં બાહેરનાં કોઈ રક્ષા કરનારાં માણસોની આવજાવ હોતી નથી. એંસી વર્ષના પુરૂષો અને પચાસ વર્ષની સ્ત્રીઓ તથા જનાનામાં રહેનારાં બીજાં મનુષ્યોએ પણ રાણીઓના મનની પવિત્રતા જોયા કરવી. રૂપ ઉપર જીવનારી વેશ્યાઓએ નહાઈધોઈ શરીર ઉપર ચંદન તથા પુષ્પમાળા ધારણ કરી, પોતાનાં વસ્ત્ર ઉતારી રાજાએ આપેલાં વસ્ત્રો પેહેરી રાજાની સેવામાં તત્પર થવું. ઇંદ્રજાળ વિદ્યાને જાણનારા, જટાધારી, શિવલિંગીઓ, અને માથે મુંડા કોઈ ભગત ભીખારીઓ સાથે અંતઃપુરનાં માણસોનો સંસર્ગ રાજાએ થવા દેવો નહીં. અંતઃપુરમાં ફરનારા સર્વ માણસોની આવ જાવ, કે કોઈ ચીજ લાવવી કિંવા લઈ જવી હોય તો તે સઘળો વ્યવહાર દ્વારપાળોથી છૂપો હોવો નહીં જોઈએ. વિનાશકારી કોઈ ચેપી રોગ નોકરોને થયો હોય તો તેને જોવા સારૂ રાજાએ જવું નહીં. પણ જો કોઈ અધિકારી મહા મંદ-

વાડથી પીડાતો હોય તો પોતે તેના રોગની હવા ન આવે તેવી ગોઠવણ કરી તેને શાંતિ કરવા જવું.

કપૂર, કેશર, કસ્તૂરી અને મલયાગર વગેરે પદાર્થોનો અંગે લેપ કરી સુંદર માલતી, ચંપો, ગુલાબ, ચંબેલી અને મોગરો વગેરે પુષ્પોની માળા ધારણ કરી સ્વચ્છ વસ્ત્ર પેહેરી રાજાએ શુદ્ધ અને સાફ વસ્ત્ર પેહેરનારી વાત્સ્યાયન (કામશાસ્ત્ર) ના વિધિથી પતિના મનને રંજન કરવામાં ચતુર રાણીઓ સાથે વિલાસ કરવો. પોતાને ઓરડેથી રાણીને ઓરડે રાજાએ જવું નહીં. રાણી ગમે તેટલી પતિભક્તિ રાખતી હોય તોપણ સ્ત્રીઓનો વિશ્વાસ કરવો નહીં. કારણ કેઃ—

"સ્ત્રીઓમાં નિર્દયપણું, ક્રૂરપણું, અસત્યતા, સાહસ, કપટ, મૂર્ખપણું, અતિલોભીપણું, અને અપવિત્રાઇ એ દુર્ગુણો તો સ્વાભાવિક રહ્યા છે. સ્ત્રીનું મુખ વિકસેલા કમળ સરખું છે, વાણી ચંદનના જેવી શીતળ હોય છે, અને હૃદય અસ્ત્રાની ધાર સરખું હોય છે; માટે એવી સ્ત્રીઓનો વિશ્વાસ કોણ કરે? સ્ત્રીયોનો વિશ્વાસ કરવાથી દુઃખ થયાં છે, થાય છે અને થશે."

સ્ત્રીઓનો વિશ્વાસ કરવાથી ખુન નીપજે છે. પોતાની રાણીના દરબારમાં ગયેલા ભાઇ ભદ્રસેનને રાણીના કહેવા ઉપરથી વીરસેન રાજાએ ઠાર કર્યો. શય્યામાં માએ છુપાવી રાખેલા રાજકુમારે બીજા ભાઇને રાજ્ય મળવાથી ક્રોધે ભરાઇ માની સંમતિથી કરૂપદેશના અધિપતિ પોતાના પિતાને માર્યો. કમોદને ઝેરની સાથે મેળવી એકાંતમાં મળવા આવેલા કાશીરાજાને ખવરાવી તેની રાણીએ પૂરો કર્યો. ઝેર પાયેલી મેખલા (કંદોરો) ના મણિથી સૌવીર રાજાનો તેની રાણીએ પ્રાણ લીધો. ઝેર પાયેલા ઝાંઝરથી વૈરંત્યનો, અને દર્પણથી જારૂષનો જીવ લીધો છે. અને કેશમાં ગુપ્ત શસ્ત્ર રાખી વિદૂરથનો જીવ લીધો છે.

સાચાઇથી ભરેલા પુરુષોથી જેના અંતઃપુરની રક્ષા થતી હોય તેવા રાજાના હાથમાં સર્વ ભોગવાળા બંને લોક રહ્યા છે.

વાજિકરણ ઉપાયોથી વીર્યની વૃદ્ધિ કરી અનુક્રમે સર્વ સ્ત્રીઓ પાસે જવું. કાર્યોના સમયોનો નિયમ કરી દિવસ અસ્ત થતાં સર્વ લોકોને રજા આપી તેવે સમયે અંતઃપુરમાં ફરનારી સ્ત્રીઓથી કામ લેવું. હાથમાં એકાદું શસ્ત્ર રાખવું અને ઝાઝી નિદ્રામાં આસક્તિ રાખવી નહીં. રાજા નીતિની રીતિથી પ્રમાદ (ગફલત) નો ત્યાગ કરી સઘળું રાજ્યનું કામ જોતો હોય તો તેના દેશની પ્રજા નિરૂપદ્રવ સુખ સંપત્તિથી રહે છે. રાજા જો વિષયોમાં આસક્ત હોય તો તેની પ્રજા ચોર લોકોથી ડરે છે, અને સુખે નિદ્રા પણ લઇ શકતી નથી.

એ પ્રમાણે આગળના મુનિજનોએ રાજાનું અને રાજ્યનું સારૂં લક્ષણ કહી બતાવ્યું છે; તેજ પ્રમાણે નીતિથી પ્રજાનું પાલન કરનારો રાજા પાલક કહેવાય, નહિં તો મારક.

સપ્તમ સર્ગ સમાપ્ત.

સર્ગ ૮ મો.

રાજાને મંડળની આવશ્યકતા.

કોશ અને દંડ સહિત મંડળ (સાત અંગવાળું રાજ્ય) ના અધિપતિ રાજાએ કારભારીઓને સાથે રાખી કિલ્લામાં રહી મંડળ સંબંધી સારી રીતે વિચાર કરવો. જીતવાની ઇચ્છા કરનાર રાજા શુદ્ધ મંડળમાં ફરતો હોય તો સારો પ્રતાપીજીવડે છે. અને અશુદ્ધ મંડળમાં ફરતો હોય તો રથના ચક્ર પ્રમાણે વિખરાઇ જાય છે પૂર્ણિમાનો પૂર્ણચંદ્ર, પેખનારા સર્વ પ્રાણીઓને પૂર્ણ પ્રેમ ઉપજાવે છે; તેમ સંપૂર્ણ મંડળવાળો રાજા પ્રજાના પ્યારનું પાત્ર થાય છે રાજ્યપ્રકરણ જાણનારા વૃધ્ધો, કાર્યભારી, દેશ, કિલ્લો, ખજાનો અને સૈન્ય એ પાંચનો 'પ્રકૃતિ' એ શબ્દમાં સમાવેશ કરેલો છે; અને બૃહસ્પતિએ મિત્ર અને રાજા એ બે અધિક

ગણીને સાત પ્રકૃતિવાળું રાજ્ય કહેલું છે. પ્રકૃતિથી યુક્ત, મોટા ઉત્સાહવાળો અને અભ્યાસી જીતવાની ઇચ્છા. રાખનારો રાજા વિજિગીષુ કહેવાય છે.

વિજિગીષુનાં લક્ષણો.

કુલીનપણું,. વૃધ્ધોને માનનારપણું, ઉત્સાહ, દાન દેવામાં મોટી દૃષ્ટિ, પરાયાચિત્તને જાણનારપણું, બુદ્ધિમાન્પણું, સભામાં અક્ષોભપણું, સત્યતા, કામને તરત કરવાપણું, પરાયા ગુણને નહિ સહન કરવા રૂપ ક્ષુદ્રતા રહિતપણું, નિર્લોભતા, પોતાનું મુખ્યપણું, કાર્ય યોગ્ય દેશ તથા કાળના સ્વરૂપને જાણનારપણું, દૃઢતા, ક્ષુધાતૃષા વગેરે સર્વ દુઃખને સહન કરવાપણું, સર્વ કળામાં કુશળપણું, શરીરથી બળવાન્પણું, સદા ગુપ્ત મંત્રપણું, નિર્વિવાદ પણું, નિર્ભયપણું, નોકરોએ કરેલી ભકિતને જાણનારપણું, કૃતજ્ઞશરણાગત ઉપર પ્રીતિમાન્પણું, અપરાધિઓ ઉપર અશાંતિપણું, પ્રજાપાલનરૂપ કર્મનું જ્ઞાણપણું, સર્વ આયુદ્ધ વિષયના શાસ્ત્રમાં નિપુણતા, પંડિતતા, દીર્ઘદર્શીપણું, કામમાં ખેદ નહીં પામનારપણું, ધર્મીપણું, અક્રૂરપરિવારપણું અને પ્રકૃતિની સ્વસ્થતા. એ વિજિગીષુના ગુણો છે.

એ સર્વ ગુણોથી રહિત હોય પણ જે પ્રતાપી અને ઉત્સાહી છે, તેજ. રાજા જાણવો. મૃગ જેમ સિંહથી ત્રાસ પામે છે, તેમ પ્રતાપી રાજાથી શત્રુઓ ત્રાસ પામે છે. લક્ષ્મી પણ પ્રતાપી પ્રજાપતિ (રાજા)ને પ્રાપ્ત થાય છે, માટે પોતાનો નીતિપૂર્વક પ્રતાપ બેસારવો. પૃથ્વી કિંવા ધનરૂપ એકજ અર્થમાં આગ્રહ રાખવાથી શત્રુઓ પેદા થાય છે. તે શત્રુ બે પ્રકારના છે. વિજિગીષુના ગુણવાળો એક દારૂણ, અને બીજો સુખોચ્છેદ્ય (સુખેથી ઉખેડી શકાય તેવો.) ધનના લોભથી દાનશક્તિ વગરનો અતિ તીક્ષ્ણ દંડ દેનારો, નિરૂદ્યોગી, અસત્યવાદી, બીકણ, અસ્થિર, મૂઢ, અને વીરોનું અપમાન કરનારો શત્રુ સહેલથી ઉખેડી શકાય છે.

બાર પ્રકારનું રાજમંડળ.

જેની ઉપર ચઢાઈ કરવી હોય તે યાતવ્ય કહેવાય. તેની આગળ તથા પાછળ, નજીક તથા દૂર રહેલા શત્રુઓ તથા મિત્રો હોય છે, તેમના વ્યવહારની સમજ થવા શત્રુ મિત્રનાં બીજાં નામ આપે છે. અરિ, મિત્ર, અરિમિત્ર, મિત્રમિત્ર અને તે પછી અરિ મિત્રમિત્ર એ વિજિગીષુની આગળ રહેવાવાળા છે; તેની પાછળ પાર્ષ્ણિગ્રાહ, તેની પાછળ આક્રંદ, અને એ બેઉની પાછળ બે આસાર એટલે પાર્ષ્ણિગ્રાહની પાછળનો તે પાર્ષ્ણિગ્રાહાસાર, અને આક્રંદની પાછળ રહેનારો તે આક્રંદાસાર કહેવાય છે; એ વિજિગીષુનું મંડળ છે. આથી એમ સિદ્ધ થયું કે વિજિગીષુની આગળ રહવાવાળા પાંચ અને પાછળ રહેનારા ચાર અને પોતે દશમો એ દશ પ્રકારનું રાજાનું મંડળ થયું. અરિની પછી રહેલો તે મધ્યમ, તે અરિનો પણ રિપુ, ને વિજિગીષુનો પણ રિપુ થાય છે. એ મધ્યમ, જ્યારે અરિ અને વિજિગીષુ એકાંતમાં હોય ત્યારે તેનો ઉપકાર કરવામાં સમર્થ, અને જ્યારે જુદા હોય ત્યારે અપકાર કરવામાં સમર્થ હોય છે. એ વિજિગીષુ, અરિ અને મધ્યમ એઓના પ્રદેશથી જુદો ઉદાસીન નામે બળથી અધિક હોય છે. તે તેઓ મળ્યા હોય તો સહાયતા આપવામાં સમર્થ, અને અણમળ્યા હોય ત્યારે તેઓનો વધ કરવામાં સમર્થ થાય છે. એ (વિજિગીષુ, અરિ, મધ્યમ અને ઉદાસીન) ચાર પ્રકૃતિ બીજી અમાત્યાદિક પ્રકૃતિનું મૂળ છે. નીતિના તંત્રમાં પ્રચિણુ યમ નામના આચાર્યે પણ એમજ કહ્યું છે. પુલોમ અને ઇંદ્રનો એવો મત છે કે, વિજિગીષુ, અરિ, મિત્ર, પાર્ષ્ણિગ્રાહ, મધ્યમ અને ઉદાસીન એ છ પ્રકારનું રાજમંડળ છે.

વિજિગીષુ વગેરે દશ પ્રકારનું રાજમંડળ આગળ ગણાવ્યું, તેમાં મધ્યમ અને ઉદાસીન મેળવીએ એટલે બાર પ્રકારનું રાજમંડળ થાય. એવો શુક્રાચાર્યનો મત છે. વળી મયાચાર્ય એવું

કહે છે કે એ બાર પ્રકારનું રાજમંડળ તથા તેના મિત્ર બાર, એટલે ચોવીશ; અને બાર અમિત્ર એટલે બારતરી છત્રીશ પ્રકારનું રાજમંડળ થાય છે. મનુના શિષ્ય એમ કહે છે કે એ બાર પ્રકારના રાજમંડળની પ્રત્યેક અમાત્ય, દેશ, દુર્ગ (કિલ્લો,) ખજાનો અને સૈન્ય એવી રીતે પાંચ પાંચ પ્રકૃતિ થાય છે. એટલે બારે પંચાં સાઠ પ્રકૃતિ થઇ. તેમાં મૂળ પ્રકૃતિ ચાર અને શાખા પ્રકૃતિ આઠ મેળવીએ એટલે ૭૨ પ્રકૃતિઓ થાય, એવું મનુસ્મૃતિનું વ્યાખ્યાન કરનાર કુલ્લૂક ભટ્ટે નિરૂપણ કર્યું છે, ઉભયારિ (બન્નેનો શત્રુ,) ઉભય મિત્ર (બન્ને વિજિગીષુ અને અરિનો મિત્ર,) અને અરિ સાથે મળેલો ઉભયારિ, અને મિત્ર સાથે મળેલો ઉભયારિ, અરિ સાથે મળેલો ઉભયમિત્ર, અને મિત્ર સાથે મળેલો ઉભયમિત્ર, એ પ્રમાણે છ તથા આગળ કહેલા બાર રાજા લેખીએ તો અઢાર પ્રકારનું રાજમંડળ થાય છે એવો બૃહસ્પતિનો મત છે. અઢાર પ્રકારના રાજમંડળમાં અમાત્ય, દેશ, દુર્ગ, કોષ, સૈન્ય અને મિત્ર એ છ ભેદ પ્રત્યેકમાં લાગુ કરવા. એટલે અઢાર છક અઠ્ઠન્તરસો (એકસો આઠ) ભેદ થાય એવો કવિઓનો મત છે. (વિશાલાક્ષનો મત એવો છે કે, એ અઢાર પ્રકારને અમાત્ય, દેશ અને કિલ્લો એ ત્રણ ભેદથી ગુણીએ એ-ટલે ૪૯ ભેદ થાય છે. આ સઘળા મત દેશ, કાળ અને પ્રજાની અપેક્ષાથી સાર્થક છે.

બીજા કેટલા એકનો એવો મત છે કે સાત પ્રકારનું વિજિગીષુનું અને સાત પ્રકારનું અરિનું મળીને ચૌદ પ્રકારનું રાજમંડળ થાય છે. વિજિગીષુ, અરિ અને મધ્યમ એવી રીતે ત્રણ પ્રકારનું મંડળ છે. અને તે પ્રત્યેકનો મિત્ર ગણીએ, તો છ પ્રકારનું મંડળ થાય, એવો પણ કોઇનો મત છે. આ છ પ્રકા-રના મંડળમાં પ્રત્યેકને અમાત્યાદિ છ ગણીએ તો છત્રીશ પ્રકારનું મંડળ થાય. સાત પ્રકારની પ્રકૃતિમાં પ્રત્યેક વિજિગીષુ, અરિ અને મધ્યમ એ ત્રણ ભેદ કર્યાથી ૨૧ પ્રકાર થાય છે, એવો

કેટલાએક નીતિ જાણનારાઓનો મત છે. વિજિગીષુ, અરિ, મધ્યમ અને ઉદાસીન એ ચારને જુદા જુદા મિત્ર સહિત ગણીએ એટલે આઠ થાય; તેને પ્રથમ કહેલા અમાત્યાદિ છથી ગણીએ એટલે જગતી છંદના અક્ષર જેટલા ભેદ થાય. (આ ઠેકાણે બાર અક્ષરની જાતિ માંહેલો જગતી છંદ સમજવો. એટલે તેના ચાર ચરણના ૪૮ અક્ષરો થાય છે.) વિજિગીષુની આગળ પાછળના જે દશ રાજા કહ્યા તેઓને અમાત્યાદિ છએ ગુણવાથી સાઠ પ્રકારનું રાજમંડળ થાય. વિજિગીષુ એક, તેની આગળના બે અરિ તથા મિત્ર, અને પાછળના બે મળી પાંચ; તે પ્રત્યેકને અમાત્યાદિ છએ ગુણાકાર કરવાથી ૩૦ ભેદ થાય છે. અરિને પણ એમજ આગળના બે અને પાછળના બે એ પાંચને ઉપર પ્રમાણે ગુણવાથી ત્રીશ ભેદ થાય. વિજિગીષુ અને અરિ એ બેજ પ્રકૃતિયુક્ત છે, એવો પરાશરનો મત છે, નીતિને જાણનારા કેટલાએક એમ કહે છે કે યુદ્ધ કરનારા બન્ને વિજિગીષુ છે, માટે એક પ્રકૃતિવાળું મંડળ છે. કામંદક કહે છે કે એ પ્રમાણે મંડળના ઘણા પ્રકારો શાસ્ત્રકારોએ વર્ણવેલા છે. પણ સર્વ લોકનું જાણીતું તો બાર પ્રકારનું મંડળ છે,

આ રાજમંડળને વૃક્ષનું રૂપ આપે છે કે:–તે આઠ શાખાવાળું*, ચાર મૂળવાળું†, સાઠ પાંદડાંવાળું‡, બેને વિષે રહેલું§, છ પુષ્પોએ કરીને યુક્ત‖, અને ત્રણ¶ જેમાં ફળ છે એવું ઝાડ જે જાણે છે તે નીતિ જાણનાર સમજવો.

પાર્ષ્ણિગ્રાહ અને આસાર એ બંને યાતવ્યના મિત્ર છે. તેમ આક્રંદ (आक्रंदयत इतिआक्रन्दः વિજિગીષુએ પાર્ષ્ણિગ્રાહની

---

* વિજિગીષુ, અરિ, મધ્યમ, અને ઉદાસીન એ ચાર મૂળ. † ચાર મૂળ રૂપ રાજાના પ્રત્યેક અરિ મિત્ર એ આઠ શાખા. ‡ ઉપર ગણેલા સાઠ પ્રકાર તે પત્ર. § ભાગ્ય અને પુરૂષાર્થ. ‖ સંધિ, વિગ્રહ, આસન, યાન, સંશ્રય, અને દ્વૈધિભાવ એ છ ગુણ રૂપી પુષ્પ. ¶ એ છ ગુણોના ફળરૂપ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ લાભ રૂપી ફળ.

સાથે યુદ્ધ કરવા બોલાવાય છે તે;) અને આસાર (आसारतीति आसारः આપત્કાળમાં રક્ષણ માટે આવે છે તે.) એ બેઉ વિજિગીષુના મિત્ર કહેવાય છે. યાતવ્ય પ્રત્યે ક્લેશ ઉપજાવીને જાવું. પાર્ષ્ણિગ્રાહ અને અરિને આક્રંદ અને તેના આસાર સાથે; અરિ અને તેના મિત્રને મિત્રમિત્ર ને મિત્ર સાથે વિગ્રહ કરાવીને પછી પોતે જય મેળવવા જવું. અરિ મિત્રના મિત્રની ચેષ્ટા ઘણા ઉપકારથી રોકી પછી રાજાએ ઉભયમિત્ર (ઉદાસીન) સાથે યાન (ચઢાઇ) કરવું. આક્રંદે કરીને અને પોતે પાર્ષ્ણિગ્રાહ (મધ્યસ્થ)ને પીડા કરવી. આક્રંદાસારને ભજનારા આક્રંદે કરીને આક્રંદાસારને પીડવો. મિત્ર અને પોતે બંને મળી રિપુનું ઉચ્છેદન કરવું. અને મિત્રસહિત મિત્રે કરીને રિપુમિત્રને જીતવો. અરિમિત્ર મિત્રને આગળ કહેલા ઉભયમિત્રે કરી તથા વિજિગીષુ મિત્રમિત્રે કરી જીતવો.

"આ રાજમંડળનો વિશેષ વિચાર મનુસ્મૃતિના ટીકાકાર કુલ્લૂકભટ્ટે સાતમા અધ્યાયમાં કરેલો છે, માટે આથી વધારે ખુલાસો ત્યાંથી જોઇ લેવો." ઉપર કહેલા ક્રમ પ્રમાણે સર્વદા ઉદ્યમશાળી રાજાએ અપકારી શત્રુઓનો જય કર્યા પછી શત્રુના મિત્રને જીતવાનો પ્રયત્ન કરવો. સંદંશ*ન્યાયથી બે કોરથી પીડાતો શત્રુ નાશ પામે છે, અથવા વિજિગીષુને વશ થાય છે. સામ†, દામ વગેરે ઉપાયોથી શત્રુના મિત્રને પોતાને સ્વાધીન કરવો. મિત્રથી વછૂટેલા શત્રુઓનો સહજસાજ વિનાશ થાય છે. શત્રુ તથા મિત્ર ઉપકાર તથા અપકારના કારણને લીધેજ થાય છે. તો જે કારણથી શત્રુઓ થાય છે તે કારણનો ત્યાગ કરવો.

---

* ચીપિયો. † એક ગૃહસ્થે પોતાના છોકરાને નહીં ભણતો જોઈને ચાર ઉપાયોથી સમજાવેલો છે તે આ કે:-હે પુત્ર, ભણ, ભણ, [સામ) તને લાડુ આપીશ. (દાન) એમ છતાં નહીં માને તો બીજાને આપીશ. (ભેદ) એમ કહેવા છતાં ન માન્યું એટલે કહ્યું કે કાન ઝાલી થપાટ મારીશ. (દંડ) એ દંડ ઉપાય દેખાડવાથી તરત અભ્યાસ કરવા લાગ્યો.

મુખ્યત્વે કરીને શેહેર તથા ગામડામાં રહેનારી રૈયતની પ્રીતિ સંપાદન કરવી, સામ વગેરે ઉપાયોથી પ્રજા રાજી રહે છે, અને તેથી રાજાને સર્વ અવયવોથી સંપૂર્ણ લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

અતિ દૂરના રહેવાસી તથા ઉપર કહેલા બાર રાજાઓ તથા બીજા પણ બાહેરના જંગલી (ભીલ વગેરે) લોકોને મિત્ર કરવા; તેથી પોતાનું મંડળ આબાદ રહે છે. બળવાન્ રાજાએ શત્રુપર ચઢાઇ કરવી. મધ્યમ (સમબળવાળા) રાજાએ જીતવાની ઈચ્છાથી શત્રુ સાથ મળીને રહેવું. અશક્ત રાજાએ કંઇ દોલત આપી સંધિ કરી રહેવું. સહજ અને કાર્યજ એ પ્રમાણે શત્રુ બે પ્રકારના છે. પોતાના કુળમાં પેદા થયેલ કુમાર વગેરે સહજ (સ્વાભાવિક) કહેવાય છે. એક, જાગીરમાં તકરાર હોવાના કાર્યથી થયેલો શત્રુ કાર્યજ કહેવાય છે. શત્રુ ઉપર વિજિગીષુની વર્ત્તણુક ચાર પ્રકારની હોય છે. કોઈ ટાણે પોતાની જમીનનો ત્યાગ, શકિત ઓછી કરવી, પીડા કરવી, અને અનુકૂલ સમયમાં કર્ષણ, (દંડ લેવો) એ ચાર પ્રકારનું વર્ત્તવું થાય છે. કોષ અને દંડની અપૂર્ણતા કરવી તે કર્ષણ, અને મોટા પ્રધાનોનો વધ એ પીડન કહેવાય છે. વિજિગીષુની ભૂમિની સમીપ રહેનારો, આશ્રય વિનાનો અથવા દુર્બલને આશરે પડેલો શત્રુ સેહેલથી નાશ પમાડાય છે. આશ્રયના અભિમાની રાજાનું કર્ષણ તથા પીડન સમય ઉપરજ કરવું. કિલ્લો તથા સારો મિત્ર એ રાજાનો આશ્રય છે. વિભીષણે સગા ભાઈ રાવણના દરબારમાં રાજ્ય સંબંધી હરેક કામમાં પોતાનું હલકાપણું જોઇને તેના શત્રુ શ્રીરામચંદ્રને મળીને તેનો નાશ કરાવ્યો. તેમજ સહજ શત્રુ, સૂર્યના પુત્ર વાળીને તેના ભાઈ સુગ્રીવે ઠાર કરાવ્યો.

માટે પોતાનો કબજો આંતરી લેનાર સહજ શત્રુ (સહોદર)નો પણ નાશ કરવો એ રાજનીતિ છે. છિદ્ર, મર્મ, ધન એ સઘળું પોતાનો શત્રુ જાણે છે, માટે સૂકેલા વૃક્ષને અગ્નિની પેઠે અંદર રહી બાળે છે. અને જે મિત્ર થઇને પક્ષપાતથી બને ત-

૨૬ વર્તે છે, તેના હિતશત્રુને ત્રિશિરમ દૈત્યને જેમ ઇંદ્રે માર્યો હતો, તેમ જલદી હણવો. બળીયા સાથે યુદ્ધ કરનારા કષ્ટ પામેલા શત્રુની પણ સમય જોઇ પોતાની ઉપર આપત્તિના ભયથી સહાયતા કરવી. જેનો નાશ કર્યાથી બીજા શત્રુઓ ફાવી જાય છે, તેના નાશની ઇચ્છા પણ કરવી નહીં. અને તેને પોતાના નોકર વર્ગમાં રાખવો. વંશ પરંપરાથી ચાલતો આવેલો જે શત્રુ કોઇ પ્રકારે પણ પોતાના આધીન ન થતો હોય તેના દંડ માટે તેના પુત્રને ફોડવો. એજ એનો સારો ઉપાય છે. ઝેર ઝેરથી નાશ પામે છે, વજ્ર વજ્રથી ભેદાય છે; માતેલો હાથી હાથીએ કરીનેજ બંધાય છે, મત્સ્ય મત્સ્યને ખાય છે, જ્ઞાતિ જ્ઞાતિને પીડે છે; જેમ રામે રાવણના નાશ સારૂ વિભીષણનો સત્કાર કર્યો હતો. જે કાર્યથી બાર પ્રકારના મંડળમાં ક્ષોભ ઉત્પન્ન થય છે, એવું કામ બુદ્ધિશાળીએ કદી કરવું નહીં, અને પ્રજાને પ્રસન્ન રાખવી. પોતાના મંડળને સામ, દાન અને માન દઇ રાજી રાખવું. પારકામંડળનો ભેદ અને દંડથી નાશ કરવો. ચક્રવર્તી રાજાનું આખું મંડળ શત્રુથી અને મિત્રથી વ્યાપેલું હોય છે. સર્વ લોક સ્વાર્થને વિષે તત્પર હોય છે માટે મધ્યસ્થપણું, કોઇકજ સ્થળે કોઇ કારણથીજ હોય છે. અંતરના મલિન મિત્રને પણ મારવા, કારણ કે તે અતિ નીચ શત્રુ છે, લાભકારક શત્રુઓને પણ મિત્ર કરવા, અને અહિત ચાહનારા મિત્રોને પણ તજવા. સહોદર (ભાઇ હોય અને તે અનિષ્ટ ચાહનારો હોય તો તેવા શત્રુરૂપ બંધુનો ત્યાગ કરવો. 'સ્નેહવાળો' કે સ્નેહ વગરનો પણ જે ઉપકારી હોય તે મિત્ર જાણવો.' મિત્ર સંબંધી સારી રીતે, વિચાર કરી જોઇ તેનો દોષ જાણવામાં આવે તો તેનો ત્યાગ કરવો, નહિંતર ન કરવો. કારણ કે નિરપરાધી મિત્રનો ત્યાગ કરવાથી ધર્મ અને અર્થની હાનિ થાય છે. સર્વ સ્થાનકે પોતે નિરંતર દોષ અને ગુણનો શોધ રાખવો. એમ કરવાથી જેનો દોષ જાણવામાં આવે, તેને દંડ દેવો યોગ્ય છે. નિશ્ચયપૂર્વક જાણ્યા વિ-

ના કોઇ દિવસ કોપ કરવો નહીં, વૃથા વૃથા ક્રોધ કરનારાને મનુષ્યો સાપ સરખો ગણે છે. શ્રેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના ઉપકાર કરનાર મિત્રોનો પણ ત્રણ પ્રકારનો અંતર સમજવો. કોઇ ઉપર મિથ્યાભિશાપ (ખોટો આરોપ) નહીં મૂકવો; અને તેની વાત સંભાળવી પણ નહીં. જે મિત્રમાંહે ભેદ પાડનારા છે, તે સર્વનો ત્યાગ કરવો. જેણે કરી માંહોમાંહે ફૂટ થાય તેવું, મત્સર (પારકું સારૂં દેખી રાજી ન થવું તે)થી કહેલું, ઇચ્છા-દ્વેષ વગરનું, પક્ષ પાતવાળું, તથા પશ્ચાત્તાપવાળું અને સંશયવાળુંવચન જાણી લેવું વિજિગીષુએ સ્પષ્ટરીતે મિત્રોનો એક તરફી પક્ષપાત નહીં કરવો. અને એક બીજાના મત્સરને પોતે જાણી લેવો. કોઇ ટાણે સમયને જાણનારા રાજાએ કાર્યના આવશ્યક પ્રસંગને લીધે નીચ લોકના દોષને ઢાંકી તેના ગુણ નહીં છતાં વખાણ કરવાં. ઘણું કરીને રાજાએ ઉત્તમ, મધ્યમ અને અધમ એ ત્રણે વર્ગના લોકને મિત્ર કરવા કારણ કે ઘણા મિત્રવાળો રાજા શત્રુને વશ કરવાને સમર્થ થાય છે. પુરૂષોને દુઃખની વેળાએ ભાઈ, બાપ કે બીજો કોઈ પણ ઉભો રહેતો નથી, પણ જો સન્મિત્ર હોય તો તેના દુઃખનો ભાગીદાર થાય છે. અમિત્રની રક્ષા કરનારાઓને અચળ મિત્રોએ કરી ગૃહણ ન કરવા.

આ પ્રમાણે મંડળને જાણનારા મંડળની સ્થિતિ કહે છે. મિત્ર, ઉદાસીન અને શત્રુ એ ત્રણ પ્રકારનું મંડળ છે. એ મંડળનું સારી રીતે શોધન કરવું. એ પ્રમાણે નીતિથી વર્તનારો મંડળની શુદ્ધિ કરનારો ઉદ્યમી રાજા, પ્રજાને આનંદ કરનારા શરદ ઋતુના ચંદ્રની પેઠે શોભે છે.

અષ્ટમ સર્ગ સમાપ્ત.

સર્ગ ૯ મો.

સંધિ.

બળવાન્ શત્રુએ દબાવેલો અને જેની પાસે બચાવનો બીજો કોઈ ઉપાય રહ્યો નથી, તેવા વિપત્‌માં પડેલા રાજાએ કાલક્ષેપ કરવા સારૂ સંધિની ઈચ્છા કરવી. એમ કરવાથી ચઢી આવનાર શત્રુને દૈવયોગથી કષ્ટ પ્રાપ્ત થાય તો પોતાને જય મેળવવાનો લાગ આવે.

કપાળ, ઉપહાર, સંતાન, સંગત, ઉપન્યાસ, પ્રતીકાર, સંયોગ, પુરૂષાંતર, અદૃષ્ટનર, આદિષ્ટ, આત્મામિષ, ઉપગ્રહ, પરિક્રય, ઉચ્છિન્ન, પરિભૂષણ અને સ્કંધોપનેય એ સોળ પ્રકારનો સંધિ નીતિ જાણનારાઓએ કહેલો છે. અરિ અને જિગીષુની શકિત સરખી હોય ત્યારે કાંઇપણ દંડખંડ આપ્યા વિના કેવળ વાણી માત્રથી જે સંધિ (સમાધાન) થાય તે કપાળ સંધિ કહેવાય છે. જેમ ઘડાના બે કપાળ (કટકા) સાંધેલા હોય પણ તે ઘણો કાળ ટકતા નથી. એ સરખો આ સંધિ છે. દ્રવ્ય આપીને જે સંધિ થાય તે ઉપહાર. પોતાની કુંવરી આપીને જે સંધિ થાય તે સંતાન. મૈત્રી કરવાથી કરેલો સંધિ સંગત. આ સંધિ બંને મિત્રોના આયુષ્ય પર્યંત ટકી રહે છે. એ બન્નેનો અર્થ અને પ્રયોજન સમાન હોય છે. ક્રમનો પ્રસંગ હોય ત્યારે તેઓની સમજણ એવી હોય છે કે તારો ખજાનો તે મારો છે, અને મારો ખજાનો તે તારોજ છે; એટલે સંપત્તિ અને વિપત્તિમાં હળીમળીને રહેવાય છે. તેથી આ ઉત્તમસંધિનું નામ કાંચનસંધિ પણ કહેવાય છે. ભૂમિ વગેરે એક પદાર્થનો ઉદ્દેશ કરીને તું જઇને એ પૃથ્વી લે, હું પણ એ જમીન લઇશ એવું કહીને જે સંધિ થાય તે ઉપન્યાસ કહેવાય છે. મેં આને પૂર્વે ઉપકાર કરેલો છે અને મને પણ એ કરશે, એવું જાણીને જે સંધિ કરાય છે તે પ્રતી-

કાર. હું આને ઉપકાર કરૂં, અને મને એ કામ લાગશે એવું ધારી રામ અને સુગ્રીવનો પ્રતીકાર સંધિ થયેલો છે. એક પ્રયોજનનો ઉદ્દેશ કરી બંને જણુ એક કામ કરવા માટે તૈયાર થાય તે સંયોગસંધિ કહેવાય છે. ભયથી શરણે આવેલા શત્રુ પાસે એમ ઠરાવ કરવામાં આવે જે આપણા બંનેના યોદ્ધાઓએ મારૂં કામ સિદ્ધ કરવું, તે પુરુષાંતરસંધિ કહેવાય છે. તું એકલાએ આ મારો સ્વાર્થ સાધવો, એમ જ્યાં શત્રુ પ્રતિજ્ઞા કરે તે અદૃષ્ટ પુરુષ સંધિ કહેવાય છે. જે સંધિમાં પ્રબળ શત્રુને ગામડું ગોઠડું દઈને સમાધાન કરાય છે, તે આદિષ્ટ સંધિ કહેવાય છે. પોતાના સૈન્યે કરીને જે સંધિ, તે આત્મામિષ સંજ્ઞાથી પ્રસિદ્ધ છે. જે કારણુ માટે પ્રાણુની રક્ષા સારૂ સર્વ સૈન્ય આપી દેવાય છે, ખજાનાના ત્રીજા ચોથા ભાગે કરી અથવા સઘળો ખજાનો આપવાથી, કિંવા સોના રૂપા વિના બીજી વસ્તુઓ આપી દેવાથી કોષ વિના બીજા અંગના રક્ષણુ માટે જે સંધિ કરાય છે, તે પરિક્રય કહેવાય છે. સાર વાળી પૃથ્વીના દાનથી ઉચ્છિન્ન નામનો સંધિ કહેવાય છે. સઘળી પૃથ્વીની પેદાશ દેવાથી પરદૂષણુ* સંધિ કહેવાય છે. અમુક અમુક રકમ પ્રતિવર્ષે આપવી એવી રીતે જે સંધિમાં કાંધાં કરાય છે, તે સ્કંધોપનેય કહેવાય છે. પરસ્પરોપકાર, મૈત્ર, સંબંધજ અને ઉપહાર એ ચાર સંધિ ઉત્તમ છે. મૈત્ર સંધિ વિના બીજા ત્રણુ સંધિયો ઉપહાર સંધિના પેટાના છે, એવો અમારો મત છે. સંપૂર્ણું વિજિગીષુ કાંઈ પણુ લીધા વિના પાછો હઠતો નથી, માટે ઉપહાર સંધિ મુખ્ય છે બીજો નહીં.

બાળક, વૃદ્ધ, દીર્ઘરોગી, નાતબહાર, બીકણુ માણુસવાળો, બીકણુ, લોભી, લોભી માણુસવાળો, વૈરાગ્ય પ્રકૃતિવાળો, વિષયમાં અતિ આસક્તિવાળો, એકજ જણુની સલાહ લેનારો, દેવ

---

* ઉપર 'પરિભૂષણુ' એમ કહ્યું છે.

તથા બ્રાહ્મણની નિંદા કરનારો, દૈવથી હણાયેલો, દૈવ ઊપર આધાર રાખનારો, દુકાળના કષ્ટથી યુકત, સેનાંના વ્યસનથી યુક્ત, દેશમાં નહીં રહેલો, ઘણા શત્રુવાળો, સારા કાળે કરીને રહીત, અને સત્ય ધર્મને ત્યાગ કરનારો; એવા વીશ પુરૂષોથી સંધિ કરવો નહીં, કેવલ વિગ્રહ (કલેશ) કરવો. તેવાની ઊપર ચઢાઇ કરવાથી તેનો તુરત વશ થાય છે. બાળકના અસમર્થપણાથી લોક તેની સાથે યુદ્ધ કરવાની ઇચ્છા રાખતા નથી. પોતે લડવાને અશક્ત છે, ત્યારે તે બીજાને વાસ્તે તો ક્યાંથીજ લડી શકે ? ઉત્સાહ શક્તિ ન હોવાને લીધે વૃદ્ધ અને રોગી પોતાના માણસોથીજ પરાભવ પામે છે. સર્વ જ્ઞાતિએ તજેલો સુખેથી ઉખેડી શકાય છે. સ્વાર્થને માટે સત્કાર કરેલા નાતવાળા એને મારે છે. બીકણ માણસ યુદ્ધનો ત્યાગ કરવાથી પોતાની મેળેજ પીડા પામે છે. પોતે ધીર હોય પણ પોતાની સાથે વીર પુરૂષો નહિ હોય તો તેને ભીરૂ મનુષ્ય સંગ્રામમાં છોડી દે છે. સારી રીતે આજીવિકા નહિં કરી દેવાને લીધે લોભીને તેના અનુજીવિયો યુદ્ધમાં મદદ દેતા નથી. દાન દેવાથી ભેદાયેલા લોભી નોકરો ધણીને મારે છે. યુદ્ધમાં વૈરાગ્ય પ્રકૃતિવાળાને તેનું મંડળ છોડી દે છે. સ્ત્રીસંભોગ, મદ્યપાન વગેરે વિષયોમાં આસક્તિવાળો પુરૂષ સુખેથી જીતી શકાય છે. અનવસ્થિત ચિત્તવાળો કારભારીઓને દ્વેષપાત્ર થઇ પડે છે. એટલાજ કારણથી કામના પ્રસંગમાં તેઓ તેની ઉપેક્ષા કરે છે. દેવ અને બ્રાહ્મણની નિંદા કરવાવાળા અધર્મના જોરથી નાંખાઇ જાય છે. દૈવથી હણાયેલો પૂર્વજન્મમાં કરેલા પાપથી નષ્ટ થાય છે. સંપત્તિ અને વિપત્તિમાં દૈવજ કારણ છે, એમ દૈવ ઉપર આધાર રાખનારો પોતે કશી ચેષ્ટા કરતો નથી; એમ કરવાથી દુઃખ પામે છે. દુષ્કાળના કષ્ટથી ઘેરાયેલો પીડાય છે. ફોજની આપત્તિવાળા રાજાને લડાઇની શકિત હોતી નથી. પોતાના સ્થાન ઉપર ન હોવાને લીધે નહાના શત્રુથી પણ હણાય છે. જેમકે જળની અંદર રહેલો

નહાંનો ઝૂડ (જળનોજંતુ) પણ મોટા હાથીને ઘસરડી જાય છે. શકરાઓના મધ્યમાં આવી ગયેલા હોલા પ્રમાણે ઘણા શત્રુવાળો જે જે માર્ગે જાય છે, તે તે રસ્તે તે નાશ પામે છે. સમયનો વિચાર કર્યા વિના યુદ્ધ કરનારાને વખત વિચારી લઢાઈ કરનારો જીતી જાય છે. જેમકે મધ્ય રાત્રિના વખતે જેની આંખોનો પ્રકાશ નાશ પામી ગયો છે એવા પોતાના વેરી કાગડાઓનો રાતની વખતે ઘૂડ ઘાણ વાળી નાંખે છે. સત્ય ધર્મનો ત્યાગ કરી ચાલનારાઓ સાથે કોઇ દિવસ સંધિ કરવો નહીં. કારણકે તેવાઓની સાથે સંધિ કર્યો હોય તોપણ તેઓની દુર્જનતાને લીધે તે જલદી તૂટે છે. સત્યવાદી, આર્ય, ધાર્મિક, અનાર્ય, ભાઇઓના જથાવાળો, બળીઓ અને ઘણા યુદ્ધમાં જય મેળવનાર; એ સાત જણ સંધિ કરવા યોગ્ય છે.

સત્યને પાળનારો પુરૂષ કોઇ દિવસ પોતાના સાચને આંચ નહિ લગાડે, તેમ પ્રાણની હરકત થવા સુધી પણ આર્ય (શ્રેષ્ટ) પુરૂષ પોતાનું અનાર્યપણું નહિ પ્રકટ કરે. ધર્મમાં નિષ્ઠા રાખનારા સત્યવાદી રાજાની તરફથી સર્વ કોઇ લઢવા તૈયાર થશે. પ્રજાના પ્રેમને લીધે તે શત્રુઓથી સેજસાજ ઉખેડી શકાય તેમ નથી. અનાર્ય સાથે પણ સંધિ કરવો, કારણકે રેણુકાના પુત્ર પર્શુરામની પેઠે પ્રાપ્ત થઇ શત્રુને સમૂળ ઉખેડી નાંખે છે. બીજા ઝાડના જથાથી ઘેરાયેલો કાંટાવાળો વાંસ ઉખેડી શકાતો નથી, તેમ ભાઈઓના સંપવાળો વૈરી જીતવાને અશકય થઈ પડે છે. બળવાન્ શત્રુથી દબાયેલો પુરૂષ સિંહથી સપડાયેલા હરિણની પેઠે કોઇ ઉપાયથી પણ છૂટો થઇ શકતો નથી. કાંઇ લેવાની ઇચ્છાને લીધે સિંહ જેમ માતેલા હાથીને મારે છે, તેમ બળવાન્ શત્રુ હણે છે માટે તેની સાથે સંધિ કરવો. વાયુની સામાં કોઇ દિવસ વાદળાં ચાલતાં નથી, તેમ બળિયા સાથે બાથ ભીડવી એવું કોઇ નીતિ શાસ્ત્રમાં કહેલું નથી. નદીનો પ્રવાહ જેમ ઉલટો ચાલતો નથી, તેમ પોતાથી મોટાને નમનારા અને સમય જોઇ સંગ્રામ કર-

નારાઓની સંપત્તિ જતી નથી. જમદગ્નિના પુત્ર પરશુરામની પેઠે અનેક યુદ્ધમાં જય મેળવનારાના પ્રતાપથી સર્વ માણસ સર્વ ઠેકાણે ભયમાંજ રહે છે. અનેક લડાઇયોમાં જીતનાર નર જેની સાથે સલાહ કરે છે, તેની સાથે શત્રુઓ પણ હળીમળીને રહે છે, સલાહ કર્યા પછી પણ બુદ્ધિમાન્ માણસે તરત તેમનો વિશ્વાસ કરવો નહીં; કારણ કે પૂર્વે ઇંદ્રે વૈર છોડી દેવાનો ઠરાવ કરી વત્રાસુરને મારેલો છે. પિતા હોય કે પુત્ર હોય પણ રાજ્ય લક્ષ્મીના સ્વાદથી વિકાર પામે છે. માટે રાજ્ય પ્રકરણથી લોક વ્યવહાર જૂદો છે.

કોઇ વખત બળવાનના પંજામાં આવી ગયા તો તે સમયે પ્રયત્નથી કિલ્લામાં રહી તેથી પણ વધારે બળવાળાની મદદ પોતાને છૂટવા સારૂ લેવી. કેસરીસિંહ જેમ હાથી સાથે યુદ્ધ કરે છે, તેમ પોતાની ઉત્સાહ શકિત જોઇને મોટા સાથે વિગ્રહ (લડાઇ) કરવો; એવો ભારદ્વાજનો મત છે. સિંહ પોતે એક છે તે પણ હજાર હાથીના ટોળાને મથી નાંખે છે. માટે સિંહની પેઠે પોતાનું બળ જોઇને યુદ્ધના મેદાનમાં આવવું. થોડી ફોજવાળો રાજા મોટા સાથે હિંમતથી લડતો હોય ત્યારે બીજા કેટલાએક મોટાના પ્રતાપમાં લેવાઇ જઈને તેની (મોટાની) સહાયતામાં સામેલ થાય છે. જેની સાથે જયનો સંદેહ છે, તેવા સમ (સરખા) રિપુથી પણ સંધિ કરવો. શંકા ભરેલા કામમાં પડવું નહીં, એવો બૃહસ્પતિનો મત છે. ઉદયની ઈચ્છા રાખનારા રાજાએ પોતાની વૃદ્ધિ થતાં સુધી સરખા બળવાળા સાથે સંધિ રાખવો. કાચા ઘડાની બે ઠીબો પરસ્પર અથડાવાથી બંનેના ભૂકા થઇ જાય છે. સરખા બળવાળા સુંદ અને ઉપસુંદ એવા નામના બે દૈત્યો, એક તિલોત્તમા નામની અપ્સરાને નિમિત્તે માંહોમાંહે લઢી કપાઈ મુઆ છે. માટે સરખે સરખાના યુધ્ધથી પણ બંનેનો નાશ થવાનો સંભવ છે. અતિ નહાના શત્રુ સાથે પણ સંકટની વેળામાં સંધિ કરવો. કારણ કે ત્યારે

(સંકટ સમયે) તે તૂટી પડે તો વાગેલા ઘામાં ખાર નાંખ્યાની પેઠે દુઃખદાયક થઇ પડે છે. થોડા બળવાળો શત્રુ જો સંધિ કરતો ન હોય તો તેમાં નિઃસંશય કંઇ કારણ હોવું જોઇએ. એવા વખતમાં તેને વિશ્વાસ દઇને અકસ્માત્ મારવો. બળિયા સાથે સમાધાન કરી તેના રાજ્યપ્રપંચમાં પેસી જઇ તેવી રીતે અનુસરવું કે અત્યંત વિશ્વાસ આવે. સદા સાવધાન રહી પોતાનો આકાર, અવયવ, ચેષ્ટા ગૂઢ રાખીને જયજીવ એ પ્રકારનાં પ્રિય વચનો કેવળ બોલવાં અને જે કાર્ય નાશ કરવાનું હોય તે તો અવશ્ય સાધવું. વિશ્વાસથી પ્રીતિ ઉપજે છે અને કામ થાય છે. ઇંદ્રે વિશ્વાસ દઇને દૈત્યોની મા દિતિનો ગર્ભ પાડ્યો છે. (આ વાત પુરાણમાં પ્રસિદ્ધ છે.) મંત્રી, પુરોહિત (ગોર) કે સેનાપતિ સાથે ખૂબ મળી જઇ તેઓમાં અંદર અંદર વિરોધ ઉત્પન્ન કરવો. ઘણું ધન દેવાથી મુદ્રારાક્ષસમાં કહેલા ન્યાય પ્રમાણે ભેદ પ્રતિપાદન કરનારા લેખોથી શત્રુના રાજ્યમાં ખટપટ ઉઠાવવી. વિજિગીષુએ મુખ્ય કારભારીનો દોષ સિદ્ધ કરી દીધાથી કટ્ટો શત્રુ પણ પોતાના હિત પક્ષમાં આવી વિશ્વાસ પામે છે, એમ વિશ્વાસ પામેલો શત્રુ જીતવાની ક્રિયાથી રહિત થાય છે. શત્રુના કારભારી સાથે સલાહ કરી તેણે કરેલા પ્રતિકૂલ આચારણના ઉદ્યોગને શાંત કરવો. વૈદ્યોને લાંચ દઇ મારવાની દવા દેવરાવવી અથવા વિષ પ્રયોગથી શત્રુને મારવો. શત્રુના મંડળમાં ક્લેશ ઉપજાવી હરેક રીતિથી તેને મારવો. તે દેશના રહેવાસી જ્યોતિષી વગેરેનો વેષ ધરનારા તથા સિદ્ધના લક્ષણવાળા ગૂઢ પુરુષોએ કરી મહાભયંકર આપત્તિ આવવાનો ભય દેખાડવો. પ્રધાન પુરુષોનો વધ, ધન ધાન્ય વગેરેનો ક્ષય, યુદ્ધમાં શસ્ત્રાદિકથી નાશ તથા ટાઢ તડકા અને વરસાદનાં દુઃખ સહન કરવાનો શ્રમ વગેરે દોષો વિગ્રહમાં થાય છે. સારા ખોટાનો નિશ્ચય કરી કાંઇ હાનિ થતી હોય તોપણ સહન કરવી, પણ વિગ્રહથી થતા ઘણા ગેરલાભ માથા ઉપર લેવા નહીં.

વારંવાર ટંટો જગાવવામાં સ્ત્રી, છોકરાં, શરીર અને ધન એ એક ક્ષણ માત્રમાં નિરર્થક થાય છે. વિદ્વાન પુરૂષે અતિ વિગ્રહમાં દૃષ્ટિ નહીં રાખવી. સંબંધીજન, ધન, રાજ્ય, આત્મા અને કીર્ત્તિ એ સઘળાંને કોણ મૂર્ખ લડાઇની અંદર સંદેહના હીંચકા ઉપર ઝુલાવે? ચાણાક્યે કહેલા સામ, દામ અને ભેદના ઉપાયોથી પોતાના સીમાડાને દબાવનારા શત્રુ સૈન્યને સંધિ કરી રોકવું, સારી રીતે પોતાના રાજ્યની રક્ષા કરી સેનાનો બંદોબસ્ત કરી ધીરજવાન્ રાજાએ આમ તેમ ફરી સંધિ નહિ ઇચ્છનારાને સંતાપવો. જેમ તપેલું લોઢું સાંધો દેવામાં સવળ પડે છે, તેમ શત્રુને તપાવ્યાથી સંધિ થાય છે. સંધિને સારી રીતે જાણનારા આગળના મહર્ષિઓ એ પ્રમાણે કહી ગયા છે, તો નરપતિએ નહાનું તથા મોટું કાર્ય જોઇ શત્રુને નિયમમાં લાવવો.

નવમ સર્ગ સમાપ્ત.

સર્ગ ૧૦ મો.

વિગ્રહ.

પરસ્પર અપકારના કારણને લીધે પુરૂષોને અસહનતા તથા ક્રોધથી વિગ્રહ થાય છે. પોતાના હૃદયને પ્રચ્છનારો અથવા શત્રુએ આવકાર કરેલો હોય તો તેણે દેશકાળનું બળ જોઇ વિગ્રહ (યુદ્ધ) આરંભવો. રાજ્ય, સ્ત્રી, સ્થાન, દેશ, હાથી અને ઘોડા વગેરે વાહન તથા ધનનું અપહરણ, તેમ પોતાના શૂરપણાથી થયેલો મદ, અહંકાર અને દેશની ઉપર નાંખેલી પીડા તથા જ્ઞાન દેનારા ઉપાધ્યાયોનો નાશ, પૃથ્વી, સોનું અને મિત્રનો નાશ, ધર્મનો નાશ, ત્રણ પ્રકારની શક્તિનો નાશ, દૈવ, મિત્રની સહાયતારૂપ પ્રયોજન, પોતાનાં માન્ય મનુષ્યોનું અપમાન, બંધુનો વિનાશ, પ્રાણી ઉપરની દયાનું ખંડન, એટલે પોતે અભયદાન

આપેલા પ્રાણીની ઉપર શત્રુએ કરેલું દબાણ, દેશનું દૂષણ, અને એક અર્થમાં બંનેનો આગ્રહ એ વગેરે બાબતો વિગ્રહના કારણરૂપ થાય છે.

રાજ્ય, સ્ત્રી, સ્થાન, અને દેશ વગેરે જે જે કારણોથી વિગ્રહ ઉત્પન્ન થયો હોય તો તે વિગ્રહની શાંતિ તે તે વસ્તુ પાછી આપવાથી થાય છે, એમ યુક્તિ જાણનારાઓએ કહેલું છે. સ્વાર્થ અને ધર્મના નાશથી થયેલા વિગ્રહમાં પ્રથમ કહેલુંજ નિવારણ સમજવું. અકસ્માત્ શત્રુઓ પોતાના દેશ ઉપર ચઢી આવ્યા હોય ત્યારે તેની સામે નહિ થતાં તેના દેશ ઉપર પોતે ચઢી જવું. વાહનના હરણથી થયેલ અને જ્ઞાનશક્તિના નાશથી થયેલ વિગ્રહની શાંતિ તે પદાર્થના ત્યાગથી, ક્ષમાથી તથા તેની ઉપેક્ષાથી થાય છે. મિત્રોનો સમૂહ, અધર્મ અને દ્રોહથી યુક્ત હોય ત્યારે મિત્રને માટે ઉત્પન્ન થયેલા વિગ્રહમાં ઉપેક્ષા એ શાંતિનો ઉપાય છે. ચાણાક્યે કહેલા ગુણોવાળા મિત્ર સારૂ પ્રાણનો પણ ત્યાગ કરવો, ત્યારે ઉપેક્ષા કરવામાં શી મોટી વાત છે? અપમાનથી થયેલા વિગ્રહને માન દઈ શાંત કરવો. અભિમાનથી થયેલા વિગ્રહનો પ્રણામ કરવા એ ઉપાય છે. બંધુના નાશથી થયેલા વિગ્રહને મારણમોહન વગેરે અભિચારના પ્રયોગથી શાંત કરવો. એક પદાર્થને માટે વિવાદ ઉત્પન્ન થયો હોય તે પદાર્થનો ત્યાગ કરવો. કારણકે વિગ્રહમાં કદાચિત્ સર્વનો નાશ પણ સંભવે છે. ઘણા માણસોથી થયેલા વિગ્રહની ભેદથી શાંતિ કરવી. પ્રજા ઉપર પીડાના કારણથી ઉપજેલા વિગ્રહને પ્રિય બોલી શાંત કરવો, દૈવથી થયેલા વિગ્રહની શાંતિ દૈવથીજ થાય છે. દેશમાં ક્ષોભ થવાથી ઉપજેલો વિગ્રહ ઉપાયોથી શમાવવો.

શત્રુથી થયેલું, પૃથ્વી વગેરે દબાવવાથી થયેલું, સ્ત્રીના નિમિત્તથી ઉપજેલું, ચારોએ ઉત્પન્ન કરેલું, અને પોતાના અપરાધથી થયેલું; એ પ્રમાણે પાંચ પ્રકારનું વૈર કેટલાએક કહ્યું

છે. સીમાડો દબાવવાથી, ત્રણ પ્રકારની શક્તિનો નાશ કરવાથી, નજીકની સીમામાં વિવાદ હોવાથી તથા ચાર પ્રકારના રાજમંડળમાં ક્ષોભ હોવાથી ઉત્પન્ન થયેલું; એ ચાર પ્રકારનું વૈર વલ્ગુદંતીના પુત્ર ઇંદ્રે કહેલું છે. બાપ દાદાની પરંપરાથી આવેલું અને પોતાના અપરાધથી થયેલું એ બે પ્રકારનું વૈર મનુષ્યો માને છે.

થોડા ફળવાળું, નિષ્ફળ, સંદિગ્ધ ફળવાળું, સંગ્રામના સમયમાંજ અનિષ્ટ ફળ આપનારૂં, પરિણામમાં નિષ્ફળ, જેનું પરાક્રમ જાણવામાં નથી આવેલું તેવા સાથેનું, પારકા સારૂ થયેલું, સ્ત્રી નિમિત્તનું, લાંબો કાળ ફેલાનારૂં, બ્રાહ્મણ સાથેનું, સમય વિનાનું, દૈવબળવાળા રાજા સાથેનું, બળથી ગર્વ પામેલા બંધુની સહાયતાવાળા સાથેનું, તેજ કાળમાં ફળ દેનારૂં પણ પરિણામમાં ફળ વગરનું, પરિણામમાં ફળ આપનારૂં પણ તે કાળમાં ફળ વગરનું, એ સોળ પ્રકારનું વૈર કરવું નહીં.

વર્તમાન કાળમાં તથા આવતા કાળમાં ફળ દેનારા વૈરનો આરંભ કરવો. ચાલતા જમાનામાં તથા આવતા સમયમાં ફળદાયક કર્મ કરનારો નિંદાનું પાત્ર થતો નથી. બે (આલોક તથા પરલોક) લોકમાં સુખ આપનારૂં સારૂં કર્મ વિદ્વાને કરવું. થોડા ધનના લોભથી પરલોકનું સુખ ખોવું નહીં. પરલોકની સુખપ્રાપ્તિ જેણે કરી ન થાય તેવું નિષિદ્ધ કર્મ કરનારને દૂરથીજ તજવો, એવું શાસ્ત્રમાં પ્રમાણ છે, માટે કલ્યાણકારક માર્ગે ચાલવું. જ્યારે પોતાનું સૈન્ય હૃષ્ટપુષ્ટ હોય અને શત્રુનું સૈન્ય તેથી વિપરીત હોય ત્યારે વિગ્રહ કરવો અને જ્યારે પોતાનું પ્રકૃતિ મંડળ આબાદ અને પ્રીતિવાળું હોય તથા શત્રુનું તેથી વિપરીત હોય ત્યારે વિગ્રહ કરવો. પૃથ્વી, મિત્ર અને સોનું એ ત્રણ વિગ્રહનાં ફળ છે. જ્યારે એ ત્રણમાંથી એક પણ અવશ્ય થનાર હોય ત્યારે વિગ્રહ કરવો. ધન કરતાં મિત્ર વધારે છે, અને મિત્રથી પૃથ્વી અધિક છે, તથા પૃથ્વીથી રાજ્ય

સંપત્તિ અધિક છે, અને સંપત્તિથી બંધુ વર્ગ અધિક છે. સર્વ સંપત્તિથી શત્રુ જો પોતાની તુલનાનો હોય તો અતિ દૃઢ ઉપાયો યોજવા. અને સમયાનુસાર દંડ પણ કરવો. આવી બનેલા વિગ્રહને ઉપાયોથી શાંત કરવો. કારણ કે યુદ્ધમાં જય અનિત્ય છે, માટે ઉતાવળા થઇ કુદી પડવું નહીં. પોતાની લક્ષ્મીને સ્થિર ઈચ્છનારે, બળિયાથી દબાણો હોય તો નેતરના ઝાડના સરખી વૃત્તિનો આશ્રય કરવો, એટલે નમી દેવું. (નદીં પૂર આવતી વખતે તેની આજુ બાજુના કાંઠાપરનાં ઝાડ જળ પ્રવાહના વેગથી ઉખડી જાય છે, પણ નેતરનાં ઝાડો નમી જવાને લીધે ઉખડી પડતાં નથી. એને શાસ્ત્રમાં વૈતસીવૃત્તિ કહે છે.) પણ કોઇ પ્રકારે સર્પની વૃત્તિનો આશ્રય નહિ કરવો, એટલે સામે નહીં થવું. નેતર સરખી વૃત્તિવાળો ઘણી લક્ષ્મી પામે છે. અને સર્પ સરખી વૃત્તિવાળો કેવળ નાશ પામે છે. વિદ્વાન માણસે ઘેલા ગાંડાની સ્થિતિમાં રહી શત્રુનું છિદ્ર શોધવામાં કેટલોએક સમય રોકવો. ધીમે ધીમે ઉપયોગી કાળનો લાભ થવાથી સિંહની પેઠે ઠેકી જલદીથી દબાવી બળીઆને પણ સ્વાધીન કરવો. પોતાના વિપરીત સમયમાં કાચબાની પેઠે સંકોચ કરી પ્રહારને પણ વશ કરવો, અને વખત મળે તો ક્રૂર સર્પની પેઠે તૈયાર થવું. વખત જોઇ પર્વતની પેઠે સહનશીળતા રાખવી, અને વખતે અગ્નિની પેઠે અસહનતા રાખવી; વખતપર પ્રિય વચન બોલી શત્રુને ખભા ઉપર ધારણ કરવો. પ્રિય કરનાર માણસની પેઠે કૃત્રિમ પ્રીતિથી પ્રવેશ ન થઈ શકે તેવા શત્રુના હૃદયમાં પ્રવેશ કરીને જ્યારે અવશ્ય ફળ થવાનો વખત આવે ત્યારે તૈયાર થઇ નીતિરૂપ જમણા હાથથી જોર કરી લક્ષ્મીના કેશનું ગ્રહણ કરવું, એટલે રાજ્યલક્ષ્મી પોતાને સ્વાધીન કરવી. ઉંચા કુળનો, સત્યવાદી, મહાપરાક્રમી, સ્થિર, કર્યા ઉપકારને જાણનાર, ધીરજવાન્, તેજસ્વી, અતિ ઉદાર અને શરણાગતની ઉપર પ્રીતિ રાખનાર શત્રુ જીતવાને અશક્ય

છે. અસત્યતા, કઠોરપણું, પ્રત્યુપકાર નહીં કરવાપણું, ભય, પ્રમાદ (ગફલત), આલસ્ય, ઉદાસીનપણું, ખોટું અભિમાન, અતિ દીર્ઘસૂત્રપણું તથા સ્ત્રી અને પાસા વગેરે દુર્વ્યસનો લક્ષ્મીને નાશ કરનારાં છે, ત્રણ શક્તિવાળા વિજિગીષુએ ઉપરના દોષવાળા શત્રુ ઉપર ચઢી જવું. તેમ ન કરે તો તેમાં પોતાનો નાશ છે. રાજ્ય અને પદની ઉન્નતિ કરવાની ઇચ્છાથી ચરરૂપી નેત્રથી રાજ્ય સ્થાનોની ક્રિયા જોઈને આ વિગ્રહ માર્ગમાં રહી સ્થિર ઉદ્યમ રાખી સિદ્ધિને માટે યત્ન કરવું.

દશમ સર્ગ સમાપ્ત.

સર્ગ ૧૧ મો.

યાન.

સારા પરાક્રમવાળો અને પોતાના ગુણથી જેણે પ્રજાનો પ્યાર મેળવ્યો છે, એવા વિજિગીષુ રાજાની ચઢાઈ તે યાન કહેવાય. વિગૃહ્યયાન, સંધાયયાન, સંભૂયયાન, પ્રસંગયાન, અને ઉપેક્ષાયાન; એ પ્રમાણે યાન પાંચ પ્રકારનું કહેલું છે.

સર્વ શત્રુના ગણની સાથે બળથી વિગ્રહ કરી ચઢી જવું તે વિગૃહ્યયાન કહેવાય છે. પોતાના મિત્રદ્વારા શત્રુના સર્વ મિત્રો સાથે વિગ્રહ કરી તેમનાપર ચઢાઇ કરવી એ પણ વિગૃહ્યયાન કહેવાય છે. પાછળ રહેનારા શત્રુ સાથે સમાધાન કરી ફળની ઇચ્છાથી બીજા કોઇ શત્રુપર ચઢી જવું તે સંધાયયાન કહેવાય છે. શક્તિ અને પવિત્રતાવાળા સામંતો (ખંડીઆ) સાથ મળી જઇ એક શત્રુપર ચઢવું તે સંભૂયયાન કહેવાય છે. અરિ અને વિજિગીષુ એ બંનેને હરકત થતાં પરસ્પર સંધિ કરી સામા શત્રુની ઉપર ચઢવું તે સંભૂયયાન કહેવાય છે. જેમ કે હનુમાન અને સૂર્ય એ બંનેનો નાશ રાહુ કરતો હતો તે વખતે

સૂર્ય, હનુમાન સાથે સંધિ કરી રાહુનેજ જીતવા ગયો, (આ પુરાણની કથા છે.) થોડા બળવાળાઓને પોતાના પક્ષમાં લઇ જયના ધનમાંથી તેમને આપવાનું ઠરાવી શત્રુને જીતવા સારૂ જવું, તે પણ સંભૂયયાન કહેવાય છે. પોતાને જવાનો ઉદ્દેશ ક્યાંઇ હોય અને પ્રસંગને લીધે બીજે સ્થળે જવાનું થાય એ પ્રસંગયાન કહેવાય છે. જેમકે ભારતની લડાઇમાં શલ્ય રાજા યુધિષ્ઠિરના પક્ષમાં જતો હતો, ત્યાં રસ્તામાં દુર્યોધને તેની ઘણી પરોણાગત કરી પ્રીતિ મેળવી પોતાના પક્ષમાં લઇ લીધો. તેથી અંત્યે શલ્યે યુધિષ્ઠિરપર ચઢાઇ કરી. શત્રુ ઉપર ચઢી જાતાં તેના નાસી જવાના કારણથી પોતાનો જય થયો, માટે તેની ઉપેક્ષા કરીને તેના મિત્ર ઉપર ચઢાઈ કરવી તે ઉપેક્ષાયાન કહેવાય છે. જેમ કે ભારતના યુદ્ધમાં અર્જુને પાતાળમાં નાશી જનારા નિવાતકવચ દાનવોને છોડી દઈ હિરણ્યપુરમાં વસનારા દાનવોને મારયા. સ્ત્રીઓનું મધપાનનું, મૃગયાનું, અને જુગારનું વ્યસન. તથા ઘણા પ્રકારની દૈવી આપત્તિ એમાંના હરકોઈ વ્યસનથી યુક્ત જે શત્રુ હોય તેના ઉપર ચઢી જવું.

આસન.

શત્રુ અને વિજિગીષુ એ બંનેમાં પરસ્પર સમાન સામર્થ્ય હોવાને લીધે જે એક બીજાનું બેસી રહેવું થાય છે, તે આસન પાંચ પ્રકારનું છે. વિગૃહ્યાસન, સંધાયાસન, સંભૂયાસન, પ્રસંગાસન અને ઉપેક્ષાસન.

શત્રુ સાથ વિગ્રહ કરીને બેસી રહેવું, તે વિગૃહ્યાસન કહેવાય છે. જ્યારે કિલ્લામાં રહેલો શત્રુ કોઈ પ્રકારથી જીતી શકાતો ન હોય ત્યારે તેના મિત્રનું બળ નાશ કરી, અને દેશાંતરથી તેની મદદ સારૂ આવતી સેનાનો માર્ગ રોકી બેસવું. એવી રીતે જેને મિત્ર અને સૈન્યની મદદ તૂટી ગઇ છે, અને પોતાની સેના ઘણી ખરી ક્ષય પામી છે, એવા સાધન રહિત શત્રુને કાળે કરીને વશ કરવો. વિગ્રહમાં નાશ પામતાં અરિ

અને વિજિગીષુની સમાધાન થઇને જે સ્થિતિ થાય છે, તે સંધાયાસન કહેવાય છે. જેમકે નિવાતકવચ નામના દાનવો સાથે રાવણને વિગ્રહ થયો હતો, ત્યારે પોતાના ગોત્રગુરુ બ્રહ્માને વચમાં જામીન દઇ રાવણ છૂટી ગયો, કે જેથી નિવાતકવચના હાથથી માર્યો ગયો નહીં. (આ પુરાણની કથા છે.) ઉદાસીન અને મધ્યમ શત્રુને વિષે આ મારા સમાન બળવાળો છે, તે કોઈ દિવસ હરકત કરશે, એવી શંકાથી તેની સાથે મળી રહેવું તે સંભૂયાસન કહેવાય છે. જેને બંને તરફ શત્રુ રહ્યા છે, તેવા મધ્યમે બંનેના વિનાશની ઇચ્છા કરવી, અને તેમાં અધિક બળવાળાને પોતાના પક્ષમાં સૈન્યની ભરતી કરી જીતવો. કોઈ શત્રુ ઉપર ચઢી જતો હોય ત્યારે કાંઈ પ્રસંગને લીધે બીજે સ્થળે રહેવાનું થાય તે પ્રસંગાસન કહેવાય છે.

અધિક બળવાળા શત્રુને જોઇ તેની ઉપેક્ષા કરી બેસી રહેવું તે ઉપેક્ષાસન કહેવાય છે. જેમકે એક દિવસે રુક્મિણી અને સત્યભામાની પાસે શ્રીકૃષ્ણ બેઠા હતા ત્યારે નારદે અદૃશ્ય રહી પારિજાતના વૃક્ષની મંજરી નાંખી. તે મંજરી શ્રીકૃષ્ણે રુક્મિણીને આપી ત્યારે સત્યભામા એકાએક ક્રોધ પામી બોલી ઉઠી કે હે કૃષ્ણ, જ્યાં સુધી પારિજાત (હારશૃંગાર) નું ઝાડ મારી પાસે આવ્યું નથી, ત્યાં સુધી તમારે મારા સમીપમાં આવવું નહીં. એવું સાંભળી શ્રીકૃષ્ણ પારિજાતનું હરણ કરવા સારૂ સ્વર્ગમાં ઇંદ્રના નંદનવન પ્રત્યે ગયા; ત્યારે અધિક બળવાળા શ્રીકૃષ્ણને આવેલા જોઈ ઇંદ્રે ઉપેક્ષા કરી બેસી રહ્યો. (આ વાત પુરાણમાં પ્રસિદ્ધ છે) કોઇ સ્નેહાદિક કારણને લીધે ઉપેક્ષા કરી બેસી રહેવું તે પણ ઉપેક્ષાસન કહેવાય છે. જેમ રુક્મિણીના હરણમાં શ્રીકૃષ્ણનો સાળો રુકમીણ ઉપેક્ષા કરી બેસી રહ્યો હતો.

દ્વૈધીભાવ.

જ્યારે બેઉ બાજુએ શત્રુ આવી પડેલા હોય, ત્યારે હું

તમારોજ છું, જે કાંઇ મારૂં છે તે સર્વ તમારૂંજ છે; એવાં વાક્યોને પ્રત્યેક શત્રુને પોતાના આત્માનું અર્પણ કરી બંનેના જાણવામાં ન આવે તેમ કાગડાના ડોળાની* પેઠે દ્વૈધીભાવથી વર્તવું તે; બેઉ શત્રુમાં નજીક રહેલા શત્રુને "હમણાં તારૂં કામ કરૂં છું" એમ આશા આપી કાળ કાઢવો. ધીમે ધીમે પોતાની ઉપરથી બંનેને વિશ્વાસ ઉઠી જાય, ત્યારે નજીકના બળીઆ શત્રુનો પોતાના બચાવ માટે આ-શરો લેવો; અને જ્યારે બેઉ શત્રુને નિશ્ચય થાય કે 'આ ઠગારો છે.' એમ ધારી સંધિને ઇચ્છે નહીં, ત્યારે તે બેઉનો શત્રુ બીજો જે અધિક બળવાળો હોય તેના આશ્રય તળે જવું. દ્વૈધીભાવ બે પ્રકારનો કહેલો છે. એક સ્વતંત્રનો અને બીજો પરતંત્રનો. જે પોતાને આધીન હોય તે સ્વતંત્ર કહેવાય, અને જે બેઉની આજીવિકા ખાતો હોય તેનો પરતંત્ર દ્વૈધીભાવ કહેવાય છે.

સંશ્રય.

જ્યારે કોઇ બળીઓ શત્રુ ચઢાઈ કરી આવ્યો હોય, અને પોતાના હાથમાં કોઇ ઉપાય કે પ્રતિક્રિયા રહી ન હોય ત્યારે કુલીન, સત્યવાદી, પવિત્ર મનવાળો અને અધિક બળવાળો જે હોય તેને શરણે જવું. શરણે જઇ સાષ્ટાંગ નમસ્કાર પૂર્વક આરાધન કરવું, અને નિત્ય તેના ભાવ પ્રમાણે વર્તવું. તેનાં કામ કરવાં અને નમ્રપણે વર્તવું એ સંશ્રય કરનારાનું લક્ષણ છે.

જેણે નીતિ શાસ્ત્ર જાણ્યું નથી એવો સિંહ ફક્ત બળથીજ હાથીને હણે છે, અને બુદ્ધિમાન્ ધીર પુરૂષ તો હાથી અને સેંકડો સિંહને પણ પોતાના વશમાં રાખે અથવા મારે છે. સારા ઉપાય અને ફળ પ્રાપ્તિને વિચારનારા તથા દૂર દેશાવરની અને

---

* ગ્રંથકારોનું કહેવું છે કે, કાગડાની બે આંખોમાં માલમ ન પડે એવી રીતે એકનો એક ડોળો ફર્યા કરે છે.

આવતા કાળની આપત્તિને વિચારનારા વિદ્વાન પુરૂષોએ વિચારીને કરેલાં કૃત્ય અવશ્ય ફળ આપે છે. સામાદિક ઉપાય પૂર્વક લાભની ઇચ્છા કરવી. યાનથી થતા લાભમાં ચઢાઇ કરવાના વખતને વિચારી ચઢવું. કારણ કે કેવળ પોતાની શૂરતા ઉપર આધાર રાખી સહસા કામ કરવું, એ પશ્ચાત્તાપનું કારણ થઈ પડે છે. અતિ નિર્મળ બુદ્ધિથી શકય અને અશકય કામનો વિભાગ કરવો. શકયાશકયનો વિભાગ કર્યા વિના હાથીઓ પહાડો સાથે દાંત અફાળે તેથી દંતભંગ વિના બીજુ કશુ ફળ થતું નથી. અશકય કામમાં પ્રવૃત્તિ કરનારાઓને કલેશ સિવાય બીજું ફળ કયાંથી હોય ? આકાશને ખાનારાના મુખમાં કોળીઓ કયાંથી આવે ? માટે અગ્નિમાં પતંગીઆની પેઠે પડવું નહીં. સાધ્ય વસ્તુને અનુસારે જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે નિર્વિઘ્ને સંપત્તિનું પદ પમાય છે. જેમકે ઉંચી પર્વતની ટોચપર ચઢવું હોય ત્યારે વિચારી વિચારીને પગલાં ભરે તો ચઢાય.

સર્વ લોકે વંદન કરેલું રાજાનું પદ પામવું એ અશકય છે, તે થોડા પણ અપચારથી બ્રાહ્મણ્વ (બ્રાહ્મણપણું)ની પેઠે દૂષિત થાય છે. જેમ બ્રાહ્મણપણું જાણીને સર્વ લોક તેને નમે છે, તે બ્રાહ્મણપણું સંધ્યાવંદન નહીં કરવા વગેરેના થોડા અપચારથી પણ દોષવાળું થાય છે. પાંચ પ્રકારનાં આસનો વિચારી શાસ્ત્ર પ્રમાણે પ્રારંભેલાં કાર્યો બાગબગીચાની પેઠે સુંદર ફળ આપે છે. નીતિશાસ્ત્ર પ્રમાણે ઠીક રીતે આરંભેલું કાર્ય જો કે નિષ્ફળ જાય છે, તોપણ જેમ અજ્ઞાનથી કરેલું કાર્ય અંતઃકરણને તપાવે છે, તેમ સમજીને કરેલું કાર્ય મનને દુખવતું નથી. સારી તજવીજથી આરંભેલું કાર્ય દૈવયોગથી જો અવળું નીવડે તો તે વિપરીત કાર્ય થવાના હેતુથી પુરૂષ તેમાં ઠપકાનું પાત્ર થતો નથી. માટે હરેક કામના આરંભમાં દૈવ અને પુરૂષની અનુકૂલતા વિના ફલ સિદ્ધિ થતી નથી. બુદ્ધિવાળા પુરૂષે ફળને માટે પ્રયત્ન કરવો, પણ કામ થવું તો દૈવાધીન છે. પોતાનું તથા પારકું બળ

જોઈને યાન કરવું. દેશ કાળ વગેરેની સરખાઇ અને શત્રુની નિર્બળતાને જાણવી, એ મંત્રનું તત્વ છે. ડાહ્યા માણસે નિષ્ફળ, ઘણા કલેશવાળું, જેમાં ફળનો નિશ્ચય નથી એવું, અને જેમાંથી મોટા શત્રુ થાય; એવું કર્મ કદી કરવું નહીં. તે કાળમાં અને આવતા કાળમાં શુદ્ધ નિર્દોષ માર્ગથી આવેલું અને બંને લોકમાં હિતકારક એવું કર્મ કરવું. એવા હિતકારક કર્મનેજ સત્પુરૂષો સદા વખાણે છે. તે વખતમાં કડવું લાગતું હોય. અને અંતે હિત કરનારૂં હોય, અને જેનાથી લોકમાં નિંદા થાય નહીં, તેવા કામમાં આસક્તિ રાખવી. ફળસિદ્ધિ સારૂ સદા દેશ કાળાદિકની અનુકૂલતા વિચારીનેજ પ્રારંભ કરવો, એ કલ્યાણકારક છે. કોઈ વખત મિત્રની સહાયતાવાળાને સિંહ સરખી વૃત્તિ પણ ફળદાયક થાય છે. એકદમ ઠેકીને દુષ્ટ થકી સંપતિ મેળવવી એ દુષ્કર છે. અને ઉપાયથી તો મત્ત હાથીના માથા ઉપર પણ પગલું મૂકી શકાય છે. આલોકમાં, કોઈ કાળમાં પંડિતોથી બની શકે નહીં એવી કોઈ વસ્તુ નથી. ભેદી ન શકાય એવું લોઢું પણ ઉપાયથી પીગળાવી શકાય છે. લોઢાનો કટકો ખભે ઊંચકી લઈ જવાથી કાંધને કાપતો નથી, પણ તે કટકો જો ધારવાળો હોય તો શત્રુની કાંધના છેદનરૂપ ઇષ્ટ સાધન થાય છે. લોકમાં પ્રસિદ્ધ છે કે જળ એ અગ્નિને ઠારનારૂં છે; તોપણ એ જળ પાત્રમાં રહ્યું હોય અને નીચે અગ્નિ બાળવાનો ઉપાય કર્યો હોય તો તેથી સુકાઇ જાય છે.

નહીં જાણેલાનું જાણવું, જાણેલાનો નિશ્ચય, આવી પડેલા બે પ્રસંગમાં સંશયનું છેદન અને અધૂરી વાતનું પૂરૂં જાણવું, એ ચાર પ્રકારનું મંત્રીનું કામ છે. વિદ્વાનની આજ્ઞામાં રહેવું, કોઇનું અપમાન કરવું નહીં, અને કોઈ વચન કહે તે વચન સુભાષિત ગ્રહણ કરવાની ઇચ્છાથી સાંભળવું. જે રાજા, હુંજ સર્વ જાણું છું એવા જ્ઞાનનો ઉદ્ધત હોય, શું કરવું શું ન કરવું એ બાબતમાં તદ્દન અજાણ હોય, અને જે મિત્રનું કહ્યું કરતો

ન હોય તેવા રાજાને શત્રુઓ થોડા કાળમાં પરાભવ પમાડી દે છે.

મંત્ર.

મંત્રનું બીજની પેઠે રક્ષણ કરવું કારણકે રાજાઓનું મંત્ર એજ બીજ છે કેમકે મંત્ર ભેદાયાથી પોતાનો નાશ થાય છે અને મંત્રથીજ (ગુપ્ત રાખવાથી) પોતાનો બચાવ થાય છે. સિંહની પેઠે ચેષ્ટા કરનારા વિદ્વાનનું કર્મ, થતી વખતે તેના કુટુંબીઓ જાણે છે; અને બીજા લોકો થયા પછી જાણે છે, રાજાએ તેવો મંત્ર (મનસુબો) કરવો કે જેથી પાછું પસ્તાવું ન પડે, પ્રજા પ્રસન્ન થાય, લાંબો વખત જાય નહીં, અને ભેદાય નહીં, એવો મંત્ર વખાણવા લાયક છે. પુરૂષ અને દ્રવ્યની સંપત્તિનો ઉપાય, અને ફળની સિદ્ધિ એ પ્રમાણે મંત્રનાં પાંચ અંગ (અવયવ) છે આરંભેલું કાર્ય સમાપ્ત કરવું, કાર્યોનો પ્રારંભ કરવો, કરેલું કર્મ સારી વૃત્તિથી ઘણો કાળ ટકાઉ થાય તેમ કરવું. મંત્રને ભણુનારા મંત્રી, દૂત અને ગૂઢ પુરૂષોને તેમની લાયકી પ્રમાણે ભિન્ન ભિન્ન કાર્યમાં યોજવા. તે ત્રણેનો એક મત થાય તે પ્રમાણે કામ અમલમાં લાવવું. જે બાબતમાં મંત્રીની અનુમતિ હોય અને જેમાં ચિત્તને શંકા રહેતી ન હોય તથા જેને સત્પુરૂષો નિંદતા નથી એવું કામ પાર પાડવામાં તત્પર રહેવું. મંત્રને જાણનારાઓએ જે મંત્ર નિશ્ચય કરેલો હોય તેને ફરીથી પોતે વિચારવો. મંત્રના તત્વને જાણનારા રાજાએ તેવી રીતે વર્તવું કે જેથી સ્વાર્થને હાનિ પહોંચે નહીં. કેટલાએક આપમતલબી મંત્રીઓ સ્વાર્થ કાઢવા સારૂ લાંબો વખત ચાલનાર વિગ્રહને ઇચ્છે કે જેથી લાંબી મુદતના કામમાં રોકાયેલો રાજા મંત્રીઓના ઉપભોગમાં આવે છે. મનની પ્રસન્નતા, કાર્ય સિદ્ધિમાં અતિ આગ્રહ, ઇંદ્રિયોની હુંશિયારી, અને સહાયતા સહિત ચઢાઇની સંપત્તિ એ સઘળાં કર્મની સિધ્ધિનાં લક્ષણુ છે. જલદી થનારાં વિઘ્ન રહિત લક્ષ્મીની પેદાશનાં કારણો આગળ થનારી સિધ્ધિને બતાવે છે.

થયેલા મંત્રને વારંવાર વિચારવો; પ્રયત્ન રાખી તેની રક્ષા કરવી. પ્રમાદથી રક્ષા કરેલો મંત્ર સમુદ્રના મોજાઓમાં તૈલબિંદુની પેઠે કાનો કાન ચોમેર ફેલાવ પામે છે, તથા ઘરમાં સળગી ઉઠેલા અગ્નિની પેઠે સર્વ રાજમંડળને બાળે છે. મદિરા પીવાથી થયેલો મદ, બીજા કાર્યમાં આસક્તિ, વધેલો ક્રોધ, ઉંઘનો વધારે વેશ્યાઓ, આ કાંઇ જાણતા નથી એમ અવજ્ઞા કરેલા પોપટ, મેનાં, બાળક અને રોગી વગેરે મંત્રનો ભેદ કરે છે. થાંભલા વગરની, બારી જાળી વગરની, અને કોઇ જણ છુપાઈ શકે તેવી છીતરી વગેરેનો યોગ જેમાં નથી એવી, મેહેલના ઉપલા ભાગની જગામાં અથવા વનમાં છુપા રહી મંત્ર કરવો. મંત્ર કરતી વખતે બાર મંત્રીને હાજર રાખવા એવું મનુ કહે છે. અને બૃહસ્પતિ સોળ મંત્રીનું કહે છે. ઉશનાના મત પ્રમાણે વીશ મંત્રીઓ જોઇએ. જો મંત્રીના ગુણ જેટલા કહ્યા છે તેટલા સર્વ ગુણોથી સંપન્ન મંત્રીઓ ઘણા હોય તોપણ તેની કંઇ ફીકર નહીં. ઇંદ્રની સભામાં હજાર ઋષિઓ હતા તેમની અનુમતિથી તે કામ કરતા તેથી સહસ્રાક્ષ કહેવાય છે. કેટલાએકનો એવો મત છે કે જેવું કામ તે પ્રમાણે તેમાં થોડા કિંવા ઝાઝા મંત્રીઓ જોઇએ. વિધિ પ્રમાણે સાવધાન રહી મંત્રીમંડળમાં બેસી કર્ત્તવ્ય વિષયનો જ્ઞાનની વૃદ્ધિ સારૂ વિચાર કરવો. પોતાનું હિત ઈચ્છનાર રાજાએ એકા મંત્રી સાથ કાર્યને ફરી ફરી વિચારી જુદા જુદા તે મંત્રીઓના અભિપ્રાયને ધ્યાનમાં લઇ તેમાંનો સારો જે એક હોય તેને ગ્રહણ કરવો. મોટા કુટુંબવાળો, શાસ્ત્ર પ્રમાણે કાર્યના વિચારને કરનારો હિતકારક અને બુદ્ધિમાન્ મંત્રી બીજા મંત્રીઓની સલાહ લઇ જે નિશ્ચયયુક્ત કહે તે પ્રમાણે ચાલવું. બુદ્ધિમાન્ પુરૂષે કોઇ દિવસ કાર્યનો સમય જવા દેવો નહીં. કારણ કે કાર્યનો યોગ દુર્લભ છે, ને માંડ માંડ હાથ આવેછે.

ડાહ્યા માણસે સત્પુરૂષના માર્ગ પ્રમાણે સમયસર કર્મ આચરવું. સમય જોઇને ઠીક કામ કરનારો માણસ રસવાળું ફળ

પામે છે. આ કામ કરીશ તો આટલો લાભ થશે, અને આ કામ નહીં કરૂં તો આટલું નુકસાન થશે; એવી રીતે લાભ હાનિનો વિચાર કરનારો, અનુકૂલ દેશકાળની સહાયતાવાળો, અને જેની પાછળ કોઇ શત્રુ નથી એવા વિજિગીષુ રાજાએ કોઈ દેશને કે નગરને સ્વાધીન કરવું. પણ સમય વિનાની ચપળતા કરી શત્રુપર તૂટી પડવું નહીં. શત્રુનું બળાબળ નહિ વિચારીને હુંજ સબળ છું એમ બળથી ઉદ્ધત થઇ પોતાના મતથી ચાલનારો, અહિતમાં હિત માનનારો, કુબુદ્ધિ અને ચપળ રાજા મંત્રીના મતનો અનાદર કરી એકી વારે હુમલો કરે છે, તો થોડા કાળમાં તેની આંખ ઉઘડે છે. નીતિ માર્ગમાં રહેનારો ઉદ્યોગી રાજા મંત્રના બળથી મોટા દુષ્ટ સર્પ સરખા શત્રુને વશ કરે છે.

એકાદશ સર્ગ સમાપ્ત.

સર્ગ ૧૨ મો.

દૂત પ્રચાર તથા ચર વિકલ્પ.

મંત્ર સિદ્ધ કરી, સર્વ મંત્રીઓનો સંમત લઇ, દૂતપણાનું અભિમાન ધરાવનારા દૂતને શત્રુનાં દેશપર મોકલવો. શત્રુની સભામાં ભય વગરનો, ધણીના સંદેશાને નહીં ભૂલનાર, પોતાના સંદેશાથી ધણીને રાજી કરનાર નીતિશાસ્ત્ર અને અસ્ત્રવિદ્યાને જાણનાર અને તે કામનો અભ્યાસી માણસ દૂત થવાને યોગ્ય છે. નિસૃષ્ટાર્થ, મિતાર્થ અને શાસનવાહક એ પ્રમાણે દૂત ત્રણ પ્રકારનો છે. તે દૂત કાર્યભારીથી ચાર આનાજ ઓછો હોવો જોઈએ. સંધિજ કરવો કે વિગ્રહ કરવો એવું મુકરર કર્યા સિવાય જે દૂતને મોકલવામાં આવે છે, તે નિસૃષ્ટાર્થ કહેવાય છે. જેમ યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને દુર્યોધન પાસે મોકલ્યા હતા. સંધિ કે વિ-

ગ્રહાદિકનો નિયમ કરી મોકલ્યો હોય કે તારે શત્રની સભામાં જઈ આ પ્રમાણે વ્યવહાર ચલાવવો, એ મિતાર્થ કહેવાય છે. એ નિસૃષ્ટાર્થથી ચાર આના ઓછો. અને કેવળ સ્વામીના સંદેશાને લઇ જાય છે, તે શાસનવાહક કહેવાય છે; એ મિતાર્થથી ચાર આના ઓછો. આમ કર્યાથી આવો પરિણામ થશે અને આવી રીતે કરીશું તો આ રીતે પરિણામ થવાનો. એવો ઉત્તરોત્તર વિચાર કરી ધણીના હુકમથી પરરાજ્યમાં જાય છે.

સીમાડાની ચોકી કરનારા તથા જંગલીઓ (ભીલ વગેરે)ને મિત્ર કરવા તથા પોતાના સૈન્યને આવવાનો માર્ગ સુલભ પડે એવા જળ પ્રદેશ અને સ્થળ પ્રદેશથી જાણીતા થવું. ખબર આપ્યા વિના શત્રુના શેહેરમાં કે સભામાં પેસવું નહીં. કાર્યને વાસ્તે અનુજ્ઞા લીધા પછી તેની પાસે જવું. શત્રુના દેશની કિલ્લા વગેરેની ગુપ્તિ, રક્ષા, છિદ્ર, ખજાનો અને સૈન્ય એ સઘળું જાણવું. ઉંચાં શસ્ત્ર લઇ મારવા તૈયાર થયા હોય તોપણ રાજાએ કહેલું હોય તેજ કહેવું. ભયથી જતતથ બોલવું નહીં. પ્રજાને તે રાજાપર સ્નેહ છે કે દુર્ભાવ છે તે જાણી લેવું. પોતાના રાજાની ખામી કાંઈપણ શત્રુ પાસે બતાવવી નહીં. તે જાણે નહીં તેવી રીતે કામ સાધવાના ઉપાય કર્યાં જવા. પોતાના સ્વામીની કસુર વિષે પૂછે, તોપણ તે વિષેનો જવાબ દેવો નહીં, અને ખુલ્લી વાણીથી કહેવું કે એ સર્વ આપ જાણો છો. કુળ, નામ, ધન અને કર્મથી ચાર પ્રકારની અંને મક્ષની સ્તુતિ કરવી. તીર્થ આશ્રમ કે દેવસ્થાનમાં શાસ્ત્રનો ઉપદેશ કરવાના છળથી રહેલા, ખોટા તપસ્વીનું રૂપ ધારણ કરનારા પોતાના ચર (બાતમીદાર) સહિત ખાનગી રીતે વાતો કરવી, શત્રુ રાજાની પાસે પોતાના ધણીના પ્રતાપ, કુળ, ઐશ્વર્ય, ઉદારતા, ઉત્સાહ શક્તિ, શુદ્ધતા અને નિર્મળ બુદ્ધિ વગેરે ગુણો દેખાડવા. સામા પક્ષે કહેલું અનિષ્ટ વચન સહન કરવું. કામ અને ક્રોધ તજવા; કોઈ સાથે સૂવું નહીં, કારણ કે સ્વપ્નાવસ્થામાં કેટલાએકને લવારો કરવાની

ટેવ હોય છે તેથી મંત્રનો ભેદ થાય છે. પોતાના મંત્રની રક્ષા કરવી, અને પારકો મંત્ર જાણવો. કામ કાઢવા સારૂ ત્યાં રહેવું, વખત થઈ જતો હોય તેથી કાયર થઈ જવું નહીં. નાના પ્રકારની લાલચ દઈ કાળવ્યતીત કરનારા શત્રુને જાણી લેવો. કેટલીએક મુદત ગયા પછી રાજાને તેટલા વખતમાં કાંઇક વ્યસન (કષ્ટ) દેખાય નહીં અને તે નીતિનો જાણીતો હોવાથી અંદર અંદરનો કલેશ મટાડતો હોય, ધાન્ય વગેરેનો સંગ્રહ કરતો હોય અને કિલ્લાને સુધારતો હોય ત્યારે પોતાના પક્ષનો ઉદય ઇચ્છનારા દૂતે જાણી લેવું જોઇએ કે આપણી ઉપર ચઢાઇ કરવાની ઈચ્છાથી આ રાજા દેશકાળની વાટ જુવે છે, અથવા આપણને ચઢી આવવાનો વખત ચુકાવવા સારૂ વિલંબ કરે છે. કાર્યના વખતમાં પોતાના પ્રભુને આવી પડેલી વિપત્તિ જાણીને એકદમ પોતાના દેશપર આવવું અથવા ખબર અંતર પોતાના રાજા ભણી મોકલવી. ત્યાં રહી પોતે સામેના રાજાના શત્રુઓનું પ્રમાણ કરવું, તેના સગા સંબંધીઓને ફોડવા, કિલ્લો ખજાનો અને સેનાની માહીતી મેળવવી, રાજ્યના મહાલોને રક્ષણ કરનારાં અમલદારોને સ્વાધીન કરવા, યુદ્ધમાં બચવાનો માર્ગ ખોળવો, એ સર્વ દૂતનું કામ છે. દૂતે કરીનેજ રાજાએ શત્રુનો નીશ કરવો. પોતાના પક્ષમાં પરાયા રાજસ્થાનના દૂતોની વર્તણુક જાણી લેવી.

તર્કને જાણનારો, શરીરની ચેષ્ટા ઉપરથી મનના અભિપ્રાયને ઓળખનારો, સ્મૃતિ શક્તિવાળો, કોમળ વચનને બોલનારો ઝડપથી ચાલનારો, ભૂખતરસ વગેરે દુઃખોને સહન કરનારો, હુશિઆર, ચંચળ, અને 'હાજર' જવાબ આપનારો ચર જોઇએ. જગતના મતને જાણનારા, તપસ્વીના વેષને ધારણ કરનારા, ચતુર, અને વેપાર કે શિલ્પ ક્રિયા કરી જીવનારા ચરો ચોમેર ફરવા જોઇએ. નિરંતર સર્વ વાતોને જાણનારા ચરો રાજા પાસે આવે અને જાય. કારણ કે ચર એ રાજાની દીર્ઘદૃષ્ટિ છે. ખોટી રીતે અતિ છુપા પરાયા વૃત્તાંતને પ્રકાશ કરવાના હે-

તુથી ધુસી જઇ શત્રુની ચેષ્ટાથી તમામ વાકેફ થવું. કારણ કે ચાર દૃષ્ટિવાળો રાજા સુતો હોય તોપણ જાગે છે. મતલબ કે ચારરૂપ ચક્ષુથી સર્વ જગતના વૃત્તાંતને પ્રત્યક્ષ જુવે છે. પોતાના તેજથી સૂર્ય જેમ આખા જગત્‌માં વ્યાપે છે. અને વાયુ જેમ પોતાની ચેષ્ટાથી સર્વ જગત્‌માં ફરી વળે છે, તેમ લોકમાન્ય પોતાના ચારોએ કરી આખી પૃથ્વીની ખબર મેળવવી. ચારચક્ષુ રાજાએ તે ચારરૂપ ચક્ષુથી સઘળું કામ નિર્ણય કરીને કરવું અને મૂઢ બુદ્ધિથી એટલે ચારરૂપ દૃષ્ટિથી જોયા વિના ચાલનારો રાજા સરખી જમીન ઉપર પણ ગોથું ખાઇ જાય છે કારણ કે તે ચારરૂપ ચક્ષુથી જોયા સિવાય અંધ થઇ હડી કાઢે છે. શત્રુની સંપત્તિનો ઉદય, સર્વ અવસ્થાની વર્તણુક અને તે દેશમાં રહેનારા અભિપ્રાયો ચારથી જાણવા એક છાનો અને બીજો પ્રસિદ્ધ એ પ્રમાણે ચર બે પ્રકારના છે. તેમાં વેષાંતર કરી છૂપો રહે તે ચર અને જાહેર રીતે આવે તે દૂત કહેવાય છે.

રાજાએ પૃથ્વીના લાભ પાલન વગેરે વ્યવહારમાં ચરના કહેવાપર વિચાર કરીને વર્તવું. જેમ વેદોક્ત વાક્ય પ્રમાણે યજ્ઞ કરનાર બ્રાહ્મણ વર્તે છે. કઠોર કર્મ કરનારો, વાનપ્રસ્થ આશ્રમના ચિન્હોને ધારણ કરનારો, અગ્નિહોત્રીના વેષવાળો અને નિર્મળ ચરિત્રવાળો; એ બધા ચર હોય છે. તે ચર પણ એક બીજાને જાણે નહીં. તે ચરોને રહેવા સારૂ જુદાં જુદાં સ્થાન બંધાવવાં કે જે સ્થળોમાં ખબર મેળવનારા ચરો રહે, કોઇ વાણીઆને વેષે રહે કોઈ ખેડુત થઇ રહે કોઈ બ્રહ્મચારી થઇ રહે કોઇ તપસ્વ થઇ રહે. અને કોઇએ ગુરુ થઇને રહેવું. તેઓએ પોતાના ધણી સાથે સ્વચ્છ વૃત્તિથી વર્તવું. પોતાના દેશમાં કે પરદેશમાં, શત્રુમિત્ર કે ઉદાસીનમાં જે કોઈ જેવી રીતે વર્તતો હોય, તે તે માણસનો અભિપ્રાય જાણનારા ચરો તે તે સ્થળોમાં રહેવા જોઈએ. જે રાજા સ્વપક્ષમાં કે પરપક્ષમાં થતા વિરૂદ્ધ કૃત્યને જાણતો નથી

તે જાગતાં છતાં પણ સૂતો છે. કારણ કે તે સાવધાન રેહતો નથી, તેથી દીર્ઘ નિદ્રાવાળો છે.

પોતે કહેલી વસ્તુ નહીં આપવાના કારણથી ક્રોધ પામેલા અ-થવા કારણ વિના ગુસ્સે થયેલા જે કોઇ પોતાના નોકર વર્ગમાં હોય તે સઘળાઓને જાણી લેવા. દુષ્ટ અંતઃકરણવાળા નિષ્કારણ ક્રોધીને મોટા દંડની સંજા કરવી. અને જે વાજબી કારણને લઇને ક્રોધ પામેલા છે, તેઓની તકરાર મટાડી દાનમાનથી સત્કાર કરી પોતાના પક્ષમાં લેવા અને પોતાનું છિદ્ર ઢાંકી રાખવું. અણુમાત્ર પણ રક્ષા વગેરે બંદોબસ્તમાં ખામી આવે તો બળ-વાન્ શત્રુ રાજ્યમાં પેસી જઇ પાણીમાં રાખેલા છિદ્રવાળા વાસ-ણની પેઠે આખો દેશ ડુબાવે છે.

જડ, મુંગા, આંધળા, બેહેરાપણાના ડોળને ધારણ કરનારા તથા કોળી, વાઘરી, કારીગર, કુબડા, ભિક્ષુક, ચારણ અને નાના પ્રકારના કાર્યોને જાણનારી ગુલામડીઓ છુપી રીતે જનાનાની વાર્તા લઈ આવે છે. છત્ર, ચામર, જળપાત્ર, પાલખી અને હાથી ઘોડા વગેરે વાહન રાખનારા, અને તેમના જેવા બીજાઓ પણ મંત્રી તથા રાજ્યગોર વગેરેની વાર્તા જાણે એવી તજવીજ રાખવી. રસોઇઆ, પથારી પાથરનારા, અંગની સેવા કરનારા, પગચંપી કરનારા, જમાડનારા, પાણી પાનારા, પાનસોપારી દેનારા, ફુલ આપનારા, અલંકાર પેહેરાવનારા અને ચંદનનું લેપન કરનારા જે કોઇ સર્વદા પાસે રહેનારા હોય તેઓના હાથથી વિષ દેવાવું સુલભ છે., શરીરની આકૃતિ ઉપરથી, લખેલા અ-ક્ષરો ઉપરથી, અંગોના મરોડવા ઉપરથી, અને બીજાં દેહનાં લક્ષણો ઉપરથી હુશિયાર ગૂઢ પુરૂષે દિવાન તથા હજૂરિયાઓના આચરણથી જાણીતા થવું. અનેક પ્રકારની કારીગિરી અને વિદ્યા-ભ્યાસમાં પ્રવીણ, ને બહુ રૂપને ધારણ કરનારા ચરોએ, સૂર્યનાં કિર-ણો જમીનપરના જળને જેમ ખેંચે છે, તેમ જગતના અભિપ્રાયને

ખેંચવા. શાસ્ત્ર અને લોકાચરણને જાણનારા, નિર્મળચિત્તવાળા વિજિગીષુએ પોતાની સમૃદ્ધિ વધારવા સારૂ જે ઉપાયથી શત્રુ સપાટામાં આવે તેવા પ્રકારે ગૂઢ પુરૂષથી જાણીને તે યોજવા.

દ્વાદશ સર્ગ સમાપ્ત.

સર્ગ ૧૩ મો.

ઉત્સાહની પ્રશંસા અને પ્રકૃતિનાં વ્યસનો.

હમેશાં દૂત કે ચરના ફરવાથી પણ સંધિ વગેરે કંઇ કામ સિદ્ધ ન થયું, તો પોતાની સૂક્ષ્મ બુદ્ધિના વિચાર ઉપરથી આગળ કહેલી રીતિથી યુદ્ધયાત્રા કરવી. જેથી આપત્ કાળમાં કે અભ્યુદયના વખતમાં એક સરખું સ્થિર રહેવાય છે, એવા સત્વ નામના ગુણ તથા નિશ્ચયથી યુક્ત બુદ્ધિથી, અરણીના કાષ્ઠથી જેમ અગ્નિ પ્રગટ થાય છે, તેમ રમણીય ફળ પ્રાપ્ત થાય છે. માટી પથરા વગેરેમાંથી જેમ સોનું મળે છે, અને મથન કરવાથી જેમ માખણ તારવાય છે, તેમ બુદ્ધિ અને નિશ્ચયથી અવશ્ય ફળ થાય છે. બુદ્ધિમાન્, ઉત્સાહી, અને પ્રભુ શક્તિથી યુક્ત રાજા, જળનું પાત્ર જેમ મહાસમુદ્ર છે, તેમ લક્ષ્મીનું શ્રેષ્ઠ પાત્ર થાય છે. જેમ પાણીની બોહોળાઇથી કમલિનીનું રક્ષણ થાય છે, તેમ બુદ્ધિથી કમલા (લક્ષ્મી) નું પાલન થાય છે. પાલન કરેલી લક્ષ્મી ઉદ્યોગ અને નિશ્ચયથી વિસ્તાર પામે છે. બુદ્ધિથી વિચારી વિચારી ડગલાં ભરનાર ઉત્સાહ સંપન્ન રાજાની લક્ષ્મી કાયાની છાયાની પેઠે રાજાને છોડી દૂર જતી નથી, તથા વિસ્તાર પામે છે. વ્યસન રહિત ઉદ્યોગમાં કંટાળી નહીં જનાર, મોટા ઉત્સાહવાળો, અને મંત્ર શક્તિમાં કુશળ એવો જે રાજા હોય છે, તેના ખજાનામાં સમુદ્રમાં નદીઓની પેઠે લક્ષ્મી પ્રવેશ કરે છે. સત્વ અને બુદ્ધિથી યુક્ત

હોય પણ જેનું મન વિષયોમાં મગ્ન હોય એવા આળસુ રાજાને, નપુંસકને જેમ સ્ત્રીઓ છોડી દે છે, તેમ લક્ષ્મી ત્યાગ કરી દે છે. જેમ લાકડાં વતી અગ્નિને પ્રજ્વલિત કરીએ છીએ તેમ ઉદ્યોગ શક્તિથી સત્વગુણને વધારવો. પોતે દુર્બળ હોય તે છતાં પણ જો હમેશાં ઉદ્યોગમાં મંડ્યો રહે છે, તો લક્ષ્મી મળે છે. દુષ્ટ સ્ત્રીને જેમ ઘણો પુરુષાર્થ કરી ભોગવાય છે, તેમ લક્ષ્મી ભોગવવા સારૂ પણ ઉદ્યોગને સદા ઇચ્છવો, પરંતુ નપુંસકની પેઠે આચરવું નહીં, એટલે કે નિરુદ્યોગી થઈ બેસી રહેવું નહીં. વિનય વિનાની શંખિની સ્ત્રીની પેઠે ચંચળ લક્ષ્મીને સિંહની વૃત્તિ ધારણ કરી કેશ પકડી વશ કરવી. મુકુટોના મણિઓથી શોભાયમાન શત્રુઓના મસ્તક ઉપર પગલું મૂકયા સિવાય પુરૂષ રાજ્ય સંપત્તિનું સુખ પામતો નથી. પ્રયત્નથી પ્રેરેલો ચિત્તરૂપ હાથીથી, મજબૂત થયલા વૈરીરૂપી ઝાડોને ઉખેડી નાંખ્યા સિવાય સુખ કયાંથી પ્રાપ્ત થાય? લીલા માત્રથી ખેંચેલા ઝગઝગતા ખડ્ગના કિરણોથી સુશોભિત હાથીની સુંઢ સરખા લાંબા હાથથી લક્ષ્મી મેળવાય છે. ઉંચી ઉંચી પદ્ધતિની ઇચ્છા રાખનારો મહાન્ પુરૂષ ધીમે ધીમે ઉંચી પદવીએ ચઢતો જાય છે, અને પડી જવાની બીકથી નીચે નીચે ઉતરતો નામરદ નીચ પદવીને પ્રાપ્ત થાય છે. કેસરી સિંહ જેમ પોતાના પ્રમાણથી અધિક હાથીના કુંભસ્થળપર પંજો મારે છે, તેમ સત્વને ધારણ કરનાર રાજા મોટા રાજ્યસ્થાનમાં હાથ નાંખી શકે છે. જો કે આ પ્રમાણે ઉત્સાહની પ્રશંસા છે, તોપણ પરાયા બળની શક્તિ જોઇ હાથ પગ હલાવવા. જેમ નિર્ભય થઈ ભય ઉપજાવનાર સર્પ શરીર દેખાડે છે, એટલે કે મોટી ફેણ ચઢાવી ફુંફવાટા મારે છે, તેવો આડંબર રાખવો. અને વખત જોઇ શક્તિ પ્રમાણે શત્રુપર દંડ ધરવો.

જે કારણોથી સ્વામી વગેરે પ્રકૃતિને વ્યસન (કષ્ટ) થાય, તે કારણ શાંત કરી યુદ્ધ કરવાનો ઉદ્યોગ કરવો. અશુભ વિધિથી,

અનીતિથી, કે દૈવયોગથી વ્યસન પ્રાપ્ત થાય છે, કે જે કારણથી કલ્યાણ દૂર ફેંકાય છે; માટે વ્યસન કહેવાય છે (વ્યસન શબ્દમાં વિ ઉપસર્ગ અને અસ્ ધાતુ ફેંકવાના અર્થનો છે.) વ્યસની પુરૂષ કલ્યાણ માર્ગથી ભ્રષ્ટ થઈ નીચની પદવીને પ્રાપ્ત થાય છે. એટલા કારણને માટેજ વ્યસનોનો ત્યાગ કરવો જોઇએ. અગ્નિ, જળ, વ્યાધિ, દુષ્કાળ, અને મરકી એ પાંચ પ્રકારનું દૈવકૃત વ્યસન અને બીજું પુરૂષકૃત વ્યસન, પાંચ પ્રકારનું દૈવકૃત વ્યસન પુરૂષાર્થથી કે અથર્વણ વેદમાં કહેલી શાન્તિથી શાન્ત કરવું. કાર્યના તત્વને જાણનાર પુરૂષે ઉત્સાહ શક્તિથી અને નીતિથી મનુષ્યકૃત વ્યસન શાંત કરવું. રાજાથી માંડી મિત્રપર્યંત પ્રકૃતિ મંડળ કહેવાય છે. તે પ્રકૃતિ મંડળનાં કર્મ અને વ્યસનો અનુક્રમ પ્રમાણે નીચે કહેવામાં આવે છે.

પ્રકૃતિનાં કર્મો અને વ્યસનો.

રાજાનાં કર્મ અને વ્યસનો વિષે ઘણું કહેવાનું છે. માટે સૂચીકટાહ* ન્યાયની રીતિથી મંત્રીનું કર્મ અને તેનાં વ્યસનો પ્રથમ કહીએ છીએ. મંત્રીના ફળની પ્રાપ્તિ, અમુક કામ કરોજ એવી પ્રેરણા, આવતા વખતમાં થનાર શુભાશુભ ફળનું નિરૂપણ, ધનનો આવવાનો રસ્તો, યોગ્યસ્થાનમાં ધનનું દાન, દંડને યોગ્ય અધિકારીઓનો ધર્મશાસ્ત્ર પ્રમાણે દંડ લેવો, નીતિબળથી શત્રુઓનું દમન કરવું, દુઃખદેનારા દુષ્કાળ વગેરે કષ્ટોનું નિવારણ, અને બુદ્ધિબળથી રાજા અને રાજ્યનું રક્ષણ એ સર્વ મંત્રીનું કર્મ છે. તે જો વ્યસનવાળો હોય તો રાજ્ય આખાનું નખોદ વાળે છે. વ્યસનવાળા કાર્યભારીથી રાજા શત્રુના સંકટમાં આવી પડે છે. તેથી પાંખો વગરના પક્ષીની પેઠે આવી પડેલી આપ-

---

* કોઈ લુવારને ત્યાં જઈ એક જણે કહ્યું કે મને કઢાયું ઘડી આપ. ત્યાર પછી બીજે જણે જઈને કહ્યું કે મને સોય ઘડી આપ. ત્યારે લુવાર પ્રથમ સોય ઘડીને પછી કઢાયું ઘડવાનો; કારણ કે સોય ઘડવાનું કામ ટૂંકું છે.

તિનો ઉપાય કરવાને અત્યંત અશકત થાય છે. સોનું, ધાન્ય, વસ્ત્ર અને વાહન વગેરે બીજા પણ પદાર્થો સર્વ પ્રજાથીજ સંભવે છે. વાર્ત્તા (ખેડ, વેપાર વગેરે) પ્રજાથી સિદ્ધ થાય છે. તે પ્રજા વિપત્તિ પામતી હોય તો તેમાંનું કશું સિદ્ધ થતું નથી.

શત્રુએ જ્યારે નગર દબાવેલું હોય ત્યારે પ્રજાને આશ્રય ગઢ છે. ખજાનો અને સૈન્યનું રક્ષણ એ કિલ્લાથી થાય છે. પ્રજા આપત્કાળમાં આશ્રય લેવા સારૂ કિલ્લાવાળા રાજાને ધનાદિકથી ઉપકાર કરે છે. શત્રુ ન જાણે એવી રીતે એકીવારે ચારેમેરથી હલ્લાં કરવી, શરણાગત મનુષ્યોનું રક્ષણ, દુઃખ પામેલા મિત્ર અને અમિત્રનું ગ્રહણ સામંત અને જંગલી લોકોની ચઢાઇનું નિવારણ, એ સર્વ દુર્ગ (કિલ્લો)ના બળથીજ થાય છે. એ માટે કિલ્લાનું નામ દુર્ગ (दुःखेन गम्यतइति દુઃખે કરીને જવાયે) રાખેલું છે. કિલ્લામાં બેઠેલો રાજા પોતાના પક્ષથી પણ પૂજાય છે. કારણ કે રાજા કિલ્લાના બળથી નિગ્રહ અને અનુગ્રહ કરવામાં સમર્થ છે. એ સઘળું સુખ કિલ્લાના અભાવથી રહેતું નથી.

ચાર પ્રકારની સેનાનું પોષણ, દાન, અલંકાર, હાથી ઘોડા વગેરે વાહનોની ખરીદી, સ્થિરતા, શત્રુના સૈન્યનો ભેદ, કિલ્લાની સુધારણા, પુલ બાંધવા, વ્યાપાર કરવો, પ્રજાને અને મિત્રાને પોતાની પક્ષમાં લેવા, અને ધર્મ અર્થ ને કામ એ પુરૂષાર્થની સિદ્ધિ, એ સઘળું ખજાનાથીજ થાય છે. માટે સર્વ લોકનું કહેવું છે કે ખજાનો એ રાજાનું મૂળ છે. ખજાનાના કષ્ટવાળા રાજાને ઉપર કહેલું કશુ સિધ્ધ થતું નથી. ઘણા ધનવાળો રાજા લઢાઇ ટંટાથી ઘટી ગયેલું સૈન્ય વધારી શકે છે, પ્રજાનો સંગ્રહ કરી શકે છે, અને શત્રુઓ પણ ધનના લોભથી તેને આશરે આવી પડી તેના કામમાં મદદગારી કરે છે.

પૃથ્વી, સોનું અને મિત્રાની વૃદ્ધિ, આવનારા કામમાં ઉતાવળ, મળેલા રાજ્યાદિકનું પાલન, શત્રુના સૈન્યનો નાશ

અને પોતાની સેનાનું રક્ષણુ એ સઘળું દંડ (સૈન્ય) થી થાય છે. તે જો ન હોય તો બધું ક્ષય પામે છે. સેનાવાળા રાજાના શત્રુઓ પણ મિત્ર થાય છે. સૈન્યવાળો રાજા બળથી પૃથ્વી ભોગવે છે, મિત્રોને સ્થિર કરે છે, અમિત્રનો નાશ કરે છે, અને તેઓ (મિત્રો) પૃથ્વી, ધન, અને સૈન્ય તથા પ્રાણુવડે પણ ઉપકાર કરે છે. સ્નેહવાળા ઘણા મિત્ર થાય છે, માટે તે મિત્ર કષ્ટમાં આવી પડ્યા હોય તો મિત્રથી બનવાનું કાર્ય સિદ્ધ થતું નથી. પ્રત્યુપકાર કર્યા વિના પણ મિત્ર પોતાના શુભ કામમાં મદદ કરે છે. અને મિત્રવાળો સેહેલથી મુશ્કેલીનું કામ પણ પાર પાડે છે.

ત્રયી, વાર્ત્તા અને દંડનીતિ વગેરે વિદ્યાઓનું ચિંતન, બ્રાહ્મણુ વગેરે વર્ણો તથા બ્રહ્મચર્ય વગેરે આશ્રમોનું રક્ષણુ, ઝેર પાયા વિનાના શસ્ત્રોનું ગૃહણુ, ધર્મ યુદ્ધ અને કપટ યુદ્ધ વગેરેનો અભ્યાસ, કસરત, શસ્ત્રોનાં લક્ષણોનું જ્ઞાન, પૃથ્વીમાં રહેલી ખાણોની પરીક્ષા, હાથી ઘોડા અને રથપર બેસવું, મલ્લયુદ્ધમાં કુશળતા, કપટ કરી સર્વના મનનો અભિપ્રાય જાણુવો, શઠલોકો સાથે ધૂર્તપણું, સત્પુરૂષો સાથે સરળતા, મંત્રીઓ સાથે મંત્રનો આરંભ, મંત્ર કર્યા પછી પણ તેનો વિચાર અને રક્ષા, ચિત્તની સ્વસ્થતા, સામદામની ઉપેક્ષા, શત્રુઓના ભેદનું સાધન, દંડ કરવા લાયક મનુષ્યોનો દંડ. સૈન્યને કસરત કરાવનારો સેનાધિપતિ, મંત્રી, (મંત્રમાં સહાય કરનારો), અમાત્ય (મંત્ર અને મંત્રના કાર્યમાં સહાય કરનારો), અને ગુરુ એ સઘળાઓના પ્રચારનું સારી રીતે જ્ઞાનઃ તે એવી રીતે કે સ્વામીનું હિત કરનારો કોણુ છે, તથા તેથી વિપરીત (કહેતુ) કોણુ છે એવું જાણુવું, દુષ્ટ અધિકારીઓને તેમની નોકરીના પદથી ભ્રષ્ટ કરવા, પોતાના રાજ્યમાં જે માણુસ કારણુને લઇને આવ્યા હોય અથવા કારણુ વિના આવ્યા હોય તેની માહીતી, દૂતોને મોકલવા, કારબારી વગેરે પ્રકૃતિના દુઃખનું નિવારણુ, ક્રોધ પામે-

લાઓના ક્રોધની શાંતિ, ગુરુ સાથે અનુકૂલતા, પૂજ્યોની પૂજા, વસ્તીનો ન્યાય ચુકવવા ન્યાય કચેરીમાં બેસવું, રાજ્યમાં કંટક હોય તેઓને ધનના દંડની કે વધની શિક્ષા, ખરા ખોટાનું જ્ઞાન, કરેલા કામની તથા ન કરેલાની પરીક્ષા, સંતોષ પામેલા અને અસંતુષ્ટોનો વિચાર, મધ્યમ તથા ઉદાસીનના ચરિત્રનું જ્ઞાન, મિત્રોનો સંગ્રહ, અમિત્રોનો નિગ્રહ (દંડ), પુત્ર તથા જનથી પોતાનું રક્ષણ, બંધુવર્ગનું ગ્રહણ, ખાણ, દ્વીપ તથા વન વગેરેની ઉપજની સંભાળ અસત્ પુરૂષોને કલેશ, સત્પુરૂષોનું રક્ષણ, પ્રાણી માત્રની અહિંસા, અધર્મનો ત્યાગ, અકાર્યનો નિષેધ, કાર્યમાં પ્રવૃત્તિ, દેવાયોગ્ય વસ્તુનું દાન, નહીં દેવા યોગ્ય રાજ્યચિહ્નનો સંગ્રહ, નહીં દંડવા યોગ્યનો દંડ નહીં લેવો, દંડ દેવા યોગ્યને દંડવા, ગ્રહણ કરવાયોગ્ય જે ચીજ હોય નહીં તેનો ત્યાગ કરવો, ગ્રાહ્યવસ્તુને લેવી, અર્થવાળી વાતો કરવી, અનર્થનો ત્યાગ કરવો, ન્યાયથી કર લેવો અથવા વખત જોઇ માફ કરવો, મુખ્ય રાજપુરુષોનું પાલન કરવું, કાઢી મૂકવા યોગ્ય અપરાધીઓનો દેશનિકાલ કરવો, વ્યાધિ, દુર્ભિક્ષ વગેરે હરકતોનું નિવારણ, પરસ્પર થતા વિરોધોની શાંતિ કરવી, અજાણી વસ્તુનું જ્ઞાન મેળવવું, જાણેલી વસ્તુનો નિશ્ચય કરવો, કર્મનો આરંભ કરવો, આરંભેલા કામને પાર પાડવું, અપ્રાપ્ત વસ્તુને ન્યાયથી મેળવવાની ઇચ્છા રાખવી, મળેલી વસ્તુનો વધારો કરવો, મેળવેલી લક્ષ્મીનું વિધિ પ્રમાણે સુપાત્રને દાન કરવું, અધર્મનો નિષેધ કરવો, ન્યાય માર્ગને અનુસરવું, ઉપકાર કરવા લાયક માણસોનો ઉપકાર કરવો. આ સઘળી રીત ભાતો રાજાને અવશ્ય રાખવી જોઇએ.

નીતિ માર્ગે ચાલનારો ઉદ્યોગી રાજા સર્વ રાજમંડળને ઉંચી પાયરીએ લાવે છે; અને વ્યસની હોય તો ડુબાવે છે. રાજા ધર્મ કરવામાં કે ધનસંપાદન કરવામાં રોકાયલો હોય અથવા કોઇ રોગના કારણને લીધે બેચેનીવાળો હોય તો રાજ્ય મજકુરનું કામ સઘળું મંત્રીએ કરવું જોઇએ. વાણીની કઠોરતા,

દંડની તીક્ષ્ણતા, ધનનું દૂષણ—એટલે નોકરોનો પગાર નહિ આપવો કે કાંઇ તેમની પાસેથી વસ્તુ છીનવી લેવી, સુરાપાન, સ્ત્રીઓમાં આસક્તિ, શિકારનો શોખ અને જુગાર એ સઘળાં રાજાનાં વ્યસન છે. આલસ્ય, સ્તબ્ધપણું, શૂરપણું, અહંકાર, ઇંદ્રિયોને સ્વાધીનપણું, અને શત્રુતાના કારણ વગર ઘણા માણસો સાથે વૈર કરવું. એ તથા ઉપર કહેલાં સાત વ્યસનો જેમ રાજાનાં છે, તેમ કારભારીનાં પણ જાણી લેવાં.

દેશનાં વ્યસનો.

અતિવૃષ્ટિ (ઘણો વરસાદ), અનાવૃષ્ટિ (વરસાદનું બિલકુલ નહિ પડવું), તીડ, ઉંદર, તથા પોપટોનું આવવું, હક વિનાનો કર, દંડ, પરાઇ ફોજે કરેલી લૂટ, તસ્કર, રાજાનું સૈન્ય તથા તેના પ્રિયનો ત્યાગ, મરકી વગેરે વ્યાધિની પીડા, અને પશુ વગેરેનું મરણ એ સર્વ દેશનાં વ્યસનો છે.

કિલ્લાનાં વ્યસનો.

કિલ્લામાં રહેલાં યંત્ર તથા ખાઇઓનું ભાગી તૂટી પડવું; ધનુષ, બાણ, તલવાર, ભાલા, વગેરે શસ્ત્રોની ગેરહાજરી; અનાજ, ઘાસ અને લાકડાંનું સ્વલ્પપણું એ સર્વ કિલ્લાનું વ્યસન છે.

ખજાનાનાં વ્યસનો.

નોકર ચાકરને ઘણું આપી દેવું, ઘણી જગોએ ધનને વિખેરી નાંખવું, ખજાનચીની ખાઉકી, સંચયનો અભાવ, ચોરોયે કરેલી લૂટ, જોઈતા વખતમાં દૂર હોવાને લીધે ગેરહાજરી, એ સર્વ ખજાનાનાં વ્યસન છે.

સેનાનાં વ્યસનો.

શત્રુના સૈન્યે રોકી લીધેલું, જુદી જુદી જગોએ વિખેરી નાંખેલું, અપમાન કરેલું, માન નહીં આપેલું, જેને ચડેલો પગાર આપ્યો નથી એવું, વ્યાધિવાળું, થાકી ગયેલું, દૂરથી ચાલી આવેલું, નવું કરેલું, ઘણા યોદ્ધાઓ જેમાં કપાઇ ગયા છે એવું,

જેમાં મુખ્ય વીરો નાશ પામી ગયા છે એવું, આશાવાળું, વૈરાગ્યવાળું, બાઈડીઓવાળું, અનેક રાજ્યો ઉપર ફૂટું ફૂટું ગયેલું, શત્રુઓના પ્રવેશવાળું, કુસંપી, કોઇ દિવસ જેણે પરદેશની યુદ્ધ યાત્રા કરી નથી એવું, લડાઈની કસરતને નહીં જાણનારૂં, બાપ દાદાની પરંપરાથી આવેલું જેમાં મૌલ સૈન્ય કોપ પામેલ છે એવું, જુદા જુદા મતવાળું, શત્રુઓ સાથે અંદરખાનેથી મેળાપવાળું, નિમકહરામ, ધાન્યાદિકની પ્રાપ્તિ જ્યાં થઈ શકતી નથી એવી જગાએ આવી પડેલું, જ્યાં મિત્રનું બળ પહોંચી શકતું નથી એવી રીતે સંકટમાં આવી પડેલું, આધાર વિનાનું, સ્વામીની અનુમતિ વિના મળેલું, જુદા જુદા કપટવાળું, અને પરદેશના માર્ગને નહિ જાણનારૂં, એવું સૈન્ય હોય તો કંઇ કામનું નહીં.

ઉપર કહેલું સૈન્યનું વ્યસન છે, તેમાં કેટલુંએક સાધ્ય છે, અને કેટલુએક અસાધ્ય છે. શત્રુએ રોકેલા સૈન્યને છોડાવવાથી તે સબળ થઇ લડે છે, અને અપમાન કરેલા સૈન્યનો ક્રોધરૂપી અગ્નિ ઘણો પ્રદિપ્ત થાય છે, તેથી તે લડતું નથી. પગાર ન આપેલા સૈન્યને સારી રીતનો પગાર આપવાથી તે લડે છે. વ્યાધિથી પીડાયલું સૈન્ય પરાભવ પામે છે. થાકી ગયેલા સૈન્યનો તજવીજ કરી સ્નાનભોજનાદિકથી થાક ઉતરાય તે લડે છે. દૂરથી આવવાને લીધે નિર્બળ થઇ ગયેલું સૈન્ય હથિયાર પકડવામાં શક્તિ ધરાવતું નથી. ધુરંધર વીર પુરૂષો કપાઇ જવાથી ક્ષીણ થયેલું સૈન્ય લડાઈ કરી શકતું નથી. શત્રુના શૂરોએ ભંગાણ નાંખેલા સૈન્યમાં વીર પુરૂષોનો સમાગમ થાય તો તે લડે છે. જેનો સેનાધિપતિ નાશ થયેલો છે, તેવું સૈન્ય યુદ્ધથી વિમુખ થાય છે. વૈરાગ્યવાળું સૈન્ય લડતું નથી. થોડીક જગામાં સંકોચમાં આવી પડેલું, પ્રથમથી દબાણમાં આવી પડેલું, અને પાછળથી નીકળી ગયેલું સૈન્ય આયુધની સામગ્રીનું સંપાદન કરી લડે છે. જે સૈન્યની અંદર સ્ત્રીઓ હોય છે તે સ્ત્રીઓને ઠેકાણાસર કરી દેવાથી સૈન્ય સંગ્રામ

કરવાને સમર્થ થાય છે. મિત્રની સહાયતા માટે મોકલવાથી છેટું પડી ગયેલું, તથા જેની અંદર છાનુ શત્રુનું સાલ છે. એવું સૈન્ય પણ લડતું નથી. માંહોમાંહે ફાટાફાટી ચાલેલું તથા બીજા રાજ્યમાં મોકલેલું, તથા જેણે પરદેશ ખેડેલો નથી તેવું. અને બીકણુ તથા યુદ્ધકળા નહીં શીખેલું સૈન્ય લડતું નથી, ક્રોધ પામેલું તથા બાપદાદાની પરંપરાથી આવેલું સૈન્ય સાંત્વના કરવાથી લડે છે. શત્રુની સાથે મળેલું તથા જેને જવાના રસ્તા રોકાઇ ગયા છે તેવું સૈન્ય લડી શકતું નથી, દૂષણવાળા સૈન્યમાંથી કંટકો કાઢી નાંખવાથી તે યુદ્ધમાં તૈયાર થાય છે, આપત્તિના વખતમાં પોતાના કામમાં સંપૂર્ણ રીતે રોકાયલું સૈન્ય યુદ્ધ યોગ્ય થતું નથી. અન્ન વસ્ત્ર, ઘી, વગેરે સેનાને ઉપયોગી વસ્તુ જ્યાં આવી શકતી નથી, તથા મિત્રનું બળ જ્યાં પહોંચી શકતું નથી, એવું સૈન્ય યુદ્ધમાં સમર્થ થતું નથી. કુળપરંપરાથી આવેલું સૈન્ય જે સેનામાં નહોય, ધણી વિનાની જે સેના હોય, જે ચીડાઇ ગયલી હોય, તથા પરદેશથી અણ વાકેફ હોય, જુગાર કે દારૂ વગેરેનું વ્યસન જેને લાગેલું હોય, દૈવ સંબંધી ફાગળિયા વગેરેનો રોગ જેને થયો હોય, તથા કામ ક્રોધાદિકના કહેવાઇ ગયેલા દોષોથી યુક્ત હોય એવી સેના સંગ્રામમાં સમર્થ થતી નથી.

રાજા વગેરે રાજ્યની જે સાત પ્રકૃતિ (અંગ) કહેવામાં આવી, તેમાં પૂર્વ પૂર્વનું વ્યસન ભારે પડતું છે. એટલે કે મિત્રના કષ્ટથી સેનાનું કષ્ટ, અને સેનાના કષ્ટથી ખજાનાનું કષ્ટ; તથા ખજાનાના કષ્ટથી કિલ્લાનું કષ્ટ; ને કિલ્લાના કષ્ટથી કારભારીનું કષ્ટ મોટું છે; અને તે સર્વ કરતાં પણ રાજ્યનું કષ્ટ અધિક છે. એ સર્વ કષ્ટો બરાબર જાણી પ્રયત્નથી બુદ્ધિ અને શક્તિએ કરી પડતાં વ્યસનો દૂર કરવાં. પોતાની ગફલતને લીધે ઐશ્વર્યને ઇચ્છનાર રાજાએ રાજ્યના અંગોને થતાં કષ્ટોની ઉપેક્ષા કરવી નહીં. અને જો તેથી બેદરકાર રહે તો શત્રુઓ

જલદીથી તેનો પરાજય કરે છે. આ કાર્ય કરવાનું છે અને આ કામ કરવાનું નથી; એવા સંધિ વગેરેનો વિચાર કરી નિશ્ચય પૂર્વક પોતાના કૃત્યમાં પ્રવર્ત્ત થવું જે રાજાનું પ્રકૃતિ મંડળ શાસ્ત્રમાં ઉપદેશ કરેલી નીતિથી ઢંકાએલા છિદ્રવાળું હોય તેવો રાજા ત્રિવર્ગ (ધર્મ, અર્થ અને કામ) એ ઘણા કાળ સુધી ભોગવે છે.

ત્રયોદશ સર્ગ સમાપ્ત.

સર્ગ ૧૪ મો.

રાજાનાં સપ્તવ્યસન.

કારભારીથી લઈ મિત્ર સુધીની છ પ્રકૃતિ રાજ્ય કહેવાય છે. આખા રાજ્યના કષ્ટ કરતાં રાજાનું કષ્ટ મોટું છે; કારણ કે વ્યસન વગરનો રાજા રાજ્યનું વ્યસન ટાળવા સમર્થ છે, પણ આબાદ થયેલું રાજ્ય, રાજાનું વ્યસન ટાળવા સમર્થ નથી. નીતિ શાસ્ત્ર નહિ જાણનારો રાજા અંધ કહેવાય છે. મદથી સન્માર્ગને તજનારા રાજા કરતાં અંધ રાજા સારો, પણ દેખતો પણ મદથી સન્માર્ગ ત્યજતો રાજા સારો નહીં. મંત્ર કરવામાં હુશિયાર મંત્રીઓ અંધ રાજાને પાર ઉતારે છે, પણ નેત્રવાળો રાજા મદાંધ હોય તો સર્વ પ્રકારે સ્વાત્મ નાશ કર્તા થઇ પડે છે. માટે મોટા કારભારીઓ સાથ સંમતમાં રહેલા શાસ્ત્રદૃષ્ટિવાળા રાજાએ, ધર્મ અને અર્થનો પ્રતિઘાત કરનારાં કાર્યો સદોદિત તજવાં.

સપ્ત વ્યસન.

વાણીની કઠોરતા,[1] અતિદંડ[2] અને અર્થદૂષણ[3] એ ત્રણ વ્યસનો ક્રોધમાંથી ઉત્પન્ન થાય છે; એવું વ્યસનનું તત્વ જાણનારાઓએ કહ્યું છે. વ્યસનનો અર્થ જાણનારાઓએ મૃગયા,[4] [5] સ્ત્રીઓ[6] અને મદ્યપાન[7] એ ચાર પ્રકારનાં વ્યસન ...વાં છે.

વાણીની કઠોરતા.

વાણીની તીક્ષ્ણતા એ લોકમાં અતિશય ઉદ્વેગ કરનારી છે તેથી તેનો ત્યાગ કરવો, અને પ્રિય વાણીથી જગત્‌ને પોતાને વશ કરવું, જે રાજા અકસ્માત્ ક્રોધ કરી ઘણું બોલે છે, તેથી તણખાવાળા અગ્નિની પેઠે લોક ઉદ્વેગ પામે છે. મર્મછેદન કરનાર તીક્ષ્ણ વાણીરૂપ ખડ્ગ હૃદયમાં વારંવાર જો પડેછે, તો તેથી તેજસ્વી માણસ દીપ્ત થઇ વૈરીપણું સ્વીકારે છે. રૂક્ષવાણીથી જગત્‌ને ઉદ્વેગ નહિ પમાડવું, વાણી પ્રિય બોલવી, ઘણું કરી પ્રિયવચન બોલનારો મનુષ્ય કૃપણ હોય તોપણ લોકો તેની સેવા કરે છે.

અતિ દંડ.

શત્રુને તાબે કરવા અથવા શિક્ષા કરવી એ દંડ કહેવાય છે. તે દંડ યુક્તિથી દેવો. દંડવા લાયક મનુષ્યને દંડનારા રાજાનાં, સત્પુરુષ વખાણ કરે છે. પરંતુ સખત દંડ દેનારો રાજા પ્રજાને પીડાકારી થઇ પડે છે. ને પીડા પામેલા લોકો શત્રુનો આશ્રય લે છે. લોકોએ આશ્રય આપેલા શત્રુઓ વૃદ્ધિ પામે છે, ને જ્યારે વૃદ્ધિ પામ્યા ત્યારે વિનાશ કરે છે, માટે પ્રજાને પીડવી નહીં. લોકોની ઉપર અનુગ્રહ કરનારા રાજાઓ વૃદ્ધિ પામે છે. લોકોની વૃદ્ધિથી રાજાની વૃદ્ધિ છે, અને લોકોના ક્ષયથી રાજાનો ક્ષય છે. ને રાજાનો ક્ષય તેજ રાજ્યનો ક્ષય છે. એક રાજ્ય હરણ સિવાય મોટા અપરાધોમાં દેહાંત દંડ નહિં દેનારા એટલે યુક્તદંડ દેનારા રાજાની પ્રશંસા થાય છે.

અર્થ દૂષણ.

અપરાધીને નિરપરાધી ઠરાવવા સારૂ ઘણા ધનનો ખર્ચ કરવો, એને નીતિતત્વ જાણનારાઓ અર્થદૂષણ કહે છે. અકસ્માત્ મોટા ક્રોધના આવેશમાં આવી પોતાનું હિત ચાહનારા રાજાએ એ અર્થદૂષણનો સદાય ત્યાગ કરવો જોઇએ.

મૃગયા.

રથાદિક વાહનોથી જંગલમાં પેસતાં રાજાના વાહનનો

ક્ષોભ, વાહનોનું હરણ, ભૂખ, તરસ, શ્રમ, ઉત્સુકપણું, તાઢ, પવન અને ગરમીની પીડા, યુદ્ધ કરવાના પ્રસંગોની સંપત્તિથી મોટું દુઃખ, તપેલી રેતી, દર્ભ અને કાંટાવાળી જમીન ખીચોખીચ ઉગેલાં ઝાડો લતા અને કાંટાઓથી શરીરનું છોલાવું, પર્વત, નદી અને જંગલની ખોમાં છુપાઇ બેઠેલા સામંતો અને જંગલીઓ થકી થતી વધ અને બંધનની હરકતો, શત્રુઓએ ફોડેલાં પોતા સરખાં પોતાની સૈનાએ કરેલા દગાથી નાશ, રીંછ, અજગર, હાથી, સિંહ અને વાઘનો ભય, દાવાનળ અને ધુમાડાથી થતો રોધ, દિઙ્મોહ, અને તેથી થતું ભ્રમણ ઇત્યાદિ દોષો રાજાઓને મૃગયા કરવા જવામાં કષ્ટરૂપ છે. શ્રમની સહનશીળતા, કસરત, આમ, ચરબી અને કફનો ક્ષય, અને ચર તથા સ્થિર નિશાનો તથા ઉત્તમ પ્રકારની બાણસિદ્ધિ એ મૃગયા ખેલનમાં ગુણો રહ્યા છે, એવું કેટલાએકનું કહેવું છે, પરંતુ એ યુક્તિ યુકત નથી. કારણ કે ઘણું કરી તેમાં પ્રાણઘાતક દોષો વિશેષ રહ્યા છે, તેથી એ મોટું વ્યસન છે. અશ્વારૂઢ થઇ ફરવા વગેરેની હમેશની ક્રિયાથી પણ આમાદિક દોષ જરી જાય છે. યંત્રાદિક સાધનવડે ભ્રમણ કરતાં નિશાનો કરાવી બાણસિદ્ધિ મેળવાય છે. (ત્યારે મૃગયાથી શું વિશેષ?)

મૃગયારણ્યની રચના.

જો મૃગયાની ક્રીડા કરવાની ઇચ્છા ખસુસ કરી થઈ હોય તો નગરની પાસે ક્રીડા કરવા સારૂ સુંદર મૃગયારણ્ય બનાવવું. હરિણો પણ કૂદકો મારી શકે નહિ એવી પોહોળી ખાઇથી વિંટળાએલું, બે ગાઉની લંબાઈ પોહોળાઈવાળું, પર્વત કે નદીની પાસે પૂરતા જળ ને ઘાસવાળું, કાંટા વિનાની લતાઓવાળું, ઝેરી ઝાડ વિનાનું; જાણીતાં દિલ લલચાવનારાં, ફૂલ અને ફળો દેનારાં તથા ધાડી અને થંડી છાયાવાળાં વૃક્ષોથી શોભાયમાન, ધૂળથી ભરેલા, છિદ્ર રહિત કરેલાં ખાડા, બખોલો અને ગુફાઓવાળું; ઠુંઠ, રાફડા અને મોટા પથરા ભાગી સરખી જમીન કરેલું,

જેની અંદરથી ઝૂડ વગેરે જનાવરો બહાર કહાડી નાંખેલાં છે એવાં ઘણાં જળાશયોવાળું, નાના પ્રકારનાં પુષ્પોના રોપાઓ-વાળું, જૂદી જૂદી જાતનાં પક્ષીઓથી ભરપૂર, મૃગોના સમુદાયથી ભરપૂર, હાથણીઓ અને તેનાં બચ્ચાંઓથી ભરપૂર, દાંત તથા નખ તોડી રાખેલા વાઘોવાળું, શીંગડાં તોડેલાં પશુઓવાળું, પુષ્પની પંક્તિથી ઢંકાયલી એવી સુખે કરી સેવવા યોગ્ય લતાઓથી અને ખાઇના કિનારા ઉપર ઊગેલી વન-રાજીથી ઘેરાયલું, તેમજ તેની બાહાર છેટેના પ્રદેશમાં વૃક્ષની અભાવથી સમાન જમીનવાળું, શત્રુના લશ્કરથી ન આવી શકાય તેવું, અને મનની પ્રીતિ વધારનારૂં એવું મૃગયારણ્ય હોવું જોઇએ. તેમાં ચરના ચિત્તને જાણનારા, ક્લેશ સહન કરનારા, દૃઢ અને ખરૂં બોલનારા રક્ષકોએ રક્ષણ કરેલું તે વન રાજાઓને ઉપકારક થઇ પડે છે. શ્રમ સહન કરનાર રાજાના તે મૃગયાના કામમાં કુશળ માણસે રાજાની ક્રીડાને માટે તે વનમાં જુદી જુદી મૃગોની જાતો દાખલ કરવી. પ્રાતઃકાળમાં ફરવામાં સમર્થ રાજાએ બીજા કાર્યમાં વિરોધ ન આવે એવી રીતે વિશ્વાસુ અને પ્રિય માણસો સાથે મૃગયાના વનમાં પેસવું. જ્યારે રાજા મૃગયા રમવા વનમાં પેસે ત્યારે તે વનની બહારના છેટા ભાગમાં તેની ફોજે યત્નથી તૈયાર થઇ ઉભા રેહેવું મૃગયા કરવા જવામાં સત્પુરુષોએ જે ગુણો કહેલા છે તે સઘળા ગુણો ક્રીડાથી પ્રસન્ન થયલા રાજાને ત્યાં મળે છે. મૃગયાની ક્રીડામાં એ ઉત્તમ વિધિ કહેલો છે. એથી બીજી રીતે પારધિની માફક રાજાએ શિકાર કરવા જવું નહીં. (તે દુષ્ટ છે.)

જુગટાનું વ્યસન–દોષ.

ઘણું રક્ષણ કરતાં છતાં ધન ઘણું જલદીથી જતું રહે છે. અસત્યપણું, કઠોરતા, ક્રોધ, વાણીની કઠોરતા, લોભ, ધર્મ ક્રિયાનો લોપ, આરંભેલાં કામો પડતાં મૂકવાં, સત્સમાગમનો ત્યાગ, દુષ્ટોનો સંગ, દ્રવ્યનો નાશ, હમેશાં નવીન શત્રુતા, ધન છતાં પણ,

પરાજયની શંકાથી તે નથી, એવી સંભાવના, ધન નહિ છતાં હું ધનિક છું એવું જ્ઞાન, ક્ષણે ક્ષણે ક્રોધ અને હર્ષ, વારંવાર સંતાપ, ઘડિયે ઘડિયે સાક્ષી હોવાનો પ્રશ્ન,સ્નાન વગેરે શરીર સાફ રાખવાની ક્રિયામાં અનાદર, એદીપણું, અંગની દુર્બળતા શાસ્ત્રાર્થ તરફ નહિ જોવું, મળમૂત્રના વેગનો રોધ, અને ભૂખ તરસમારવી ઇત્યાદિ ઘૂતના દોષો છે. પાંડુ રાજાના પુત્ર સત્યવાદી ધર્મરાજ યુધિષ્ઠિર આ ઘૂતની બૂરી લતમાં ફસવાથી પોતાની ધર્મપત્ની દ્રૌપદીને ગુમાવી બેઠા હતા. તેમજ નલરાજાનું રાજ્ય પણ ઘૂતના વ્યસનમાં પડવાથીજ ગયું હતું. તેથી તેણે પણ પોતાની સ્ત્રીને વનમાં છાંડી દીધી હતી; અને પોતે ઋતુપર્ણ રાજાને ઘેર સેવક થઈ રહ્યો હતો. ઇંદ્ર સમાન, સુવર્ણ સરખી કાંતિવાળો રુક્મી* સમાન પૃથ્વીમાં બીજો કોઇ ધનુર્ધર નહિ હતો, તે પણ ઘૂતના છંદથી ક્ષય પામી ગયો. અલ્પ બુદ્ધિ કૌશિક દેશના રાજા દંતવક્ત્રના પણ ઘૂતમાં અત્યંત આસક્તિરૂપ દોષથી દાંત ભાગ્યા હતા. જુગારથી અનર્થની ઉત્પત્તિ થાય છે, અને ઘાડા સ્નેહનો ભંગ થાય છે. તેમ સુદૃઢ સ્નેહની ગાંઠથી બંધાએલાની વચ્ચે પણ કુસંપ ઊઠે છે. એ કારણોથી રાજાએ દોષરૂપ ઘૂતનો તદન ત્યાગ કરવો અને કોઈ ગર્વિષ્ટ રાજાઓ ઘુત ખેલવા બોલાવે તો તેનો નકાર કરવો.

સ્ત્રી વ્યસન.

સ્ત્રી વ્યસનમાં આસક્ત થયેલો રાજા પોતાના કામમાં વખતસર પહોંચી વળતો નથી. ધર્મ અને અર્થની હાનિ થાય છે, હમેશાં અંતઃપુરમાં રહેવાથી સર્વ પ્રકૃતિ (પ્રજા વગેરે)નો કોપ થાય છે, સ્ત્રીથી જિતાયલો હોવાથી કોઇ ખાનગી વાત કહી શકતું નથી. અકાર્યમાં પ્રવૃત્તિ, ઇર્ષ્યા, ક્રોધ, વિરોધ, અને

---

* વિદર્ભ દેશના રાજા ભીમકનો પુત્ર ને કૃષ્ણપત્નિ રૂકિમણીનો બાંધવ. એને બલદેવે ઘુતમાં અસત્ય ભાષણ કરવા માટે મારી નાંખ્યો હતો. એની કથા શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધમાં છે.

સાહસ વગેરે અનર્થોની ઉત્પત્તિ સ્ત્રી વ્યસનમાંથી થાય છે. માટે રાજ્ય કરવાની કામનાવાળા રાજાએ સ્ત્રી વ્યસન છોડી દેવું. નિરંતર સ્ત્રીનું મુખ જોવામાં વ્યગ્ર થયેલા અલ્પ બુદ્ધિ મનુષ્યોની ચેષ્ટા યૌવનની સાથે ક્ષય પામે છે.

મદ્યપાન.

જેમ તેમ ફરવું, વિહ્વળ થવું, બેભાન બનવું, શરીરની પરાધીનતા પામવી, નગ્ન રેહેવું. યોગ્યતા વિના બોલ્યા કરવું, અસ્વસ્થ થવું, નિર્બળતા, બંધુઓનો વિયોગ, બુદ્ધિ, વિદ્યા અને જ્ઞાનનું વિલક્ષણપણું, સત્પુરુષોનો વિયોગ, દુષ્ટોનો સંગ, અનર્થની પ્રાપ્તિ, ભૂલથવી, કંપ, પ્રમાદ અને હમેશાં સ્ત્રી સેવન, ઇત્યાદિ મદ્યપાનના વ્યસનના દુર્ગુણો સત્પુરુષોએ નિંદી કાઢેલા છે.. અપરિમિત સુરાસેવનના દોષથી અંધક અને વૃષ્ણિ (યાદવની જાતો) જોકે શાસ્ત્રાધ્યયન કરનારી, સદાચરણી અને શૂરી હતી, તોપણ ક્ષયને પામી છે. આ પ્રસંગમાં પુરાણમાં એવી કથા છે કે, પૂર્વે દેવ અને દૈત્યોની લડાઇમાં શુક્રાચાર્ય, મૃતસંજીવિની વિદ્યાથી મરી ગયેલા દૈત્યોને જીવાડતા હતા; અને દેવતા તો મુવા પછી જીવતા નહોતા થતા. ત્યારે દેવતા અને તેઓના ગુરુ બૃહસ્પતિએ મળીને વિચાર કર્યો કે, શુક્ર પાસેથી એ મૃતસંજીવિની વિદ્યા આવે તો ઠીક. એવું ધારી તેમણે બૃહસ્પતીના પુત્ર કચને ત્યાં મોકલ્યો. તેણે શુક્રની પુત્રી સાથે પ્રીતિ જોડી, તેથી તે શુક્રનો અતિ પ્રિય શિષ્ય થયો. એવું જાણી દૈત્યોએ તેને ઘણી વખત ઠાર કર્યો, પણ પુત્રીના પ્રેમથી તેને શુક્રે વારંવાર જીવાડયો હતો. આમ થવાથી એક સમે દૈત્યોએ કચને મારી તેનું માંસ ખૂબ પકવી સુરા સાથે શુક્રને ખાવા આપ્યું. શુક્ર તો મદિરા મદાંધ હોવાથી મદ્યની સાથે કચનું માંસ ભક્ષ કરી ગયા. પછી ખબર પડી ત્યારે પસ્તાયા. ત્યારથી તેમણે સુરાપાન કરવાનો બ્રાહ્મણોને નિષેધ કરેલો છે.

મદિરાપાનમાં આસક્ત થયેલો પુરુષ, ગમે તેવા નીચ

કાર્યમાં પ્રવૃત્ત થાય છે. અને તેથી કરી આર્યજનમાં પંક્તિ બાહાર થાય છે.

સ્ત્રી સેવવી સારી અથવા સ્વલ્પ પરિમાણથી મદ્યસેવન પણ સારૂં; પરંતુ સમજુ રાજાએ દ્યૂત તથા શિકારનો તો સર્વથા ત્યાગ કરવો. માટે અનીતિનો વિધિ જાણનારાઓએ આ સાતે પ્રકારનાં વ્યસન, અપ્રતિહિત રીતે કલ્યાણનાં વિઘાતક કહેલાં છે. અર્થાત્ કલ્યાણમાંથી પાડનારાં છે. એક પણ વ્યસનનો દૃઢ સંસર્ગ કર્યો હોય તો વિનાશ ઉપજાવે છે, ત્યારે એ સર્વ વ્યસનોનો સાથેજ ઉદય થાય તો તે કેવું નુકસાન કારક થઇ પડે ? દુઃખના પરિપાકવાળો, આ સાત વ્યસનોનો ગણ, દેવસમાન બુદ્ધિવાળાઓને પણ વિષયોમાં આસક્તિ વધારે છે, શાસ્ત્ર શ્રવણ, શ્રેષ્ઠતા, અગ્રેસરપણું, અને ઘણી સમૃદ્ધિનો પણ નાશ કરે છે. વ્યસન નહિ રાખનારો રાજા, નિરંતર વ્યસનોમાં ડૂબેલા રાજાનો પરાભવ કરે છે; અને પોતે દુર્લંઘ થાય છે. તેમ નીતિ શાસ્ત્રને જાણનારો પંડિત રાજા શત્રુઓનો પરાભવ કરે છે, અને પોતે ભેદી શકાય નહિ એવો થાય છે.

ચતુર્દશ સર્ગ સમાપ્ત,

સર્ગ ૧૫ મો.

યુદ્ધ યાત્રા.

નાના પ્રકારનાં વ્યસનોથી રહિત અને અપ્રતિહત ત્રણ શક્તિવાળા વિજિગીષુ રાજાએ અતિશય વ્યસનમાં ચકચુર થયેલા શત્રુપર ચઢાઇ કરવી. ઘણુ કરી શત્રુ વ્યસનમાં પડેલો હોય ત્યારે યુદ્ધયાત્રા કરવી એવું નીતિજ્ઞ પંડિતો કહે છે તેથી વિપક્ષ (શત્રુની) પ્રકૃતિ વ્યસનગ્રસ્ત હોય ત્યારે ચઢાઇ કરવી એ

પક્ષનો સ્વીકાર કરવો. પોતે સમર્થ હોય તો અભ્યુદયની સાથ જવું. જ્યારે પ્રબળ શત્રુને પણ પરાક્રમથી જીતવા સમર્થ હોય ત્યારે યાતવ્ય (ચઢાઇ કરવા યોગ્ય) ની ઉપર ઉપદ્રવ ઉઠાવવો; અને તેના ધન ધાન્યાદિકનું આકર્ષણ વગેરે અહિત કરતા જવું. અનેક ધાન્યોથી ભરપૂર યાન (ચઢાઇ) કરવા યોગ્ય પરાયો મુલક વિજયીએ દબાવવો. એમ શત્રુના ધાન્યનો નાશ (ઉપઘાત) થવાથી તેની વૃત્તિનો છેદ અને પોતાના સૈન્યનો ઉપચય (જય) સારી રીતે થાય છે. પાર્ષ્ણિગ્રાહના વિધાનથી શુદ્ધ થયેલા, પાછલા ભાગ વાળા, રસ્તાના સંકટસ્થાનને જોનારા, ધાન્યાદિકની પ્રાપ્તિ અને સુહૃદ બળ જેનું અપ્રતિહત છે, એવા શુદ્ધ માર્ગવાળા સાવધાન વિજિગીષુ રાજાએ શત્રુની ભૂમિમાં જવું. ગુલ્મ (સૈન્યના વ્યૂહનો ભેદ) સજ્જિત કરી, અન્નપાનની યોગ્ય વ્યવસ્થા કરી. સેનાના અગ્ર ભાગમાં વીર પુરૂષો રાખી, વિજયી રાજાએ સમ, વિષમ, અને નીચા સ્થળમાં કાયરતા અને ભયથી રહિત થઇ ધસવું જોઇયે.

હાથીયોનું બળ.

ઉનાળાના દહાડામાં હાથીઓનું અહિત ન થાય તે સારૂ ઘણા જળ તથા વનવાળા માર્ગે જવું. ગ્રીષ્મ ઋતુનો સખત તાપ પડે અને પાણી ન મળે તો તેથી હાથીઓને કોઢ થાય છે. હાથી સારી રીતે સ્વસ્થ કાર્યમાં હોય તોપણ તેના શરીરમાં હમેશાં ઉત્તાપ દેદીપ્યમાન રહે છે તે તાપ રસ્તાના થાકથી ઉત્તેજિત થઇ તરત તેનો વિભાસક થાય છે. સર્વ પ્રાણીઓ ઉષ્ણ કાળમાં પાણી વિના મરણ પામે છે. અને હાથીને જો તે વખતમાં પાણી ન મળે તો તેની કાયા ગરમીથી તપી જઇ તેઓ આંધળા થાય છે. સુગંધી ઝરતા મદરૂપ જળબિંદુવાળા અને દાંતના પ્રહારથી પથ્થરને પણ તોડનારા કાળા વાદળ સરખા હાથી ઉપરજ રાજાઓનું રાજ્ય ટકી રહેલું છે. જય મેળવી શકાય એવે ઠેકાણે ઉભો કરેલો, લડાઇની કુશળતા વાળો, અને

જેની ઉપર ધીરવીર સુભટ બેઠેલો છે એવો એક હાથી ૭ હજાર ઘોડાનો નાશ કરે છે. નદી અને તળાવ ઉતરવામાં, રેતીવાળા દુર્ગમસ્થાનમાં, ઝાડીમાં, જળસ્થળ મિશ્ર વિષમ અને સમસ્થાનમાં અને ગઢ તથા હવેલીઓ તોડી પાડવા વગેરે કાર્યમાં હાથીવાળા સૈન્યનો જય થાય છે.

તે માટે જે ઘણા જળપાનવાળો માર્ગ હોય તે રસ્તે પોતાનો રૂવાબ બેસાડતાં બેસાડતાં ધીમે ધીમે સૈન્યને થાક ન ચઢે તેવી રીતે શંકા રહિત થઇ ચઢાઇ કરવી. શત્રુઓ જો કે હીન શકિતવાળા હોય, પણ જો તેઓ શકિતત્રય સંપન્ન હોય તો તેના પશ્ચાત્પ્રકોપ (પાછળથી ચઢાઈ)નો ઉપાય કરી પછી યુધ્ધ યાત્રામાં જવું.

યુધ્ધનું ફળ-કાર્યાકાર્ય યુધ્ધ.

અનિશ્ચિત ફળને કારણે પૂર્વોપાર્જિત રાજ્ય ન ખોવું. પશ્ચાત્પ્રકોપ અને આગળની ચઢાઈ એ બેમાં પશ્ચાત્પ્રકોપ એ વજનદાર છે. કારણ વિરૂધ્ધ થયેલા વિપક્ષ ભૂપાળો પશ્ચાત્પ્રકોપને મોટા રૂપમાં મેલે છે, માટે તેનો ઉપાય કરી પછી યુધ્ધે જવું. આગળ લડાઇ ચલાવવાની અને પાછળનો કોપ શાંત કરવાની જયારે શક્તિ હોય ત્યારે મોટું ફળ લેવા જવું. જેણે પાર્ષ્ણિગ્રાહ વગેરેનો ઉપાય નથી કર્યો અને આગળ ચાલે છે તેને પાર્ષ્ણિગ્રાહનું કરેલું મોટું દુઃખ આવી પડે છે. વિજિગીષુ એ રક્ષણ કરનાર અનેક વર્ગવાળું, અનેકની મુખ્યતાવાળું સૈન્ય આગળ કાઢવું; કારણ કે અનેક મતવાળા અને અનેકની મુખ્યતાવાળા સૈન્યનું એકમતપણું શત્રુઓથી અભેદ્ય છે. ચઢાઇ અવશ્ય કરવાની હોય અને પાછળથી બખેડો (નગરમાં) ઊઠવાની શંકા પણ આવે તો સેનાપતિ અથવા રાજકુમારને લશ્કરની એક ટુકડી આપી શંકાસ્થાનના અગ્રભાગમાં રક્ષણ કરવા સારૂ યોજના કરવી.

અંદર ને બહારના દોષો.

આભ્યંતરકૃત (અંદરના માણસોએ ઉત્પન્ન કરેલો) દોષ

અને બાહ્યકૃત દોષ; એ બંનેમાં આભ્યંતર દોષ મોટો છે. માટે અંતર્ગત દોષ ઉપજાવનારાઓને દાન માનથી પોતાના કરી, તથા બાહેરના દોષ ઉત્પન્ન કરનારાઓને સામાદિક ઉપાયોથી સમજાવી પછી ચઢાઇ કરવી. પુરોહિત, કારભારી, રાજકુમાર અને વિજિગીષુના કુળમાં થયેલા હોય તે મુખ્ય સેનાધ્યક્ષ જાણવા. એઓનો પરસ્પર કુસંપ એ અંતઃપ્રકોપ; અને સેનાપતિ, સંધિના રક્ષણમાં જોડેલા, મોટી પદવી અટવીનો હક ભોગવનારા, મ્લેછના મુખી, અને રાજાની હદ પાસે રહેનારા એઓનો કોપ તે બાહ્યપ્રકોપ. કાર્ય કરવામાં કુશળ મંત્રીદ્વારા ઉત્પન્ન થતા બંને પ્રકોપ તરફ લક્ષ રાખવું. સામાદિક ઉપાયોથી પરસ્પર સંરોધ અને ભેદથી પ્રકોપ શાંત પાડવો. જેથી કરી તેઓ મનમાં સંતપ્ત થઇ શત્રુઓનો આશ્રય ન લે. ચતુરબુદ્ધિના રાજાએ જે યુદ્ધયાત્રામાં પુરૂપના ગુણોથી યુકત મનુષ્યો તથા વાહનોનો નાશ અને હ્રાસ થતો હોય, અને ધાન્યનો પણ નાશ કિંવા ક્ષતિ થતી હોય, તથા ખર્ચ અને શ્રમ સિવાય જેમાં બીજો લાભ ન હોય એવી યુદ્ધયાત્રા છોડી દેવી. કાર્યસિદ્ધિનું મહાફળ જેમાં થતું હોય, તરત કાર્ય પાર પડતું હોય, અને પાકાફળમાં વિલંબ ન હોય એવી યુદ્ધયાત્રામાં જોકે ખર્ચ તથા શ્રમ થતો હોય તોપણ તેનો સ્વીકાર કરવો. પણ મનુષ્ય અને વાહનોના વિનાશરૂપ દોષથી દૂષિતયાત્રાનો સ્વીકાર કરવો નહીં.

કાર્યવ્યસન.

મોહથી અસાધ્ય કાર્યમાં ઉદ્યોગ, સાધ્યકાર્યમાં અનુદ્યોગ, તથા શકય કાર્યમાં કાળ વિલંબ કરી ઉદ્યોગ કરવો એ ત્રણ પ્રકારનાં કાર્ય વ્યસન છે. વિષયાસકિત, ક્રોધ, મૂર્ખતા, હરાવેલા શત્રુપર દયા, લાજ, અવિશ્વાસ, ક્રૂરતા, દુર્જનપણું, ઠગાઇ, અહંકાર, ધર્માંધપણું, દીનપણું, સ્વપક્ષનું અપમાન, મિત્રદ્રોહ, બીકણપણું, આવતી આપત્તિની ઉપેક્ષા, ટાઢ તડકો અને વરસાદ સહન કરવાની અશક્તિ એટલાં જો કાર્ય સાધન કરવાના વખતમાં સ્વીકારે કરવામાં આવે તો ખરેખર કાર્યસિદ્ધિમાં વિઘ્ન કરે છે.

સહાયક.

બંધુવર્ગ, મિત્રનો મિત્ર, શરણાગત, વ્યવહારથી થએલો સંબંધી, સ્વેચ્છાથી આશ્રિત, અને ખોરાકી પોશાકી આપી સ્વાધીન કરેલો, એવી રીતે સાત પ્રકારનો પક્ષ પંડિતોએ ગણાવેલો છે. સદા અનુસરી રહેવાથી, ગુણ ગાવાથી, બીજાએ કરેલી નિંદા સહન કરવાથી, છિદ્ર ઢાંકવાથી, અને રાજાને માટેજ શૌર્ય અને ઉદ્યમની વાતોથી પોતાનો પક્ષ પોતાની ઉપર સ્નેહવાળો છે એમ સમજવું. કુલીન, આર્ય, શાસ્ત્ર શ્રવણ કરનારો, વિનીત, માન પામેલો, સભ્ય, શત્રુઓથી જેની બુદ્ધિ હઠાવી નહિ શકાય એવો, કૃતજ્ઞ, બળ, બુદ્ધિ અને ધૈર્યની ત્રિમૂર્તિક યુક્ત, એવા નરને પોતાના ગણમાં સદાચરણી ગણવો. ઉદ્યોગ સ્મૃતિ, ધૃતિ, બળ, સત્ય, દાન, ગુણનું પક્ષપાતીપણું, નિશ્ચળ ભાવ, મોટાઇ, જિતેંદ્રિયપણું, સહનશીળતા, લાજ અને સભાજિતપણું એ વિજિગીષુમાં ગુણો હોવા જોઇએ.

રાજ-શક્તિ.

નીતિનો પ્રયોગ એ મંત્રશક્તિ, ખજાનો અને સૈન્ય સારાં હોય તે પ્રભુશક્તિ, અને વિગિગીષુની ચેષ્ટા એ ઉત્સાહશક્તિ. એ ત્રણ શક્તિવાળો રાજા વિજયી થાય છે. તરત કાર્ય કરનારપણું, હુંશિયારી, અને આપત્તિમાં તથા સંગ્રામમાં ધિરજ, એ ઉત્સાહ સંપત્તિ જાણવી. આત્મિક, નીતિશાસ્ત્રો જોવાથી ઉત્પન્ન થયેલી, સાંસર્ગિકી* અને પરિણામિની† એવી રીતે બુદ્ધિ ચાર પ્રકારની છે. ઉત્સાહ, ઉદ્યોગ, બળ, સ્થિરતા, આળસ્ય રહિતપણું, કાર્યમાં દૃઢતા, કાર્યમાં અતિ શૂરતા, આરોગ્યતા, કાર્યના ફળની સિદ્ધતા, દૈવની અનુકૂળતા, અને ચિંતા રહિતપણું, એ વિજિગીષુની સામગ્રી છે. ઉપર કહેલા પક્ષાદિકની સામગ્રીવાળા સમૃદ્ધ

---

* સંસર્ગ કરવાથી થયેલી, એટલે સારા, મોટાના સંગથી પ્રાપ્ત થયેલી બુદ્ધિ. † પરિણામિ એટલે એક કાર્ય હાથમાં લીધુ હોય, ને તેમાં જે આખર પરિણામ આવ્યું હોય ને તે કાર્ય કરવામાં જે બુદ્ધિ પ્રાપ્ત થઈ હોય તે.

રાજાએ પક્ષ વિનાના શત્રુપર ચઢાઈ કરવી. એમ કરવાથી સમુદ્રની મેખલાવાળી પૃથ્વીની પ્રાપ્તિ થાય છે.

યુદ્ધે ક્યારે જવું.

જળ સહિતવાદળાં આકાશમાં ચઢી આવ્યાં હોય એ વખત હાથીના લશ્કરને અનુકૂલ છે, અને ઘોડાઓને તેથી બીજો એટલે વર્ષાઋતુ સિવાયનો વખત અનુકૂલ છે, માટે ટાઢ, તડકો અને વરસાદનું જોર ન હોય, અને ધાન્ય સંપત્તિ સારી થઈ હોય એવો કાળ રણસંગ્રામ—ચઢાઈ માટે સર્વોત્તમ છે. ઘુવડ રાતની વખતે કાગડાનો શિકાર કરે છે, અને કાગડાઓ દિવસે ઘુવડને મારે છે. એ દાખલા ઉપરથી પોતાને અનુકૂલ કાળ જોઇ યુદ્ધયાત્રા કરવી. કારણકે આ જગતમાં ઉપયોગી કાળમાં કરેલાં કાર્યો સફળ થાય છે. કુતરો કિનારાપર રહેલા ઝુડને ખેંચે છે. અને ઝૂડ પાણીમાં ઉતરેલા કુતરાને ખેંચે છે; એવી રીતે અનુકૂલ સ્થાનમાં રહી ઉદ્યોગ કરનારો પુરુષ કર્મના ફળનો ઉપભોગ લે છે. સરખી જમીનપર ઘોડાના સૈન્યથી જવું, નીચા ઊંચા પહાડી પ્રદેશપર હાથીઓનું લશ્કર લઇ જવું, અને જળવાળા દેશમાં વહાણ વગેરે સાધનોથી જવું, તથા મિશ્ર પ્રદેશમાં પોતાના સૈન્ય પ્રમાણે વિચારી જવું. અતિનિર્જળ દેશમાં વરસાદ પડતો હોય ત્યારે જવું ગ્રીષ્મઋતુમાં જવું હોય તો સજળ અને વનસ્પતિવાળા માર્ગે જવું, અને મિશ્ર દેશમાં વિચાર કરી સુખનો બાધ ન આવે તેવી રીતે જવું. ઘણુ પાણી પણ ન હોય, તેમ પાણી રહિત પણ ન હોય તેવા તથા ઘાસ અને લાકડાંવાળા માર્ગનો આશ્રય કરી ઘણા શિલ્પિઓને સાથે લઇ સુખેથી જવું. ઘાસ અને ધાન્યની પ્રાપ્તિવાળા, મિત્રોના બળવાળા, અને વિશ્વાસુ માણસોએ ચોકી કરેલા જળવાળા શત્રુના માર્ગમાં જવું. શત્રુએ કરેલાં ઉપદ્રવથી હેરાન થવાય તે માર્ગથી પલાયન કરવું નહીં.

યુદ્ધ સમયે રાજાનું કર્તવ્ય.

જે મૂઢ પુરુષો શત્રુઓના દેશની જમીનનો વિચાર કર્યા

વિના આગળ વધે છે, તેઓ થોડા વખતમાં યત્ન વિના શત્રુઓની તલવારના ભક્ષ થાય છે. દુર્ગમ માર્ગોમાં સૈન્ય રાખી, પોતાની રક્ષા અને પરાઈ છાવણીનો વિધિ જાણનારા તથા આજુ બાજુ સજ્જ થયેલા શૂરા યોદ્ધાઓને ઉભા રાખનારાં રાજાએ સુખેથી નિદ્રા લેવી. રાત્રિમાં . પોતાના રેહેઠાણુની આજુબાજુ ફરતા હાથી ઘોડાના શબ્દો જેને કાને પડે છે, એવા રાજાએ વચમાં જાગી 'કોણ પેરાવાળો જાગે છે?' એવી રીતનું આદર સહિત પ્રશ્ન પૂછવું. પ્રભાત થતાં જાગૃત થઇ શૌચ ક્રિયા કરી, ઈષ્ટદેવની પૂજા કરી, શોભા સંપાદક અલંકાર પેહેરી, હમેશાં પ્રસન્ન મનથી રહેવું. અને ઉત્તમ કારભારીઓ તથા પુરોહિત સુહૃદ્ ગણની સાથે કર્ત્તવ્યનો વિચાર કરવો. તેઓની સાથે વિચાર કરી વિચિત્ર વાહનવાળા રથ વગેરેમાં બેસી કુળ-ક્રમથી આવેલા વિશ્વાસુ હથિયારબંધ પુરુષો સહિત બહાર નિકળવું. હાથી અને ઘોડાઓના ચાલ, વ્યૂહ રચનાથી ગોઠવાઇ ગયેલા યોદ્ધાઓ અને જુદી જુદી સૈન્યની ટુકડીઓ, તથા સંગ્રામમાં નિપુણતા બતાવનારા હાથી ઘોડાને જોવા. સેવા કરવા સારૂ જેની પાસે સેહેલથી જવાય છે એવા વિજિગીષુએ સર્વદા જરા હસી હમેશાં પ્રિય બોલવું; તથા પગાર ઉપરાંત પણ નોકરોને ધન આપવું. એમ કરવાથી વશ કરેલા નોકરો સ્વામિને માટે પ્રાણ પણ આપે છે. રથપર બેસવામાં, ઘોડેસ્વાર થવામાં, હાથીની સ્વારી કરવામાં, અને પાલખી વગેરે વાહન ઉપર બેસવાનો પણ નિત્ય અભ્યાસ રાખવો. કારણ કે નિત્યનો અભ્યાસ બુદ્ધિમાનને દુષ્કરકર્મમાં પણ નિપુણ કરે છે. સજ થયેલા મોટા હાથીપર સ્વાર થયેલા, સજ થયેલા સૈન્યથી અનુગત થયેલા, વિકાર નહિ પામતા, વીર પુરુષોથી વ્યવહિત થયેલા, અને સામંતોના દૂતથી સારી રીતે મંત્ર કરનારા રાજાએ યુદ્ધયાત્રા કરવી. આઠ પ્રકારના બુદ્ધિના ગુણોથી યુક્ત અને વિનીત ચરો મારફત શત્રુ રાજાનો પ્રચાર જોવો. એ બુદ્ધિના ગુણોથી રહિત

ચારે વિનાનો રાજા, નેત્ર વગરના માણસ સરખો છે. શત્રુના રાજ્યની હદનું રક્ષણ કરનારા દંડ નાયકને લલચાવી, કાંઈ થોડું આપી પોતાનો મિત્ર કરી લેવો. કે જેથી એ દ્વારા શત્રુના રાજ્યની ઉમદી ઉમદી ચીજો પોતાને મળે. ચાર આવવાથી સંધિ કરતા રાજાએ તરત પોતાનું વાંછિત કાર્ય કરી લેવું તે યાતવ્યનો ભેદ કરેલો હોય છે, કે જેથી પોતાની ઉન્નતિ થાય છે. પ્રયાણ માર્ગમાં દુર્ગપાળોને, અટવીપાળોને અને રાજ્યની સરહદ ઉપરના રાજાઓને દાનથી અને સામથી ફોડવા. કારણ કે એવી વિકટ જગાઓમાં શત્રુની હરકત થાય ત્યારે તેઓ રસ્તો બતાવનારા થાય છે. કારણે અથવા વગર કારણે કોઇ શત્રુનું માણસ-શત્રુનો પક્ષ છોડી દઇ ચાકરી રહેવા આવે, અથવા કોઇ પોતાનોજ નોકર પોતાને છોડી દઇ શત્રુનો આશ્રય લઇ ફરીથી પોતાની મદદ માગવા આવે તો એ બંનેની ચેષ્ટા જોવી. કાર્ય આરંભવા પેહેલાંજ મંત્રના બળવાળા રાજાએ સારી પેઠે વિચાર કરવો. હાથના બળ કરતાં મંત્રનું બળ વધારે શ્રેષ્ટ છે; કારણ કે મંત્રના બળથીજ ઇંદ્રે અસુરોને જીતેલા છે. ફળને માટે ઉદ્યમ કરનારા નીતિજ્ઞ પુરુષે નિર્મળ બુદ્ધિથી વિચારી કાર્યનો વખત જવા દેવો નહીં. કારણકે સમય વિના કરેલું કામ ફળ આપતું નથી. પ્રભવિક, શ્રુત અને શૌર્યથી શોભનારા, બરોબર શાસ્ત્રે બતાવેલા માર્ગે ચાલનારા, ઉન્નત મનવાળા મનુષ્યોના લાંબા હાથમાં દૈવી તેજ સદા રહ્યું છે. સમુદિત યોધ પુરુષવાળા, ઉદ્યોગી, અને જેના સૈન્યના નિભાવનો ઉપાય ઉત્પન્ન થયો છે એવા વિજિગીષુએ શરદ્ ઋતુમાં અગવા કાદવ વિનાનો માર્ગ હોય એવા હેમંતઋતુમાં અથવા પુષ્પિત થયેલા આંબાનો વખતમાં એટલે વસંતઋતુમાં વિજય કરવા સારી રીતે શત્રુના દેશપર ચઢી જવું. શત્રુપર ચઢાઇ કરવાની ઇચ્છાવાળા રાજાએ, એ પ્રમાણે પ્રયત્ન કરી યુદ્ધયાત્રા કરવી. એ પ્રમાણે ચતુરંગિણી સેના પાળવાથી શત્રુ ખરેખર પોતાને વશ થાય છે.

પંચદશ સર્ગ સમાપ્ત.

સર્ગ ૧૬ મો.

ઉપાય વિકલ્પ.

વિજિગીષુ રાજાએ શત્રુના નગર પાસે જઈ વાસ્તુ વિદ્યા જાણનારા પુરુષોના સંમત પૃથ્વીના ભાગમાં છાવણીનો પડાવ નાખવામાં હુંશિયાર માણસો મારફત છાવણી નખાવવી. ચતુરસ્ત્ર, ચતુર્દ્વાર, નહિ અતિમોટું અને ન અતિ સાંકડું, વચમાંના મોટા રસ્તાવાળું, મોટા કિલ્લાવાળું, મોટી ખાઇઓથી વિંટાએલું, ત્રિકોણાકાર, અર્ધચંદ્રાકાર, ગોલાકાર અથવા દીર્ઘાકાર મહોડી અને તે જગાને અનુસરતું તંબુનું રેહેઠાણુ કરવું. છુટા છુટા, સ્થાન પ્રમાણે જૂદા જૂદા સ્થાપેલા, મોટા વસ્ત્રના તંબુઓથી યુક્ત, સેનાને રેહેવાના ગુપ્ત અંતરાળવાળું, અને મોટા રસ્તાવાળું છાવણીનું સ્થાન કરવું. તેની વચમાં મનને આનંદ આપનાર, ઘણા મૌલ સૈન્યથી યુક્ત, અને વચમાં તીજોરીવાળું રાજઘર કરાવવું. રાજાના ઘરને વીંટી મૌલસૈન્ય, બ્યૂહસૈન્ય, મિત્રસૈન્ય, શત્રુસૈન્ય અને અટવી પર્વતનું સૈન્ય એ અનુક્રમે સ્થાપવાં. અને છાવણીની છેવટમાં, માગણીથી વધારે સુસારો આપી સ્વાધીન કરેલા, વિશ્વાસુ, અસંખ્ય, ક્રૂરકાર્ય કરનારા ખળ પુરુષો અને લોભી માણસોને ચોમેર કુંડળાકારથી રાખવા. લડવૈયા હાથી અને મનવેગી ઘોડાઓ જે વિશ્વાસુ માણસોએ પાળેલા હોય તેવા રાજાના ઘર નજીક રાખવા. અંતર્વૈશિક સૈન્યે રાત દિવસ હાથમાં હથિયાર રાખી સજ્જ થઈ પેરો દેવા સારૂ રાજાના રક્ષણ માટે ઊભા રહેવું. સજ્જ થયેલા લડાઈને લાયક હાથી, અને સારા સ્વારવાળા વેગવાન્ ઘોડાએ રાજાના ઘરના બારણા પાસે ઊભા રહેવું. જેમાં સેનાપતિ અગ્રેસર છે એવી એક લશ્કરની ટુકડીએ તૈયાર થઈ રાત્રિના વખતમાં છાવણીની ચોમેર પ્રયત્નથી ફરવું. લડાઈનો વેષ ધારણ કરનારા, પવનવેગી

ઘોડાઓપર સ્વાર થયેલા, તરત ચાલનારા, દૂર સીમામાં ફરનારા પુરુષોએ શત્રુના સૈન્યની હીલચાલ જાણી લેવી. દ્વારની બહાર ચારે શિખરોપર પુષ્પમાળાઓ બંધાવવી. યંત્રવાળા અને પતાકાવાળા દ્વારમાં હિતકારી પુરુષોથી રક્ષા કરાવવી. સર્વ માણસે દ્વાર રક્ષક પુરુષ જાણે તેવી રીતે નિકળવું; અને પરાયા દૂતોએ રાજાની આજ્ઞાના અવકાશ સુધી રહેવું. છાવણીના સર્વ મનુષ્યે વૃથા ક્લેશથી, મશ્કરીથી, પાસાની રમતથી, અને અપરિમિત સુરાપાનથી દૂર રહી સદા સર્વદા સાવધાન અને સર્વ કાર્યમાં તૈયાર રહેવું. પૂર્ટઆજ લોકોને સારૂ ખાઇની બહારના ભાગમાં વિસ્તારવાળી કેટલીએક જમીન છોડી દઇ પરાયા સૈન્યનો વિનાશ કરવા સર્વ ભૂમિનો વિનાશ કરી નાંખવો. (એટલે કયાંહી કાંટા, કયાંઇ કુવાના પાણીમાં ઝેર, કયાંહી સૈન્ય સંહારક યંત્રો, કયાંહી લોઢાના ખીલા, અને કયાંહી ઘાસથી ઢાંકેલા કુવાથી પણ ચોમેર પૃથ્વીને દૂષિત કરવી.) મોટાં ઝાડ, નાનાં ઝાડ, શાખા વગરનાં ઝાડ, પલ્લવ અને રાફડા જ્યાં ન હોય એવી સરખી જમીનમાં દરરોજ અપૂર્વ કારણોથી સૈન્યને કસરત કરાવવી. જે દેશમાં ઇચ્છાનુસાર સૈન્યને કસરત કરવાની જગો હોય, અને બીજા શત્રુને તેમ ન હોય એ દેશ ઉત્તમ જાણવો. પોતાના તથા શત્રુઓના સૈન્યોને યોગ્ય કસરત કરવાની જગો હોય એવો દેશ શાસ્ત્રાર્થ વિચારનારા પુરુષોએ મધ્યમ ગણેલો છે; અને શત્રુના સૈન્યને કસરત કરવાની સારી જોગવાઇવાળો અને પોતાના સૈન્યને અગવડવાળો દેશ અધમ ગણેલો છે. વિજિગીષુ રાજાએ નિત્ય ઉત્તમ દેશની ઇચ્છા કરવી, અને તેના અભાવમાં મધ્યમ દેશની ઇચ્છા રાખવી; પણ કેદખાના સરખા અધમ દેશની જય મેળવવા ઇચ્છા ધરવી નહીં.

જ્યારે કોઇએ જકડી લીધેલી હોય, રોગના સૈન્યથી ઉપદ્રવવાળી કારણ વિના જેમાં ઉપદ્રવો ઉઠયા કરે છે એવી, કોઇ રાજાએ ધૂમસથી ઢાંકેલી, કઠોર વાયુથી કંપિત, કારણ વગર

જેની ઉપર ધૂળનો વરસાદ વરસે છે એવી, પોતાના વર્ગમાંજ કુસંપ થતો હોય એવી, લડાઇનાં વાજાં જેમાં દુઃસ્વરથી વાગે છે એવી, અકસ્માત્ ઉત્પન્ન થયલા મહા નાદથી તથા આકાશથી પડતી ઉલ્કાઓથી દૂષિત, જેમાંથી ધુમાડો નિકળે છે એવી, બળતાં હથિયારવાળી, પ્રતિકૂળ શિયાળવાંના શબ્દવાળી, રુક્ષ શબ્દ કરનારાં કાગડા તથા ગીધનાં મંડળોથી વ્યાપ્ત, અતિ ભયાનકપણાથી દીપ્ત, ચોમેર લોહીની વૃષ્ટિથી છંટાએલી, અશુભ સૂચક, ઉત્પાત ઉત્પન્ન કરનારા ક્રૂર ગ્રહોથી છાવણીના અધિપતિનું જન્મનક્ષત્ર દબાયેલું હોય એવી, સૂર્ય મંડળમાં જ્યાં ખવીસો વગેરે દેખાય છે એવી, તથા અકસ્માત્ જેમાં વાહનો મોહિત થઇ જાય છે એવી છાવણી હોય તો અપશુકન જાણવા. અકસ્માત્ ઉન્મત્ત હાથીઓના મદજળના કણો સુકાઇ જતા હોય તે પણ સારૂં નહીં.

જેમાં નર તથા નારીઓનાં ચિત્ત પ્રસન્ન રહેતાં હોય, જ્યાં કાનને મધુર લાગે એવા અવાજવાળાં ભેરી વગેરે વાદ્ય હોય ગંભીર શબ્દ કરતા ઘોડાઓ હોય, સુખકારી શબ્દવાળા હાથીઓ હોય, પુણ્યતિથિમાં વેદ ધ્વનિના શબ્દ થતો હોય, નૃત્ય તથા ગીતના તુલ્ય શબ્દો હોય, ભય વિનાનાં મનુષ્યો હોય, તથા તે મનુષ્યો મોટા ઉત્સાહવાળાં હોય; અને જયની ઇચ્છાવાળાં હોય, અનુકૂળ વૃષ્ટિવાળો, રજ રહિત, છાવણીના અધિપતિના અનુકૂળ હોય, આકાશ તથા પૃથ્વીના ઉત્પાતોથી અદૂષિત, મંદતાથી પ્રવૃત્ત અનુકૂળ વાયુવાળી, પ્રફુલ્લ ચિત્તના જોરાવર સૈન્યવાળી, લોભાદિ દોષથી રહિત, સુગંધિયુક્ત નિર્ધૂમ્ર અગ્નિવાળી, મદના કારણનો અભાવ છતાં જેમાં હાથી મત્ત થાય છે એવી, શુભ વૃષ્ટિથી ઉન્નતિની સૂચના જેમાં થાય છે એવી, અને સુહૃદ્ જનના અભ્યુદયવાળી છાવણી વખાણવા યોગ્ય છે. ઉપર કહેલાં લક્ષણો હોય તો શત્રુનો પરાજય થાય છે અને તેથી વિપરીત હોય તો વિજિગીષુની હાર થાય છે. શુભ તથા અશુભ સૂચવનારાં

લક્ષણોજ જય તથા પરાજયના ફળની પ્રાપ્તિ સૂચવે છે. એ પ્રથમ કહેલાં કારણોથી નીતિ શાસ્ત્રના તત્વને જાણનાર વિજિગીષુ રાજાએ કાર્યે સિદ્ધિ સ્થિર કરવી. શુભ સૂચક નિમિત્તથી અને મોહાદિ દોષ રહિત અંતઃકરણથી સારી રીતે આરંભ કરાતી ચેષ્ટા, સિદ્ધિને પામે છે. મદદગારોનો ઉત્કર્ષ, વિશેષજ્ઞાન, બળ, દૈવની અનુકૂળતા, મનનો ઉત્સાહ, અને નિશ્ચય એટલાં વાનાં જે વિજિગીષુને હોય તેને યુદ્ધમાં જય તથા લાભ મળે છે. શાખા સંમૂહનું મૂળ જેમ ઝાડ છે, તેમ પ્રજાનું મૂળ રાજા છે. જેમ વાડથી ઝાડનું રક્ષણ થાય છે, તેમ મંત્રી અને સૈન્યથી વીંટાઇ રાજા, પ્રજાનું રક્ષણ કરે છે. મોટા આવાર (કાર્યભારી તથા સૈન્ય વગેરે) થી વીંટાએલો સ્કંધ (રાજા) પ્રજાની સંપત્તિનું કારણ છે. માટે સપરિવાર રાજનું 'સ્કંધાવાર' કહેલું છે. છાપરાં, સૈન્યને રહેવાનું સ્થાન, તેને પીવાનું પાણી, અને ધાન્ય તથા ઘાસની આયાતનો જ્યાં નિરોધ કરેલો છે, એ દરેક અપકૃત્ય છાવણીને મૃત્યુકારક છે. માટે એ દરેકને હરકત ન થાય એવા ઉપાયો યોજવા. ઊપર પ્રમાણે સૈન્યને સ્થાપી શુભ અશુભ ન હોય ત્યારે લડાઇનો ઉદ્યોગ ચલાવવો.

ષોડસ સર્ગ સમાપ્ત.

સર્ગ ૧૭ મો.

ઉપાયવિકલ્પ.

મહા બુદ્ધિશાળી અને દૈવ તથા બળથી યુક્ત વિજિગીષુએ ઉદ્યોગ અને નિશ્ચયથી યાતવ્ય (ચઢાઇ લઇ જવા યોગ્ય દુશ્મન રાજા) ને વિષે સામાદિક ઉપાયો જોડવા. કારણ કે સારા મંત્રવાળો રાજા મંત્ર અને ખજાનાથી શત્રુને જીતી શકે છે. માટે ચતુરંગિણિ સેના સિવાય બુદ્ધિ અને ખજાનાથી શત્રુને જીતવો.

સામ, દામ, ભેદ, દંડ, માયા, ઉપેક્ષા અને ઇંદ્રજાળ એ સાત ઉપાયો કહેલા છે, પરસ્પર થયલા ઉપકારો કહી સંભળાવવા, વંશ, રૂપ અને વિદ્યા વગેરેનાં વખાણ, વંશની પરંપરા કહેવી, આવતા વખતના ફળનો પ્રકાશ કરવો, અને કોમળ વચનથી સારી રીતે આત્મ સમર્પણ કરવું; એવી રીતે પાંચ પ્રકારનો સામ ઉપાય છે. ઉત્તમ, મધ્યમ અને અધમ રીતે પ્રાપ્ત થયલું ધન આપવું, રાખેલી ચીજ પાછી આપવી, દાનવિના લઇ ગયેલી વસ્તુનું અનુમોદન, નવીન દ્રવ્ય દેવું, લેનારની રૂચિ પ્રમાણે આપવું, અને દર વર્ષનો કર એવી રીતે દાન પણ પાંચ પ્રકારનું છે. સહોદરપણાની પ્રીતિ, અને સ્નેહ તોડાવવો, સ્પર્ધા કરાવવી અને તિરસ્કાર; એવી રીતે ત્રણ પ્રકારનો ભેદ, ભેદ જાણનારાઓએ કહેલો છે. વધ, પૈસા લઇ લેવા, અને દુઃખ આપવું; એવી રીતે દંડનો વિધિ જાણનારાએ ત્રણ પ્રકારનો દંડ કહ્યો છે, ખુલ્લી રીતે કરેલો, અને કોઈ ન જાણે એવી રીતે કરેલો, એમ વધરૂપ દંડ બે પ્રકારનો છે. લોકદ્વિષ્ટ અને શત્રુને જાહેર રીતે દંડ આપવો. જે મનુષ્યોથી લોકો ઉદ્વેગ પામતા હોય અને જે માણસો રાજાના માનીતા થઇ પ્રજાને પીડતા હોય તેઓને ગુપ્ત રીતે દંડ આપવો. ઝેરથી, અભિચારાદિક પ્રયોગથી, શસ્ત્રથી અથવા લેપનથી નિર્જનસ્થાનમાં વધરૂપ દંડ દેવો, કે જેથી બીજાના જાણવામાં ન આવે. બુદ્ધિમાન રાજાએ ધર્મની ઉન્નતિ કરવા સારૂ બ્રાહ્મણોનો, ચાંડાલોનો અને ધર્મિષ્ટ પુરૂષોનો વધરૂપ દંડ ન કરવો. દંડ દેવા લાયક જે મનુષ્યોને છુપી રીતે દંડવા હોય તેઓને રાજાએ ઉપેક્ષાથી હણવા; પણ તે ઉપેક્ષા પ્રત્યક્ષ કરિ દેખાડવી. અંતઃકરણમાં પેસતો હોય નહિ અને દૃષ્ટિથી અતિ આદરપૂર્વક જોતો હોય નહિ, એવી રીતે ઝરતા અમૃત સરખા સામનો ઉપયોગ કરવો. ઉદ્વેગ નહિ ઉપજાવનારી વાણી સામ કહેવાય છે. તે જો સાચી હોય તો સુનૃતસામ કહેવાય છે, અને જો પ્રીતિ ઉપજાવનારી હોય

તો સ્તોત્રસામ કહેવાય છે. પ્રથમ શત્રુના કામમાં જેમ પ્રયત્ન કરે તેવી રીતનો પ્રયત્ન કરવો, ને પછી અપ્રગટ રીતે પર્વતની પેઠે દુર્ભેદ્ય શત્રુને જળની માફક ભેદ કરવો. પૂર્વે દેવ અને દૈત્યોએ અમૃતરૂપ ફળની પ્રાપ્તિ સારૂ પ્રિય વચનથી ક્ષીર સમુદ્રનું મથન કર્યું, અને સામનો દ્વેષ કરનારા કૌરવોનો પાંડવોએ નાશ કર્યો. નીતિ નિપુણ નૃપતિએ બીજા ઉપાયોથી શાંત ન થાય એવા દારુણ વિરોધની દાનથી શાંતિ કરવી. ઇંદ્રે દેવતાઓને થતો ઉપદ્રવ જોઇ શુક્રને દાનથી શાંત કર્યા હતા. દાનવેંદ્ર વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાએ શુક્રાચાર્યની પુત્રી દેવયાનીને કુવામાં નાંખી દીધી હતી, તેથી શુક્રાચાર્યને ગુસ્સો ચડ્યો અને મંત્રીપણું છોડી દીધું. તેથી વૃષપર્વાએ દેવયાનીની સેવા કરવા પોતાની પુત્રીનું દાન કર્યું, તેથી તે સુખી થયો. શાંતિની ઇચ્છા રાખનારા માણુસે અધિક બળવાળા પાસે જઇને પણુ દેવું. કારણ કે ગાંધારીના પુત્ર દુર્યોધને પાંચ ગામ પણુ આપ્યાં નહિ હતાં તેથી તે સમૂળ નાશ પામ્યો. થોડી આપી ઘણું આપવાની લાલચમાં નાંખી ઉભય પક્ષનો પગાર લેનારા ચર મારફત અંદરની વાત જાણી લઇ ક્રુદ્ધ, લબ્ધ, ભીત, અને અપમાનિત એ ચારે પ્રકારના ભેદ કરવા યોગ્ય મનુષ્યોને ફોડવા. લોભી, અથવા જેને પગાર મળ્યો નથી તે, માનનેજ ધર્મ સમજનારો, તથા અપમાન પામેલો અને ક્રોધી, તથા કોઇ કારણથી ગુસ્સે થયેલો, બીનેલો તથા કોઈ કારણથી ડરાવેલો; એવી રીતે ચાર પ્રકારના પરાયા પક્ષમાં રહેલા મનુષ્યોને તેનું વાંછિત કરીને શાંતિ પમાડવી. સલાહકાર, કારભારી અને પુરોહિતનો ભેદ પ્રયત્નથી કરવો. કારણુ કે તેઓ ભેદ પામ્યાથી યુવરાજનો ભેદ કરવો સુગમ પડે છે. કારભારી અને યુવરાજ એ રાજાના હાથ સરખા છે, અને સલાહકાર ચક્ષુ સરખો છે; તો તે ત્રણુમાંથી એક પણુ જો ફૂટયો તો તેના જેવો બીજો ફોડી શકાય છે. વિજિગીષુએ સર્વ પ્રકારની અવસ્થામાં રહેલા

યાતવ્યના કુલીનને ફોડવો. કુલીન જો વિકાર પામે તો અગ્નિની પેઠે પોતાના આશ્રયનો નાશ કરે છે. યાતવ્યના પુરમાં રહેનાર પુરુષ કુલીન સરખો સમજવો, માટે કુલીન અને શેહેરની અંદર રહેનારો, એ બે પુરુષોને અતિશય ફોડવા. અને પોતાના પક્ષમાં એ બેઉને શાંત રાખવા. જે પુરુષ ક્રોધ અને અનુગ્રહ કરવામાં સમર્થ છે, તે પુરુષનો ભેદ કરવો; પણ તે પુરૂષ શુભ ચાહનાર છે કે શઠ છે, એવું નિર્મળ બુદ્ધિથી વિચારવું. જો તે શુભ ઇચ્છનારો હોય તો શક્તિ પ્રમાણે રાજાનું વાક્ય સફળ કરે છે, અને જો ધૂર્ત હોય તો બેઉ પક્ષને ચંચળ કરી મૂકે છે. નીચ, માંડ માંડ આજીવિકા કરી આપેલો, પ્રથમનો સેનાપતિ, મિથ્યા અપવાદમાં આવેલો, રાજ્ય લક્ષ્મીમાં લાલચ રાખનાર, બોલાવ્યા પછી તિરસ્કાર કરેલો, રાજાનો દ્વેષ કરનાર, રાજકુળમાં રહેલો, જેની ઉપર રાજાએ દોષ મૂક્યો હોય તે જેની જીવિકાનાં સાધન લઇ લીધેલાં છે એવો, પ્રથમ કર નહોય અને જેનીપર પાછળથી કર નાખેલો છે એવો, યુદ્ધમાં પ્રીતિવાળો, સાહસિક, આત્માભિમાની, ધર્માદિક ત્રિવર્ગને જેણે ઉખેડી નાખ્યા છે તે, ક્રોધી, માની, અપમાન કરેલો, ડરેલો, પોતે કરેલા અપરાધથી ત્રાસ પામેલો, પ્રથમ વૈર કરી પાછળથી સુલાહ કરેલો અયોગ્ય માણસ સાથે કામમાં જોડેલો, યોગ્ય સન્માન નહિ આપેલો, કારણ વિના નિરોધ કરેલો, બેઉનો સરખો અપરાધ છતાં જે એકને વધારે દંડ કર્યો હોય તે, કારણ વિના ત્રાસ ઉપજાવેલો, પૂજા કરવા યોગ્ય છતાં નહિ પૂજેલો, જેનાં ધન, સ્ત્રી અને છોકરાં હરિ લીધાં, છે તે, મોટા ભોગની ઇચ્છા ધરાવનારો, થોડા પૈસાવાળો, જેના બંધુઓને દેશ નિકાલ કર્યો છે તે, અને શેહેરમાંથી કાઢી મૂકેલો, એવા મનુષ્યો ભેદ કરવા યોગ્ય કહેલા છે. યાતવ્યના પક્ષમાં રહેલા એઓનો ભેદ કરવો. અને ભેદ કરવાથી પોતા તરફ જ્યારે આવે ત્યારે તેની જે ઇચ્છા હોય તે પૂરી પાડવી, અને પોતાના પક્ષમાં ઉપર કહ્યા તેવા હોય તેઓને શાંત કરવા.

સામ, તૃષ્ણા પૂરી પાડવી, ક્રોધ કરી ભય દેખાડવો, એ ઉપાયમાં શ્રેષ્ઠ દાન અને માન એ ભેદ કરવાના ઉપાયો છે. બળવાન્ શત્રુએ અપકાર કરેલા બુદ્ધિમાન્ વિજિગીષુએ ભેદ કરવો. દેવતાઓએ બળવાન્ ષંડ અને અમર્ક દૈત્યોને ભેદ કરી હરાવ્યા હતા. પાંતવ્યના મળેલા સૈન્યને ભેદ પમાડી દંડથી તેનો નાશ કરવો. જેમ ઘુણે ખાધેલા કાષ્ઠના કટકા થાય છે, તેમ ફૂટેલું સૈન્ય વિખરાઇ જાય છે. ઉત્સાહ અને સહાયવાળા રાજાએ યુદ્ધોપયોગી સ્થાનમાં અનુકૂળ સમયે યુધિષ્ઠિરની પેઠે દંડના વિધિથી શત્રુઓને મારવા. પોતાની શક્તિ જોઇ ઉત્સાહ શક્તિ સંપન્ન રાજાએ અધિક બળવાળા શત્રુને પણ દંડ દેવો. પૂર્વે એકલા પર્શુરામે ક્ષત્રિય કુળનો એકવીશ વાર નાશ કર્યો હતો.

આળસુ, યુદ્ધથી થાકેલો, સામાદિક ઉપાય અને શરીરના કરેલા વ્યાપારવાળો, સૈન્યાદિકનો વિનાશ, ખર્ચ અને મોટી યુદ્ધ યાત્રાથી કંટાળી ગયલો, લડાઇ છોડી ભાગેલો, પ્રતાપથીજ ત્રાસ પામેલો, નીતિશાસ્ત્રને નહિ જાણનાર, સ્ત્રી, બાળક, ધાર્મિક, દુર્જન, પશુ સરખો, સ્વભાવથીજ વૈર નહિ કરનાર, અને સર્વ જગોએ હિતની નજરે જોનારે, એવાઓને સામના ઉપાયથી સ્વાધીન કરવા.

લોભી, નિર્ધન, પરસ્પર શંકાથી ઉદ્વેગ પામેલા, અને અયોગ્ય દંડને લીધે ઉત્પન્ન થયેલ વૈરવાળાઓને દાન દેવાથી વશ્ય કરવા. પુત્ર, ભાઇઓ અને બંધુઓને સામ તથા ધનથી સ્વાધીન કરવા. કારણ કે લોકમાં પુત્રાદિક સમાન કોણ શત્રુ છે? (જો પુત્રાદિક કોઇ કારણથી શત્રુ થાય તો અવશ્ય હાર થાય.) દૈવયોગથી એ પુત્રાદિક વિકાર પામે તો અવશ્ય પ્રિય વચનનો પ્રયોગ કરવો. નહિતર એ સ્પર્ધાયુકત સ્વભાવ હોવાને લીધે અનિવાર્ય વિકૃતિ પામે છે.

કુળ, શીળ, દયા, ઉદારતા, ધર્મ, સત્ય, કૃતજ્ઞતા અને અદ્રોહ જેઓમાં હોય તેઓ આચાર્ય કહેવાય છે. દંડની મુખ્યતા

રાખનાર અને દાન ભેદમાં વિચક્ષણ દંડવેત્તાએ પૌરી અને દેશવાસીઓને દાન અને ભેદથી વશ કરવા; કોમળ અંતઃકરણવાળા અપરાધીઓ સ્નેહનાં વચનોથી અને માનપૂર્વક દાનથી વશ કરવા; અને બીજાઓને યથાયોગથી એટલે જ્યાં જે ઉપાય લાગુ થાય તે ઉપાયનું અવલંબન કરી ભેદ અને દંડથી વશ કરવા. દેવતાની મૂર્તિ અને સ્તંભના છિદ્રોમાં રહેલા મનુષ્યોથી લોકોને વિસ્મય પમાડવા. સ્ત્રીનો વેશ ધારણ કરનાર પુરુષ,. રાત્રિમાં અદ્ભુત દર્શન, વેતાલ, પિશાચ, અને દેવતાના સરખું રૂપ ધારણ કરવું, ઇત્યાદિ મનુષ્યની માયા છે. ઇચ્છામાં આવે તેવું રૂપ ધારણ કરવું, શસ્ત્ર અને પાણીનો વરસાદ અને અંધકારનો ફેલાવ કરી તેમાં છુપાઇ જવું, એ પણ માનુષી માયા છે. સ્ત્રીનું રૂપ ધારણ કરી ભીમસેને કીચકને માર્યો હતો, અને નળ રાજા દિવ્યમાયાથી ઘણો વખત છુપો રહ્યો હતો. અન્યાય, વ્યસન અને યુદ્ધમાં પ્રવૃત્ત થયેલાને રોકવા નહીં, એવી રીતે ઉપેક્ષાના અર્થ જાણનારાઓએ ઉપેક્ષા ત્રણ પ્રકારની કહેલી છે. અકાર્યમાં લાગેલો અને વિષયથી જેની બુદ્ધિ અંધ થઈ ગઇ છે, એવો કીચક ભલે મરે એવી રીતે વિરાટે તેની ઉપેક્ષા કરી. ભીમસેનને સજ થયેલો જોઇ સ્વાર્થ તૂટવાના ભયવાળી હિડિંબાએ પોતાનો ભાઇ ભલે મરે એવી ઉપેક્ષા કરી. મેઘનો અંધકાર, વૃષ્ટિ, અગ્નિ અને પર્વતોનું આશ્ચર્યકારી દર્શન, ધ્વજથી શોભતાં છેટાં સૈન્યોનું દર્શન, અને છેદાઇ ભેદાઇ ગયલા તથા પાછા સાંધેલા મનુષ્યોનું દર્શન, ઇત્યાદિ ઇંદ્રજાળની વિદ્યા યાતવ્યના ભયને માટે દેખાડવી.

એવી રીતે રાજાના. નાના પ્રકારના પ્રયોજનને સિદ્ધ કરનારા ઉપાયો કહ્યા. એઓમાં મરજી પ્રમાણે સામ જાણનારાએ સામનો પ્રયોગ કરવો. સામ અને ભેદ ઉપાય કરવા હોય ત્યાં પણ પ્રથમ દાન કરવું કારણ કે દાન સહિત કરેલા એ બંને ઉપાયો કાર્યની સિદ્ધિ કરે છે દાન વિના સર્વત્ર ઘણા સામનું પણ કામ નથી. દાન વિનાનું સામ સ્ત્રીઓમાં પણ

સ્થિતિ કરતું નથી. નીતિજ્ઞ રાજાએ, ઇત્યાદિ ઉપાયો શત્રુના સૈન્યમાં અને પોતાના સૈન્યમાં પણ સારી રીતે જોડવા. ઉપાય વિના ચેષ્ટા કરતા વિજિગીષુને અંધની પેઠે પલાયન કરવું પડે છે. નીતિમાં પંડિતોને ઉપાયરૂપ સંદંશ (ચીપીઓ)ના બળથી સમૃદ્ધિ અવશ્ય આધીન થાય છે. કારણકે વિજિગીષુએ ઉત્કૃષ્ટ અને વિધિ પ્રમાણે જોડેલા ઉપાયો કોઇ સ્થળે કાર્ય સિદ્ધ કરે છે.

સપ્તદશ સર્ગ સમાપ્ત.

સર્ગ ૧૮ મો.

સૈન્ય બળાબળાદિ.

સામાદિક ત્રણે ઉપાયોનો પ્રયોગ નિષ્ફળ થાય ત્યારે નીતિમાન અને દંડનો વિધિ જાણનારા વિજિગીષુએ અપરાધિઓનો નીતિ શાસ્ત્રમાં કહેલો દંડ કરવો; દેવ અને બ્રાહ્મણોની પૂજા કરી ગ્રહનું અને તારાઓનું બળ હોય ત્યારે છ પ્રકારનો સૈન્યનો વ્યૂહ કરી યાતવ્યપર ચઢાઇ કરવી. મૌલ (મૂળ ભૂત પુરુષના સંબંધથી આવેલું), ભૃત (પોષણ કરી એકઠું કરેલું), શ્રેણિ (સંઘના ધર્મથી રહેલું), સુહૃદ્બળ, શત્રુબળ, અને આટવિકબળ એ છ સૈન્યોમાં પેહેલું પેહેલું ગુણમાં અધિક છે; અને પ્રથમમાં થતું વ્યસન પણ અધિક છે. સતકારથી, સ્નેહથી, સાથે મળી બોલવું તથા બેસવું તેથી, અને નિત્ય વૃદ્ધિ ક્ષય સાથે હોવાથી મૌલસૈન્ય ભૃત કરતાં અધિક છે. નિત્ય પાસે રહેવાથી, પડેલાને ઊભા કરવાથી અને જીવિકા સ્વામીને આધીન હોવાથી ભૃતસૈન્ય શ્રેણિ કરતાં ગુણાધિક છે. દુઃખ તથા સુખ સમાન હોવાથી, વિજય થતાં તુલ્ય લાભ થવાથી, અને એક દેશમાં રહેનારપણાથી મૈત્ર સૈન્ય કરતાં શ્રેણિ સૈન્ય અધિક છે. દેશ કાળનો નિર્ણય કરેલો હોવાથી,

એકને માટે લાભના પ્રયત્નથી અને સ્નેહના યોગથી શત્રુના સૈન્ય કરતાં મિત્રનું સૈન્ય અધિક છે, જંગલમાં રહેવાથી આટવિક સ્વભાવે અધાર્મિક, લોભી, દુષ્ટ આચારવાળા, અને જૂઠું બોલનારા હોય છે તેથી આટવિક સૈન્યથી શત્રુનું સૈન્ય અધિક છે. સમય પ્રમાણે વ્યવસ્થા કરેલું શત્રુસૈન્ય અને આટવિક સૈન્ય, યાતવ્યની પ્રભુશક્તિના ક્ષયને માટે છે. જ્યારે યાતવ્યની પ્રભુશક્તિનો ક્ષય થયો અને વિપતિ આવી એટલે શત્રુનો જય અવશ્ય થવાનો. એ બેઉ સૈન્યે કરેલા ભેદના ભયથી રાજાએ ડરતું રહેવું અથવા એ બંને યાતવ્યનોજ ભેદ કરે; એમ કરવાથી જય ખચિત થાય છે. અધિક અને અનુરક્ત સૈન્યથી વૃધ્ધિ પામેલો યાતવ્ય હોય ત્યારે મુગ્ધ પુરુષોનો ક્ષય અને સુવર્ણ ધાન્યાદિકનો વ્યય સહન કરનારા વિજિગીષુએ તેના સરખુંજ થઇને જવું. રસ્તો સાફ અને સમય અનુકૂલ હોય ત્યારે યથાયોગ્ય સન્માર્ગથી સ્વાધીન કરેલા મૌલસૈન્યની સાથે યાતવ્યના દેશમાં જવું; કારણકે મૌલ, દિગ્વિજયાનું કામ ઘણા દહાડા ચાલે એવું હોવાથી ક્ષય અને વ્યય સહન કરી શકે એવા હોય છે. એવાં કાર્યોમાં ભૃતાદિક સૈન્યો સાથે લેવાં નહીં, કારણકે તેઓ વખત અને રસ્તો લાંબો હોવાથી થાકી જાય ત્યારે ભેદનો ભય થાય છે, યાતવ્યનું સૈન્ય મોટું હોવાથી, અને લડાઇ ઘણા દહાડા ચાલે એવી હોવાથી, રસ્તો લાંબો હોવાથી, નિત્ય પ્રતિકૂળ વાસ હોવાથી, અને હમેશ ચાલવાથી ચિત્તનો ભેદ અવશ્ય થાય છે, મારૂં સૈન્ય (ભૃત) મોટું છે, મૌલ થોડું છે, અને તે સાર વિનાનું છે; અને યાતવ્યનું મૌલ અલ્પ અને વિરક્ત છે, તથા ઘણું કરી અલ્પસારવાળું છે, એવો વખત આવે ત્યારે યુદ્ધયાત્રા કરવી. ઘણું કરી કૂટ (કૂડ) યુદ્ધથી લડવું, કે જેમાં થોડા શ્રમથી જય થાય છે, તથા થોડા દેશકાળમાં સૈન્યનો વિનાશ થયા સિવાય જયનો લાભ મળે છે, યાતવ્યનું સૈન્ય યુદ્ધથી ક્લેશિત થયલું, અને વિજિગીષુએ કરેલા ભેદથી વિશ્વાસયોગ્ય હોય ત્યારે ભૃત

સૈન્યથી થોડા પ્રસારવાળા યાતવ્યને હણવો સહેલ છે, એવી ઉપેક્ષા કરી જવું. થોડા પ્રવાસ અને થોડા યુદ્ધક્લેશથી સમૃદ્ધ શ્રેણીસૈન્ય, પ્રવાસના માર્ગમાં સ્થાપી શકાશે એવું વિચારી શ્રેણી સૈન્ય લઇ જવું. સુસમૃદ્ધ મિત્રસૈન્ય પોતાનું કાર્ય સંપાદન કરવામાં સ્થાપવાને શક્ય હોય અને કૂટયુદ્ધથી થોડો પ્રયાસ પડતો હોય, અને થોડું મિત્રસૈન્ય પોતા તરફ રાખવું શક્ય હોય એવા વખતમાં મિત્રસૈન્યની સંગાથે જવું. મિત્રને અને પોતાને સમાન ફળવાળું કાર્ય કર્તવ્ય હોય ત્યારે, તથા મિત્રાધીન ફળપ્રાપ્તિ હોય તથા અનુગ્રહ કરવા યોગ્ય મિત્રાંતર યાતવ્ય હોય ત્યારે મિત્રની સાથેજ જવું. કુતરાઓથી સુવરનો વધ કરવા ઇચ્છતા વિજિગીષુએ મોટા શત્રુના સૈન્યની સાથે બળવાળા શત્રુઓને યુદ્ધમાં જોડવા; અથવા નીતિયુક્ત વાક્ય મોટા શત્રુઓને કહેવરાવવું. નીતિજ્ઞ રાજાએ યાતવ્યના દુર્ગ અને કંટકનું શોધન કરવામાં તથા પરદેશના પ્રવેશમાં નિત્ય આટવિક સૈન્યને અગ્રેસર કરવું.

ઉપર કહેલું છ પ્રકારનું સૈન્ય, હાથી, ઘોડા, રથ અને પાયદળથી ચાર પ્રકારના અંગવાળું; અને મંત્ર તથા કોશને સાથે ગણતાં છ અંગવાળું કહેલું છે. એ પ્રમાણે છ પ્રકારના સૈન્યને જે સૈન્ય સાથે જેનો યોગ કરવો ઘટે તેમ જોડીને નિર્દોષ રીતે યાતવ્યના વ્યૂહથી પ્રતિકૂળ વ્યૂહની રચના કરી શત્રુના સૈન્યપર ચઢાઇ કરવી. વિજિગીષુએ છ પ્રકારના સૈન્યનો યોગ ગૂઢ પુરુષ મારફત જાણી લેવો; સામા સેનાએ કરેલી ગતિ તથા અગતિ અને સેનાપતિની હીલચાલ પણ જાણવી.

શુદ્ધ બન્ને કુળમાં ઉત્પન્ન થયેલો, પોતાના દેશમાં જન્મેલો, મંત્રને જાણનાર, મંત્રીઓએ મંજુરી આપેલો, યત્નથી રાજનીતિનો પ્રયોગ કરનારો, ભણેલો, બળ, શૌર્ય, ક્ષમા, સ્થૈર્ય, સૌંદર્ય, ધૈર્ય અને ગાંભીર્યથી સહિત, પ્રતાપ અને ઉત્સાહથી સંપન્ન, સેવકોને આશ્રય આપનાર, મિત્રવાન્, વિશાળ મુખવાળો ઘણા

સંબંધી અને બાંધવવાળો, વ્યવહારને જાણનાર, મોટો, સારી પ્રકૃતિવાળો, નિષ્કારણ વૈર નહિ ઉપજાવનારો, નિર્દોષ, શાસ્ત્રાનુસાર કર્મ કરનારો, થોડા શત્રુવાળો, ઘણાં શાસ્ત્રો જાણનાર, નિરોગી, ઊંચો વીર, ઉદાર, વખત ઓળખનાર, સુંદર આકારવાળો, અજમાવેલા પરાક્રમવાળો, હાથી, ઘોડા અને રથની ગતિમાં કેળવાયલો, પરિશ્રમને જેણે પરાભવ કરેલો છે એવો, પટ્ટાબાજ, મલ્લયુદ્ધમાં ચપળ, યુદ્ધને લાયક સ્થાનના વિભાગને જાણનાર, સિંહની પેઠે ગૂઢ પરાક્રમવાળો, ચાલાક, ઉદ્યોગી, અપમાનને નહિ સહન કરનાર, નમ્ર, હાથી, ઘોડા, રથ અને શસ્ત્રોનાં લક્ષણોને જાણનાર ચર અને સ્થિર ગૂઢ પુરુષોના ભેદને જાણનાર, ઉપકારનો જાણનાર, દયાળુ, ધર્મોપયોગી કર્મથી સંબંધ રાખનાર, હુંશિયાર, હુંશિયારને અનુસરનાર, સર્વ પ્રકારની યુદ્ધ ક્રિયામાં કુશળ, તથા સર્વ પ્રકારની લડાઇની ક્રિયા સાધવા હુંશિયાર, હાથી ઘોડા અને માણસોના સ્વભાવને ચિત્તને જાણનાર, તથા હાથી વગેરેનાં નામ જાણનાર તથા તેઓના નિયમોનું સંપાદન કરનાર, જુદા જુદા દેશની ભાષા અને સ્વભાવને જાણનાર, નાના પ્રકારના દેશની લિપિના જ્ઞાનવાળો, દૃઢ સ્મરણશક્તિવાળો, રાત્રિના ફરવામાં હુંશિયાર, શુભ અશુભ ચિન્હોને જાણનાર, નક્ષત્ર અને ગ્રહોના ઉદય અસ્તના જ્ઞાનવાળો, દિશા અને દેશના માર્ગને જાણનાર, તથા દિશાઓ અને દેશમાં વસેલો, ભૂખ, તરશ, શ્રમ, ત્રાસ, ઠંડી, પવન, ગરમી અને વૃષ્ટિથી જેને ભય અને ગ્લાનિ નથી ઉપજતી એવો, સત્પુરુષોને અભય આપનાર, યાતવ્યના સૈન્યમાં ભેદ ઉપજાવનાર, દુઃસાધ્યમાં પણ ઉપાયનો નિશ્ચય કરનાર, ભયથી નાઠેલાઓને અને પોતાના સૈન્યને રોકનાર, સેનાના પડાવની સારી રીતે રક્ષા કરનાર, ફોજના કામથી વાકેફગાર ચર, દૂતના પ્રચારને જાણનાર, મોટા ઉદ્યોગથી પ્રાપ્ત થાય એવા ફળનો સ્વીકાર કરનાર, નિરંતર સિધ્ધ કર્મ વાળો, સિધ્ધ થયેલા કર્મવાળાઓએ સેવેલો,

પરાજયમાં ખેદ રહિત, અને રાજાના રાજ્યરૂપ અર્થમાં તત્પર ઇત્યાદિ લક્ષણોવાળો સેનાપતિ હોવો જોઇએ. એવા ઉપયોગી સેનાપતિએ રાત્રિ દિવસ સેનાની રક્ષા કરવી. નદી, પર્વત, વન અને ઝાડી વગેરે સ્થાનમાં જ્યાં જ્યાં ભય હોય ત્યાં ત્યાં સૈન્યનો વ્યૂહ કરી જવું. વીર પુરુષો સહિત નાયકે (હજાર માણસના લશ્કરને ચલાવનારે) આગળથી ચાલવું. મધ્યમાં વિજિગીષુ, રાણી, ખજાનો અને નિર્બળ સૈન્યે રહેવું બન્ને બાજુએ ઘોડા, અને ઘોડાની બાજુમાં રથ, રથની બાજુમાં હાથી, હાથીની બાજુમાં આટવિક સૈન્ય; એવી રીતે સર્વને આગ કરી સારી રીતે સેનાના સમૂહનો વ્યૂહ કરી, અને શ્રમિતની આશ્વાસના કરતા સેનાધિપતિએ પાછળ જવું. આગળ ભય હોય તો મોટા મકરવ્યૂહથી, ઉદ્ધતપક્ષ શ્યેન વ્યૂહથી અથવા ધીરમુખસૂચી વ્યૂહથી જવું. પાછળથી ભય હોય તો શકટવ્યૂહની રચના કરવી. આજુબાજુમાં ભય હોય તો વજ્રવ્યૂહની કલ્પના કરવી. ચોમેરથી ભય હોય તો સર્વતોભદ્રવ્યૂહ ગોઠવવો. પર્વતની ગુફાઓ, પહાડો, દુર્ગમસ્થાનો, નદીઓ અને વનોથી સાંકડા અને દૂમાર્ગમાં થાકી ગયેલ, ભૂખ તરસ અને ટાઢથી વ્યાકુલ, વ્યાધિ દુકાળ અને મરકીથી પીડાએલુ, ચોરોએ ઉપદ્રવ કરેલું, કાદવ, રજ અને જળથી આકુળ વિખરાઇ ગયેલું, એકઠું થએલું, સૂતેલું, જમવામાં રોકાએલું, લડાઈને અયોગ્ય જમીનપર રહેલું, અને શૃંખલા રહિત એવું સૈન્ય હોય ત્યારે તેની વિપત્તિઓમાં વ્યાકુળ થએલા પોતાના સૈન્યની સારી રીતે રક્ષા કરવી, અને શત્રુના સૈન્યનો નાશ કરવો દેશકાળ સારો હોય શત્રુના રાજ્યનાં અંગો જેણે ફોડેલાં છે એવા બળવાન્ વિજિગીષુએ જાહેર રીતે યુદ્ધ કરવું. જો દેશકાળાદિ અનુકૂળ ન હોય તો કૂટયુદ્ધ કરવું. ઉપર કહેલા સૈન્યના કષ્ટના વખતમાં અયોગ્ય ભૂમિમાં રહેલા વ્યાકુળ શત્રુને કૂટયુદ્ધથી મારવો. અને યોગ્ય ભૂમિમાં રહેલા શત્રુને તેની ભૂમિમાં ભેદ કરી મારવો. રાજ્યનાં અંગો દબાવાથી

ક્ષુભિત થયેલા યાતવ્યને વનચરાદિક ગૂઢ પુરુષોથી અને વીર પુરુષોથી તથા ભંગ, દાન અને આકર્ષણથી મારવો. આગળ યુદ્ધ કરવા થોડું સૈન્ય ઊભું રાખવાથી તેની સ્વલ્પતાના નિશ્ચયવાળા યાતવ્યને ઉત્તમ વીરવાળા અને વેગવાળા સૈન્યવડે પાછળથી નાશ કરવો. અથવા યાતવ્યના સૈન્યને પાછળના ભાગથી વ્યાકુળ કરી આગળથી સૈન્યવડે હણવું. આ પ્રથમ કહેલા આગળ પાછળના યાનથી કૂટયુદ્ધમાં બાજુના અભિઘાતનું વ્યાખ્યાન કરેલું છે. આગળ દુર્ગમ દેશમાં વેગવાન્ વિજિગીષુએ પાછળથી શત્રુને મારવો, અને પાછળ વિષમ દેશમાં આગળથી મારવો. એજ પ્રમાણે ડાબી બાજૂના વિષમ દેશમાં જમણી બાજુથી મારવો. અને જમણી બાજુના વિષમ દેશમાં ડાબી તરફથી મારવો, પ્રથમ ક્રુષ્ટ મૈત્ર અને અટવી બળથી લડાઇ કરાવી થકાવેલા, અને મિત્ર બળ (સૈન્ય)થી રહિત થયેલા શત્રુને નહિ થાકેલા વાહનવાળા વિજિગીષુએ મારવો. રાજી થયેલા અમિત્ર બળથી ભંગ દઈ વિજિગીષુએ હું જીતી ગયો એવા વિશ્વાસવાળા શત્રુને વનાદિકમાં છુપાઈ મારવો. સાવધાન વિજિગીષુએ સૈન્ય, શેહેર, ગામ અને ધાન્યાદિકના સમૂહમાં લોભાવી શત્રુના સૈન્યનો વિનાશ કરવો. સારવાળા પોતાના સૈન્યને અસારવાળા પોતાના સૈન્યથી વીંટી, થોડા અસાર બળનો વિનાશ કરવામાં લાગેલા શત્રુના સૈન્યનો સિંહની પેઠે દબાવી વિનાશ કરવો. વન વગેરેમાં છુપાઈ મૃગયામાં આસક્ત થયેલા અથવા ગાયો ગ્રહણ કરવાથી તેમાં લાગેલી નજરવાળાને હણવો. છાપો મારવાના ભયથી રાત્રિનું જાગરણ કરી દિવસમાં સૂતેલા અને નિદ્રામાં વ્યાકુળ થયેલા સૈનિકને હણવા. સૌપ્તિક વિધિ જાણનારે પૂર્વાન્હના પ્રહારથી થાકી સૂતેલાને અપરાન્હમાં મારવા; અને રાત્રિમાં વિશ્વાસથી સૂતેલાને રાત્રિમાં મારવા. ચામડાના આવરણથી ઢાંકી લીધેલા પગવાળા હાથીઓ અને અતિ વેગવાળા ઘોડાઓ તથા ખડ્ગધારી પુરુષોથી સૌપ્તિક (સૂતેલા સૈન્યનો

(વિનાશ) કરવો. સૂર્ય અને મહાવત જેને પ્રતિકૂળ હોય અને એજ કારણથી નેત્ર મીચેલા શત્રુને એ પ્રકારે કૂટયુદ્ધથી જલદી મારવો. ઝાકળ, અંધકાર, ગાયોનો સમૂહ, કોતર, પર્વત, અને નદીઓ શત્રુનું રક્ષણ કરે છે, માટે એને આશ્રયસ્થાન કહેલું છે. સાવધાન વ્યવસાયી વિજિગીષુએ જે પ્રકારથી શત્રુને મારવો, તેજ પ્રકારથી ચરોએ જેને સારી રીતે શત્રુઓનો પ્રચાર જણાવેલો છે એવા રાજાએ શંકાતું રહેવું. વિજિગીષુએ નિશ્ચયે કરી કૂટયુદ્ધથી શત્રુપાસે જઇ તેનો નાશ કરવો. એવી રીતે કપટથી કરેલો શત્રુનો નાશ ધર્મ વિરુદ્ધ નથી. કારણ કે તીક્ષ્ણ આયુધવાળા અશ્વત્થામાએ પાંડવોના સૈન્યને બેધડક માર્યું હતું.

અષ્ટાદશ સર્ગ સમાપ્ત.

સર્ગ ૧૯ મો.

પ્રકાશ યુદ્ધાદિ.

યુદ્ધયાત્રામાં આગળ ચાલવું, વન અને દુર્ગમ ભૂમિમાં પેસવું, પૂર્વે નહિ કરેલા માર્ગો અને જળમાં ઉતરવાના માર્ગો પ્રવર્તાવવા, પાણીમાં ઉતરવું, અને તરવું, એક હોંશીરૂપ અંગથી શત્રુના સૈન્યનો જય, મળેલા શત્રુસૈન્યનો ભેદ, વિખરાઇ ગયલા પોતાના સૈન્યનો સંગ્રહ કરવો, શત્રુને ભય દેખાડવો, શત્રુનો વિઘાત, નગર અને ઝાડી તોડવી, તીજોરી લાવવી, અને ભયથી રક્ષણ કરવું એ હાથીનાં કાર્યો પૂર્વાચાર્યોએ કહેલાં છે. સૈન્યનું રક્ષણ, ભેદાઇ ગયેલાઓને એકઠા કરવા, અને શત્રુના સૈન્યનો નિષેધ વગેરે કેટલાંએક કાર્યો રથનાં છે.

વનના માર્ગો બતાવવા, ધાન્યાદિકનો સંગ્રહ, અને સૈન્યની બાજુનું રક્ષણ, પરાયાસૈન્યને ત્રાસ ઉપજાવવા પાછળ જવું, હાર દેખાયાંઇ શત્રુના બળને ખેંચી હણનારને દૂર લઇ જવો,

તરત કામ પાર પાડવું, દયા કરવાયોગ્ય પોતાના સૈન્યને અનુસરવું. બન્ને પક્ષમાં ઉભેલાં સૈન્ય તથા જમીનપર ઉભેલા સૈન્યને અનુસરવું એ ઘોડાનું કામ છે. સર્વદા શસ્ત્રો ધારણ કરવાં એ પાયદળનું કામ છે. કુવા અને આરા શોધવા, છાવણીનું સ્થાન ખોદી ખણી સુધારવું, એ વગેરે જે કામ છે તે સઘળું સર્વ પ્રકારના સૈન્યનું કામ છે.

શુદ્ધ જાતિ, ઉત્તમપણું, જુવાની, ઉત્પત્તિના સ્થાનની ઉત્તમતા, બળવાન્પણું, જીવનસ્થાનનું ઉત્કૃષ્ટપણું, તેજ, હુંશિયારી, ઉન્નતપણું, સ્થિરતા અને તાબેદારી, એ પોતાનાં લક્ષણ અને આચારવાળા ચતુરંગ સૈન્યનાં અસાધારણ લક્ષણ છે. એ લક્ષણોવાળા સૈન્યની યુદ્ધમાં પ્રેરણા કરવી.

નાસી જવાના સ્થાનવાળી, અતિ વિષમતા–રાફડા, ઝાડ, ને કાંટા વગરની જે ભૂમિ હોય તે પાયદળને યુદ્ધ કરવામાં અનુકૂળ છે. થોડા પાથરા તથા ઝાડવાળી, ખાંડા તથા લતા વગરની, ફાટ વિનાની, સ્થિર અને કાંકરા વિનાની જમીન ઘોડાઓને યુદ્ધ કરવામાં અનુકૂળ છે. ઝાડ, વેળુ અને કાદવ વિનાની, રાફડા, પથરા, ક્યારા, લતા, ખાડા, અને બગીચાથી રહિત, ખરીથી ચાલી શકાય એવી, અને સર્વના પ્રચારને યોગ્ય એવી રથની ભૂમિ કહેલી છે. જ્યાંનાં ઝાડ તથા લતાઓ તોડી શકાય છે, એવી, કાદવ વગરની, ધાન્ય યુક્ત, ચઢી શકાય એવા પહાડવાળી, અને વિષમ; એવી હાથીની પૃથ્વી જોઇએ. દબાવી નહિ શકાય એવા મતિમાન્ વિજિગીષુએ પોતે લડવું નહીં; અને જો જરૂર હોય તો ચોમેર ઘણા સૈન્યથી વીંટાઇ લડવું હાથી ઉપર ખજાનો રાખવો અને તેની પાસે ઉતાવળી ચાલનાં વાહનો રાખવાં. જ્યાં રાજા હોય ત્યાંજ ખજાનો હોવો જોઇએ. કારણ કે રાજાપણું એ ખજાનાને આધીન છે. નવીન કાર્ય કર્યું હોય ત્યારે વખાણ તથા સન્માન કરી વીરોને ઇનામો આપવાં. કારણકે ઉદાર રાજાનાં માણસો લડાઈમાં પાછી પાની કરતાં નથી. શત્રુ રાજાને

મારનારાને લાખ રૂપીઆનું ઇનામ આપવું. રાજપુત્ર અને સેનાપતિના વધમાં પચાસ હજારનું ઇનામ આપવું. ઉત્તમવીરોના મુખ્યનો વધ કર્યો હોય ત્યારે દશ હજારનું ઇનામ દેવું. હાથીના વધમાં પાંચ હજાર, મુખ્ય રથ ભાગવામાં અઢી હજાર, ધનુષધારીના વધમાં એક હજાર, અને મુખ્ય સિપાઇના વધમાં વીશ ગાયનું ઇનામ દેવું. અને સર્વ સૈન્યનો પગાર વધારી બમણો કરી દેવો. રૂપુ, સોનુ, અને બીજી ધાતુ જે સિપાઇ જે જીતે તેને તે આપવી, અથવા રાજી થયેલા રાજાએ વીરોને તેમના કામ પ્રમાણે આપવું.

લડાઇમાં પાંચ અરત્નિ (મુઠીવાળી ટચલી આંગળી લાંબી કરેલો હાથ) પ્રમાણુ ધનુષ જેટલી જગ્યામાં ધનુર્ધરને ઊભો રાખવો. ત્રણુ ધનુષ જેવડી જગામાં ઘોડાને રાખવો. પચીશ અરત્નિ જેટલામાં રથ અને હાથી રાખવા. એક સિપાઈએ બીજા સિપાઈથી ચૌદ આંગળ દૂર ઊભા રહેવું. ઘોડાએ ત્રણુ સમ (૧૪ આંગળ) બીજા ઘોડાથી દૂર ઊભવું, હાથી અને રથને પાંચ સમને અંતરે રાખવા. જેથી યુદ્ધમાં જતાં કે વળતાં ભીડ ન થાય. એવી રીતે સિપાઇ, ઘોડા, રથ અને હાથીઓએ લડવું. જૂદી જાતિમાં નહીં ભળી લડવું, કારણુ કે તેમ કરવાથી સાંકડ થઇ પડે છે. મહાસંકુલ યુદ્ધમાં મહાગજનો આશ્રય કરવો. ઘોડેસ્વારની સામે ત્રણુ સિપાઇઓએ લડવું, હાથી ઉપર ચઢી લડાઇ કરનારા સામે પાંચ ઘોડેસ્વારોએ થવું. એવી રીતે રસ્તા કરવા. હાથી સામા પંદર સિપાઇઓ થાય. જેમ હાથીનું કહ્યું, તેમજ રથનું પણુ સમજી લેવું.

ઉપર કહેલા ક્રમથી ઘોડું અને સિપાઇઓથી યુક્ત નવ હાથીનું એક અનીક કલ્પવું. તે અનીકનું અંતર પાંચ ધનુષનું રાખવું. એવી રીતે અનીકના વિભાગે કરી વ્યૂહની સંપત્તિ સ્થાપવી. વ્યૂહના મધ્યમાં, કક્ષમાં અને પક્ષમાં રહેલાં સૈન્યોએ સરખા હાથી ઉપર રહેવું. ઉર, (વ્યૂહના મધ્યમાં રહેલું અનીક), બે કક્ષ (ઉરના નજીકના બે પાસામાં રહેલું અનીક), પૃષ્ટ (મધ્યની

પાછળ રહેલું અનીક), પ્રતિગ્રહ (પૃષ્ટથી બસો ધનુષ દૂર રહેલું અનીક), અને કોટિ (એક પક્ષમાં રહેલું અનીક); એવી રીતે વ્યૂહશાસ્ત્રને જાણનારાઓએ સાત પ્રકારનાં અંગવાળો વ્યૂહ કહેલો છે. ઉરમાં, પક્ષમાં, અને કક્ષમાં રહેલા અનીકોથી થયેલો વ્યૂહ બૃહસ્પતિને ઈષ્ટ છે. પક્ષમાં રહેલા અનીક વગરનો વ્યૂહ શુક્રાચાર્યને અભિમત છે.

ભેદી ન શકાય એવા, સારા વંશમાં ઉત્પન્ન થયેલા, મૂળ પુરુષના સંબંધથી આવેલા, નીશાન જેને મળ્યું છે એવા, પ્રહાર કરનારા, અને જેણે યુધ્ધનો ઉપાય જોએલો છે એવા સેનાના અંગ (હાથી ઘોડા વગેરે)ના અધિપતિ કરવા. વીર પુરુષોથી વીંટાએલા એ અધિપતિઓએ રહેવું, અને ભેદ રહિત રહી પરસ્પર રક્ષા કરવી. જે વસ્તુ અસાર હોય તેને વ્યૂહની વચમાં રાખવી. અને જે યુધ્ધના સાધનની ચીજ હોય તે વ્યૂહનાજ ઘન (પાછલા) સ્થાનમાં રાખવી. યુધ્ધકુશળ વિજિગીષુએ લડાઈમાં રાજચિહ્ન વિનાના સૈન્યને જોડવું, અને પોતાને યુધ્ધમાં ન જવું. કારણ કે યુધ્ધના પ્રાણ વિજિગીષુ છે. રાજા વિનાનું યુધ્ધ નિષ્ફળ છે. સિપાઈની પાછળ ઘોડા, ઘોડાની પાછળ રથ, અને રથની પાછળ હાથી ગોઠવવાથી અચલ નામનો વ્યૂહ થાય છે. વળી પણ એમજ પાછળ પાછળ સૈન્યની ગોઠવણીથી થયેલો વ્યૂહ અપ્રતિહત એવે નામે કહેવાય છે. જે વ્યૂહના મધ્ય ભાગમાં ઘોડાનું સૈન્ય, પાસામાં રથનું સૈન્ય, અને બાજુમાં હાથીનું સૈન્ય હોય તે અંતભિત્ નામનો વ્યૂહ કહેલો છે. રથની જગ્યાએ ઘોડા રાખવા. પાયદળને ઘોડાની પાસે રાખવું. રથનો અભાવ હોય તો તે જગ્યાએ હાથી રાખવા. પાયદળ, ઘોડા, રથ, અને હાથીનો વિભાગ કરી મધ્યમાં સાકાર વ્યૂહમાં રાખવા. જો સૈન્ય ઘણું હોય તો આવાપ નામનો વ્યૂહ કહેવાય છે, ધનુ, સૂચી, દંડ, શકટ, અને મકરધ્વજ ઇત્યાદિ મહાવ્યૂહ છે. તેઓને તે તે પદાર્થોના

આકાર પ્રમાણે ગોઠવવા. મંડળ, અસંહત, ભોગ અને દંડ એ ચારેને પ્રકૃતિ વ્યૂહ ગણેલા છે. આડી સ્થિતિનો દંડવ્યૂહ કહેવાય છે. પાછળ આ વૃત્તિવાળો વ્યૂહ અન્વાવૃત્તિ કહેવાય છે. સર્પના શરીરની પેઠે ગોળાકાર વ્યૂહ મંડળ સંજ્ઞાથી ઓળખાય છે. સર્વ સૈન્યની જુદી જુદી સ્થિતિઓ અસંહત વ્યૂહ ગણાય છે. પ્રદર, દઢક અસહ્ય, ચાપ, અચાપ, પ્રતિષ્ઠ, સુપ્રતિષ્ઠ, શ્યેન, વિજય, સંજય, વિશાળવિજય, સૂચી, સ્થૂણાકર્ણ, ચમૂમુખ, સુખ વલય અને દુર્જય એવી રીતે દંડવ્યૂહના ૧૭ ભેદ કહેલા છે. આ વ્યૂહ જીતવો ઘણો અશક્ય છે. તે દંડવ્યૂહ પક્ષથી અતિક્રમ કરી આગળ વધ્યો હોય ત્યારે પ્રદર કહેવાય છે. તે વ્યૂહ પક્ષથી પાછળ ગયો હોય તો દઢક કહેવાય છે. કક્ષ અને પક્ષથી અતિક્રાંત વ્યૂહ અસહ્ય જાણવો. ત્રણે વ્યૂહનો વિપર્યય તે ચાપ, દઢકનો વિપર્યય અસહ્ય, અસહ્યથી વિપરીત પ્રતિષ્ઠ, સીંચાણા પક્ષીના આકાર સરખો શ્યેન, પક્ષના સ્થાનમાં સ્થૂણા (સ્તંભ સરખો) જેને હોય તે સ્થૂણાપક્ષ, જેના પક્ષના સ્થાનમાં ચાપવ્યૂહ હોય તે ધનુઃપક્ષ; આજ વિજયવ્યૂહ કહેવાય છે. સ્થુણા બમણી હોય તે વિશાળ વિજય, દંડ ઊંચો હોય તે સૂચી, કાન ઠેકાણે સ્થુણા હોય તે સ્થુણાકર્ણ, અતિક્રાંત પક્ષ હોય તે ચમૂમુખવ્યૂહ, આ ચમૂમુખવ્યૂહથી વિપરીત હોય તે સુખવ્યૂહ, બમણો દંડવલય અને ચોગણોદંડ દુર્જયવ્યૂહ કહેવાય છે. ગોમૂત્રિકા, અહિસંચારી, શકટ, મકર, અને પરિપતાક એ ભોગવ્યૂહના ભેદ છે, પક્ષ સ્થાનમાં દંડવ્યૂહ હોય તે દંડપક્ષ, બમણો ઉરસ્ય તે યુગોરસ્ય તેથી વિપરીત મકર, ચોમેર પતાકાના આકારવાળો હોય, અને જેના મધ્યમાં હાથી ઘોડા હોય તે વ્યતિકીર્ણ. સર્વતોભદ્ર અને દુર્જય એ બે મંડલવ્યૂહના ભેદ છે. પેહેલો સર્વતોમુખ° અને બીજો ગજાનીક, અર્ધચંદ્રક, ઉદ્ધાર અને વજ્ર એ અસંહત વ્યૂહના ભેદ છે. ત્રિસૈન્ય, ચતુઃસૈન્ય, પંચસૈન્ય,

કર્કટ, શૃંગી, કાકપાદી, અને ગોધિકા ઇત્યાદિવ્યૂહો તે તે આકારના ભેદથી જાણવા. વ્યૂહવિધાન જાણનારાઓએ એ સત્તર પ્રકારના વ્યૂહો કહેલા છે. મંડળવ્યૂહના બે ભેદ છે. અસંહત વ્યૂહના છ ભેદ, અને ભોગવ્યૂહના પાંચ પ્રકાર કહેલા છે. યુદ્ધનો વખત આવે એ વ્યૂહોની રચના કરવી. પક્ષાદિકના અનીકથી શત્રુનો વિનાશ કરી બાકીના અનીકોથી ઘેરો ઘાલવો. ઉરઃસ્થિત અનીકથી હણી બે કોટીમાં રહેલા સૈન્યથી ઘેરો ઘાલવો. પરાર્ધ કોટિ દબાવી પક્ષથી અપ્રતિગ્રહ, કોટીથી જઘનમાં પ્રહાર કરવો અને ઉરસથી પીડવા. યત્નવાન્ રાજાએ એવી રીતે વ્યૂહના પ્રયોગે કરી વ્યૂહ કરેલા સૈન્યોથી શત્રુના સૈન્યનો નાશ કરવો. જ્યાં અસાર સૈન્ય હોય, જ્યાં સંહત સૈન્ય હોય અને જ્યાં વ્યૂહવાળું હોય ત્યાં શત્રુના સૈન્યને હણવું-અને પોતાના સૈન્યને વધારવું. સાર (બળ) વાળા શત્રુના સૈન્યને બમણા સારવાળા પોતાના સૈન્યથી હણવું. અસાર અરિ સૈન્યને સારવાળા પોતાના સૈન્યથી હણવું, અને સંહત શત્રુના સૈન્યને ભયંકર હાથીના સૈન્યથી પીડવું. સિંહના મેદથી છાંટેલા હાથીઓથી દુર્જય હાથીઓ હણવા. અથવા સારા માવતવાળા હાથીઓથી હાથીઓનો નાશ કરવો. લોખંડના જાળથી વિંટાએલા મજબૂત બાંધેલા દાંતવાળા, સજ્જ થયેલા, દૃઢચર્મથી જેના પગ મઢેલા છે એવા, ઉત્તમ વીર માવતોએ સ્વારી કરેલા, અને મદોન્મત્ત હાથીઓથી શત્રુનું સૈન્ય હણવું. મદ બળ અને ગુણવાળો એક હાથી હોય તે પણ શત્રુના સૈન્યને હણે છે હાથીઓ ઉપરજ રાજાઓના જયનો આધાર છે, તેથી હમેશાં હાથીઓનું સૈન્ય વધારે રાખવું.

એકોનવિંશ સર્ગ સમાપ્ત.

સંપૂર્ણ.

"ગુજરાતી" પ્રકાશિત ગ્રંથ.

મુંબઈ-કોટ, ટાઉન હાલની સામા.

કથાસરિત્સાગર—સંસ્કૃતમાંથી તૈયાર કરનાર શાસ્ત્રી શ્યામજી વિ. વાલજી તથા ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ. અરેબીયન નાઈટ્સની સ્પર્ધા કરી શકે તેવો વાર્તા ગ્રંથ સંસ્કૃતમાં કોઈપણ હોય તો આ ગ્રંથ છે. એ ગ્રંથમાં ઘણી ફક્કડ, ઘણી રસભરિત, જન મન રંજન કરનાર, આનંદમાં ગરકાવ કરનાર, અદ્ભુત, ચમત્કાર, વીર, શૃંગાર, કરૂણાજનક એવી ૬૦૦ વાર્તાનો સંગ્રહ છે. એમાંની વાર્તાપરથી સંસ્કૃત નાટકો, કાવ્યો, વાર્તાઓ રચાયાં છે. આ ગ્રંથ આસરે ૨૦૦૦ વરસપર શાતવાહન રાજાના વખતમાં ગુણાઢ્ય નામના કવિએ રચ્યો છે, આ ગ્રંથ **કામ** અને **રતિ**ની વાર્તાનો છે—એટલે પછી એનામાં કોઇપણ જાતની કસર હોય તેમ નથી. વળી આ ગ્રંથ એટલો તો સસ્તો છે કે એની કોઇ પણ સ્પર્ધા કરી શકે તેમ નથી. એ ગ્રંથનાં લગભગ ૧૫૦૦ પૃષ્ટ થશે—છતાં એની કીંમત રૂ ૪) પ્રથમના ગ્રાહકોને માટે રાખી છે. પાછળથી રૂ ૬) કીંમત રાખવામાં આવશે. ટપાળ ૧૦ આના છે.

શ્રીમદ્ ભાગવત—(૫૬ બંધ—બારે સ્કંધ.) વિપ્ર વલ્લભકૃત એકથી નવ ને ૧૧–૧૨ સ્કંધ તથા કવિ પ્રેમાનંદ કૃત દશમસ્કંધ સહિત. પુષ્કળ ટિપ્પણ, સમજુતી તથા અર્થ સાથે. પાકાં પુઠાં, તેનાપર સોનેરી અક્ષરે કોતરેલું શ્રી કૃષ્ણ પરમાત્માનું ચિત્ર આપવામાં આવ્યું છે. વળી ૧૨ રંગમાં છાપેલું, ખાસ તૈયાર કરાવેલું ચિત્ર મુખપૃષ્ઠપર મૂકવામાં આવ્યું છે; તેમજ મહારાજા ગાયકવાડનું ચિત્ર પણ છે. કીમત રૂ ૧૦)—ટપાલ રૂ ૧). એમાં શ્રીમદ્ ભગવદ્ગીતા ચાર પ્રકારની સમાયલી છે.

નર્મકવિતા—કવિ નર્મદાશંકરની રચેલી સઘળી કવિતાનો મોટો સંગ્રહ, કવિતાનાં સઘળાં ટિપ્પણો સાથે ને કવિના જીવનચરિત્ર સાથે. આ જીવનચરિત્ર મરહુમ સ્વર્ગવાસી મી. નવલરામ લક્ષ્મીરામે લખેલું છે. તેમજ ગ્રંથની પ્રસ્તાવના